અદેય - ૨૨૬

૨૨૬

# શિક્ષણ લેતી આદિવાસી વિદ્યાર્થિનીઓની સમસ્યાઓ :

## એક અભ્યાસ


લેખકો :

શ્રીમતી ભારતીબેન દેસાઈ

શ્રી જસવંતસિંહ રાઠોડ



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૭


૨૨૬

# અનુક્રમણિકા


| પ્રકરણ નંબર | વિષય | પાન નંબર |
| --- | --- | --- |
| ૧ | ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ લેતી આદિવાસી બહેનોની પશ્ચાદભૂમિકા | ૧ થી ૨૪ |
| ૨ | સઘન તપાસ હેઠળની વિદ્યાર્થિનીઓની કૌટુંબિક અને શૈક્ષણિક પશ્ચાદભૂમિકા | ૨૫ થી ૬૫ |
| ૩ | આર્થિક પશ્ચાદભૂમિકા અને આર્થિક સમસ્યાઓ | ૬૬ થી ૧૩૪ |
| ૪ | સામાજિક મેળ | ૧૩૫ થી ૧૬૧ |
| ૫ | તારણો અને ભલામણો | ૧૬૨ થી ૧૭૭ |

પરિશિષ્ટ :

૧ તપાસમાં લીધેલ અનુસૂચિ

૨ સંદર્ભસૂચિ

## કોઠાની યાદી


| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| **પ્રકરણ - ૧** | | | |
| ૧ | ૧.૧ | ગુજરાતમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ | ૪ |
| ૨ | ૧.૨ | ગુજરાતનો આદિવાસીઓમાં શૈક્ષણિક વિકાસ | ૬-૭ |
| ૩ | ૧.૩ | વિદ્યાશાખા તરફનું વલણ | ૧૦-૧૩ |
| ૪ | ૧.૪ | ઉચ્ચ શિક્ષણનાં અભ્યાસના વલણની વધઘટ | ૧૫-૧૭ |
| ૫ | ૧.૫ | વિદ્યાર્થીનીઓનું યુનિવર્સિટી પ્રમાણે વર્ગીકરણ | ૨૦ |
| ૬ | ૧.૬ | વિદ્યાર્થીનીઓનું પ્રાદેશિક વર્ગીકરણ | ૨૧ |
| ૭ | ૧.૭ | વિદ્યાર્થીનીઓનું જાતિ પ્રમાણે વર્ગીકરણ | ૨૨ |
| ૮ | ૧.૮ | વિદ્યાર્થીનીઓનું વિદ્યાશાખા પ્રમાણે વર્ગીકરણ | ૨૩ |
| **પ્રકરણ-૨** | | | |
| ૯ | ૨.૧ | વિદ્યાર્થીઓના કુટુંબની વસતી વિષયક માહિતી | ૨૬ |
| ૧૦ | ૨.૨ | કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ | ૨૮-૨૯ |
| ૧૧ | ૨.૩ | કુટુંબનાં સભ્યોની લગ્નસ્થિતિ | ૩૧ |
| ૧૨ | ૨.૪ | કુટુંબના સભ્યોનો આર્થિક દરજ્જો | ૩૩ |
| ૧૩ | ૨.૫ | કુટુંબના સભ્યોનો વ્યવસાય | ૩૫ |
| ૧૪ | ૨.૬ | કુટુંબના સભ્યની શૈક્ષણિક સ્તરની માહિતી | ૩૮-૩૯ |

| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| ૧૫ | ૨.૭ | કુટુંબના સભ્યોનાં ચાલુ શિક્ષણની માહિતી | ૪૨-૪૩ |
| ૧૬ | ૨.૮ | વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક પશ્ચાદ ભૂમિકા | ૪૬ |
| ૧૭ | ૨.૯ | વિદ્યાર્થીનીઓના ઘર અને શાળા વચ્ચેના અંતરની વિગત | ૪૮ |
| ૧૮ | ૨.૧૦ | વિદ્યાર્થીનીઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓમાં મેળવેલા ઇનામો | ૫૧-૫૨ |
| ૧૯ | ૨.૧૧ | વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક નિષ્ફળતા | ૫૪ |
| ૨૦ | ૨.૧૨ | આદિવાસી બહેનોમાં ઉચ્ચ શિક્ષણ માટેના અભિપ્રાય અને કારણો | ૫૬ |
| ૨૧ | ૨.૧૩ | આદિવાસી બહેનો માટે ઉચ્ચ શિક્ષણ મેળવવાની શક્યતા અને તે માટેના કારણો | ૬૧ |
| ૨૨ | ૨.૧૪ | ઉચ્ચ શિક્ષણ લેવામાં આદિવાસી બહેનોને પડતી મુશ્કેલીઓ | ૬૬ |
| ૨૩ | ૨.૧૫ | આદિવાસી બહેનો ઉચ્ચ શિક્ષણ માટેના પ્રેરણારૂપ બનતા પરિબળો | ૭૦ |
| ૨૪ | ૨.૧૬ | વિદ્યાર્થીનીઓને વિદ્યાલયની હોસ્ટેલના પ્રવેશની મુશ્કેલી. | ૭૨-૭૩ |
| ૨૫ | ૨.૧૭ | હોસ્ટેલમાં રહેવાની અનિવાર્યતા અને તે માટેના કારણો | ૭૬-૭૭ |
| ૨૬ | ૨.૧૮ | છાત્રાલયના રહેઠાણની પસંદગી પાછળના પરિબળો | ૮૦ |
| ૨૭ | ૨.૧૯ | છાત્રાલયમાં રહેવાનું પોતાની પસંદગીનું હોય તો તે માટેના કારણો | ૮૧ |

| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| ૨૮ | ૨.૨૦ | હોસ્ટેલમાં આવ્યા પહેલાંની હોસ્ટેલ રહેઠાણ માટેની વિદ્યા | ૮૪-૮૬ |
| ૨૯ | ૨.૨૧ | હોસ્ટેલમાં રહેવા માટે બળ આપનાર અને ન આપનાર પરિબળો | ૮૮-૮૯ |
| ૩૦ | ૨.૨૨ | ચાલુ અભ્યાસ દરમ્યાન વતનમાં જવા માટેનાં સમયાંતરની વિગત | ૯૧ |
| ૩૧ | ૨.૨૩ | છાત્રાલયના પ્રકારની માહિતી | ૯૩ |
| ૩૨ | ૨.૨૪ | હરિજન વિધાર્થીનીઓ સાથે ભેગા રહેવાનું આદિવાસી બહેનોનું વલણ | ૯૫ |


પ્રકરણ -૩


| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| ૩૩ | ૩.૧ | વિધાર્થીનીઓને પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ દરમ્યાન પડેલી મુશ્કેલીઓ | ૯૭ |
| ૩૪ | ૩.૨.૧<br>૩.૨.૧ | કોલેજ પ્રવેશમાં પડેલી મુશ્કેલીઓ અને તેની વિગત | ૯૮-૯૯ |
| ૩૫ | ૩.૩ | આદિવાસી બહેનોને ઉચ્ચ શિક્ષણ લેવા માટે ઉછીના પૈસા મેળવવા માટેના સાધનો | ૧૦૨ |
| ૩૬ | ૩.૪ | વિધાર્થીનીઓનો અધવચ્ચે અભ્યાસ છોડવો પડયો હોય તો તે માટેના કારણોની વિગત | ૧૦૪ |
| ૩૭ | ૩.૫ | ઉચ્ચ અભ્યાસ કરવામાં પડતી આર્થિક મુશ્કેલીઓ | ૧૦૬ |
| ૩૮ | ૩.૬ | શિષ્યવૃત્તિની જાણકારી અંગેની માહિતી | ૧૦૮ |
| ૩૯ | ૩.૭ | શિષ્યવૃત્તિની અરજીની માહિતી અંગેની વિગત | ૧૦૯ |

| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| ૪૦ | ૩.૮ | શિષ્યવૃત્તિ કરવા માટેની અરજી કરવામાં પડેલી મુશ્કેલીઓ | ૧૧૦-૧૧૧ |
| ૪૧ | ૩.૯ | શિષ્યવૃત્તિની ઉચ્ચક રકમ મળી તેની સમય મર્યાદા | ૧૧૨ |
| ૪૨ | ૩.૧૦ | શિષ્યવૃત્તિ ન મળી ત્યાં સુધી કરેલા ખર્ચની વ્યવસ્થાની માહિતી | ૧૧૩ |
| ૪૩ | ૩.૧૧ | શિષ્યવૃત્તિ ઉચ્ચક રકમ મળ્યા પહેલા કરેલા ખર્ચની વિગત | ૧૧૩ |
| ૪૪ | ૩.૧૨ | શિષ્યવૃત્તિની રકમ પૂરતી છે કે નહીં અને ના હોય તો તેના કારણોની વિગત | ૧૧૫ |
| ૪૫ | ૩.૧૩ | શિષ્યવૃત્તિમાં વધારો કરવા માટેના અભિપ્રાયની વિગત | ૧૧૬ |
| ૪૬ | ૩.૧૪ | શિષ્યવૃત્તિની રકમ પૂરતી ન હોવાને કારણે બીજેથી આર્થિક સહાય લેવી પડી હોય તો અથવા ન મળી હોય તો તેની વિગત | ૧૧૭-૧૧૯ |
| ૪૮ | ૩.૧૫ | આદિવાસી વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ન મળવાને કારણે પડેલી મુશ્કેલીના પ્રત્યાઘાતો અને ઉકેલ | |
| ૪૯ | ૩.૧૬ | શિષ્યવૃત્તિ માટે પડેલી મુશ્કેલી ઉકેલવા માટે કયા પરિબળોનો સહારો લેવાય છે તેની વિગત | ૧૨૨ |
| ૫૦ | ૩.૧૭ | આદિવાસીઓને આ પ્રકારની શિષ્યવૃત્તિ આપવા પાછળ ભારત સરકારની આશય અંગેનો વિદ્યાર્થીનીઓના અભિપ્રાયની વિગત | ૧૨૨ |

| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| ૫૧ | ૩.૧૮ | શિષ્યવૃત્તિ વિના આદિવાસીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે સફળ થયા હોત કે નહીં તે અભિપ્રાયો અંગેના વિદ્યાર્થીનીઓના અભિપ્રાયો | ૧૨૪ |
| ૫૨ | ૩.૧૯ | શિષ્યવૃત્તિ આપવાની યોજના હોવી જોઇએ કે નહીં આ માટેના કારણો | ૧૨૬ |
| ૫૩ | ૩.૨૦ | વિદ્યાર્થીનીઓ દ્વારા વિદ્યાશાખા પસંદ કરવાના કારણો | ૧૨૭ |
| ૫૪ | ૩.૨૧ | વિદ્યાર્થીનીઓને વર્ગમાં વ્યાખ્યાનો સમજવામાં પડતી મુશ્કેલી અને એ માટેના કારણો | ૧૨૮ |
| ૫૫ | ૩.૨૨ | અધ્યાપકોનો ઉત્તરદાતાઓ વિદ્યાર્થીનીઓ પ્રત્યેનો વર્તાવ | ૧૨૯ |
| ૫૬ | ૩.૨૩ | અધ્યાપકોનું આદિવાસી અને બિન-આદિવાસી વિદ્યાર્થીનીઓ પ્રત્યે ભેદભર્યું વર્તન હોય છે ? તે માટેના ઉત્તરદાતાના અભિપ્રાય | ૧૩૦ |
| ૫૭ | ૩.૨૪ | ઉત્તરદાતા વિદ્યાર્થીનીઓ અભ્યાસ અંગે અધ્યાપકને મળવાનું થાય છે? અને તે સંદર્ભમાં અધ્યાપકનું વલણ તેની માહિતી | ૧૩૧ |
| ૫૮ | ૩.૨૫ | નિવાસ સાથે વિદ્યાર્થીઓના અભ્યાસ માટેનું વાતાવરણ યોગ્ય કે અયોગ્ય તે અંગેનું ઉત્તરદાતા બહેનોનું મંતવ્ય | ૧૩૨ |

| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| **પ્રકરણ - ૪** | | | |
| ૫૯ | ૪.૧ | વિદ્યાર્થીનીઓના વતનમાંના જીવનને રસપ્રદ અને મૂલ્યવાન બનાવતી બાબતો અંગે વિદ્યાર્થીઓનો અભિપ્રાય | ૧૩૬ |
| ૬૦ | ૪.૨ | વતન અને શહેરી જીવનની સામાજિક તુલના | ૧૩૯ |
| ૬૧ | ૪.૩ | ઉત્તરદાતા વિદ્યાર્થીનીઓના નિકટના મિત્રોની માહિતી | ૧૪૦ |
| ૬૨ | ૪.૪ | આદિવાસી સાથે બિનઆદિવાસી વિદ્યાર્થીનીઓનો સંબંધ વિષેના ખ્યાલો | ૧૪૨ |
| ૬૩ | ૪.૫ | આદિવાસી સાથે બિન આદિવાસીઓનું જુદાઇનું વલણ કેવા પ્રકારનું હોય છે તે અંગેના વિદ્યાર્થીનીઓના અભિપ્રાયો | ૧૪૩ |
| ૬૪ | ૪.૬ | આદિવાસી હોવાથી બિનઆદિવાસી સાથે હળવા મળવાની તકલીફ થાય છે કે નહીં તે અંગે ઉત્તરદાતાનો અભિપ્રાય | ૧૪૫ |
| ૬૫ | ૪.૬/૨ | આદિવાસી વિદ્યાર્થીનીઓનું બિન-આદિવાસી મિત્રોને ત્યાં જવાનું વલણ | ૧૪૫ |
| ૬૬ | ૪.૭ | ઉત્તરદાતાની અભ્યાસ પૂરો કર્યા પછી કયા કયા પ્રકારના વ્યવસાયની પસંદગીની વિગત | ૧૪૬ |
| ૬૭ | ૪.૮ | ઉત્તરદાતા તરફથી અભ્યાસ બહારના વ્યવસાયોની પસંદગી બાબતની | |

| ક્રમ | કોઠા નંબર | વિગત | પાન નંબર |
|---|---|---|---|
| ૬૮ | ૪.૯ | ઉત્તરદાતા વિદ્યાર્થીઓના ફુરસદના સમયના ઉપયોગી તારવણી | ૧૫૦ |
| ૬૯ | ૪.૧૦ | આદિવાસીજાતી પર લખાયેલ પુસ્તકોની ઉત્તરદાતાની જાણકારી અંગેની વિગત | ૧૫૩ |
| ૭૦ | ૪.૧૧ | આદિવાસીઓમાં પ્રચલિત વાનગીઓની યાદી | ૧૫૩ |
| ૭૧ | ૪.૧૨ | આદિવાસી શિક્ષિત બેનોને લગ્નમાં પડતી મુશ્કેલીઓ | ૧૫૫ |
| ૭૨ | ૪.૧૩ | આદિવાસી બેનોને શિક્ષણ કારણે લગ્ન માટેની સુવિધા | ૧૫૬ |
| ૭૩ | ૪.૧૪ | આદિવાસી બેનો ઉચ્ચ અભ્યાસ કરે તે માટેના સમાજના ખ્યાલો. | ૧૫૭ |
| ૭૪ | ૪.૧૫ | પ્રણાલીગત પધ્ધતિ માટે ઉચ્ચ શિક્ષણ લેતી આદિવાસી બેનોના ખ્યાલો | |

# આભાર દર્શન

આદિવાસીઓની વિકાસની પ્રક્રિયામાં આદિવાસીઓમાં શિક્ષણ એ મહત્ત્વનું પાસું છે અને તેમાં પણ સ્ત્રી શિક્ષણનું મહત્ત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે. આ સંદર્ભમાં ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ લેતી આદિવાસી બહેનોની સમસ્યાઓનો એક અભ્યાસ હાથ પર લેવાય અને તેના પર સંશોધન કરી યોગ્ય માહિતી પ્રાપ્ત કરી સાચી પરિસ્થિતિ શું છે તેની જાણકારી મેળવી ભવિષ્યમાં તે અંગે વિચાર કરવાનું જરૂરી હોવાથી કેન્દ્રની સલાહકાર સમિતિએ આ સંશોધન યોજના હાથ ધરવાનું વિચાર્યું ને મુજબ આ સંશોધન ૧૯૮૬-૮૭માં હાથ પર લેવામાં આવ્યું. શરૂઆતમાં આ કામ પ્રમાણમાં ઠીક ઠીક મુશ્કેલ જણાતું હતું પરંતુ કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે આમાં ઊંડો રસ લઈ આ કાર્યને સરળ બનાવી આપ્યું એટલું જ નહીં વારંવાર માર્ગદર્શન આપી આ પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં જે હૂંફ આપી તે બદલ અમે તેમના અત્યંત ઋણી છીએ.

આ અહેવાલના ક્ષેત્રકાર્ય દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ છાત્રાલય, સાદરા અને રાંધેજા, ગુજરાત યુનિ.હોસ્ટેલ- અમદાવાદ, સરકારી છાત્રાલય અમદાવાદ, એમ.એસ.યુનિ.ના છાત્રાલયો વડોદરા, દક્ષિણ ગુજરાત યુનિ.ના છાત્રાલયો સુરત, ગ્રામ વિદ્યાપીઠ વેડછી ના છાત્રાલયના સંચાલકો તથા ગૃહપાલકોએ વિદ્યાર્થિનીઓ અંગેની માહિતી પૂરી પાડવામાં જે સહકાર આપ્યો છે તે બદલ અમે તેમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

જેને કારણે આ કાર્ય સુવ્યવસ્થિત અને સારું બની શક્યું છે તેવી દફતરની દરેક પ્રકારની માહિતી પૂરી પાડવામાં રાજ્ય તેમજ જિલ્લાના સમાજ કલ્યાણ અધિકારીઓનો ફાળો ઘણો મહત્ત્વનો છે તેઓની દરેક પ્રકારની મદદની તત્પરતા બદલ અમે તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

સંપૂર્ણ અહેવાલ માટે મહત્ત્વના અને પાયારૂપ ગણાતા માહિતી દાતાઓ કે જેમના દ્વારા આ અહેવાલ રૂપી ઈમારતનું ચણતર કામ પૂરું થયું છે તેવી ઉચ્ચ શિક્ષણ લેતી આદિવાસી બહેનોએ જે સાથ સહકાર અને ઉત્સાહ બતાવ્યો તેઓ માટે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

અંતમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કેન્દ્રના સર્વમિત્રોએ યથાશક્તિ મદદ આપી તેમનો આભાર વ્યક્ત કરી વીરમીએ છીએ.

તા.

- ભારતી દેસાઈ

- જશવંત રાઠોડ

# પ્રકરણ - ૧

## ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ લેતી આદિવાસી બહેનોની પશ્ચાદભૂમિકા

ભારતની વસતિના કેટલાક જૂથો સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત છે અને તેથી ભારતીય બંધારણની રાજનીતિ-દર્શક સિધ્ધાંતોની કલમ ૪૬ પ્રમાણે ભારતીય સમાજના અલ્પવિકસિત અંગોના શૈક્ષણિક અને આર્થિક વિકાસની જવાબદારી રાજ્યોને શીરે નાંખવામાં આવી છે ભારતીય સમાજમાં આવા અલ્પવિકસિત અંગોમાં મુખ્યત્વે આદિવાસીઓ અને હરિજનોનો સમાવેશ થાય છે. ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં આદિવાસીઓની વસતિ ૪૮.૪૯ લાખ જેટલી છે એટલે કે કુલ વસતિના ૧૪.૨૨ ટકા જેટલી તેમની વસતિ છે. આ આદિવાસી વસતિ ગુજરાતની પૂર્વ પટ્ટી પર આવેલા આઠ જિલ્લાઓમાં પથરાયેલી છે તેમાં ડાંગ સાથે ૩૩ તાલુકાઓ આવી જાય છે.

ગુજરાતમાં બધુ મળીને ૨૯ આદિવાસી જાતિઓ વસે છે. જેમાં ૧૦ જાતિઓ સંખ્યાની દ્રષ્ટિએ વિશેષ છે આ દરેક જાતિના લોકોમાં શિક્ષણનું પ્રમાણ જુદું જુદું જોવા મળે છે અને તેમાં પણ ઉચ્ચશિક્ષણમાં આ બાબત ધ્યાન ખેંચે તેવી છે.

ભારત સરકાર રાજ્ય સરકાર અને અન્ય સ્વૈચ્છિક આદિવાસી સેવા સંસ્થાઓ દ્વારા આદિવાસીઓના શૈક્ષણિક વિકાસ માટે પ્રશસ્ય પ્રયાસો થયા હોવા છતાં અન્ય સમાજોની તુલનામાં આદિવાસીઓ શૈક્ષણિક દ્રષ્ટિએ ઠીક ઠીક પાછળ રહયા છે. જો કે

હવે નોંધપાત્ર સંખ્યામાં આદિવાસીઓ ઉચ્ચ શિક્ષણ લેવા લાગ્યા છે. અમારા કેન્દ્ર દ્વારા ૧૯૬૫-૬૬માં ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસીઓની તપાસ કરી તે વર્ષે ગુજરાતમાં ૫૩૬ આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લેતા હતા જ્યારે ૧૯૮૫-૮૬ એટલે કે ૨૦ વર્ષ બાદ આ તપાસ કરવામાં આવી ત્યારે ૧૨૨૨૩ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લેતા હતા અલબત્ત ૨૦ વર્ષમાં આદિવાસીની વસતિમાં પણ વધારો થયો છે પરંતુ વસતીમાં જેટલા પ્રમાણમાં વધારો થયો છે તેના પ્રમાણમાં શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણમા તેમના વધારાનો દર ઊંચો છે.

ઉપરોક્ત બાબતો હોવા છતાં આદિવાસીઓ આજે પણ આર્થિક તેમજ શૈક્ષણિક રીતે પછાત છે તેમનું કેળવણી વિષયક પછાતપણું એ આર્થિક પછાતપણાનું કારણ અને પરિણામ બંને છે અને શિક્ષણની દૃષ્ટિએ જોઈએ તો ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે ભારતમાં શિક્ષણનું પ્રમાણ કુલ વસતિમાં ૩૬.૨૨ છે તેમાં પુરુષોમાં ૪૬.૭૨ અને સ્ત્રીઓમાં ૨૪.૮૧ છે જ્યારે ગુજરાતમાં ભારત કરતાં શિક્ષણનો દર થોડો ઊંચો છે પરંતુ તે ઓછો તો છે જ તેનું પ્રમાણ ૪૩.૭૦ ટકા છે. તેમાં પુરુષોમાં ૫૪.૫૪ ટકા અને સ્ત્રીઓમાં ૩૨.૩૧ ટકા છે, આમાં પણ આદિવાસી શિક્ષણનું પ્રમાણ તો ગુજરાતમાં એથી પણ ઓછું છે તેની ટકાવારી ૨૧.૩૪ છે અને તેમાં સ્ત્રી શિક્ષણ તો ૧૧.૬૦ છે આમ ગુજરાતમાં ૧૦૦ આદિવાસી સ્ત્રીઓએ ૧૨ સ્ત્રીઓ શિક્ષણ લે છે. અને તે પણ લખી વાંચી શકે છે તેવી સ્ત્રીઓની ગણતરી છે તો પછી ઉચ્ચ શિક્ષણ લેતી આદિવાસી વિદ્યાર્થીઓનું પ્રમાણ તો કેટલું ઓછું હશે તેનો અંદાજ સહેજે આવી શકે તેમ છે. ૧૯૮૫-૮૬ નાં જે આંકડા પ્રાપ્ત થયા છે પ્રમાણે ૧૯૮૧ માં કુલ આદિવાસી સ્ત્રીઓ ૨૩૯૫૦૨૦ છે તેમાં શિક્ષિત સ્ત્રીઓ ૨૭૮૮૬૯ છે તેમાંથી ફક્ત ૩૮૦૯ છોકરીઓ ઉચ્ચ શિક્ષણ લે છે.

જોકે હવે ગુજરાત સરકાર અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ વડે તેમનો શૈક્ષણિક વિકાસ માટે પ્રયત્ન થાય છે અને તેથી ફેર પણ પડયો છે છતાં પણ અન્ય સમાજની તુલનાએ તેમનામાં શિક્ષણનું

પ્રમાણ ઘણું ઓછું છે આથી દિનપ્રતિદીન આદિવાસીઓને શિક્ષણ લેવામાં આડે આવતી મુશ્કેલીઓને અવરોધોને શક્ય હોય તેટલી ઝડપથી દૂર કરી ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસીઓની સંખ્યામાં વધારો થાય તે માટે સરકાર દ્વારા પ્રયત્ન થઇ રહયો છે આ માટે છેલ્લા બે દાયકામાં તેમાં જે ફેરફાર થયા છે તે નીચે દર્શાવેલ કોઠા ઉપરથી વધુ સ્પષ્ટ થાય છે.

કોઠા નંબર : ૧

ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ

| ક્રમ | વિગત | ૧૯૬૧ ટકા | ૧૯૭૧ ટકા | ૧૯૮૧ ટકા | ૧૯૬૧થી ૧૯૭૧ની દાયકાની વધઘટ | ૧૯૭૧થી ૧૯૮૧ દાયકાની વધઘટ |
|---|---|---|---|---|---|---|
| ૧ | રાજ્યની કુલ વસ્તિમાં શિક્ષણનું પ્રમાણ | ૩૦ | ૩૫.૭૯ | ૪૩.૭૦ | ૫.૭૯ | ૭.૯૧ |
| ૨ | આદિવાસી કુલ વસ્તિમાં શિક્ષણનું પ્રમાણ | ૧૧.૬૯ | ૧૪.૧૨ | ૨૧.૩૪ | ૨.૪૩ | ૭.૨૨ |
| ૩ | આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ | ૪.૦૯ | ૬.૧૫ | ૧૧.૬૦ | ૨.૦૬ | ૫.૪૫ |

ઉપરના કોઠા ઉપરથી જોઇ શકાય છે કે ૧૯૬૧ કરતાં ૧૯૭૧માં આદિવાસી સ્ત્રી શિક્ષણમાં ૨.૬ ટકાનો વધારો નોંધાયો છે જ્યારે ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકા દરમ્યાન આ વધારો ૫.૪૫ ટકાનો થયો છે આમ શિક્ષણનો વધારો તો થતો જ રહયો છે. પણ રાજ્યમાં અને આદિવાસીઓમાં જે શિક્ષણ વધ્યું છે તે પ્રમાણમાં તો ઓછું છે.

હવે આ જે શિક્ષણ વધ્યું છે તે કઇ જાતિમાં વધવા પામ્યું છે તે તપાસીએ તો વધુ સ્પષ્ટ ચિત્ર મળી શકે પરંતુ અહીયાં ૧૯૮૧ના જાતિ પ્રમાણે આંકડા ઉપલબ્ધ થયા ન હોવાથી ફક્ત ૧૯૬૧-૭૧ની સરખામણી કરી છે.

## કોઠા નંબર : ૨

### ગુજરાતનાં આદિવાસીઓમાં શૈક્ષણિક વિકાસ

| જાતિ | વસતિ | આદિવાસી વસતિનાં ટકા | ક્રમ | શિક્ષણની ટકાવારી ૧૯૬૧ | ક્રમ | શિક્ષણની ટકાવારી ૧૯૭૧ | શિક્ષણનો વિકાસ ૧૯૬૧–૭૧ |
|---|---|---|---|---|---|---|---|
| ભીલ | ૧૪૫૧૭૬૦ | ૩૮.૮૮ | ૧ | ૯.૮૦ | ૭ | ૧૧.૭૪ | ૧.૯૪ |
| દુબળા | ૩૮૮૫૮૯ | ૧૦.૪૦ | ૨ | ૧૧.૬૧ | ૫ | ૧૩.૭૪ | ૨.૧૩ |
| ધોડિયા | ૩૫૮૭૭૩ | ૯.૬૧ | ૩ | ૨૩.૯૪ | ૧ | ૩૧.૧૯ | ૭.૨૫ |
| ગામીત | ૨૭૬૫૯૧ | ૭.૪૦ | ૪ | ૧૧.૯૧ | ૪ | ૧૪.૮૬ | ૨.૯૫ |
| નાયક | ૨૩૪૯૯૯ | ૬.૨૯ | ૫ | ૧૦.૩૯ | ૮ | ૯.૯૫ | ૦.૮૪ |
| રાઠવા | ૧૯૨૬૪૮ | ૫.૧૬ | ૬ | ૪.૮૧ | ૯ | ૫.૬૫ | ૦.૮૪ |

XX

ચાલુ....

.. ૨

કોઠા નંબર : ૨.. ચાલુ..

| જાતિ | વસતિ | આદિવાસી વસતિના ટકા | ક્રમ | શિક્ષણની ટકાવારી ૧૯૬૧ | ક્રમ | શિક્ષણની ટકાવારી ૧૯૭૧ | શિક્ષણનો વિકાસ ૧૯૬૧-૭૧ |
|---|---|---|---|---|---|---|---|
| ચૌધરી | ૧૭૭૧૫૫ | ૪.૭૪ | ૭ | ૧૭.૪૨ | ૨ | ૨૧.૯૭ | ૪.૫૫ |
| કોંકણા | ૧૪૬૭૬૮ | ૩.૯૩ | ૮ | ૮.૮૩ | ૬ | ૧૨.૩૯ | ૩.૫૬ |
| ધાનકા | | | | | | | |
| નડવી | ૧૩૮૫૮૫ | ૩.૭૨ | ૯ | ૧૫.૮૨ | ૩ | ૭.૦૦ | ૧.૧૭ |
| વારલી | ૧૩૬૧૦૮ | ૩.૩૮ | ૧૦ | ૪.૪૬ | ૧૦ | ૫.૦૩ | ૦.૫૭ |
| કોળી | ૫૬૩૯૫ | ૧.૫૧ | ૧૧ | ૩.૬૮ | ૧૧ | ૪.૬૫ | ૦.૯૭ |

ઉપરોક્ત કોઠામાં ગુજરાતની મુખ્ય દશ જાતિઓની વસતી અને વસતીના ટકા તથા ૧૯૬૧ અને ૧૯૭૧માં શિક્ષણના પ્રમાણની ટકાવારી દર્શાવી છે તે પ્રમાણે જોઇએ તો સૌથી વધુ શિક્ષણનું પ્રમાણ ધોડિયા જાતિમાં જોવા મળે છે. ૧૯૬૧ અને ૧૯૭૧ બંનેમાં અનુક્રમે તેમનામાં શિક્ષણનું પ્રમાણ ૨૩.૯૪ અને ૩૧.૧૯ ટકા છે. ૧૦ વર્ષના ગાળામાં તેમનામાં શિક્ષણનાં વિકાસનો દર પણ ૭.૧૫ ટકા છે જે બીજી બધી જાતિઓ કરતા સૌથી વધુ છે ત્યારબાદ બીજા નંબરે ચૌધરીઓ આવે છે તેમનામાં ૧૯૬૧ અને ૧૯૭૧માં શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૧૭.૪૨ ટકા અને ૨૧.૯૭ ટકા છે આમ ૧૦ વર્ષમાં તેમના શિક્ષણના વિકાસનો દર ૪.૫૫ ટકા થવા પામ્યો છે. ત્યારબાદ શિક્ષણમાં અનુક્રમે ધાનકા , ગામીત, દુબળા, કોંકણા, ભીલ, નાયક, રાઠવા, વારલી કોળી ઢોર વગેરે આવે છે. ભીલ જાતિમાં શિક્ષણનું પ્રમાણ ૧૯૬૧ , ૧૯૭૧ માં અનુક્રમે ૯.૫૪ અને ૧૧.૭૪ ટકા છે. અને તેમના શિક્ષણના વિકાસનો દર ૧.૯૪ ટકા છે જે ધોડિયા અને ચૌધરીના પ્રમાણમાં ઓછો છે પરંતુ ૧૯૭૧ થી ૧૯૮૧ ના દાયકા દરમ્યાન ધોડિયા ચૌધરીની સાથે સાથે ડુંગરી ગરાશિયા, પટેલિયા અને ગામીતના શિક્ષણમાં ૧૯૬૧ અને ૧૯૭૧ ના પ્રમાણમાં ઘણો ફેરફાર થયો છે. પરંતુ હળપતિ કોલચા કોટવાળિયા કાંગલીત વારલીની શૈક્ષણિક સ્થિતિ એજ રહી છે.

૧૯૮૪-૮૫ અને ૧૯૮૫-૮૬ દરમ્યાન સમાજ કલ્યાણ ખાતા દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની જે શિષ્યવૃત્તિ મળતી હતી તેમાં કેટલા વિદ્યાર્થીઓ કઇ ફેકલ્ટીમાં હતા તેની માહિતી કોઠા નંબર ૩ માં આપવામાં આવી છે. આ કોઠાના આધારે કહી શકાય કે ૧૯૮૪-૮૫ માં ઉચ્ચ શિક્ષણ જે લેતા હતા તેના કરતાં ૧૯૮૫-૮૬માં ૭૭૨ વિદ્યાર્થીઓ વધવા પામ્યા છે. તેમાં ૧૨૧ વિદ્યાર્થીનીઓ છે. ૧૯૮૪-૮૫ના પ્રમાણમાં આદિવાસીઓમાં ઉચ્ચ શિક્ષણનો ૩.૧૪ ટકાનો વધારો નોંધાવા પામ્યો છે અને તેમાં પણ ઉચ્ચ શિક્ષણ લેતી સ્ત્રીઓમાં ૩.૨૮ ટકાનો વધારો નોંધાયો છે.

આમ ધીરે ધીરે આદિવાસીઓમાં સ્ત્રીઓનાં શિક્ષણ તરફનું વલણ વધતું જાય છે. પરંતુ તે વલણ કઈ વિદ્યાશાખા તરફ વળ્યું છે તે કોઠા નંબર ૩ માં આપવામાં આવ્યું છે.

પ્રશ્નાવલી

૩ થી ૭.૨૦

## કોઠા નંબર : ૩

### કઇ વિદ્યાશાખા તરફનું વલણ

| ક્રમ<br>૧ | ફેકલ્ટી<br>૨ | ૧૯૮૪-૮૫<br>છોકરા<br>૩ | છોકરી<br>૪ | કુલ<br>૫ | ૧૯૮૫-૮૬<br>છોકરા<br>૬ | છોકરી<br>૭ | કુલ<br>૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આર્ટ્સ | ૩૮૦૭<br>(૪૬.૬૪) | ૨૩૪૧<br>(૬૩.૪૭) | ૬૧૪૮<br>(૫૯.૮૮) | ૩૭૯૬<br>(૪૫.૧૧) | ૨૨૧૦<br>(૫૮.૦૨) | ૬૦૦૬<br>(૪૯.૧૪) |
| ૨ | કોમર્સ | ૨૧૮૦<br>(૨૬.૭૧) | ૫૭૩<br>(૧૫.૫૪) | ૨૭૫૩<br>(૨૩.૨૩) | ૨૬૦૮<br>(૩૧.૦૦) | ૭૦૨<br>(૧૮.૪૩) | ૩૩૧૦<br>(૨૭.૦૮) |
| ૩ | સાયન્સ | ૧૦૦<br>(૧.૨૩) | ૨૫<br>(૦.૬૮) | ૧૨૫<br>(૧.૦૫) | ૮૯<br>(૧.૦૬) | ૧૮<br>(૦.૪૭) | ૧૦૭<br>(૦.૮૮) |
| ૪ | લૉ | ૧૭૩<br>(૨.૧૨) | ૧૭<br>(૦.૪૬) | ૧૯૦<br>(૧.૬૦) | ૨૯૯<br>(૩.૫૫) | ૨૧૨<br>(૫.૫૬) | ૫૭૧<br>(૪.૧૧) |

ચાલુ..

કોઠા નંબર : ૩.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | પી.ટી.સી. | ૫૬૫ (૬.૯૨) | ૫૧૩ (૧૩.૯૧) | ૧૦૭૮ (૯.૧૦) | ૫૮૨ (૬.૯૨) | ૫૧૯ (૧૩.૬૨) | ૧૧૦૧ (૯.૦૧) |
| ૬ | બી.એડ. | ૧૫૬ (૧.૯૧) | ૭૩ (૧.૯૮) | ૨૨૯ (૧.૯૩) | ૧૫૮ (૧.૮૮) | ૮૩ (૨.૧૮) | ૨૪૧ (૧.૯૭) |
| ૭ | સી.પી.એડ.<br>ડી.પી.એડ. | ૬૮ (૦.૯૩) | ૨૫ (૦.૬૮) | ૯૩ (૦.૭૮) | ૧૦૪ (૧.૨૪) | ૮ (૦.૨૧) | ૧૧૨ (૦.૯૨) |
| ૮ | મેડીકલ | ૫૦ (૦.૬૧) | ૧૦ (૦.૨૭) | ૬૦ (૦.૫૧) | ૨૨ (૦.૨૬) | ૧૪ (૦.૩૭) | ૩૬ (૦.૨૯) |
| ૯ | ડીપ્લો. એન્જી | ૨૮૬ (૩.૫૦) | ૨૫ (૦.૬૮) | ૩૧૧ (૨.૬૨) | ૧૩૮ (૧.૬૪) | ૯ (૦.૨૩) | ૧૪૭ (૧.૨૦) |
| ૧૦ | ડીગ્રી એન્જી | ૭૮ (૦.૯૫) | ૧ (૦.૦૨) | ૭૯ (૦.૬૭) | ૮૨ (૦.૯૭) | ૩ (૦.૦૮) | ૮૫ (૦.૭૦) |
| ૧૧ | આયુર્વેદ | - | ૩ (૦.૦૮) | ૩ (૦.૦૩) | ૫ (૦.૦૬) | ૧ (૦.૦૩) | ૬ (૦.૦૫) |

ચાલુ..

કોઠા નંબર : ૩.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | એગ્રીકલ્ચર | ૩૧૯ (૩.૯૦) | ૨૮ (૦.૭૬) | ૩૪૭ (૨.૯૩) | ૨૭૨ (૩.૨૩) | ૮ (૦.૨૧) | ૨૮૦ (૨.૨૯) |
| ૧૩ | હોમીયોપેથીક | - | - | - | - | - | - |
| ૧૪ | ફાઇન આર્ટ | ૭૦ (૦.૮૬) | ૧૦ (૦.૨૭) | ૮૦ (૦.૬૭) | ૭૫ (૦.૮૯) | ૫ (૦.૧૩) | ૮૦ (૦.૬૫) |
| ૧૫ | પશુપાલન | ૨ (૦.૦૨) | - | ૨ (૦.૦૨) | ૩ (૦.૦૪) | - | ૩ (૦.૦૨) |
| ૧૬ | હોમ સાયન્સ | - | - | - | ૧૪ | ૮ | ૨૨ |
| ૧૭ | ફાર્મસી | - | - | - | - | - | - |
| ૧૮ | લાયબ્રેરી સાયન્સ | - | - | - | - | - | - |
| ૧૯ | સોશ્યલ વર્ક | ૧ (૧.૦૧) | - | ૧ (૧.૦૧) | ૭ (૦.૦૮) | - | ૭ (૦.૦૧) |

ચાલુ..

કોઠા નંબર : ૩.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | અન્ય | ૨૧૯ (૨.૬૮) | ૩૭ (૧.૦૦) | ૨૫૬ (૨.૧૬) | ૧૬૦ (૧.૯૦) | ૯ (૦.૨૩) | ૧૬૯ (૧.૩૮) |
| ૨૧ | જી.સી.ડી. | ૮૯ (૧.૦૯) | ૭ (૦.૧૯) | ૯૭ (૦.૮૧) | - | - | - |
| ૨૨ | ફીઝીયોથેરાપી | - | - | - | - | - | - |
| | કુલ | ૮૧૬૩ | ૩૬૮૮ | ૧૧૮૫૧ | ૮૪૮૪ | ૩૮૦૯ | ૧૨૨૨૩ |

૧૯૮૫-૮૬ માં ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થીનીઓમાં સૌથી વધુ વિદ્યાર્થીનીઓ આર્ટસ ફેકલ્ટીમાં હતી જેની ટકાવારી ૫૮.૦૨ છે બીજા નંબરે કોમર્સ ફેકલ્ટી આવે છે જેની ટકાવારી ૧૮.૪૩ છે જ્યારે ત્રીજા નંબરે પી.ટી.સી. આવે છે જેમાં વિદ્યાર્થીઓની ટકાવારી ૧૯૮૫-૮૬ દરમ્યાન ૧૩.૬૨ હતી ચોથા અને પાંચમા નંબરે અનુક્રમે લૉ અને બી.એડ. આવે છે જેમાં થોડા પ્રમાણમાં છોકરીઓ જાય છે તેની ટકાવારી અનુક્રમે ૫.૫૬ અને ૨.૧૮ છે આ સિવાયની બીજી બધી ફેકલ્ટીઓમાં જવલ્લે જ વિદ્યાર્થીનીઓ જતી હોય છે જે કોઠા ઉપરથી સ્પષ્ટ થાય છે. હોમસાયન્સ જે છોકરીઓ માટે ઉપયોગી અભ્યાસક્રમ હોવા છતાં ૧૯૮૪-૮૫માં તેમાં ૧ પણ વિદ્યાર્થીની ન હતી જ્યારે ૧૯૮૫-૮૬ માં હતી ૮ વિદ્યાર્થીઓ જોવા મળે છે. મેડીકલ એન્જીનરીંગ જેવી પ્રતિષ્ઠિત ફેકલ્ટીઓમા તેમને માટે અનામત જગાઓની જોગવાઇ હોવા છતાં પણ તેમની વસતિની ટકાવારીના પ્રમાણમાં તેઓમાંથી જુજ જ આ અભ્યાસમાં જાય છે. ૧૯૮૫ -૮૬ દરમ્યાન મેડીકલ એન્જીનરીંગ અને ડીપ્લોમાં એન્જીનરીંગમાં અનુક્રમે ૧૪, ૩ અને ૯ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતી હતી. જ્યારે ૧૯૮૫-૮૬ દરમ્યાન હોમીયોપેથીક લાયબ્રેરી સાયન્સ ફાર્મસી સોસ્યલવર્કસ જેવા અભ્યાસક્રમમાં કોઇ આદિવાસી વિદ્યાર્થીની અભ્યાસ કરતી હોય તે જોવા મળ્યું નહીં ( આ માહિતી શિષ્યવૃત્તિ લેનારાની યાદીને આધારે મૂકી છે ); અલબત્ત આ બે વર્ષના જ આંકડા છે તેથી એમ ન કહેવાય કે આ અભ્યાસ કરતાં જ નથી પરંતુ એટલું તો ચોક્કસપણે કહી શકાય કે આ અભ્યાસ અંગેનું તેમનું વલણ ઓછું છે આ માટે સમય, ખર્ચ અને માહિતીનો અભાવ કારણભૂત હોઇ શકે. જ્યારે વિનયન કોમર્સ અને પી.ટી.સી. જેવા અભ્યાસક્રમ કે ઓછા સમયમાં અને ખર્ચમાં થઇ શકે છે તેની કોલેજો પણ તાલુકે તાલુકે હોય છે અને તેથી તે માહિતી પણ તેમને ઉપલબ્ધ હોય છે અને તેથી પણ તેઓ આ અભ્યાસક્રમ પાછળ બેચાયા હોય એ શક્યતા છે આ જ પરિસ્થિતિ આદિવાસી બાળકોના અભ્યાસમાં પણ છે જ એટલે સામાન્ય વલણ જ આ પ્રકારનું છે. ૧૯૮૪-૮૫ અને ૧૯૮૫-૮૬ દરમ્યાન કેટલા છોકરા અને છોકરીઓ કઇ ફેકલ્ટીમાં અભ્યાસ કરતાં હતાં તેની વિસ્તૃત માહિતી કોઠા નંબર ૩ ના અભ્યાસથી જાણી શકાશે.

## કોઠા નંબર : ૪

### ઉચ્ચ શિક્ષણના અભ્યાસનાં વલણમાં વધઘટ

| ક્રમ | ફેકલ્ટી | ૧૯૮૪-૮૫ | | | ૧૯૮૫-૮૬ | | | વધઘટ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ | છોકરા | છોકરી | કુલ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧ | આર્ટ્સ | ૩૮૦૭ | ૨૩૪૧ | ૬૧૪૮ | ૩૭૯૬ | ૨૨૧૦ | ૬૦૦૬ | -૫.૯૨ | -૦.૨૯ | - ૨.૩૬ |
| ૨ | કોમર્સ | ૨૧૮૦ | ૫૭૩ | ૨૭૫૩ | ૨૬૦૮ | ૭૦૨ | ૩૩૧૦ | +૧૯.૬૩ | ૨૨.૫૧ | + ૨૦.૨૩ |
| ૩ | સાયન્સ | ૧૦૦ | ૨૫ | ૧૨૫ | ૮૯ | ૧૮ | ૧૦૭ | -૧૨.૩૬ | -૩૮.૩૯ | -૧૬.૮૨ |
| ૪ | લૉ | ૧૭૩ | ૧૭ | ૧૯૦ | ૨૯૯ | ૨૧૨ | ૫૧૧ | ૭૨.૮૩ | ૧૧૪૭.૦૬ | ૧૬૮.૯૫ |
| ૫ | પી.ટી.સી. | ૫૬૫ | ૫૧૩ | ૧૦૭૮ | ૫૮૨ | ૫૧૯ | ૧૧૦૧ | ૩૦૧ | ૧.૧૭ | ૨.૧૩ |
| ૬ | બી.એડ. | ૧૫૬ | ૭૩ | ૨૨૯ | ૧૫૮ | ૮૩ | ૨૪૧ | ૧.૨૮ | ૧૩.૭૦ | ૧૦.૦૫ |
| ૭ | બી.પી.એડ.<br>ડી.પી.એડ. | ૬૮ | ૨૫ | ૯૩ | ૧૦૪ | ૮ | ૧૧૨ | ૫૨.૯૪ | ૨૧૨.૫ | ૨૦.૪૩ |
| ૮ | મેડીકલ | ૫૦ | ૧૦ | ૬૦ | ૨૨ | ૧૪ | ૩૬ | ૧૨૭.૨૭ | ૪૦.૦૦ | -૬૬.૬૭ |

ચાલુ..

કોઠા નંબર : ૪.. ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ડીપ્લો. એન્જી | ૨૮૬ | ૨૫ | ૩૧૧ | ૧૩૮ | ૯ | ૧૪૭ | ૧૦૭.૨૪ | ૧૭૭.૭૮ | ૧૧૧.૫૬ |
| ૧૦ | ડીગ્રી. એન્જી | ૭૮ | ૧ | ૭૯ | ૮૨ | ૩ | ૮૫ | ૫.૧૩ | ૨૦૦.૦૦ | ૭.૫૯ |
| ૧૧ | આયુર્વેદ | - | ૩ | ૩ | ૫ | ૧ | ૬ | ૧૦૦ | -૨૦ | +૧૦૦ |
| ૧૨ | એગ્રીકલ્ચર | ૩૧૯ | ૨૮ | ૩૪૭ | ૨૭૨ | ૮ | ૨૮૦ | -૧૯.૨૭ | ૨૫.૦૦ | ૨૩.૯૨ |
| ૧૩ | હોમીયોપેથીક | - | - | - | - | - | - | - | - | - |
| ૧૪ | ફાઇન આર્ટ | ૭૦ | ૧૦ | ૮૦ | ૭૫ | ૫ | ૮૦ | ૭.૧૪ | -૧૦૦.૦૦ | - |
| ૧૫ | પશુપાલન | ૨ | - | ૨ | ૩ | - | ૩ | | | |
| ૧૬ | હોમીસાયન્સ | - | - | - | ૧૪ | ૮ | ૨૨ | ૧૦૦ | ૧૦૦ | ૧૦૦ |
| ૧૭ | ફાર્મસી | - | - | - | - | - | - | - | - | - |
| ૧૮ | લાયબ્રેરી સાયન્સ | - | - | - | - | - | - | - | - | - |

ચાલુ..

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯. | સોરિયલ વર્ક | ૧ | - | ૧ | ૭ | - | ૭ | ૬૦.૦ | - | ૬૦.૦ |
| ૨૦ | અન્ય | ૨૧૯ | ૩૭ | ૨૫૬ | ૧૬૦ | ૯ | ૧૬૯ | -૩૬.૮૭ | ૩૧૧.૧૧ | ૫૧.૪ |
| ૨૧ | જી.સી.ડી. | ૮૯ | ૭ | ૯૬ | - | - | - | - | - | - |
| ૨૨ | ફીઝીયોથેરાપી | - | - | - | - | - | - | - | - | - |
| | કુલ | ૮૧૬૩ | ૩૬૮૮ | ૧૧૮૫૧ | ૮૪૮૪ | ૩૮૦૯ | ૧૨૨૨૩ | ૩.૦૭ | ૩.૨૮ | ૩.૧૪ |

કોઠા નંબર ૪ તેમના ઉચ્ચ શિક્ષણના અભ્યાસનાં વલણમાં ૧૯૮૪-૮૫ના પ્રમાણમાં ૧૯૮૫-૮૬ માં કેવી વધઘટ થઇ છે તે વિસ્તૃત માહિતી આપે છે.

૧૯૮૪-૮૫ કરતાં ૧૯૮૫-૮૬ દરમ્યાન વિનયન વિજ્ઞાન, એગ્રીકલ્ચર અને ડીપ્લોમાં એન્જી શાખામાં અભ્યાસ કરતા છોકરા-છોકરીઓની સંખ્યામાં ઘટાડો થવા પામ્યો છે જ્યારે વાણિજ્ય, એન્જીનરીંગ લૉ, પી.ટી.સી અને બી.એડ. માં તે વધારો થવા પામ્યો છે. મેડીકલમાં છોકરીઓમાં ઘટાડો થયો છે જ્યારે છોકરીઓમાં વધારો થયો છે જ્યારે સી.પી.એડ, ફાઇન આર્ટ્સ અને આયુર્વેદમાં છોકરીઓમાં વધારો થયો છે જ્યારે છોકરીઓમાં ઘટાડો થયો છે હોમિયોપથીમાં ૧૯૮૪-૮૫ દરમ્યાન કોઇ છોકરો કે છોકરી અભ્યાસ કરતા ન હતા તેને બદલે ૧૯૮૫-૮૬ દરમ્યાન ૧૪ છોકરી , ૮ છોકરીઓ એમ કુલ ૨૨ અભ્યાસ કરે છે આમ ૧૦૦ ટકા વધારો છે. જ્યારે જી.એન.ડી.માં ૧૯૮૪-૮૫ માં કુલ ૯૬ અભ્યાસ કરતાં હતા તેનાબદલે હવે કોઇ અભ્યાસ કરતાં ન હતાં. આમ ૧૦૦ ટકાનો ઘટાડો થયો છે. (વિસ્તૃત માહિતી કોઠા નંબર-૪ માંથી પ્રાપ્ત થશે.)

ઉચ્ચ શિક્ષણ લેતી વિદ્યાર્થીનીઓની અમે જે તપાસ કરી હતી તે તપાસમાં આવરી લીધેલી ૧૫૦ વિદ્યાર્થીનીઓ ગુજરાતમાં આવેલી પાંચ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતી હતી. આ તપાસમાં આવરી લીધેલી વિદ્યાર્થીનીઓમાંથી મોટાભાગની વિદ્યાર્થીનીઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી હતી આમ ૪ હતા છાત્રાલયો અને ઘરે રહી અભ્યાસ કરતી છોકરીઓ મળીને કુલ ૧૫૦ વિદ્યાર્થીનીઓ તપાસ કરી હતી.

<u>તપાસનો હેતુ :</u>

(1) આદિવાસીમાં ઉચ્ચ શિક્ષણ કેવું અને કેટલું છે અને કઇ જાતી દ્વારા આ શિક્ષણ લેવાય છે.

(૨) આદિવાસી સમાજનાં પરંપરાગત મૂલ્યો, જીવન વ્યવસ્થા વ્યવસાય, લગ્ન વ્યવસ્થા, ધાર્મિક માન્યતાઓ આદિવાસી સંસ્કૃતિ વગેરેમાં શિક્ષણને કારણે શું પરિવર્તન આવે છે તે તપાસવાનો છે. શિક્ષિત આદિવાસી બહેનો તેમની પરંપરાગત રૂઢિઓ પ્રથાઓ અને સાંસ્કૃતિક મૂલ્યો અંગે શો અભિપ્રાય ધરાવે છે તે જાણવાનો છે.

(૩) આ અભિપ્રાયો વડે પરંપરાગત જીવન અને સંસ્કૃતિમાં શિક્ષણને પરિણામે શું પરિવર્તન આવે છે તે જાણવાનો પ્રયત્ન પણ કર્યો છે.

<u>સંશોધન પદ્ધતિ</u> :

પ્રસ્તુત અભ્યાસમાં અભિપ્રાયોને જાણવા માટેનો આશય હોઇ પ્રશ્નાવલી પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. પ્રશ્નાવલીનું સ્વરૂપ સાદું અને સરળ બનાવ્યું હતું જેથી જવાબો નિયત કરેલા ઢાંચામાં આવે અને તેમના અભિપ્રાયો સ્પષ્ટપણે જાણી શકાય આ સમગ્ર તપાસ આ રચિત પ્રશ્નાવલી પર આધારિત છે આ પ્રશ્નાવલી ઉત્તરદાતાઓ પાસે જાતે જઇને હાથોહાથ પહોંચાડી રૂબરૂમાં જ તેમની પાસે ભરાવી છે તેથી પ્રશ્નાવલીમાં કોઇ મુશ્કેલી જણાય તો તેની ચર્ચા રૂબરૂમાં મેળવી શકાય અને બધી. પ્રશ્નાવલી પણ પરત મેળવી શકાય.

કેટલીક સૈદ્ધાંતિક માહિતી કે જે પ્રશ્નાવલી દ્વારા પ્રાપ્ત નથી થતી તે મેળવવા માટે તથા તુલનાત્મક આંકડા મેળવવા સંશોધનો સંદર્ભો વગેરે પૂરક માહિતી માટે ગ્રંથાલય અને સરકારી દફતરનો આશરો લીધેલ છે વિષયની સ્પષ્ટતા અને સમજૂતિ માટે વિશાળ વાંચનની આવશ્યકતા રહે છે અને તેથી આજ સુધી સ્ત્રીઓ તેમજ ઉચ્ચ શિક્ષણને લગતા જે પુસ્તકો લેખો, અહેવાલો, નિબંધ લખાયા છે તેનું પણ વાંચન કર્યું છે અને તપાસના ઉપયોગમાં લીધા છે.

આ તપાસમાં આદિવાસી બહેનો ક્યાં અભ્યાસ કરે છે તે માહિતી પૂરતી ઉપલબ્ધ ન હોવાથી છાત્રાલયનો આશરો લેવો પડયો અને ત્યાં પણ તેમની અનુકૂળતા પ્રમાણે કામ કરવું પડયું છતાં કહી શકાય કે પ્રતિષ્ઠિત વિદ્યાશાખા સિવાય બીજી વિદ્યાશાખાની વિદ્યાર્થીનીઓની પ્રશ્નાવલી ભરવામાં ખાસ તકલીફ પડી નથી પરંતુ મેડીકલ, એન્જીનરીંગ , વિજ્ઞાન પ્રવાહમાં ભણતી વિદ્યાર્થીઓ ભાગ્યે જ હતી તેથી તેમની વિશે માહિતી મેળવવામાં થોડી તકલીફ પડી પરંતુ મેં જે ૧૫૦ વિદ્યાર્થીનીઓની તપાસ કરી છે તેમના તરફથી તો મને પુરતો સહકાર મળ્યો છે અને તેથી આ અહેવાલ લખવાનું સરળ બન્યું છે.

મારી તપાસમાં જે વિદ્યાર્થીનીઓ લેવામાં આવી છે તે વિદ્યાર્થીનીઓ ગુજરાતની જુદી જુદી યુનિ.ઓમાં અભ્યાસ કરતી હતી અને અગાઉ જણાવ્યું તે મુજબ તેઓ સરકારી મહિલા છાત્રાલય અથવાં યુનિ.ના છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતી હતી કેટલી વિદ્યાર્થીઓ કઇ કઇ યુનિવર્સિટીની હતી તેની વિગત કોઠા નંબર -૫ માં આપવામાં આવી છે.

<u>કોઠા નંબર - ૫</u>

વિદ્યાર્થીનીઓ કઇ કઇ યુનિવર્સિટીની હતી.તેની વિગત

| ક્રમ | યુનિવર્સિટીનું નામ | | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરત, વલસાડ | | ૫૫ |
| ૨ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, દાહોદ | | ૪૭ |
| ૩ | એમ.એસ.અને એસ.એન.ડી.ટી. બાન્હે યુનિ. | વડોદરા | ૨૧ |
| ૪ | ગુજરાત વિદ્યાપીઠ | અમદાવાદ રાંધેજા | ૧૬ |
| ૫ | ગ્રામવિદ્યાપીઠ | વેડછી | ૧૧ |
| | | કુલ | ૧૫૦ |

આમ સૌથી વધુ વિદ્યાર્થીનીઓ દક્ષિણ ગુજરાત અને ગુજરાત યુનિવર્સિટીની છે કારણકે ત્યાં અભ્યાસ કરવાની સુવિધા વધુ છે.આ ૧૫૦ વિદ્યાર્થીનીઓ છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી હતી તેથી સ્વાભાવિક છે કે તેમના નિવાસસ્થાન જુદા જુદા હોય અને એ રીતે તેઓ આદિવાસી વિસ્તારના જુદા જુદા જિલ્લામાંથી આવતી હતી જેની માહિતી કોઠા નંબર ૬ માં આપવામાં આવી છે.

## કોઠા નંબર -૬

## વિદ્યાર્થીનીઓનું પ્રાદેશિક વર્ગીકરણ

| ક્રમ | જિલ્લો | વિદ્યાર્થીનીઓની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | સુરત | ૬૪ | ૪૨.૬૭ |
| ૨ | વલસાડ | ૩૪ | ૨૨.૬૭ |
| ૩ | સાબરકાંઠા | ૨૧ | ૧૪.૦૦ |
| ૪ | પંચમહાલ | ૧૪ | ૯.૩૩ |
| ૫ | ડાંગ | ૧૧ | ૭.૩૩ |
| ૬ | વડોદરા | ૩ | ૨.૦૦ |
| ૭ | ભરૂચ | ૩ | ૨.૦૦ |
| | કુલ | ૧૫૦ | ૧૦૦.૦૦ |

કોઠા નંબર ૬ પરથી ખ્યાલ આવે છે કે તપાસમાં લીધેલ વિદ્યાર્થીનીઓ ૮ જિલ્લામાંથી આવે છે તેમાં સૌથી વધુ સુરત જિલ્લાની છે તેમાં પણ મુખ્યત્વે કરીને મહુવા, વાલોડ, વ્યારા

અને માંડવી તાલુકાની વિધાર્થીનીઓની સંખ્યા વધુ છે. જિલ્લાની દ્રષ્ટિએ બીજો નંબર વલસાડનો આવે છે. ત્રીજા નંબરે સાબરકાંઠા આવે છે. વડોદરા અને ભરૂચમાંથી બહુ થોડી વિધાર્થીનીઓ ઉચ્ચ અભ્યાસ કરતી હતી આમ રાઠવા, વસાવા, નાયકા, હળપતી ઓમાં શિક્ષણ ઓછું છે. કારણકે આ જિલ્લાઓમાં આ જ વસતિ છે બનાસકાંઠામાંથી એક પણ વિધાર્થીની મારા અભ્યાસમાં આવી નથી એનું કારણો પણ હોય કે બનાસકાંઠામાં આદિવાસી સ્ત્રી શિક્ષણનો દર ૧૯૮૧ પ્રમાણે ૧.૭૨ છે એટલે ઉચ્ચ શિક્ષણ ભાગ્યેજ લેતી હોય આમ જુદા જુદા જિલ્લાઓની માહિતી આધારે પણ કહી શકાય કે શિક્ષણનું પ્રમાણ કઇ જાતિમાં વધુ હશે ? કોઠા નંબર ૭ માં આ જે વિધાર્થીનીઓ લેવામાં આવી હતી તે કઇ જાતિમાંથી આવે છે . તેની માહિતી આપે છે.

કોઠા નંબર - ૭

જાતિ પ્રમાણે વિધાર્થીનીઓનું વર્ગીકરણ

| ક્રમ | જાતિ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૪૪ | ૨૯.૩૩ |
| ૨ | ડુંગરી ગરાસીયા વસાવા | ૩૪ | ૨૨.૬૭ |
| ૩ | ચોધરી | ૩૨ | ૨૧.૩૩ |
| ૪ | કુકણા | ૧૯ | ૧૨.૬૭ |
| ૫ | ગામીત | ૯ | ૬.૦૦ |
| ૬ | હળપતિ | ૫ | ૩.૩૩ |
| ૭ | તળવી/ વળવી | ૨ | ૧.૩૩ |
| ૮ | નાયકા | ૧ | ૦.૬૭ |
| ૯ | પટેલીયા, કુનબી | ૪ | ૨.૬૭ |
| | કુલ | ૧૫૦ | ૧૦૦.૦૦ |

પ્રસ્તુત તપાસમાં આવરી લીધેલ વિદ્યાર્થીનીઓ જુદી જુદી ૯ જાતિઓમાં વિભાજિત કરવામાં આવી છે. તેમાં સૌથી વધુ સંખ્યા ઘોડિયા જાતિના છે બીજા નંબરે ડુંગરી ગરાસિયા ભીલ અને વસાવા આવે છે. ત્રીજા નંબરે ચૌધરી આવે છે. ચોથા નંબરે કુંકણા આવે છે બાકીના ૫ જાતિઓમાં તો ૧૦ થી પણ ઓછી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતી હતી. આમ ઘોડિયા જાતિ છે જે મુખ્યત્વે નવસારી, ચીખલી, ધરમપુરમાં રહે છે એટલે વલસાડ જિલ્લામાં છે બીજા નંબરે ડુંગરી ગરાસિયા આવે છે જે મુખ્યત્વે કરીને સાબરકાંઠા જિલ્લામાં છે અને પટેલિયા ભીલ છે જે પંચમહાલમાં છે ત્રીજા નંબરે જે ચૌધરી આવે છે તે સુરત જિલ્લામાં છે અને કોંકણા છે તે વલસાડના વાંસદા, ધરમપુર અને ડાંગ જિલ્લામાં વસે છે આમ જિલ્લા તેમજ જાતિ બંને રીતે સરખાપણું આવે છે. હવે આ વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરતી હતી તે કઇ કઇ વિદ્યાશાખામાં અભ્યાસ કરતી હતી તેની માહિતી કોઠા નંબર ૮ માં આપવામાં આવી છે.

## કોઠા નંબર - ૮

### વિદ્યાશાખા પ્રમાણે વિદ્યાર્થીનીઓનું વર્ગીકરણ

| ક્રમ | વિદ્યાશાખા | વિદ્યાર્થીનીની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | વિનયન | ૮૬ | ૫૭.૩૩ |
| ૨ | વિજ્ઞાન | ૮ | ૫.૩૩ |
| ૩ | વાણિજ્ય | ૨૪ | ૧૬.૦૦ |
| ૪ | મેડીકલ | ૧૦ | ૬.૬૭ |
| ૫ | અન્ય (હોમસાયન્સ, ગ્રામસેવા, બી.એડ., કૃષિ) | ૨૨ | ૧૪.૬૭ |
| | | ૧૫૦ | ૧૦૦.૦૦ |

અગાઉ જણાવ્યું તે પ્રમાણે અહીંયા પણ એ સ્પષ્ટ થાય છે કે મોટાભાગની વિદ્યાર્થીનીઓ વિનયનમાં છે અને બીજા નંબર વાણિજ્યમાં છે એન્જીનરીંગ અને હોમસાયન્સમાંયે તો કોઇ વિદ્યાર્થીનીની માહિતી ઉપલબ્ધ થઇ શકી નથી. મેડીકલની બહેનો વિષે માહિતી મેળવવામાં પણ મુશ્કેલી પડી હતી.

આમ આ અહેવાલમાં જે વિદ્યાર્થીનીઓ લીધી છે તેમની જિલ્લો, જાતિ અને વિદ્યાશાખા પ્રમાણે માહિતી આપી છે હવે પ્રશ્નાવલીને આધારે જે માહિતી મેળવી છે તે પ્રકરણ- ૨ માં આપી છે.

# પ્રકરણ - ૨

## ( સઘન તપાસ હેઠળની વિદ્યાર્થીનીઓની ) કૌટુંબિક અને શૈક્ષણિક પરચાદ ભૂમિકા

તપાસમાં આવરી લીધેલ ૧૫૦ વિદ્યાર્થીનીઓ પોતાના વતનમાં માતા-પિતા, દાદા-દાદી, પરિણીત, અપરણીત ભાઇ બહેનો, ભાણીઓ, ભત્રીજાઓ વગેરે સાથે રહેતા હતા. મોટાભાગની બહેનોના માતા પિતા કમાતા હોય અને પોતે ભણતા હોય એમ જોવામાં આવ્યું છે.

તપાસ હેઠળની વિદ્યાર્થીનીઓની કુટુંબની સભ્ય સંખ્યા નીચે પ્રમાણે હતી

| કુટુંબની સભ્ય સંખ્યા | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબ સંખ્યા | ૩ | ૮ | ૩૪ | ૩૭ | ૩૬ | ૧૮ | ૪ | ૨ | ૨ | ૨ | ૪ |
| ટકા | ૨.૦૦ | ૫.૩૩ | ૨૨.૬૭ | ૨૪.૬૭ | ૨૪.૦૦ | ૧૨.૦૦ | ૨.૬૭ | ૧.૩૩ | ૧.૩૩ | ૧.૩૩ | ૨.૬૭ |

ઉપરના કોઠા પરથી આપણે જોઇ શકીએ છીએ કે પાંચ થી સાત સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબોની સંખ્યા વધારે છે. સૌથી વધારે ૭ સભ્ય સંખ્યા ધરાવતા ૨ કુટુંબની સંખ્યા હતી જે કુલ કુટુંબના ૨૪.૬૭ ટકા થાય છે સાત સભ્ય સંખ્યા ધરાવનાર કુટુંબો કુલ કુટુંબોના ૨૪ ટકા અને પાંચ સભ્ય સંખ્યા ધરાવનાર કુલ કુટુંબના ૨૨.૬૭ ટકા હતી. જ્યારે આઠ સભ્ય સંખ્યા ધરાવનાર ૧૮ કુટુંબો હતા જે કુલ કુટુંબોના ૧૨ ટકા થાય છે ઓછામાં ઓછા ત્રણ સભ્ય સંખ્યાના ત્રણ કુટુંબો હતા જે કુલ કુટુંબના ૨ ટકા અને વધારેમાં વધારે તેર સભ્ય સંખ્યાના ચાર કુટુંબો હતા જે કુલ સભ્ય સંખ્યાના ૨.૬૭ ટકા થાય છે.

આમ ઉપરોકત કોઠા ઉપરથી એવું તારણ નિકળી શકે કે સંયુકત કુટુંબમાંથી ઉચ્ચ શિક્ષણ લેવા આવનાર વિદ્યાર્થીનીઓનું પ્રમાણ વધુ હતું.

## કુટુંબના સભ્યોનું વયજૂથ દર્શાવતો કોઠો

| ક્રમ | તપાસેલ કુટુંબો | ૧ થી ૫ વર્ષ પુ | ૧ થી ૫ વર્ષ સ્ત્રી | ૬ થી ૧૦ પુ | ૬ થી ૧૦ સ્ત્રી | ૧૧ થી ૧૫ પુ | ૧૧ થી ૧૫ સ્ત્રી | ૧૬ થી ૨૫ પુ | ૧૬ થી ૨૫ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ૧૫૦ | ૯ | ૯ | ૩૧ | ૧૮ | ૪૩ | ૫૬ | ૧૪૦ | ૨૭૮ |
| | ૮૬૧ | ૨.૦૭ | ૧.૬૪ | ૭.૧૪ | ૩.૨૬ | ૯.૯૨ | ૧૦.૧૪ | ૩૨.૨૫ | ૫૦.૩૬ |
| | ૮૬૧ | ૧.૮૩ | | ૪.૯૭ | | ૧૦.૦૪ | | ૪૨.૩૯ | |

ચાલુ..

ચાલુ..

| ક્રમ | તપાસેલ કુટુંબો | ૨૬ થી ૩૫ પુ | ૨૬ થી ૩૫ સ્ત્રી | ૩૬ થી ૪૫ પુ | ૩૬ થી ૪૫ સ્ત્રી | ૪૬ થી ૬૦ પુ | ૪૬ થી ૬૦ સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૧ | ૧૫૦ | ૫૯ | ૪૫ | ૬૨ | ૧૦૬ | ૯૦ | ૪૦ | ૪૩૪ | ૫૫૨ | ૯૮૬ |
| | ટકા | ૧૩.૬૦ | ૮.૧૫ | ૧૪.૨૮ | ૧૯.૨૦ | ૨૦.૭૪ | ૭.૨૫ | ૪૪.૦૧ | ૫૫.૯૯ | |
| | ટકા | ૧૦.૩૯ | | ૧૭.૦૩ | | ૧૩.૧૯ | | ૧૦૦.૦૦ | | |

ઉપરોકત વયજૂથ દર્શાવતો કોઠો જોતાં તપાસેલ ૧૫૦ લિ. થીંનીઓના કુટુંબની સભ્ય સંખ્યા ૯૮૬ હતી જેમાં ૪૩૪ પુરુષો અને ૫૫૨ સ્ત્રીઓ હતી. કુલ સભ્ય સંખ્યાના ૪૪.૦૧ ટકા પુરુષો અને ૫૫.૯૯ ટકા સ્ત્રી સભ્યો થાય છે. આમ પહેલી નજરે સ્ત્રી સભ્ય સંખ્યા વધારે જોવા મળે છે. તપાસેલ કુટુંબોમાં ૧ થી ૫ વર્ષના વયજૂથમાં અને ૬ થી ૧૦ વર્ષના વય જૂથમાં સભ્ય સંખ્યા ઓછી જોવા મળી હતી જે અનુક્રમે કુલ સભ્ય સંખ્યાના ૧.૮૩ ટકા અને ૪.૯૭ ટકા થાય છે એટલે કે એકથી દસ વર્ષના નાના બાળકોનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જ્યારે ૧૧ થી ૧૫ વર્ષના બાળકોનું પ્રમાણ કુલ સંખ્યાના ૧૦.૦૪ ટકા જોવા મળ્યું હતું જ્યારે ૧૬ થી ૨૫ વર્ષના વયજૂથમાં કુલ સભ્ય સંખ્યાના ૪૨.૩૯ ટકા જોવા મળ્યું હતું જે સૌથી વધારે છે એટલે કે યુવાન પુરુષો, સ્ત્રીઓની સંખ્યા સવિશેષ જોવા મળે છે. ૨૬ થી ૩૫ વર્ષના ગૃપમાં કુલ સભ્ય સંખ્યાના ૧૦.૩૯ ટકા અને ૩૬ થી ૪૫ વર્ષના ગૃપમાં કુલ સભ્ય સંખ્યાના ૧૭.૦૩ ટકા સભ્યો જોવામાં આવ્યા હતા. આમ ૨૬ થી ૪૫ વર્ષના ગૃપને કમાણી કરતું ગણીએ તો પણ કુલ સભ્ય સંખ્યાના ૨૭.૫૯ ટકા કમાણી કરતો વર્ગ કહી શકીએ જ્યારે ૪૬ થી ૬૦ વર્ષના વયજૂથમાં કુલ સભ્ય સંખ્યાના ૧૩.૧૯ ટકા સભ્ય સંખ્યા જોવા મળી હતી જે સંખ્યા પણ સારી કહી શકાય. આમ વયજૂથ ઉપરથી કહી શકાય કે યુવાન ભાઈ બહેનોનું પ્રમાણ વધારે જોવામાં આવ્યું હતું જે તે આગળ લાવવાની જવાબદારી અને નિભાવ ૨૭.૫૯ ટકા વર્ગ ઉપર આધારીત હોય તેમ લાગે છે. નાના બાળકો અને વડીલ પુરુષો સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવામાં આવે છે. એટલે કે શિક્ષણના કારણે કુટુંબ નિયોજનનું પ્રમાણ વધુ હોય તેવું કહી શકાય.

## લગ્ન સ્થિતિ દર્શાવતો કોઠો

| ક્રમ | કુલ તપાસેલ | પરિણિત પુ | પરિણિત સ્ત્રી | અપરિણિત પુ | અપરિણિત સ્ત્રી | વિધુર | વિધવા | છૂટાછેડા લીધેલ પુ | છૂટાછેડા લીધેલ સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૫૦ | ૨૧૦ | ૨૧૦ | ૨૧૮ | ૩૩૫ | ૪ | ૬ | ૨ | ૧ | ૪૩૪ | ૫૫૨ |
| % | ટકા | ૪૮.૩૮ | ૩૮.૦૪ | ૫૦.૨૩ | ૬૦.૬૯ | ૦.૯૩ | ૧.૦૮ | ૦.૪૬ | ૦.૧૯ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | | ૪૨.૬૦ | | ૫૬.૦૯ | | ૧.૦૧ | | ૦.૩૦ | | | |

ઉપરોકત લગ્નસ્થિતિ દર્શાવતો કોઠો જોતાં તપાસેલ ૧૫૦ કુટુંબોના વૈવાહિક દરજ્જાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.કુલ સભ્ય સંખ્યાના ૪૨.૬૦ ટકા પુરુષ સ્ત્રીઓ પરિણિત હતા જ્યારે ૫૬.૦૯ ટકા પુરુષ સ્ત્રીઓ અપરિણિત હતા જ્યારે વિધુર વિધવા કુલ સભ્ય સંખ્યાના ૧.૦૧ ટકા હતા, છૂટાછેડા લીધેલ કુલ સભ્ય સંખ્યાના ૦.૩૦ ટકા હતા જેનું પ્રમાણ નહીંવત્ કહી શકાય. અપરિણત સભ્ય સંખ્યામાં ૨૧૮ પુરુષો અને ૩૩૫ સ્ત્રીઓ હતી જે કુલ સભ્ય સંખ્યાના અનુક્રમે ૫૦.૨૩ ટકા અને ૬૦.૬૯ ટકા હતી, પુરુષો કરતાં સ્ત્રીઓ અપરિણિત વધુ હતી આ કોઠા ઉપરથી એમ પણ કહી શકાય કે સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ લેવાથી લગ્ન મોટી ઉંમરે અને પોતાની પસંદગીના લગ્ન કરવામાં માનતી હોય તેમ લાગે છે. વળી અભ્યાસ પુરો ન થાય ત્યાં સુધી લગ્ન કરવાની અનિચ્છા દર્શાવી પણ અપરિણિત રહી હોય તેના કારણે પણ અપરિણિતાનું પ્રમાણ વધારે હોવાનું શકય છે. ઉચ્ચ અભ્યાસ લઈ રહેલ બહેનોમાં ફકત દશ બહેનો એવી હતી કે જેમનું લગ્ન થયેલું હતું તે ઉપરથી એમ પણ કહી શકાય કે અભ્યાસ પુરો ન થાય ત્યાં સુધી લગ્ન કરવાનું ઈચ્છતી નથી એવું પણ શકય હોય કે જેનું લગ્ન થઈ જાય તે આગળ અભ્યાસ ન કરતા હોય.

<u>કુટુંબના સભ્યોનો આર્થિક દરજ્જો દર્શાવતો કોઠો</u>

| કુલ | કમાણી કરનાર | | કમાણી કરનાર પરંતુ કમાનાર પર આધારિત | | નહીં કમાનાર અને કમાનાર પર આધારિત | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧૫૦ | ૨૪૩ | ૬૩ | ૪ | ૧૭૪ | ૧૮૭ | ૩૧૫ | ૪૩૪ | ૫૫૨ |
| ૯૮૬ | ૫૬.૦૦ | ૧૧.૪૧ | ૦.૯૨ | ૩૧.૫૩ | ૪૩.૦૮ | ૫૭.૦૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | ૩૧.૦૩ | | ૧૮.૦૫ | | ૫૦.૯૨ | | ૧૦૦.૦૦ | |

ઉપરનો કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે કુલ સભ્યોમાંથી કમાણી કરનાર ૨૪૩ પુરુષો અને ૬૩ સ્ત્રીઓ છે. જેનું પ્રમાણ ૩૧.૦૩ ટકા છે જેમના ઉપર બીજા સભ્યોનો આધાર છે. કુલ પુરુષોમાં ૫૬ ટકા પુરુષો કમાણી કરનાર છે અને સ્ત્રીઓમાં માત્ર ૧૧.૪૧ ટકા કમાણી કરનાર છે. જ્યારે કમાણી કરતા હોવા છતાં કુટુંબ પર આધારિત એવા બાળકો અને સ્ત્રીઓ કુલ સભ્યોમાં ૧૮.૦૫ ટકા પ્રમાણ ધરાવે છે. જેમાં ૦.૯૨ ટકા પુરુષો અને ૩૧.૫૩ ટકા સ્ત્રીઓ હતી. આ સભ્યો વત્તાઓછા પ્રમાણમાં કુટુંબને કમાણી કરવામાં મદદગાર થાય છે. જ્યારે કુટુંબને કમાણી બિલકુલ મદદ નહીં કરી શકનાર નાનાં બાળકો, અભ્યાસ કરતા બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોની સંખ્યા વધુમાં વધુ છે. તે કુલ સભ્યોમાં ૫૦.૯૨ ટકાનું પ્રમાણ ધરાવે છે. જ્યારે કુલ પુરુષોમાં કમાણી નહીં કરનાર ૪૩.૦૮ ટકા છે અને સ્ત્રીઓમાં કમાણી નહીં કરનાર ૫૭.૦૬ ટકાનું પ્રમાણ છે.

આર્થિક દરજ્જાનો કોઠો જોતાં લાગે છે કે તપાસેલ કુટુંબોમાં કમાણી કરનારમાં પુરુષોનું પ્રમાણ મોખરે છે જ્યારે સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે જ્યારે કમાનાર પર આધારિતનું પ્રમાણ અડધા કરતાં પણ વધારે જોવામાં આવ્યું હતું.

આર્થિક દરજ્જો દર્શાવતા કોઠામાં જોયું કે કુલ કુટુંબના કેટલા સભ્યો કમાનાર કેટલા કમાનાર પણ કમાનાર પર આધારીત છે અને કેટલા નહી કમાનાર આ કમાનાર સભ્યો કેવા પ્રકારના વ્યવસાય કરે છે તે કોઠા દ્વારા જોઈએ તો કુટુંબના સભ્યો કેવા કેવા વ્યવસાય કરી આવકો પ્રાપ્ત કરે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

## કુટુંબના સભ્યોનો વ્યવસાય દર્શાવતો કોઠો

| કુટુંબ સંખ્યા | ખેતી પુ | ખેતી સ્ત્રી | ખેતમજૂરી પુ | ખેતમજૂરી સ્ત્રી | નોકરી પુ | નોકરી સ્ત્રી | ધંધો પુ | ધંધો સ્ત્રી | કુલ પુ | કુલ સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૧૩૭ | ૧૭૭ | ૭ | ૮ | ૯૭ | ૫૨ | ૬ | - | ૨૪૭ | ૨૩૭ | ૪૮૪ |
| | ૫૫.૪૬ | ૭૪.૬૯ | ૨.૮૩ | ૩.૩૭ | ૩૯.૨૭ | ૨૧.૯૪ | ૨.૪૨ | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | |
| | ૬૪.૮૮ | | ૩.૦૯ | | ૩૦.૦૯ | | ૧.૨૪ | | | | |

ઉપરોકત કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે વ્યવસાય કરતી કુલ વ્યકિતઓમાં ૬૪.૮૮ ટકા ખેતીના વ્યવસાયમાં રોકાયેલા છે. એટલે કે કુટુંબના મોટાભાગના સભ્યો ખેતી કરતા માલુમ પડયા હતા કુલ વ્યવસાય કરતા પુરુષ સભ્યોમાં ૫૫.૪૬ ટકા પુરુષો અને કુલ વ્યવસાય કરતી સ્ત્રીઓમાં ૭૪.૬૯ ટકા સ્ત્રીઓ ખેતીના વ્યવસાયમાં રોકાયેલી હતી. બીજા નંબરનો વ્યવસાય નોકરી છે. જે કુલ કમાણી કરનાર સભ્યોના ૩૦.૭૯ ટકા સભ્યો જુદા જુદા પ્રકારની નોકરીઓ કરતા હતા. કુલ પુરુષોમાં ૩૯.૨૭ ટકા પુરુષો અને કુલ સ્ત્રીઓમાં ૨૦.૯૪ ટકા સ્ત્રીઓ નોકરી કરતી હતી. આમ નોકરી કરતા સભ્યોનું પ્રમાણ પણ એકંદરે ઠીક જોવા માં આવ્યું હતું. કુટુંબના વડીલ વ્યકિતઓએ શિક્ષણ મેળવ્યું હોય અને પોતાના બાળકોને ઉચ્ચશિક્ષણ આપતા હોય તેવા કુટુંબોનું પ્રમાણ સવિશેષ જોવામાં આવ્યું હતું. ( નોકરીઓ શિક્ષક, શિક્ષિકા, કલાર્ક, પોસ્ટમેન, પટાવાળા, ડ્રાઇવર વગેરે મુખ્ય હતી ) જ્યારે. ખેતમજૂરી કરી પણ ઉચ્ચ શિક્ષણ આપતા હોય તેવા કુલ સભ્યોના ૩.૦૯ ટકા સભ્યો હતા જેમાં ૨.૮૩ ટકા પુરુષો અને ૩.૩૭ ટકા સ્ત્રીઓ કામ કરતી હતી. તેજ રીતે ધંધા દ્વારા પણ આવક પ્રાપ્ત કરતા હોય તેવા ફકત પુરુષો જોવા મળ્યાં હતા જેનું પ્રમાણ ૨.૪૨ ટકા હતું જ્યારે કુલ વ્યવસાય કરતા સભ્યોમાં ફકત ૧.૨૪ ટકા પ્રમાણ હતું. જે નહીંવત કહી શકાય ( વ્યવસાયમાં નાની દુકાન, સાયકલ સ્ટોર, સુથારીકામ, લુહારી કામ , દરજીકામ વગેરે )

આવક :

વ્યવસાય દર્શાવતા કોઠા ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે મોટાભાગના કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો જ્યારે બીજા નંબરનો વ્યવસાય નોકરી જુદા જુદા વ્યવસાયો દ્વારા તપાસેલ ૧૫૦

કુટુંબોની વાર્ષિક આવક ૧૯,૭૦,૫૮૦ રૂપિયા જાણવા મળી હતી ઉપરોક્ત આવક જોતાં કુટુંબદીઠ વાર્ષિક આવક ૧૩૧૩૭ રૂપિયા જેટલી થાય છે. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક ૧૯૯૮ રૂપિયા થાય છે. માથાદીઠ માસિક આવક ૧૬૬ રૂપિયા થાય છે. ઉપરોક્ત આવકના વર્ગીકરણ ઉપરથી સ્પષ્ટ જાણી શકાય છે કે ઉચ્ચ શિક્ષણ મેળવતી બહેનોના કુટુંબની આવક ઘણી ઓછી કહી શકાય આટલી ઓછી આવક ધરાવતા કુટુંબોમાંથી ઉચ્ચ અભ્યાસ કરવા આવનાર વિદ્યાર્થીનીઓને આર્થિક ભીંસ અનુભવવી પડે તે સ્વાભાવીક છે. એટલે જ અભ્યાસમાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તેમને આર્થિક મુશ્કેલીના કારણે અભ્યાસ છોડવો પડે છે દેવું કરવું પડે છે. અથવા વેકેશન દરમ્યાન મજૂરી પણ કરવી પડે છે.

શિક્ષણ દર્શાવતો કોઠો ( જેમનું શિક્ષણ પુરુ થયું કે લેતા સભ્યો )

| કુલ | ૧થી૪ ધોરણ | | ૫ થી ૭ | | ૮થી૧૦ | | ૧૧થી૧૨ | | પી.ટી.સી. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૫૦ | ૨૦ | ૧૫ | ૪૪ | ૨૭ | ૩૪ | ૨૪ | ૧૨ | ૧૧ | ૪૨ | ૩૬ |
| ૨૬૧ | ૭.૭૯ | ૫.૯૮ | ૧૭.૧૨ | ૧૦.૭૬ | ૧૩.૨૨ | ૯.૫૭ | ૪.૬૭ | ૪.૩૮ | ૧૬.૩૫ | ૧૪.૩૫ |
| | ૬.૮૯ | | ૧૩.૯૮ | | ૧૧.૪૧ | | ૪.૫૩ | | ૧૫.૩૫ | |

ચાલુ..

| | કુલ કુટુંબો | બી.એડ | | ટેકનિકલ કોર્સ | | ઉચ્ચ શિક્ષણ | | અભણ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| | | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| | ૧૫૦ | ૩ | ૩ | ૪ | ૧ | ૩૯ | ૧૧ | ૫૯ | ૧૨૩ | ૨૫૭ | ૨૫૧ |
| | ૨૬૧ | ૧.૧૬ | ૧.૧૯ | ૧.૫૬ | ૦.૩૯ | ૧૫.૧૭ | ૪.૩૮ | ૨૨.૯૬ | ૪૯.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | | ૧.૧૮ | | ૦.૯૮ | | ૯.૮૫ | | ૩૫.૮૩ | | | |

કુટુંબના સભ્યોનું શિક્ષણ :

તપાસ હેઠળના કુલ આદિવાસી વિદ્યાર્થીનીઓના કુટુંબનું શૈક્ષણિક સ્તર જોઈએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ઉચ્ચ શિક્ષણ મેળવનાર બહેનોના કુટુંબીઓનું શિક્ષણ કેટલું છે.

જેમનું શિક્ષણ પુરું થયું છે તેવા સભ્યોનું શિક્ષણ જોઈએ તો ૧ થી ૪ ધોરણ સુધી અક્ષરજ્ઞાન મેળવેલાઓનું પ્રમાણ ૬.૮૯ ટકા હતું જેમાં ૭.૭૯ ટકા પુરુષો અને ૫.૯૮ ટકા સ્ત્રીઓ હતી. ૫થી ૭ ધોરણ સુધી અક્ષરજ્ઞાન મેળવેલાનું પ્રમાણ ૧૩.૯૮ ટકા હતું જેમાં ૧૭.૧૨ ટકા પુરુષો અને ૧૦.૭૬ ટકા સ્ત્રીઓ હતી. ૮થી ૧૦ ધોરણ સુધી ભણેલા ૧૧.૪૧ ટકા હતા જેમાં ૧૩.૨૨ ટકા પુરુષો અને ૯.૫૭ ટકા સ્ત્રીઓ હતી. ૧૧ થી ૧૨ ધોરણ સુધી ભણેલા ૪.૫૩ ટકા હતા જેમાં ૪.૬૭ ટકા પુરુષો અને ૪.૩૮ ટકા સ્ત્રીઓ હતી. પી.ટી.સી. કરેલાનું પ્રમાણ ૧૫.૩૫ ટકા હતું જેમાં ૧૬.૩૫ ટકા પુરુષો અને ૧૪.૩૫ ટકા સ્ત્રીઓનું પ્રમાણ હતું આમ પુરુષો અને સ્ત્રીઓમાં પી.ટી.સી.નું પ્રમાણ લગભગ સરખું જોવા મળ્યું હતું. એનો અર્થ એવો પણ થઇ શકે કે પી.ટી.સી. થયેલ છોકરા છોકરીઓએ પી.ટી.સી. થયેલ જીવનસાથી તરીકે અપનાવવાનો આગ્રહ વધુ રાખ્યો ~~xxx~~ હોય, ઉચ્ચ શિક્ષણ બી.એડ. કરેલાનું પ્રમાણ ૧.૧૮ ટકા હતું જે પ્રમાણ ઘણું ઓછું કહી શકાય, જેમાં ૧.૧૬ ટકા પુરુષો અને ૧.૧૯ ટકા સ્ત્રીઓ હતી. ટેકનિકલ કોર્સ કરેલ ૦.૯૮ ટકા હતા. જેમાં ૧.૫૬ ટકા પુરુષો અને ૦.૩૯ ટકા સ્ત્રીઓ હતી જે પ્રમાણ નહીંવત્ કહી શકાય. ઉચ્ચશિક્ષણ કોલેજ સુધી અભ્યાસ કરેલાનું પ્રમાણ ૯.૮૫ ટકા હતું જેમાં ૧૫.૧૭ ટકા પુરુષો અને ૪.૩૮ ટકા સ્ત્રીઓ હતી આમ સ્ત્રીઓ ઉચ્ચશિક્ષણ સુધી પહોંચી શકતી ન હતી કે ઘણી ઓછી બહેનો ઉચ્ચશિક્ષણ મેળવી શકતી હતી તે સ્પષ્ટ દેખાય છે. જ્યારે તપાસેલ બહેનોના સભ્યોમાં ૩૫.૮૩ ટકા

અલગ વ્યકિતઓ જોવા મળી હતી જેમાં ૨૨.૯૬ ટકા પુરુષો અને ૪૯.૦૦ ટકા સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. આમ અલગ વ્યકિતઓમાં પણ પુરુષો કરતાં સ્ત્રીઓનું પ્રમાણ અડધા કરતાં પણ વધારે હતું તે સ્પષ્ટ દેખાય છે. જેમનું શિક્ષણ પુરુ થયેલ છે કે છોડી દીધેલ છે તેવા સભ્યોનું શિક્ષણ સ્તર જોતાં સ્પષ્ટ થાય છે કે પી.ટી.સી. અને ઉચ્ચશિક્ષણ મેળવેલ પુરુષ સ્ત્રીઓની સંખ્યા સવિશેષ જોવામાં આવી હતી એટલે કે ઉચ્ચશિક્ષણ લેતી બહેનોના વાલીઓમાં શિક્ષણનું પ્રમાણ સારુ હતું તે સ્પષ્ટ દેખાય છે.

## ચાલુ શિક્ષણ દર્શાવતો કોઠો

| કુલ | ૧ થી ૪ | | ૫ થી ૭ | | ૮ થી ૧૦ | | ૧૧ થી ૧૨ | | પી.ટી.સી. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કુટુંબો | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૫૦ | ૨૪ | ૧૩ | ૨૬ | ૨૩ | ૩૯ | ૪૫ | ૩૬ | ૨૮ | ૧ | ૩ |
| ૨૩૧ | ૧૩.૯૭ | ૪.૪૫ | ૧૫.૧૧ | ૭.૮૮ | ૨૨.૬૮ | ૧૫.૪૧ | ૨૦.૯૪ | ૯.૫૯ | ૦.૫૯ | ૧.૦૨ |
| | ૭.૯૮ | | ૧૦.૫૭ | | ૧૮.૧૦ | | ૧૩.૭૯ | | ૦.૮૬ | |

ચાલુ..

| કુલ કુટુંબો | બી.એડ | | ટેકનિકલ | | કોલેજ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ | સ્ત્રી |
| | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૧૫૦ | - | ૧૦ | ૭ | ૬ | ૩૯ | ૧૬૪ | ૧૭૨ | ૨૯૨ |
| ૨૭૧ | | ૩.૭૨ | ૪.૦૬ | ૨.૦૫ | ૨૨.૬૯ | ૫૬.૧૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | ૨.૧૫ | | ૨.૮૦ | | ૪૩.૭૫ | | ૧૦૦.૦૦ | |

ઉપરોકત ચાલુ શિક્ષણ દર્શાવતો કોઠો જોઇએ તો કુલ કુટુંબના સભ્યોમાંથી XX ૪૬૪ સભ્યોનો અભ્યાસ ચાલુ હતો જે વિગતે જોઇએ તો ૧ થી ૪ ધોરણમાં ભણતા ૭.૯૮ ટકા સંખ્યા હતી જેમાં ૧૩.૯૭ ટકા કુમાર અને ૪.૪૫ ટકા કન્યાઓ અભ્યાસ કરતી હતી ૫ થી ૭ ધોરણમાં ૧૦.૫૭ ટકા સભ્યો અભ્યાસ કરતા હતા જેમાં ૧૫.૧૧ ટકા કુમાર અને ૭.૮૮ ટકા કન્યાઓ અભ્યાસ કરતી હતી, ૮ થી ૧૦ ધોરણમાં કુલ અભ્યાસ કરતાના ૧૮.૧૦ ટકા સંખ્યા હતી જેમાં ૨૨.૬૮ ટકા કુમારો અને ૧૫.૪૧ ટકા કન્યાઓ અભ્યાસ કરતી હતી. અભ્યાસ કરતા એકથી સાત ધોરણમાં કન્યાઓની સંખ્યા ઓછી માલુમ પડી હતી જ્યારે આઠ થી દસમાં કુમારો કરતાં કન્યા-ઓની સંખ્યા વધુ જોવા મલી હતી. ૧૧ થી ૧૨ ધોરણમાં ૧૩.૭૯ ટકા અભ્યાસ કરતા હતા જેમાં ૨૦.૯૪ ટકા કુમારો અને ૯.૫૯ ટકા કન્યાઓ અભ્યાસ કરતી હતી. એટલે કે ઉચ્ચ અભ્યાસમાં કુમારો કરતાં કન્યાનું પ્રમાણ ઘટતું જોવા મળે છે. પી.ટી.સી.માં અભ્યાસ કરતાં ૦.૮૬ ટકા સંખ્યા હતી જેમાં ૦.૫૯ ટકા કુમાર અને ૧૦.૨ ટકા કન્યાઓ હતી. ધોરણ દસ પછી પી.ટી.સી. કરવાની ઇચ્છા ધરાવનારની સંખ્યા વધુ હોય તેવું સ્પષ્ટ દેખાય છે પણ મેરીટ પ્રમાણે એડમિશન મળતું હોવાથી એડમિશન ન મળ્યું હોય અને અભ્યાસ અટકી પડયો હોય તેવી શકયતા આ આંકડાઓ ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવે છે. બી.એડ. કરતા ૨.૧૫ ટકા સભ્યો હતા જેમાં એક પણ પુરુષ સભ્ય ન હતો. ફકત ૩.૪૨ ટકા સ્ત્રી સભ્યો બી.એડ. કરતા હતા. ટેકનિકલ કોર્સ કરતા હોય તેવી ૨.૮૯ ટકા સભ્યો હતા જેમાં ૪.૦૬ ટકા કુમારો અને ૨.૦૫ ટકા કન્યાઓ હતી. જ્યારે ઉચ્ચશિક્ષણ કોલેજમાં અભ્યાસ કરતી ૪૩.૭૫ ટકા સભ્યો હતા જેમાં ૨૨.૬૯ ટકા પુરુષો અને ૫૬.૧૬ ટકા બહેનો હતી. જે સંખ્યા ઘણી વધારે છે, XXXX આમ ( તપાસ કરેલ બહેનોની સંખ્યા ગણવામાં આવેલી છે ) ઉચ્ચ શિક્ષણમાં પણ કન્યા કેળવણીનું પ્રમાણ વધ્યું હોય તેવું સ્પષ્ટ જોવા મળે છે.

સમગ્ર શિક્ષણના આંકડા જોતાં તપાસેલ કુટુંબોના સભ્યોનું શિક્ષણ ઘણું સારું જોવા મળ્યું હતું. કુલ પુરુષોમાં ૮૫.૨૫ ટકા અને સ્ત્રીઓમાં ૭૬.૦૮ ટકા શિક્ષણ જોવા મળ્યું હતું. જ્યારે કુલ સભ્ય સંખ્યામાં ૮૦.૧૨ ટકા શિક્ષણ જોવા મળ્યું હતું જે ઘણું સારું કહી શકાય.

ગુજરાતમાં ૧૯૮૧ની વસતિ ગણત્રી પ્રમાણે આદિવાસીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૨૧.૧૫ ટકાનું હતું. પુરુષો અને સ્ત્રીઓમાં આ પ્રમાણ અનુક્રમે ૩૦.૪૧ ટકા અને ૧૧.૬૪ ટકાનું હતું. ૧૯૬૧ અને ૧૯૭૧ ની વસ્તી ગણતરી મુજબ આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૧૧.૬૯ અને ૧૪.૧૧ ટકા જોવા મળ્યું હતું. આમ સમગ્ર આદિવાસી વસ્તીમાં શિક્ષણનું પ્રમાણ વધેલું માલુમ પડે છે.

ઉપરની બધી વિગતોના આધારે આપણે તારવણી કરી શકીએ કે તપાસ હેઠળની વિદ્યાર્થીનીઓના વડીલોમાં શિક્ષણનું પ્રમાણ ગુજરાતના આદિવાસી પ્રવર્તતા શિક્ષણના પ્રમાણ કરતાં વિશેષ છે. આના પરથી આપણે બીજી તારવણી એ કહી શકીએ કે આ રીતે કુટુંબના સભ્યો શિક્ષિત હોય અને બીજી બાજુથી વિદ્યાર્થીનીઓને પુરતી શૈક્ષણિક સવલતો મળી શકતી હોય તો આદિવાસીઓનાં શિક્ષણનો ફેલાવો ઠીક ઠીક ઝડપે થવા સંભવ છે.

ઉપરોક્ત બન્ને કોઠા જોતાં જેમનું શિક્ષણ પૂરું થયું છે તેનાં પુરુષોની સંખ્યા વધારે જોવા મળે છે. જ્યારે જેમનું શિક્ષણ ચાલુ છે તેનાં પ્રાથમિક ધોરણોમાં છોકરાઓની સંખ્યા વધુ છે પણ જેમ જેમ આગળ વધતા જાય છે તેમ તેમ બહેનોની સંખ્યા પણ વધતી ગયેલી છે. એટલે ભાઈઓની સાથે બહેનો પણ શિક્ષણમાં આગળ વધવા માંડી છે અને ઉચ્ચ શિક્ષણ મેળવે છે. તપાસેલ ૧૫૦ ઉચ્ચશિક્ષણ લેતી બહેનોના કુટુંબની બીજી નાની મોટી બહેનો પણ એક સાથે કોલેજ કરતી હોય તેમ સ્પષ્ટ દેખાય છે. આમ બહેનોમાં ઉચ્ચશિક્ષણ વધેલું જોવા મળે છે.

## શૈક્ષણિક પશ્ચાદ ભૂમિકા દર્શાવતો કોઠો

| ધોરણ | ઘરે | આશ્રમશાળા છાત્રાલય | સંબંધીને ત્યાં રૂમ ભાડે રાખી | કુલ |
|---|---|---|---|---|
| ૧ થી ૪ | ૧૩૬ | ૧૩ | ૧ | ૧૫૦ |
| | ૯૦.૬૭ | ૮.૬૭ | ૦.૬૬ | ૧૦૦.૦૦ |
| ૫ થી ૭ | ૧૨૧ | ૨૮ | ૧ | ૧૫૦ |
| | ૮૦.૬૮ | ૧૦.૬૭ | ૦.૬૬ | ૧૦૦.૦૦ |
| ૮ થી ૧૦ | ૮૪ | ૬૫ | ૧ | ૧૫૦ |
| | ૫૬.૦૦ | ૪૩.૩૩ | ૦.૬૭ | ૧૦૦.૦૦ |
| ૧૧થી ૧૨ | ૭૨ | ૭૬ | ૨ | ૧૫૦ |
| | ૪૮.૦૦ | ૫૦.૬૭ | ૧.૩૩ | ૧૦૦.૦૦ |

પ્રાથમિક શાળાથી માંડીને કૉલેજ સ્તર સુધીના વિવિધ તબક્કે અભ્યાસકાળ દરમ્યાન રહેવાના સ્થળ અંગેની વિગતોની તારવણી પરથી જોઈ શકાય છે કે પ્રાથમિક શાળાના નીચેના ધોરણોથી માંડીને જેમ જેમ ઉપર જઈએ તેમ તેમ છાત્રાલયમાં રહીને ભણતી વિદ્યાર્થીનીઓનું પ્રમાણ વધતું જાય છે અને ઘરે રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓનું પ્રમાણ ઘટતું જાય છે. આદિવાસી વિસ્તાર માંની શૈક્ષણિક સવલતો અંગેની પરિસ્થિતિ પણ પરોક્ષ રીતે અહીં પ્રતિબિંબ થાય છે. છાત્રાલયના વધોળા ઉપયોગ પાછળ આદિવાસી વિદ્યાર્થીનીઓના મૂળવતનના ગામમાં પ્રાથમિક, માધ્યમિક શાળાના ઉપલા ધોરણોના શિક્ષણની સગવડનો અભાવ પણ કેટલેક અંશે કારણભૂત ગણી શકાય.

તપાસ હેઠળની વિદ્યાર્થીનીઓમાં ૧ થી ૪ ધોરણમાં પણ આશ્રમશાળામાં રહી અભ્યાસ કર્યો હોય તેની સંખ્યા ૮.૬૭ ટકા હતી જ્યારે સંબંધીને ત્યાં રહી ભણનારની સંખ્યા એક હતી જે કુલ વિદ્યાર્થી-નીઓના ૦.૬૬ ટકા થાય છે. ૫ થી ૭ ધોરણ સુધીના અભ્યાસકાળ દરમ્યાન કુલ વિદ્યાર્થીનીઓના ૧૦.૬૭ ટકા વિદ્યાર્થીનીઓ ૧૦.૬૭ ટકા વિદ્યાર્થીનીઓ આશ્રમશાળા કે છાત્રાલયમાં રહી ભણી છે જ્યારે એક વિદ્યાર્થીની સંબંધીને ત્યાં રહી ભણી છે. તેજ રીતે ૮ થી ૧૦ ધોરણ સુધીમાં આ પ્રમાણ એકદમ વધી ગયેલું જોવા મળે છે જે કુલ વિદ્યાર્થીનીઓના ૪૩.૩૩ ટકા આશ્રમશાળા કે છાત્રાલય માં રહી અભ્યાસ કરતી માલુમ પડે છે. જ્યારે ૧૧ થી ૧૨ ધોરણ માંનો આ પ્રમાણ અડધા કરતાં પણ વધારે માલુમ પડે છે જ્યારે બે વિદ્યાર્થીનીઓનો રૂમ ભાડે રાખી પણ અભ્યાસ કર્યો છે તેવા જવાબ મળ્યા છે. આમ સમગ્ર કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પોતાના વિસ્તારમાં કે નજીકમાં પ્રાથમિક-માધ્યમિક શાળાની પૂરતી સગવડ કે આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે પોતાના બાળકને આશ્રમશાળા કે છાત્રાલયમાં મૂકી ભણાવતા હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

## અંતર દર્શાવતો કોઠો

| ધોરણ | નજીક | ૦ાા થી ૨ કિ.મી. | ૨ા થી ૩ કિ.મી. | ૩ા થી ૫ કિ.મી. | ૫ા થી ૧૦ કિ.મી. | ૧૦થી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ થી ૪ | ૧૨૦ | ૨૭ | ૩ | - | - | - | ૧૫૦ |
| | ૮૦.૦૦ | ૧૮.૦૦ | ૨.૦૦ | | | | |
| ૫ થી ૭ | ૧૧૪ | ૨૭ | ૫ | ૩ | ૧ | - | ૧૫૦ |
| | ૭૬.૦૦ | ૧૮.૦૦ | ૩.૩૩ | ૨.૦૦ | ૦.૬૭ | | |
| ૮ થી ૧૦ | ૧૧૧ | ૧૮ | ૨ | ૧૧ | ૬ | ૨ | ૧૫૦ |
| | ૭૪.૦૦ | ૧૨.૦૦ | ૧.૩૩ | ૭.૩૩ | ૪.૦૦ | ૧.૩૪ | |
| ૧૧ થી ૧૨ | ૧૦૮ | ૧૫ | ૨ | ૬ | ૧૪ | ૫ | ૧૫૦ |
| | ૭૨.૦૦ | ૧૦.૦૦ | ૧.૩૩ | ૪.૦૦ | ૯.૩૩ | ૩.૩૪ | |

<u>શિક્ષણ સંસ્થા અને રહેઠાણ વચ્ચેનું અંતર :</u>

રહેવાના સ્થળથી ૧ થી ૧૨ ધોરણ સુધી કેટ કેટલા અંતરે વિદ્યાર્થીઓને ભણવા જવું પડયું હતું તે અંગેની વિગતો દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે લગભગ પચાસ ટકા વિદ્યાર્થીઓને નજીક રહી અભ્યાસ કરવાનો લાભ મળ્યો છે. આમ છતાં પ્રાથમિક શાળાના અભ્યાસકાળ દરમ્યાન પણ પોતાના વતનના ગામમાં શાળા ન હોવાથી ચાલીને દૂર દૂર ભણવા જવું પડયું હતું. ૧ થી ૪ ધોરણમાં ૨૭ વિદ્યાર્થીનીઓ એવી હતી કે જેમને અડધાથી બે કિલોમીટર સુધી ચાલીને જવું પડયું હતું જ્યારે ૩ વિદ્યાર્થીનીઓ તો સવા બે થી ૩ કિ.મી. સુધી ચાલીને અભ્યાસ કરવા માટે ગયેલી માલુમ પડે છે.

૫ થી ૭ ધોરણમાં ૨૭ વિદ્યાર્થીઓ અડધાથી બે કિ.મી. સવા બે થી ત્રણ કિ.મી. સુધીમાં ૫ વિદ્યાર્થીનીઓ અને ત્રણથી પાંચ કિ.મી. સુધીમાં ૩ વિદ્યાર્થીનીઓ અને એક વિદ્યાર્થીની તો પાંચથી ૧૦ કિ.મી. સુધી ચાલીને અભ્યાસ કરેલ જોવા મળે છે. તેજ રીતે ૮ થી ૧૦ ધોરણ સુધીમાં ૧૮ બહેનોએ અડધાથી બે કિ.મી. સુધી ૨ બહેનો બેથી ત્રણ, ૧૧ બહેનોએ ત્રણથી પાંચ કિ.મી. અને ૬ બહેનોએ પાંચ થી દસ કિ.મી. સુધી અભ્યાસ કરવા ગઇ છે. બે બહેનો એ તો ૧૦ થી વધુ કિ.મી. સુધી જઇ અભ્યાસ કર્યો છે. તેજ રીતે ૧૧ થી ૧૨ ધોરણ સુધીમાં અડધાથી બે કિ.મી. સુધીમાં ૧૫ બહેનો બેથી ત્રણ કિ.મી. સુધીમાં બે બહેનો ત્રણ થી પાંચ કિ.મી. સુધીમાં ૭ બહેનો, પાંચ થી ૧૦ કિ.મી. સુધીમાં ૧૪ બહેનો અને ૧૦ થી વધુ કિ.મી. સુધી જઇ પાંચ બહેનોએ પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો છે. આમ સમગ્ર કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે બહેનોને પોતાના વતનમાં કે નજીકમાં માધ્યમિક કક્ષા સુધીની સુવિધા ન મળવાથી દૂરના સ્થળે જઇ અભ્યાસ કરવાની ફરજ પડી છે. એક ફળિયાથી બીજા ફળિયાના અંતર પણ એટલા લાંબા હોય છે કે પ્રાથમિક ધોરણમાં અભ્યાસ કરતા બાળક માટે ત્યાં જઇ

અભ્યાસ કરવો તદ્દન અશક્ય થઇ પડે તેમ હોય છે તેમ છતાં આ બહેનોએ આટલા અંતરો કાપીને પણ પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

કોલેજોમાં અભ્યાસ કરતી બહેનોમાં પણ મોટા ભાગની બહેનો પોતાના વતનમાંથી આવજા કરતી હોય છે કારણકે હોસ્ટેલમાં મર્યાદિત સીટો વળી મેરીટ પ્રમાણેના પ્રવેશમાં ઘણી બહેનોને પ્રવેશ મળતો નથી ત્યારે ઘરે રહી અભ્યાસ કરતી બહેનોને ઘણીજ મુશ્કેલી વેઠવી પડે છે. વળી પોતાના ગામ સુધી બસ સુવિધા પણ ઉપલબ્ધ હોતી નથી. તેથી તેમને બસના મથક સુધી ચાલતું આવવું પડે છે. ઘણીવાર એવું બને છે કે વહેલી સવારે ઘરેથી નિકળે તો મોડી રાતે પોતાના ઘરે પહોંચે મોટાભાગનો સમય અપડાઉનમાં જ વહી જતો હોય છે. વળી કોલેજના કોઇ કાર્યક્રમોમાં પણ અપડાઉન કરતી બહેનો ભાગ લઇ શકતી નથી કારણકે ચોક્કસ બસોના ચોક્કસ ટાઇમ હોય છે જો તે બસ ચૂકી ગયા કે બસ ન મળે તો તે ઘણીજ કફોડી સ્થિતિમાં મૂકાઇ જાય છે તેવુ પણ જાણવા મળે છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માસ્ટર ડીગ્રી કોર્સમાં અભ્યાસ કરતી બહેનો ગામડેથી અપડાઉન કરે છે. આ બહેનો ક્લાસમાંથી છૂટીને બેલ પણ ક્ષણની પણ રાહ જોયા વગર દોડી બસ સ્ટોપ ઉપર પહોંચી જાય છે તેમને પોતાની નિશ્ચિત બસ ન મળે તો પોતે આગળનું કનેક્શન પણ ચૂકી જાય છે અને ઘણાજ મુશ્કેલીમાં મૂકાઇ જાય છે. ઘણીવાર નાંગા પડે છે તેવું પણ આજ કારણ જાણવા મળ્યું છે. ૪૦ થી ૪૫ કિ.મી. સુધીથી બહેનો અપડાઉન કરતી માલુમ પડી હતી.

## ઇનામ મેળવનારની વિગતો દર્શાવતો કોઠો

| ક્રમ | ધોરણ | ઇનામ મેળવનારની સંખ્યા | રમતગમત | વકૃત્વસ્પર્ધા | બાળવાડી શિબિર વિજ્ઞાનમેળો | બાલસંગીત સંગીત | સુલેખન નિબંધ વાર્તા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧થી૪ | ૧૧ | ૧ | ૩ | - | ૧ | ૨ |
| ૨ | ૫થી૭ | ૧૭ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ |
| ૩ | ૮થી૧૦ | ૨૪ | ૪ | ૨ | ૧ | - | ૧ |
| ૪ | ૧૧થી૧૨ | ૭ | ૧ | ૧ | - | ૧ | ૧ |
| | કુલ | ૫૯ | ૯ | ૮ | ૨ | ૩ | ૬ |
| | | | ૧૫.૨૫ | ૧૩.૫૬ | ૩.૩૯ | ૫.૦૮ | ૧૦.૧૭ |

ચાલુ..

ચાલુ..

| ક્રમ | ધોરણ | તરણ સ્પર્ધા | સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાસગરબા નૃત્ય નાટક | ચિત્રકલા | ભણવામાં પ્રથમ આવવા બદલ | મેમરી ગેમ્સ | મહેંદી હરિફાઇ |
|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧ | ૧થી ૪ | - | - | - | ૪ | - | - |
| ૨ | ૫થી ૭ | - | ૪ | - | ૩ | ૧ | - |
| ૩ | ૮થી ૧૦ | ૧ | ૭ | ૨ | ૪ | ૧ | ૧ |
| ૪ | ૧૧થી ૧૨ | - | ૩ | - | - | - | - |
| | કુલ | ૧ | ૧૪ | ૨ | ૧૧ | ૨ | ૧ |
| | | ૧.૬૯ | ૨૩.૭૩ | ૩.૩૯ | ૧૮.૬૪ | ૩.૩૯ | ૧.૭૦ |

પ્રાથમિક શાળાના અભ્યાસકાળથી કોલેજ સુધીના અભ્યાસ કાળ દરમ્યાન કેવી કેવી પ્રવૃત્તિઓમાં રસ દાખવ્યો છે. વિદ્યાર્થીને પ્રોત્સાહિત કરવા આપવામાં આવતા ઇનામો કયા ધોરણમાં કેટલી વિદ્યાર્થીનીઓને મળ્યા તે દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવી શકે શિક્ષણની સાથે સાથે જીવન ઉપયોગી, રસની બાબતો તેમનામાં પડેલી સુષુપ્ત શક્તિઓ બહાર લાવવા કેવા કાર્યક્રમો યોજવામાં આવે છે અને તેમાં કેટલાને ઇનામ એ મળ્યાં તેનો ખ્યાલ આવી શકે છે.

ઉપરોક્ત ઇનામ મેળવનારની વિગતો દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે શરૂઆતથીજ બાળાઓએ જાહેર કાર્યક્રમોમાં ભાગ લીધો છે અને ઇનામો મેળવ્યા છે, ૧ થી ૪ ધોરણમાં ૧૧ બાળાઓએ ઇનામ મેળવ્યાં છે જેમાં રમતગમત વક્તૃત્વસ્પર્ધા, બાલસંગીત અને સુલેખન નિબંધ લેખન વગેરેમાં ઇનામો મેળવ્યા છે. તેજ રીતે ૫ થી ૭ ધોરણમાં ૧૭ બહેનોએ ઇનામ મેળવ્યાં છે જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, રાસ, ગરબા, નૃત્યમાં ચાર બાળાઓ ભણવામાં પ્રથમ આવવા બદલ ત્રણ બાળાઓ અને રમતગમતમાં ત્રણ બાળાઓ, વક્તૃત્વ-સ્પર્ધામાં બે, ચિત્રકલામાં બે અને બાલવાડી શિબિર બાલસંગીત, મેમરી ગેમ્સ વગેરેમાં એક એક બહેનોએ ઇનામ મેળવ્યા હતા. ૮થી ૧૦ ધોરણમાં ચોવીસ બહેનોએ ઇનામ મેળવ્યા હતા જેમાં સૌથી વધારે સાંસ્કૃતિક કાર્યક્રમમાં, ૪ ત્યારબાદ રમતગમત અને ભણવામાં પ્રથમ આવવા બાબતે ઇનામો મેળવ્યા હતા. ૧૧થી ૧૨ ધોરણમાં ફક્ત સાત બહેનોને ઇનામો મેળવ્યા હતા જેમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ૩ અને રમતગમત, વક્તૃત્વસ્પર્ધા, સંગીત, સુલેખન સ્પર્ધામાં એક એક બહેનને ઇનામ મળ્યાં હતા. આમ સમગ્ર જોતાં સ્પષ્ટ થાય છે. ૧ થી ૧૦ ધોરણ સુધીના અભ્યાસકાળ દરમ્યાન ઇનામ મેળવનારની સંખ્યા વધતી ગઇ છે જ્યારે અગિયાર, બાર ધોરણ પછી સંખ્યા ઘટતી ગઇ છે એનો અર્થ એ પણ થાય કે ઉચ્ચ અભ્યાસ કરવા માટે તેમને વતનથી દૂર જવું પડયું હોય, ઉચ્ચ અભ્યાસમાં પરોવાયા હોવાને કારણે અન્ય પ્રવૃત્તિમાં ભાગ લઇ શકતા ન હોય, અપડાઉનના કારણે વધુ સમય ફાળવી શકતા ન હોય ગમે તે કારણ હોઇ શકે પણ ઇનામ મેળવનારની સંખ્યામાં ઘટાડો જોવામાં આવ્યો હતો.

જોકે કોલેજના કાર્યક્રમોમાં બહેનો ભાગ લેતી હોય છે પણ પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસકાળની સરખામણીમાં ઘણી ઓછી અને ઘણા ઓછા કાર્યક્રમોમાં ભાગ લેતી માલુમ પડે છે.

નાપાસ થયેલ વિદ્યાર્થીનીઓની સંખ્યા દર્શાવતો કોઠો

| ધોરણ | ૧થી૪ ધોરણ | ૫થી૭ ધોરણ | ૮થી૧૦ ધોરણ | ૧૧થી૧૨ ધોરણ |
| --- | --- | --- | --- | --- |
| નાપાસ થયેલ વિદ્યાર્થીનીઓ | - | - | ૧૨ | ૬ |

ઉપરોક્ત કોઠાXX જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે ઉચ્ચશિક્ષણ લેતી એકસો પચાસ વિદ્યાર્થીનીઓ પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસના વર્ગો દરમ્યાન કયા ધોરણોમાં નાપાસ થઇ છે એકથી સાત ધોરણ સુધીમાં એક પણ છોકરી નાપાસ થઇ નથી પણ જેમ જેમ આગળ વધતી ગઇ છે તેમ તેમ નાપાસ થયેલાની સંખ્યા જોવા મળે છે ૮ થી ૧૦ ધોરણ સુધીમાં ૧૨ વિદ્યાર્થીનીઓ નાપાસ થયેલી છે તેમાં મોટાભાગે દસમા ધોરણમાં વધારે નાપાસ થયેલાનું જાણવા મળ્યું હતું જ્યારે અગિયાર અને બાર ધોરણમાં ફક્ત ૭ વિદ્યાર્થીનીઓ નાપ સ થઇ હતી આના કારણો જોતાં સ્પષ્ટ લાગે છે કે તેમના ઘરોમાં અભ્યાસને અનુરૂપ વાતાવરણ નથી હોતું. બહેનો પાસેથી ઘરકામ અને ખેતી કામની અપેક્ષા રખાય છે. ઘરમાં દીવાબત્તીની યોગ્ય સગવડ નથી હોતી. વળી ગામથી દૂર અભ્યાસ માટે જવું પડે છે જેથી અપડાઉનમાં સમય વધારે લાગે છે. વળી પૂરતા પ્રમાણમાં પુસ્તકો

અને સહાધ્યાયીઓ સાથે ચર્ચા પણ કરી શકતા ન હોવાના કારણે આ પ્રમાણ વધેલું જોવા મળે છે. તપાસમાં આવરી લીધેલ ૧૫૦ બહેનો કે જેઓ ઉચ્ચશિક્ષણ મેળવી રહેલી છે તેમના અભિપ્રાયો જાણવા માટે આદિવાસી બહેનોએ ઉચ્ચશિક્ષણ મેળવું જોઈએ તેના જવાબો લગભગ બધી બહેનોએ હા માં આપ્યા હતા મળવું જોઈએ તેવા જવાબ સામે કેમ મેળવવું જોઈએ તેના કારણો જાણવાના પ્રયત્ન કરવામાં આવ્યો હતો જેના જુદા જુદા ૩૧ કારણો જાણવા મળ્યાં હતા જેને કોડ નંબર આપી અહીં કોઠા રૂપે મૂકવામાં આવ્યા છે.

આ દિવાસી બહેનોએ ઉચ્ચ શિક્ષણ મેળવું જોઈએ તો ' હા ' દર્શાવનાં કોઠા અને તેવા કારણોના કોડ દર્શાવનાં કોઠો

| કુલ બહેનો | હા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૧૪૮ | ૭૪ | ૩૩ | ૪૧ | ૧ | ૨ | ૨૩ | ૬૧ | ૧૨ | ૩ |
| | | ૨૨.૨૨ | ૯.૯૧ | ૧૨.૩૧ | ૦.૩૦ | ૦.૬૦ | ૬.૯૧ | ૧૮.૩૨ | ૩.૬૦ | ૦.૯૦ |

| કુલ બહેનો | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૪ | ૩ | ૧ | ૪ | ૪ | ૧ | ૧૭ | ૧ | ૨ | ૪ | ૧ | ૧૮ |
| | ૧.૨૦ | ૧.૨૦ | ૦.૯૦ | ૦.૩૦ | ૧.૨૦ | ૧.૨૦ | ૦.૩૦ | ૫.૧૧ | ૦.૩૦ | ૦.૬૦ | ૧.૨૦ | ૦.૩૦ | ૫.૪૨ |

| ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૨ | ૨ | ૩૩૩ |
| ૦.૬૦ | ૧.૮૦ | ૦.૬૦ | ૦.૬૦ | ૦.૩૦ | ૦.૩૦ | ૦.૩૦ | ૦.૬૦ | ૦.૬૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત શિક્ષણ મેળવું જોઈએ તેના કારણો દર્શાવતો કોડો જોઈએ તો 333 જવાબો મળ્યા હતા જેનું વિશ્લેષણ જોઈએ તો કોડ નંબર-૧ નો જવાબ ૭૪ બહેનોએ આપ્યો હતો જે કુલ જવાબના ૨૨.૨૨ ટકા થાય છે જે સૌથી વધારે જવાબો હતા જેનો કોડ હતો જીવનમાં આગળ વધી શકે, સારા સંસ્કાર મળે, ભવિષ્ય સુધરે, કોડ નંબર-૬ નો જવાબ એકસઠ બહેનોએ આપ્યા હતા જેનો કોડ હતો. સમાજ સેવા કરી શકે સમાજસેવા કરવાની જે ઊંડી ભાવના રહેલી છે તે આ જવાબ ઉપરથી સ્પષ્ટ દેખાય છે. પાછળ રહી ગયેલા સમાજને આગળ લાવવા માટે સમાજસેવા જરૂરી છે તેમ માને છે. જે કુલ જવાબોના ૧૮.૩૨ ટકા થાય છે. ત્યારપછી કોડ નંબર ૩ ના જવાબો એકતાલીસ બહેનોએ આપ્યા હતા જેનો કોડ હતો પોતાના બાળકોને અભ્યાસ સારી રીતે કરી શકે બાળકો પાછળ પણ અભ્યાસથીજ આગળ આવી શકાય તે વાત સ્પષ્ટ થાય છે અને પોતાના કુટુંબને આગળ લાવવું હોય તો ઉચ્ચશિક્ષણ અનિવાર્ય છે. કોડ નંબર- બનો જવાબ તેત્રીસ બહેનોએ આપ્યો હતો. જેનો કોડ હતો ઘર xxx સારી રીતે ચલાવી શકે આર્થિક સ્થિતિ સુધરે આ જવાબ પણ ઘણોજ વ્યાજબી અને વ્યવહારુ લાગે છે બહેનો ની પહેલી જવાબદારી પોતાનું ઘર ચલાવું તે છે અને ઘર ચલાવવા માટે પણ ઉચ્ચશિક્ષણ જરૂરી છે. ઉચ્ચશિક્ષણ મેળવે તો, સારી નોકરી મળી શકે. યોગ્ય કરકસરથી ઘર ચલાવી શકે અને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરે. ત્યારબાદ સત્તર નંબરના કોડના જવાબો સત્તર બહેનોએ આપ્યા હતા જેનો કોડ હતો. પોતાના પગ પર સ્વતંત્ર ઊભા રહી શકે. આજના સ્ત્રી સ્વતંત્રતા અને સમાનતાના જમાનામાં સ્ત્રી જવાબ પણ ઘણોજ લખાવી શકાય કે બહેનો એ નિસહાય નથી પણ પોતાના પગભર ઊભી રહી શકે છે અને આગળ વધી શકે છે તે માટે પણ ઉચ્ચશિક્ષણ ઘણું જ જરૂરી છે. ત્યારપછી બાવીસ નંબરના કોડના જવાબો અઢાર બહેનોએ જે કુલ જવાબોના ૫.૪૨ ટકા થાય છે તેનો કોડ હતો નોકરીની

સિધ્ધિ માટે આ જવાબ પણ ઘણોજ વ્યાજબી અને યોગ્ય સ્થાને ગણી શકાય ઉચ્ચશિક્ષણ મેળવે અને નોકરી ન મળે તો ઉચ્ચશિક્ષણ મેળવવાનો કોઇ અર્થ નથી વળી ઉચ્ચશિક્ષણથી જ સારી નોકરી મળી શકે માટે પણ ઉચ્ચશિક્ષણ એ ખૂબજ જરૂરી છે, ત્યારપછી કોડ નંબર આઠના જવાબો બાર બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોની ૩.૬૦ ટકા થાય છે જેનો કોડ હતો, ઉચ્ચશિક્ષણથી સમાજને આગળ લાવવામાં મદદ કરી શકાય, તેમજ આગળ વધી શકાય સમાજના પ્રશ્નો સમજી શકાય આ જવાબ પણ ઘણોજ મહત્ત્વનો હતો સમાજના પ્રશ્નો સમજવામાં તેનું યોગ્ય મૂલ્યાંકન કરવા માટે, ઉચ્ચશિક્ષણએ ઘણું જ અનિવાર્ય અને જરૂરી છે, તેજ રીતે ચોવીસ નંબરના કોડના જવાબ છ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૧.૮૦ ટકા થાય છે જેનો કોડ હતો. સારો સુસંસ્કારી પતિ મેળવવા માટે બહેનોને જીવનસાથીનો પ્રશ્નો ઘણોજ મુઝવતો હોય છે. પોતાને યોગ્ય જીવનસાથી મેળવવા માટે પણ શિક્ષણએ ઘણીજ આવશ્યક બાબત છે વળી પોતે ભણેલા હોય તો જ યોગ્ય જીવનસાથીની પસંદગી કરી શકે તે માટે પણ બહેનોનો સવાલ છે ત્યાં સુધી ઘણોજ વ્યાજબી અને યોગ્ય સ્થાને કહી શકાય, ત્યારપછી દસ, અગિયાર, ચૌદ, પંદર, અને વીસ કોડ નંબરમાં ચાર ચાર બહેનો એ જવાબો આપ્યા હતા જેના જવાબો અનુક્રમે જોઇએ તો ગરીબી દૂર કરી શકાય, નોકરી મેળવવા, આજના વિજ્ઞાન યુગમાં બહેનોએ પણ ઉચ્ચ અભ્યાસ કરવો જોઇએ સ્ત્રી પુરુષ સમોવડી બની શકે, અન્ય સમાજોની બહેનોની જેમ આદિવાસી બહેનોએ પણ આગળ આવવા માટે વધુ ભણવું જોઇએ, બાહ્ય સમાજનો ખ્યાલ આવે સંસ્કાર મળે આ બધાજ જવાબો પણ ઘણાજ યોગ્ય અને ઉપયોગી પણ એટલાજ છે. આજના વિજ્ઞાન યુગમાં આદિવાસી બહેનો પાછળ રહે તે ઉચ્ચશિક્ષણ લેતી બહેનોને મંજૂર ન હોય તે સ્વાભાવિક બાબત છે. વળી બાહ્ય સમાજને જાણવા, સમજવા માટે પણ ઉચ્ચશિક્ષણ એ ઘણું જ ઉપયોગી છે. તેમ તેમના જવાબો છે તે ઘણાજ વ્યાજબી અને યોગ્ય સ્થાને છે.

તેજ રીતે કોડ નંબર નવ અને બારના જવાબો ત્રણ ત્રણ બહેનોએ આપેલા હતા જે જવાબો જોઇએ તો બહેનો ઉચ્ચશિક્ષણ મેળવેતા નાના બાળકોને સારા સંસ્કાર અને કેળવણી આપી શકે જેથી સમાજ ઝડપી સુધરે. તેજ રીતે કોડ નંબર બાર નો જવાબ હતો બહેનો ઉચ્ચશિક્ષણ મેળવેતો સમાજની સમસ્યાઓ જલ્દી ઉકેલી શકે આ જવાબ પણ સમાજ સુધારા માટે ઘણોજ ઉપયોગી છે. તેજ રીતે કોડ નંબર પાંચ, ઓગણીસ, તેવીસ, પચ્ચીસ, છવ્વીસ, ત્રીસ અને એકત્રીસના જવાબો * બબ્બે બહેનોએ આપ્યા હતા. જેના જવાબો જોઇએ તો અનુક્રમે છોકરીઓ, શોષણના ભોગમાંથી બચી શકીએ, શિક્ષણ ન લેતા હોય તેમને યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહિત કરી શકાય, સમાજમાં પ્રતિષ્ઠ મેળવવા, ઉચ્ચ સવર્ણ વર્ગની બહેનો માને છે કે અમજે ઉચ્ચશિક્ષણ મેળવી શકીએ તે ભેદ તોડવા માટે, સમાજની આબરૂ ઇજ્જત પ્રતિષ્ઠા ઊંચી લાવવા માટે ઉચ્ચશિક્ષણ મેળવું જોઇએ આદિવાસી બહેનો ક્ષેત્રમાં ભાગ લઇ શકે, પછાતપણાની લઘુતાગ્રંથીથી બહાર આવી શકે, સમાજમાં પ્રતિષ્ઠ મળે સ્ત્રીઓમાં વિશિષ્ટ શક્તિ રહેલી છે તે શક્તિને લાભ સમાજને મળી શકે તે માટે અને અન્યાય ન થાય તે માટે પણ ઉચ્ચશિક્ષણ બહેનોએ મેળવું જોઇએ. આ બધા જ કારણો ઘણાજ વ્યાજબી અને યોગ્ય સ્થાને ગણાવી શકાય.

આ ઉપરાંત કોડ નંબર ૪, ૧૩, ૧૬, ૧૮, ૨૭, ૨૮, અને ૨૯ નંબરના કોડના જવાબો એક એક બહેનોએ આપ્યા હતા જેના જવાબો અનુક્રમે જોઇએ તો અર્થનો અંદાજ કાઢી શકે, જાણકારી મેળવી શકે, માતા પિતાની સેવા કરી શકાય, શિક્ષણ યુગ છે, કોઇ આકસ્મિત કે આપત્તિમાં જીવન જીવવામાં મદદરૂપ થઇ પડે કે સ્ત્રી સમાજને જાગૃતિ મળે, સ્ત્રીઓનું સ્થાન માત્ર ઘર ન બનતા બાહય પ્રવૃત્તિ કરી શકે આદિવાસી બહેનોમાં રહેલી કેટલી અંધશ્રધ્ધાઓ દૂર થઇ શકે માટે પણ ઉચ્ચશિક્ષણ મેળવું જોઇએ ઉપરોક્ત કોડના દરેક જવાબ ઘણાજ ઉપયોગી છે જો શિક્ષણ વધે તો જ સમાજ ઝડપથી આગળ વધી શકે તેમાં કોઇ શંકા નથી. આગળના

કોઠામાં જોયું કે આદિવાસી બહેનોએ ઉચ્ચશિક્ષણ મેળવું જોઇએ મોટાભાગની બહેનોએ મેળવવું જોઇએ તેના કારણો સાથે જવાબો આપ્યા તે જોયું. મેળવવું જોઇએ તે વાત સાચી પણ બધી બહેનો ઉચ્ચશિક્ષણ મેળવી શકે છે ખરી ? ન મેળવી શકતી હોય તો કેમ નથી મેળવી શકતી તેના જવાબો પણ અભ્યાસમાં સમાવેશ કરવામાં આવેલ બહેનોને પૂછવામાં આવ્યા હતા. આ જવાબોનો કોઠો જોઇએ તો વિગતે ખ્યાલ આવશે.

બધી બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે ' ના ' ના કારણ દર્શાવતો કોઠો

| કુલ બહેનો | હા | ના | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કોડ નંબર | | | | | | | | | | |
| ૧૫૦ | ૭ | ૧૩૭ | ૧૯ | ૧૨૪ | ૩૦ | ૧૦ | ૧૮ | ૧૫ | ૨ | ૨૫ | ૨ | ૭ | ૧ |
| | | | ૫.૪૮ | ૩,.૭૩ | ૮.૬૫ | ૨.૮૮ | ૫.૧૯ | ૪.૩૨ | ૦.૫૮ | ૭.૨૦ | ૦.૫૮ | ૨.૦૨ | ૦.૨૯ |

| ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કોડ નંબર | | | | | | | | | | | |
| ૪૧ | ૯ | ૩ | ૧ | ૨ | ૫ | ૫ | ૭ | ૨ | ૧ | ૨૧ | ૧ | ૧ | ૧ | ૩૪૭ |
| ૧૧.૮૨ | ૨.૫૯ | ૦.૮૬ | ૦.૨૯ | ૦.૫૮ | ૧.૪૪ | ૧.૪૪ | ૦.૨૯ | ૦.૫૮ | ૦.૨૯ | ૬.૦૫ | ૦.૨૯ | ૦.૨૯ | ૦.૨૯ | ૧૦૦.૦૦ |

ઉપરોકત કોઠો જોતાં સ્પષ્ટ થાય છે કે બધી આદિવાસી બહેનો ઉચ્ચશિક્ષણ મેળવી શકે છે તેના જવાબમાં ફકત સાત બહેનોએ એવો જવાબ આપ્યો હતો કે મેળવી શકે છે પણ મોટાભાગની એટલે કે ૧૩૭ બહેનોએ મેળવી શકતી નથી તેવો જવાબ આપ્યો હતો જયારે છ બહેનોએ કોઇ પણ જવાબ આપ્યો નથી. આમ સમગ્ર કોઠો જોઇએ તો નથી મેળવી શકતી તેના પચ્ચીસ જેટલા કારણો બહેનોએ જણાવ્યા છે અને જેના કુલ જવાબની સંખ્યા ૩૪૭ જેટલી થાય છે એટલે કે એક પ્રકારના જવાબો મળતા આવતા હોય તેવી બહેનોની સંખ્યા સવિશેષ જોવા મળે છે. આ જવાબોને આધારે જોઇએ તો કોડ નંબર બેના જવાબો ૧૨૪ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૩૫.૭૩ ટકા થાય છે જે સૌથી વધારે થાય છે. જેનો કોડ છે. નબળી આર્થિક પરિસ્થિતિ ત્યાર પછી કોડ નંબર બારના જવાબો એકતાલીસ બહેનોએ આપ્યા હતા. જે કુલ જવાબોના ૧૧.૮૨ ટકા થાય છે જેનો કોડ હતો ભણવા માટેની અપૂર્તિ સગવડને કારણે ( વતન નજીક ) આ જવાબ પણ વાજબી ઉચિત છે કારણકે આદિવાસી દુર્ગમ વિસ્તારોમાં ઉચ્ચશિક્ષણ મેળવવાની જે સગવડો છે તે અપૂર્તિ છે. વળી કોલેજ હોય તો હોસ્ટેલ ન હોય હોસ્ટેલ ન હોય હોસ્ટેલ હોય તો વિદ્યાશાખા પ્રમાણેનો કોર્ષ ન હોય પણ અપૂર્તિ સગવડને કારણે પણ બહેનો અભ્યાસ કરી શકતી નથી. ત્યારબાદ કોડ નંબર ત્રણના જવાબો ત્રીસ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૮.૬૫ ટકા થાય છે જેનો કોડ હતો, પરંપરાગત સામાજીક રીતરિવાજો અને સામાજીક પછાતપણાને કારણે આ જવાબ પણ યોગ્ય હોય તેમ લાગે છેકારણકે આજે પણ બહેનોને ભણાવવામાં માનતા નથી xxxxx સામાજીક રીતરિવાજો એવો હોય છે કે બહેનો આગળ ભણવાને બદલે સામાજીક જીવનમાં પડી જાય છે. ત્યારબાદ કોડ નંબર આઠના જવાબો xxxx પચ્ચીસ બહેનોએ આપ્યા હતા એટલેકે કુલ જવાબોના ૭.૨૦ ટકા જવાબો હતા જેનો કોડ હતો, અજ્ઞાન

માતા,પિતા દિકરીને વધુ ભણાવવાને બદલે કામમાં રોકી લે છે. આ જવાબ યોગ્ય સ્થાને છે કારણકે આદિવાસીઓના કુટુંબનું એમ વિભાજન જોઇએ તો બહેનોએ ઘણું જ કામ કરવું પડતું હોય છે બહેનો ઘરના ઉપરાંત આર્થિક ઉપાર્જનના કામોમાં પણ મદદ કરવાની હોય છે જેથી બહેનોને ભણવા મોકલવાને બદલે ઘરના કામો નાના બાળકોને રાખવા, દુકાનેથી વસ્તુ લાવવી, ઢોર ચરાવવા જવું, ઘરના કામમાં મદદ કરવી આમ શરુથી જ કામ સાથે સાંકળી લેવામાં આવતી હોય છે. ત્યારપછી કોડ નંબર બાવીસના જવાબો એકવીસ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૬.૦૫ ટકા થાય છે જેનો કોડ છે. યોગ્ય માર્ગદર્શનનો અભાવ આ જવાબ લાગેવળગે ત્યાં સુધી ઘણોજ મહત્ત્વનો છે કારણકે શરુઆતના વર્ષોમાં કે અભ્યાસકાળ દરમ્યાન તેમને જે યોગ્ય માર્ગદર્શન મળવું જોઇએ તે મળતું નથી જેમના વાલીઓ, સગાસંબંધીઓએ ઉચ્ચશિક્ષણ મેળવ્યું છે તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે પણ જેમના કુટુંબમાંથી કોઇએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું નથી તેમને માટે આ ઘણોજ મુંઝવતો પ્રશ્ન છે જોકે હાલના પ્રચાર માધ્યમો દ્વારા, સરકાર દ્વારા, સમાજ સેવક દ્વારા આવા કાર્યોમાં વેગ આપવામાં આવે છે તેમ છતાં યોગ્ય સમયે જે માર્ગદર્શન મળવું જોઇએ તે મળતું નથી જેના કારણે આગળ વધવામાં મુશ્કેલી પડે છે અથવા રૂકાવટ આવે છે. ત્યાર પછી કોડ નંબર એકનો જવાબ ઓગણીસ બહેનોએ આપ્યો છે જે કુલ જવાબોના ૫.૪૮ ટકા થાય છે જેનો કોડ છે. લગ્ન થઇ જવાથી આ જવાબ પણ સામાજીક પરંપરાગત પધ્ધતિઓને લાગુ પડતો છે કારણકે ઉચ્ચશિક્ષણ અને યુવાઅવસ્થા આ બન્ને એક સાથેનો સમય ગાળો છે અને તેમાંય બહેનોને તો સમાજ સાપનો ભારો માને એટલે અમુક ઉંમર થાય એટલે લગ્ન કરવાજ પડે એટલે ઉચ્ચશિક્ષણ લેવાના વર્ષોમાં લગ્ન થઇ જાય તો આગળ અભ્યાસ કરી શકતી નથી. કોડ નંબર પાંચના જવાબો અઢાર બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૫.૧૯ ટકા થાય છે જેનો કોડ છે. બહેનોને ઘરકામ

તેમજ બાળકોને રાખવામાં મદદ કરવી પડે છે. બહેન અને ઘરકામ તેને કોઇ જુદા પાડી શકે નહીં સમાજ વ્યવસ્થાજ એ પ્રકારની હોય કે ઘરના કામો તો બહેનો જ કરે બાળકોની સંભાળ બહેનોજ રાખે વગેરે કામો માટે બહેનોને રોકી લેવામાં આવે છે.કોડ નંબર છના જવાબો પંદર બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૪.૩૨ ટકા થાય છે. જેનો કોડ છે. વાલીઓનું સંકુચીત માનસ વાલીઓ પોતાની છોકરીઓને બહાર મોકલવા માગતા હોતા નથી તેમને સ્ત્રી શિક્ષણમાં રસ હોતો નથી કારણકે સ્ત્રીએ તો પારકી થાપણ કહેવાય તેને ભણી શુ કરવું છે. વળી ભણે તોય ચુલો ફૂકે અને ન ભણે તોય ચુલો ફૂકે આવી સંકુચીત મનોદશાવાળા વાલીઓ પોતાની છોકરીઓને વધુ ભણાવતા નથી. કોડ નંબર ૪ના જવાબો દસ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૨.૮૮ ટકા થાય છે જેનો કોડ હતો, યોગ્ય વાતાવરણનો અભાવ કેટલેક અંશે આ કારણ પણ વ્યાજબી લાગે છે કે જ્યાં ભણવાનું વાતાવરણ ન હોય કોઇ પ્રોત્સાહીત કરનાર પરિબળ જ ન હોય કે સુવિધાન હોય તો પણ આગળ અભ્યાસ થઇ શકતો નથી, તેજ રીતે તેર નંબરના કોડના જવાબો નવ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૨.૫૯ ટકા થાય છે જેનો કોડ છે. અપડાઉન માટે વાહનવ્યવહારની સગવડને અભાવે બહેનો માટે આ અગત્યની સમસ્યા છે કારણકે કોલેજથી ઘર સુધી અપડાઉન કરવા માટે જે વાહન વ્યવહારની સગવડ ઉપલબ્ધ હોવી જોઇએ તે હોતી નથી વળી પોતાના વતનથી ચાલી બસ મથકે જવું પડે છે ત્યાંથી પણ બસ મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે. તેથી પણ ઉચ્ચ અભ્યાસ મેળવી શકતી નથી. ત્યારપછી કોડ નંબર ૧૦ના જવાબો સાત બહેનોએ આપ્યા જે કુલ જવાબના ૨.૦૨ ટકા થાય છે જેનો કોડ છે. કુટુંબ અશિક્ષિત હોવાથી આ વિઘ્ન પણ ઘણી બહેનોને લાગુ પડે છે જેનું કુટુંબ શિક્ષિત છે તેના બાળકો આગળ અભ્યાસ કરી શકે છે પણ જેના કુટુંબના સભ્યો અશિક્ષિત છે તેના બાળકો ઘણાજ ઓછા પ્રમાણમાં ઉચ્ચશિક્ષણ મેળવતા હોય છે. કોડ નંબર સત્તર અને અઢારના

જવાબો પાંચ પાંચ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબના ૧.૪૪ ટકા થાય છે જેનો કોડ છે. મજૂર પર આધારીત વર્ગના બાળકોને મજૂરીમાં રોકવામાં આવે છે. વળી વારંવાર મજૂરીની શોધમાં બહાર જવું પડે છે. ઉચ્ચશિક્ષણ માટે યોગ્ય માર્ગદર્શન મળતું નથી. ઉપરના જવાબો પણ યોગ્ય જ છે કારણકે મજૂરી બારે માસ પોતાના વતનમાં મળતી નથી જેની શોધ માટે વારંવાર સ્થળાંતર કરવું પડે છે. પોતાના બાળકોને સાથે લઇ જાય છે. તેઓ પણ મજૂરીમાં મદદ કરાવતા હોય છે. આમ અભ્યાસ કાળ દરમ્યાન મજૂરીમાં રોકી લેવામાં આવે છે. એટલે કે આવા કુટુંબોના બાળકોને આગળ ભણવાનો ચાન્સ મળતો નથી, કોડ નંબર ૭, ૯, ૧૬ અને ૨૦ ના જવાબો બબ્બે બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૦.૫૮ ટકા થાય છે જેના કોડ જોઇએ તો અનુક્રમે લાગવગ કે ડોનેશન આપી આગળ વધવાની શક્તિ નથી, અભણ માતાપિતા ભણવાના ફાયદા સમજતા નથી, બહુ બહેનોને એડમીશન મળતું નથી. ઉપરના જવાબો પણ ઘણે અંશે વ્યાજબી અને યોગ્ય જ છે કારણકે આર્થિકસ્થિતિ નબળી, મર્યાદિત જગ્યાઓ ભરી દેવાય પછી પ્રવેશ મળતો નથી, વળી દિવસે દિવસે ભણવા તરફનો ઝોક વધતો જાય છે સાથે સાથે અભ્યાસ માટેના મર્યાદિત સાધનો કે વ્યવસ્થાને કારણે બધાને સમાવી શકાતા નથી જેથી મેરીટ પ્રમાણે ભરતી થતી હોય છે જેના કારણે ભણવા ઇચ્છતી બહુ બહેનોને એડમિશન મળતું નથી. છેલ્લે એક એક જવાબ આપનાર બહેનોના જવાબ જોઇએ તો કોડ નં. ૧૧, ૧૫, ૧૯, ૨૧, ૨૩, ૨૪, ૨૫ બહેનોએ એક એક જવાબો આપ્યા હતા જેના કોડ અનુક્રમે જોઇએ તો અજ્ઞાનતા અંધશ્રદ્ધા, બહેનો કરતાં ભાઇઓને ભણવામાં પ્રથમ ચાન્સ મળે છે, બહુ બહેનોને ભણવામાં રૂચી હોતી નથી ( નોકરી ન મળવાથી ) ટકા ઓછા આવવાથી પ્રવેશ મળતો નથી, શારીરિક પરિસ્થિતિને કારણે, સવર્ણ બહેનો સાથે રહેવા કરવાની અન આવડત વગેરેને કારણે પણ આદિવાસી બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવવામાં ઓછી હોય છે, બધા જ ભાઇબહેન ભણતા

હોય તો બહેનોને ઓછી સગવડ મળે આ દરેક કારણો ખરેખર બહેનો ઉચ્ચ શિક્ષણ ન લઈ શકવાના કારણોમાં ઘણાજ અગત્યના અને યોગ્ય છે. જો આ અંગે યોગ્ય વિચારવામાં આવે તો સ્ત્રી શિક્ષણ વધારી શકાય તે માટે સરકારે યોગ્ય સગવડો ઊભી કરવી જોઈએ. આગળના કોઠામાં બધી આદિવાસી બહેનો ઉચ્ચ શિક્ષણ નથી મેળવી શકતી તેના કારણો જોયા હવે ઉચ્ચશિક્ષણ મેળવવામાં બહેનોને કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે તે જોઈએ, નથી મેળવી શકતી અને મેળવવામાં પડતી મુશ્કેલીઓ આમાં ઘણા બધા કારણો સમાન સ્વરૂપે જોવા મળ્યાં હતાં તેમ જ્યાં કેટલાક કારણો ઘણાજ અગત્યના હતા તે કોઠા દ્વારા જોઈએ.

**ઉચ્ચશિક્ષણ મેળવવામાં બહેનોને પડતી મુશ્કેલીઓ દર્શાવતો કોઠો**

| ક્રમ | કારણ | જવાબની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | અપૂર્તિ આવક | ૧૨૧ | ૪૦.૦૭ |
| ૨ | ખેતી તેમજ ઘરકામમાં કરવી પડતી મદદ | ૧૬ | ૫.૩૦ |
| ૩ | સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે સગવડનો અભાવ | ૪ | ૧.૩૨ |
| ૪ | વાહનવ્યવહારનો અભાવ | ૪૯ | ૧૬.૨૨ |
| ૫ | અપૂર્તિ છાત્રાલયો | ૧૭ | ૫.૬૩ |
| ૬ | ગામમાં કે નજીકમાં અભ્યાસની સગવડનો અભાવ | ૨૮ | ૯.૨૭ |
| ૭ | ઉચ્ચશિક્ષણના વિષયો અઘરા | ૭ | ૨.૩૨ |
| ૮ | ઉચ્ચશિક્ષણ માટે છાત્રાલયમાં રહેવું પડે છે. | ૨ | ૦.૬૬ |

ચાલુ..

| ક્રમ | કારણ | જવાબની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૯ | એડમીશન મેળવવામાં મુશ્કેલી | ૧૩ | ૪.૩૦ |
| ૧૦ | લગ્ન થયા પછી આગળ ભણવા દેવામાં આવતી નથી | ૭ | ૨.૩૨ |
| ૧૧ | કોલેજ ઘરથી દૂર હોય તો રહેવાની મુશ્કેલી પડે છે. | ૧ | ૦.૩૩ |
| ૧૨ | બીજાના ઘરે રહેવામાં ઘણું સહન કરવું પડે છે. | ૧ | ૦.૩૩ |
| ૧૩ | ઉચ્ચ વર્ગના લોકો સાથે રહેવામાં અગવડ પડે છે. | ૬ | ૧.૯૯ |
| ૧૪ | અભ્યાસમાં તેજસ્વીતા ન હોયતો | ૧ | ૦.૩૩ |
| ૧૫ | યોગ્ય માર્ગદર્શનનો અભાવ | ૬ | ૧.૯૯ |
| ૧૬ | વધુ કુટુંબના સભ્યોમાં બહેનો કરતાં ભાઈઓને પ્રથમ સ્થાન અપાય છે. | ૧ | ૦.૩૩ |
| ૧૭ | પુસ્તકો અને કપડાંની અપૂર્તિ અગવડ | ૫ | ૧.૦૦ |
| ૧૮ | માબાપ ભણવાની સંમતિ આપતા નથી | ૧ | ૦.૩૩ |
| ૧૯ | સમાજના લોકોના મહેણાના ભોગ બનવું પડે છે. | ૧ | ૦.૩૩ |
| ૨૦ | લગ્ન માટે મુશ્કેલી થાય છે. | ૨ | ૦.૬૬ |
| ૨૧ | કેટલાક શિક્ષકો તરફથી પક્ષપાતી વલણ | ૧ | ૦.૩૩ |
| ૨૨ | રૂઢિચુસ્ત સમાજમાંથી આવતી હોવાથી લઘુતા ગ્રંથિથી પીડાય છે.સમાજ સ્વીકારશે કે નહીં | ૪ | ૧.૩૨ |
| ૨૩ | સારા ઘરેથી લગ્નનું માગું આવે તો લગ્ન ગોઠવી દેવામાં આવે છે સામા પક્ષવાળા ભણાવીશું એમ કહી લઈ જાય છે અને ભણાવતા નથી. | ૧ | ૦.૩૩ |

| ક્રમ | કારણ | જવાબની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૨૪ | વ્યક્તિગત અંગત મુશ્કેલીઓ | ૧ | ૦.૩૩ |
| ૨૫ | ભાઈઓની જેમ પુરી સ્વતંત્રતા મળતી નથી | ૧ | ૦.૩૩ |
| ૨૬ | સગાસંબંધીઓનો વિરોધ | ૧ | ૦.૩૩ |
| ૨૭ | છોકરીને ~~xxx~~ પારકુ ધન ગણે છે. | ૧ | ૦.૩૩ |
| ૨૮ | સમયમર્યાદામાં લગ્ન કરી દેવામાં આવે છે. | ૧ | ૦.૩૩ |
| ૨૯ | સમય મર્યાદામાં ઘરે પહોંચી જવું પડે છે. | ૧ | ૦.૩૩ |
| ૩૦ | ખાધા પીધા વગર કોલેજ જવું પડે કે તાપમાં ચાલતા જવું પડે છે. | ૧ | ૦.૩૩ |
| | | ૩૦૨ | |

ઉપરોક્ત ઉચ્ચશિક્ષણ મેળવવામાં પડતી મુશ્કેલીઓ દર્શાવતો કોઠો જોઈએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે. કુલ ૩૦૨ જવાબો મળ્યા હતા જેમાં અપૂરતા આવકના ૧૨૧ જવાબો મળ્યા હતા જે કુલ જવાબોના ૪૦.૦૬ ટકા થાય છે એવી જેમજ ઘરકામમાં કરવી પડતી મદદ ૧૬ બહેનોના જવાબો હતા જે કુલ જવાબના ૫.૩૦ ટકા થાય છે. ચાર બહેનોએ સંયુક્ત કુટુંબ પ્રથાને કારણે સગવડનો અભાવ જે કુલ જવાબના ૧.૩૨ ટકા થાય છે. વાહન-વ્યવહારના અભાવની મુશ્કેલી ૪૯ બહેનોએ જણાવી હતી જે કુલ જવાબોના ૧૬.૨૨ ટકા થાય છે. અપૂરતાં છાત્રાલયોની મુશ્કેલી સત્તર બહેનોએ જણાવી હતી જે કુલ જવાબોના ૫.૬૩ ટકા થાય છે.

ગામમાં કે નજીકમાં અભ્યાસની સગવડનો અભાવ ૨૮ બહેનોએ બતાવી હતી. જે કુલ જવાબના ૯.૨૭ ટકા થાય છે. ઉચ્ચશિક્ષણના વિષયો અઘરા પડે છે તેવી મુશ્કેલી સાત બહેનોએ બતાવી હતી જે કુલ જવાબના ૨.૩૨ ટકા થાય છે. ઉચ્ચશિક્ષણ માટે છાત્રાલયમાં રહેવું પડે છે તેવા જવાબો બે બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૦.૬૬ ટકા થાય છે. એડમીશન મેળવવાની મુશ્કેલી તેર બહેનોએ બતાવી હતી તે કુલ જવાબોના ૪.૩૦ ટકા થાય છે. લગ્ન થયા પછી આગળ ભણવા દેવામાં આવતી નથી. તેવી મુશ્કેલી સાત બહેનોએ જણાવી હતી જે કુલ જવાબોના ૨.૩૨ ટકા થાય છે. રહેવાની મુશ્કેલી બીજાને ત્યાં રહેવામાં ઘણું સહન કરવું પડે છે વગેરે એક એક બહેનોએ મુશ્કેલી જણાવી હતી.

ઉચ્ચવર્ગના લોકો સાથે રહેવાની મુશ્કેલી ૭ બહેનોએ જણાવી હતી જે કુલ જવાબોના ૧.૯૯ ટકા થાય છે. ત્યારપછી પુસ્તકો અને કપડાં અપૂર્તિ સગવડનો પ્રશ્ન પાંચ બહેનોએ જણાવી છે જે કુલ જવાબના ૧.૬૬ ટકા થાય છે. જ્યારે કેટલાક શિક્ષકો તરફથી પક્ષપાતની વલણ રાખવામાં આવે છે તેવું પણ એક બહેને જણાવ્યું હતું. ચાર બહેનોએ એવા જવાબો આપ્યા હતા કે રૂઢિચુસ્ત સમાજમાંથી આવતી હોવાથી લઘુતા ગ્રંથિથી પીડાય છે. સમાજ સ્વીકારશે કે નહીં એક બહેને એવી મુશ્કેલી બતાવેલી કે સારા ઘરેથી લગ્નનું માગું આવે તો લગ્ન ગોઠવી દેવામાં આવે છે. સામા પક્ષવાળા ભણાવીશું એમ કહી લઇ જાય છે અને ભણાવતા નથી. એક બહેને વ્યક્તિગત અંગત મુશ્કેલીઓ જણાવી હતી, એક બહેનની મુશ્કેલી રજૂ કરી હતી કે ખાધાપીધા વગર આવજા તાપમાં ચાલતા કોલેજ જવું પડે છે. જેથી ભણવાનો ઉત્સાહ રહેતો નથી વગેરે મુશ્કેલીઓ બતાવી હતી. આ સિવાયની પણ મુશ્કેલીઓ બહેનોએ બતાવી છે જે આગળના કોઠાને મળતી આવે છે આમ ઉચ્ચશિક્ષણ મેળવવામાં બહેનોને ઘણી બધી મુશ્કેલીઓ પડે છે તે ઉપરોક્ત કોઠા દ્વારા જોઇ શકાય છે.

## ઉચ્ચ શિક્ષણ મેળવવાની પ્રેરણા કોના દ્વારા મળી તે દર્શાવતો કોઠો

| કુલ બહેનો | મામા કાકા | મોટાભાઈ | સંસ્થા સંચાલક શિક્ષક સામાજીક કાર્યકર | સગાસંબંધી મિત્રો | માતા પિતા | બાઈબહેન બનેવી | સ્વેચ્છાએ | કુલ જવાબ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૧૫ | ૧૭ | ૫૪ | ૧૨ | ૧૧૪ | ૩૪ | ૩૯ | ૨૮૫ |
| ૮૬૧ | ૫.૨૬ | ૫.૯૬ | ૧૮.૯૬ | ૪.૨૧ | ૪૦.૦૦ | ૧૩.૯૩ | ૧૩.૬૮ | ૧૦૦.૦૦ |

ઉચ્ચશિક્ષણ મેળવતી એકસો પચાસ બહેનોને ઉચ્ચશિક્ષણ મેળવવાની પ્રેરણા કોને આપી અથવા કોના માર્ગદર્શન નીચે તેમને ઉચ્ચશિક્ષણ લેવાનું પસંદ કર્યું તે જાણવા પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો જેના કુલ ૨૮૫ જવાબો મળ્યાં હતા આ જવાબો જોઇએ તો માતાપિતાની પ્રેરણાથી ભણવા આવતી બહેનોના જવાબો સૌથી વધુ હતા જે કુલ જવાબોના ૪૦.૦૦ ટકા થાય છે. ત્યારબાદ કેળવણીકારો સામાજીક કાર્યકરો વગેરે દ્વારા પણ માર્ગદર્શન કે પ્રેરણા મળી હોય તેવા ૫૪ જવાબો હતા જે કુલ જવાબોના ૧૮.૯૬ ટકા થાય છે. જાતે અભ્યાસ કરવાનું પસંદ કર્યું હોય તેવા ૩૯ બહેનોના જવાબો હતા જે કુલ જવાબોના ૧૩.૬૮ ટકા થાય છે ભાઇ, બહેન, બનેવીએ પ્રેરણા આપી હોય તેવા ૧૧.૯૩ ટકા જવાબો હતા, મામા કાકાઓની પ્રેરણા આપી હોય તેવી પંદર બહેનો હતી જે કુલ જવાબોના ૫.૨૬ ટકા થાય છે. આમ સમગ્ર કોઠો જોતાં ઉચ્ચશિક્ષણ મેળવવા પ્રેરણા આપનાર વર્ગ એ કુટુંબથી માંડી સગાસંબંધી, મિત્રો કેળવણીકારો અને સામાજીક કાર્યકરોએ પણ ભાગ ભજવ્યો છે આ કોઠા ઉપરથી સ્પષ્ટ તારણ નિકળી શકે છે કે બહેનોમાં ઉચ્ચશિક્ષણ વધારવું હોય તો સમાજે જાગૃત થવું પડશે અને તેમને ઉચ્ચશિક્ષણ મેળવવાની પ્રેરણા આપવી પડશે. આથી ઉચ્ચશિક્ષણ લેવા પ્રેર્યા છે તે સ્પષ્ટ દેખાય છે.

ઉચ્ચ અભ્યાસ કરતી બહેનોને મહાશાળા હોસ્ટેલમાં પ્રવેશ મેળવવામાં કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે તે જાણવા પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો જેના જવાબો પંદ્રીસ બહેનોએ જુદા જુદા ૩૭ જવાબો આપ્યા હતા જ્યારે ૪૬.૦૦ ટકા બહેનોને કોઇ મુશ્કેલી પડી ન હતી તેવા જવાબો આપ્યા હતા જ્યારે કોઇ જવાબ ન આપ્યો હોય તેવી ૪૩ બહેનો હતી જે કુલ બહેનોને ૨૮.૬૭ ટકા થાય છે. અગાઉના કોઠાઓમાં જોયું કે ઉચ્ચશિક્ષણ મેળવવામાં બહેનોને કેવા પ્રકારની મુશ્કેલીઓ પડે છે તેમાં પણ એડમિશન મેળવવાની, સ્પૂર્તિ હોસ્ટેલોની વગેરે મુશ્કેલીઓ બહેનોએ બતાવી છે તે વિગતે કોઠા દ્વારા જોઇએ તો વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે.

મહાશાળા હોસ્ટેલમાં પ્રવેશ મેળવવામાં પડેલી મુશ્કેલી દર્શાવતો કોઠો

| ક્રમ | મુશ્કેલી | જવાબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ફોર્મ મેળવવામાં અને ઇન્ટરવ્યું આપવામાં ( બે દિવસ સુધી ઇન્ટરવ્યું ચાલે ) | ૫ | ૧૩.૫૧ |
| ૨ | તપાસ કરવા માટે વારંવાર આવવું પડતું હતું જેના કારણે ભાડાના પૈસાની મુશ્કેલી પડતી હતી. | ૧૦ | ૨૭.૦૨ |
| ૩ | સ્થળની જાણકારી નહીં હોવાથી મુશ્કેલી પડતી | ૨ | ૫.૪૧ |
| ૪ | કોલેજમાં એડમીશન મળ્યું હોય પણ હોસ્ટેલમાં ન મળ્યું હોય કે પછી યાદી બહાર પડી ન હોય | ૭ | ૧૮.૯૨ |
| ૫ | લાગવગના કારણે એડમીશન આપવામાં આવે છે. | ૪ | ૧૦.૮૧ |
| ૬ | ટકાવારી ઓછી હોવાથી | ૨ | ૫.૪૧ |
| ૭ | હોસ્ટેલમાં જગ્યા નહીં હોવાથી | ૧ | ૨.૭૦ |
| ૮ | શારીરિક નબળાઇને કારણે ( ખોડખાંપણ ) | ૨ | ૫.૪૧ |
| ૯ | ઉચ્ચ શિક્ષણ લેતી બહેનોનેજ હોસ્ટેલમાં એડમીશન અપાય છે જ્યારે અન્ય કોઇ વ્યવસાયલક્ષી કોર્સ,ડીપ્લોમા કોર્સ કરતી બહેનોને પ્રવેશ મળતો નથી તે માટે બોર્ડની મંજુરી મેળવવી પડતી હોય છે જે બહેનો કરી શકતી નથી | ૨ | ૫.૪૧ |

ચાલુ..

| ક્રમ | મુશ્કેલી | જવાબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧૦ | મંજૂરી માટે ઉચ્ચ અધિકારીઓ જલદી મંજૂરી આપતા નથી | ૨ | ૫.૪૧ |

મુશ્કેલીઓ

| હા | ના | જવાબ નહીં |
|---|---|---|
| ૩૮ | ૬૯ | ૪૩ |
| ૨૫.૩૩ | ૪૬.૦૦ | ૨૮.૬૭ |

ઉપરોકત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે હોસ્ટેલ મહાશાળામાં જેમને મુશ્કેલીઓ પડી છે તેનાજ સ્પષ્ટ જવાબો છે કુલ ૭૭ જવાબોમાંથી દસ બહેનોએ એવી મુશ્કેલી બતાવી હતી કે એડમિશન મળ્યું કે નહી તેની તપાસ કરવા વારંવાર આવવું પડતું આપણે જાણીએ છીએ કે આપણે ત્યાં વહીવટી ગુંચ એટલી બધી હોય છે કે ફોર્મ ભર્યું એટલે તેમને એડમિશન મળશે જ એવું ચોકકસ કહી શકાતું નથી પણ કાર્યવાહી પણ ગોકળગાયની ગતિએ થાય છે તેનાથી બધા જ વિદિત છે એટલે આ મુશ્કેલી આદિવાસી જેમ આર્થિક રીતે અનુભવતા બાળકોને માટે ઘણીજ મોટી હોઇ શકે તે સ્વાભાવિક છે. પાંચ બહેનોએ એવી મુશ્કેલી જણાવી હતી કે ફોર્મ મેળવવામાં મુશ્કેલી પડે છે આપણા ઘણીજ અગત્યની બાબત છે ગામડેથી શહેર આવી ફોર્મ લેવા આવ્યા હોય ત્યારે ઓફિસ બંધ હોય, કલાર્ક રજા ઉપર હોય કે ફોર્મ ખલાસ થઇ ગયા છે આવા જવાબો સાંભળી જ્યારે ઘરે પરત જવું પડે ત્યારે કેટલી મુશ્કેલી લાગે તે તો વિદ્યાર્થીને જ

ગભરા પડે મોડ ફોર્મ મેળવ્યું હોય ને ભર્યું હોય તેમાં ઈન્ટરવ્યું આવે ઈન્ટરવ્યું માટે આવેલ વિદ્યાર્થીની કોઈ રોકાવાની તૈયાર હોય નહી પણ ઈન્ટરવ્યુંમાં બેસનાર મોડા આવે કે કોઈ અધિકારીઓની મિટિંગ થઈ જાય તો ઈન્ટરવ્યું જે સમય મર્યાદામાં પતાવા જોઈએ તે પતે નહીં અને જે દિવસે ઈન્ટરવ્યુંમાં આવેલ વિદ્યાર્થીની ઓ હોય તેમને બીજા દિવસે બોલાવે આવા સમયે બહેનો માટે ગંભીર પ્રશ્ન બીજાથી પતે સ્વભાવિક છે. બે બહેનોએ સ્થળની જાણકારીની મુશ્કેલી દર્શાવી છે. આ મુશ્કેલી ઘણે અંશે વ્યાજબી છે કારણકે ગામડામાંથી આવતી બહેનોને જગ્યાનો અનુભવ હોતો નથી ઘણીવાર મોટી સંસ્થાઓ પોતાના અધુરા સરનામા આપતી હોય ત્યારે અજાણ્યા માણસોને મુશ્કેલી પડે છે. સાત બહેનોએ એવા જવાબો આપ્યા હતા કે કોલેજમાં એડમિશન મળ્યું હોય પણ હોસ્ટેલમાં એડમિશન મળ્યું કે નહી તેની યાદી બહાર પડી ન હોય આ ખરેખરી મુશ્કેલી છે. ઘણા દૂરથી આવી એડમિશન મેળવ્યું હોય શહેરમાં કોઈ સગાસંબંધી રહેતા ન હોયX, અપડાઉન થઈ શકે તેમ ન હોય આવા સમયે એક જગ્યાએ એડમિશન મળે અને બીજી જગ્યાએ ન મળે કે XXXજણાવવાનું બાકી હોય ત્યારે વિદ્યાર્થીની મનોદશા ઘણીજ કફોડી બની જાય છે. ત્યારપછી ચાર બહેનોએ XXXXX લાગવગના કારણે એડમિશન અપાય છે તેથી દર્શાવ્યું છે. આ એમની મુશ્કેલી ઘણીજ વ્યાજબી છે કે મેરીટ પ્રમાણેની વ્યવસ્થા કરી હોવા છતાં ક્યાંક ક્યાંક છૂટછાટ કે લાગવગનો ઉપયોગ થતો હશે તે ન થવો જોઈએ તેમ ઈચ્છીએ. બે બહેનોએ ટકાવારી ઓછી હોવાને કારણે પ્રવેશ મેળવવામાં મુશ્કેલી પડે છે તે દર્શાવ્યું છે. નિયમ બનાવ્યા પછીની આ ફરિયાદ અયોગ્ય હોવા છતાં આદિવાસી વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે આ નિયમ વ્યાજબી નથી એમ અમે સંશોધકો માનીએ છીએ કારણકે આદિવાસી વિદ્યાર્થી કેવી મુશ્કેલીઓમાંથી આગળ આવે છે તે જોતાં ટકાવારી ધોરણ ન જોતાં તેના અંતર અને મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી એડમિશન આપવું જોઈએ એ જેથી તેની એ મુશ્કેલી દૂર થઈ શકે. હોસ્ટેલમાં જગ્યા નહીં હોવાથી એક બહેને એડમિશન મળ્યું નથી આ મુશ્કેલી અમને પણ વિચારવા જેવી છે તેમ છતાં

આવેલ વિદ્યાર્થીને કોઇપણ હોસ્ટેલમાં જગ્યા કરી આપવી જોઇએ અને જરૂર પડે તો જગ્યાઓ વધારવી જોઇએ કારણકે હોસ્ટેલમાં રહેવા આવનાર વિદ્યાર્થીની પણ કેટલીક મર્યાદાઓ હોય છે. શારીરિક નબળાઇને કારણે આવી બે બહેનોએ મુશ્કેલી દર્શાવી છે હું માનું છું કે તેમના માટે પણ અનામત જગ્યાઓ રાખવી જોઇએ અને કેટલીક છૂટછાટ આપવી જોઇએ. બે બહેનોની મુશ્કેલીએ હતી કે કોલેજમાં અભ્યાસ કરતી બહેનોને હોસ્ટેલમાં રાખવામાં આવે છે પણ ટૂંકાગાળાના કોર્સ કરતી બહેનોને, ડીપ્લોમા કોર્સ કરતી બહેનોને ન રાખતા હોવાથી બહેનોને પારાવાર મુશ્કેલી પડે છે અને આવા કોર્સ બહેનો કરતી નથી. બીજી બે મુશ્કેલી હતી કે કેટલીકવાર સ્પેશિયલ કેસ તરીકે ઉચ્ચ અધિકારીની મંજૂરી મેળવવી પડતી હોય છે જે મંજૂરી મેળવવામાં ઘણો સમય જાય છે જેથી વિદ્યાર્થી મૂંઝવણ અનુભવે છે. આમ ઘણીબધી મુશ્કેલીઓ દર્શાવી છે. હોસ્ટેલના નિયમોમાં પણ કેટલીક છૂટછાટ આપી સુધારવા જોઇએ બીજી એક મુશ્કેલીએ હતી કે પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને માટે સ્પેશિયલ કેસમાં મંજૂરી મંગાવી પડતી હોય છે. ત્યાં રાખવાનો નિયમ નથી જો જગ્યા ખાલી હોય તો મંજૂરી મંગાવી પડે છે. ભણવામાં વળી નિયમ કેમ હોઇ શકે કોઇપણ કક્ષા કે લાઇનમાં ભણતા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહી શકે તેવી વ્યવસ્થા હોવી જોઇએ.

પ્રવેશ મેળવવામાં મુશ્કેલીઓ ન પડી હોય તેના કારણો ઘણા ઓછી વિદ્યાર્થીનીઓએ આપ્યા હતા જેમાં મુખ્યત્વે નીચે પ્રમાણે હતા.

1. ઇન્ટરવ્યુંના જવાબ સંતોષકારક આપ્યા હતા.
2. ટકાવારી સારી હતી
3. વાહન વ્યવહારની સગવડ હોવાથી હોસ્ટેલમાં પ્રવેશ મેળવ્યો નહીં.

હોસ્ટેલમાં ન રહેતી એકાદ બે બહેનોએ તો જણાવ્યું હતું કે અમારે શહેરમાં રહેવાની સગવડ છે. અમે હોસ્ટેલમાં રહીએ તો દૂર ગામડામાંથી આવતી બહેનોને સગવડ ન મળે માટે અમે હોસ્ટેલમાં

રહેતા નથી તો આ ઉચ્ચ ભાવના જોઇએ તો સ્પષ્ટ દેખાય છે કે જેને ખાસ હોસ્ટેલમાં રહેવાની જરૂર છે તેવીજ બહેનો હોસ્ટેલમાં રહેવાનો આગ્રહ રાખે છે.

હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે કે નહીં તે દર્શાવતો કોઠો

| ક્રમ | ' હા ' માટેના કારણો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ઘરની ચિંતાથી મુક્ત રહેવાય | ૮ | ૩.૧૪ |
| ૨ | ઘરના કામ છૂટે અભ્યાસમાં ધ્યાન આપી શકાય | ૪ | ૧.૫૭ |
| ૩ | સ્કોલરશીપ મળતી હોવાથી | ૨ | ૦.૭૯ |
| ૪ | અભ્યાસમાં ધ્યાન આપી શકાય | ૧૦૯ | ૪૨.૭૫ |
| ૫ | સમૂહજીવન જીવવાની ટ્રેનિંગ મળે | ૩૮ | ૧૪.૯૦ |
| ૬ | ઘરે અભ્યાસ માટેની સગવડનો અભાવ હોવાથી | ૧૫ | ૫.૮૮ |
| ૭ | હોસ્ટેલમાં હોય તો સારા ટકા મેળવી શકાય. | ૬ | ૨.૩૫ |
| ૮ | બધાજ પ્રકારની સુવિધા મળતી હોવાથી ( રહેવા, જમવા, વાંચવા વગેરે ) | ૨૯ | ૧૧.૩૭ |
| ૯ | લાયબ્રેરી તેમજ અન્ય રેફરન્સ બુકો મેળવી શકાય | ૧૧ | ૪.૩૨ |
| ૧૦ | ગામની નજીક કોલેજ નહી હોવાથી | ૧૩ | ૫.૦૯ |
| ૧૧ | ઉચ્ચશિક્ષણ માટેની મહાશાળાઓ તેમજ હોસ્ટેલો શહેરમાં હોવાથી | ૧૧ | ૪.૩૨ |
| ૧૨ | નજીકમાં સંબંધીઓ નહી રહેતા હોવાથી | ૨ | ૦.૭૯ |

ચાલુ..

ચાલુ..

| ક્રમ | 'હા' માટેના કારણો | સંખ્યા | ટકા |
| --- | --- | --- | --- |
| ૧૩ | અપડાઉન થઇ શકે તેમ ન હોવાથી | ૩ | ૧.૧૭ |
| ૧૪ | નૈતિક હિંમત કેળવાય | ૧ | ૦.૩૯ |
| ૧૫ | અન્ય કાર્યો કરી શકાય | ૧ | ૦.૩૯ |
| ૧૬ | યોગ્ય માર્ગદર્શન મળી રહે | ૧ | ૦.૩૯ |
| ૧૭ | શહેરમાં રહેવાનો લાભ મળે | ૧ | ૦.૩૯ |
| | કુલ | ૨૫૫ | ૧૦૦.૦૦ |

હા દર્શાવનારની સંખ્યા - ૧૩૬

ના દર્શાવનારની સંખ્યા - ૫

ઉપરોક્ત હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે કે નહીં તે દર્શાવતો કોઠો જોઇએ તો ૯૦.૬૭ ટકા બહેનોએ હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે તેમ દર્શાવ્યું છે. જ્યારે ફક્ત પાંચ બહેનોએ જ અનિવાર્ય નથી તેવું દર્શાવ્યું છે. આમ મોટાભાગની બહેનોએ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરવાની ઇચ્છા દર્શાવી છે. અનિવાર્ય છે તેના કારણો જોઇએ તો સત્તર જેટલા કારણો જાણવા મળ્યાં છે જેના કુલ જવાબો ૨૫૫ જેટલા થતા હતા એટલે કે એકજ પ્રકારના કારણો દર્શાવનાર બહેનોની સંખ્યા સર્વાધિક જોવા મળે છે. ધ્યાન ઘરો તેવા કારણો જોઇએ તો અભ્યાસમાં ધ્યાન આપી શકાય તેવું કારણ ૧૦૯ બહેનોએ આપ્યા હતા જે કુલ કારણોના ૪૨.૭૫ ટકા થાય છે જે સૌથી વધારે છે. હોસ્ટેલમાં રહેવાથી ઘણીબધી જીવન ઉપયોગી ટ્રેનિંગ પણ મળતી હોય છે તેવા કારણો પણ જાણવા મળ્યા હતા તેમનું સમૂહજીવન જીવવાની ટ્રેનિંગ માટે તેવું કારણ ૩૮ બહેનોએ આપ્યું હતું જે કુલ જવાબોના ૧૪.૯૦ ટકા થાય છે. ઘરે અભ્યાસ માટેની સગવડનો અભાવ હોવાથી

અનિવાર્ય છે તેવા જવાબો પંદર બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબોના ૫.૮૮ ટકા થાય છે આ જવાબ ઘણોજ વ્યાજબી અને યોગ્ય છે કારણકે આદિવાસીના ઘરોમાં અભ્યાસ માટેની સગવડ હોતી નથી વળી સંયુક્ત કુટુંબ પ્રથામાં જીવતા હોવાથી કોઇ અલગ વ્યવસ્થા ઊભી કરી શકતા નથી. મોટાભાગના ઘરોમાં લાઇટની પણ સગવડ હોતી નથી. ઉપરના જવાબને લગતો જ જવાબ ૨ બહેનોએ આપ્યો હતો કે બધાજ પ્રકારની સુવિધા મળતી હોવાથી એટલે કે રહેવા, જમવા, વાંચવા લખવા વગેરેની સુવિધા મળતી હોવાથી હોસ્ટેલ અનિવાર્ય છે. તેજ રીતે ગામની નજીક કોલેજ નહીં હોવાથી તેવા જવાબ તેર બહેનોએ આપ્યા હતા. ઉચ્ચશિક્ષણ માટેની મહાશાળાઓ તેમજ હોસ્ટેલો શહેરમાં હોય છે. તેવા કારણો અગિયાર બહેનોએ આપ્યા હતા. આમ ઉપરના બન્ને કારણો સમાન જેવા લાગે છે જ્યાં ઘણા અગત્યના છે કારણકે શાળા મહાશાળાની સુવિધા સાથે રહેવાની સુવિધા પણ ઘણીજ જરૂરી છે અને તે શહેરી વિસ્તારમાં હોય છે જેથી ઉચ્ચ અભ્યાસ કરવો હોય તો હોસ્ટેલ અનિવાર્ય બાબત છે. જોકે હમણાં હમણાં તાલુકા મથકોએ અને મોટા કસબાઓમાં કોલેજોની સુવિધા ઉપલબ્ધ હોય પણ હોસ્ટેલ ન હોય કે મર્યાદિત સંખ્યાવાળા હોય તો પણ બહારની હોસ્ટેલમાં ફરજીયાત આવવું પડે છે. હોસ્ટેલમાં રહેવાથી લાયબ્રેરી અન્ય રેફરન્સ બુકો મેળવી શકાય તેવી અગિયાર બહેનોના જવાબો હતા જે ૪.૩૨ ટકા થાય છે એટલે કે અભ્યાસની સુવિધા વધારે મળે અને લાભ લઇ શકાય તે સ્પષ્ટ હકીકત છે. આ ઉપરાંત ઘરની ચિંતાથી મુક્ત રહેવાય, ઘરકામ છૂટે અભ્યાસમાં ધ્યાન આપી શકાય, સ્કોલરશીપ મળતી હોવાથી, સારા ટકા મેળવી શકાય, અપડાઉન થઇ શકે તેમ નહોવાથી નૈતિક હિંમત કેળવાય, અન્ય કોર્ષ કરી શકાય, યોગ્ય માર્ગદર્શન મળી રહે, શહેરમાં રહેવાનો લાભ મળે વગેરે કારણો વક્તાઓના પ્રમાણમાં જોવા મળ્યાં હતા. આ બધા ઉપરોક્ત કારણો જોઇએ તો હોસ્ટેલ રહી અભ્યાસ સારી રીતે ધ્યાન આપી XXી કરી શકાય અને બીજી ઘરની ચિંતાઓથી મુક્ત રહેવાય વળી વતનમાં જે સાનિધ્ય મળતું હોતું નથી તે શહેરની

લાયબ્રેરીઓમાં મળી રહે છે. અભ્યાસી વાતાવરણ એ ઘણું જ ઉપયોગી છે. જ્યારે આવું વાતાવરણ ઘરે કે વતનમાં મળતું હોતું નથી આથી હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે તેમ લાગે છે.

ઉપરોક્ત કારણો હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે તેના છે પણ કેટલીક બહેનોએ હોસ્ટેલમાં રહીને જ ભણી શકાય અને પોતાના ઘરે કે બીજી જગ્યાએ રહી ઉચ્ચ અભ્યાસ ના કરી શકાય તેવું નથી તેના કારણો જણાવતાં તેમ તે જણાવ્યું છે કે

૧. શૈક્ષણિક સંસ્થા વતનથી નજીક હોયતો હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય નથી કારણકે દુરની બહેનો કે જેમને સગવડ નથી તેમને તેમનો લાભ મળે.

૨. સંયુક્ત કુટુંબ પ્રથા હોવાથી કુટુંબની સભ્ય સંખ્યા વધારે હોય છે જેથી ઘરના કામો કરવા પડતા નથી.

૩. ઘરે રહેવાથી ભોજન ખર્ચ ઓછો આવે છે.

૪. ઘરની જવાબદારીઓ ~~xx~~ સંભાળી શકાય.

૫. લગ્ન કરેલું હોય બાળકો હોય કે નાના ભાઈબહેન હોય તો તેમની સારસંભાળ રાખી શકાય સાથે ઉચ્ચ અભ્યાસ થઈ શકે.

૬. કેટલીક વાર હોસ્ટેલમાં અન્યાય ભર્યું વર્તન કરવામાં આવે. છે.

ઉપરોક્ત કારણો હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય નથી તેવું માનવાવાળી બહેનોના છે જોકે તેમના આ કારણો પણ ઘણેભાગે વ્યાજબી છે. કારણકે આર્થિક સ્થિતિ નબળી હોય, કૌટુંબીક જવાબદારીઓ હોય, ઉચ્ચ શિક્ષણ મેળવનાર વ્યક્તિઓની ઉંમર કંઈ નાની ન કહેવાય. માબાપને થોડીઘણી મદદ થઈ શકે તો તેમને પણ કેટલેક અંશે રાહત રહે તે માટે પણ તેમના આ કારણો યોગ્ય છે વળી હોસ્ટેલમાં ખર્ચનું પ્રમાણ પણ ઘર કરતાં વધારે હોય છે કારણકે અન્ય બહેનોની સાથે તેમને પણ ખર્ચ કરવો પડતો હોય છે

મર્યાદામાં રહે તો પણ અનિવાર્ય ખર્ચ કરવોજ પડતો હોય છે જેથી પણ હોસ્ટેલ પરવડે તેમ નથી સરકાર તેમને જે મદદ કરે છે તે પણ અમુક મર્યાદામાં કરે છે જ્યારે આજના જમાનાને ધ્યાનમાં રાખીએ તો આ મદદ ઘણી ઓછી કહી શકાય. આ વાતને અનુમોદન મળે તે માટે દાખલો આપું તો એમ.એસ.યુનિવર્સિટી બરોડાની પંડીતાગાર્ગી હોલ, સરોજીની હોલ, કસ્તુરબા ગાંધીહોલ, ડાયમન જ્યુબીલી હોસ્ટેલ વગેરે કન્યા છાત્રાલયોની મુલાકાત લીધી હતી એક પણ આદિવાસી બહેન હોસ્ટેલમાં રહેતી હોય તેવું જોવા મળ્યું નથી વળી મોટાભાગે સાયન્સ, ડોક્ટરી, એન્જીનિયરીંગ, લાઇનવાળી છોકરીઓની સંખ્યા વધારે હતી.        માં જેટલી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે એકપણ બહેન આદિવાસી નથી        સાથે વાતચીત થઇ તે પ્રમાણે ખૂબ પૈસાદાર કુટુંબનીજ છોકરીઓ આવે છે. ડાયમન જ્યુબીલી મહોત્સવ હોસ્ટેલમાં એકપણ બહેન આદિવાસી નથી આ ઉપરથી એમ લાગે છે કે સરકારી ફરજીયાત છાત્રાલયો સિવાય બીજી છાત્રાલયોમાં આદિવાસી બહેનો આજે પણ રહી શકે તેમ નથી કારણકે તેમની સાથે રહેવા માટેનો ખર્ચાઓ પોસાય તેમ નથી.

કોની પસંદગીથી આ છાત્રાલયમાં રહયા છો તેના જવાબો નીચે પ્રમાણે મળ્યાં હતા.

| ક્રમ | જવાબ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | મારી પોતાની પસંદગીથી | ૯૧ | ૬૦.૬૭ |
| ૨ | પસંદગીનો કોઇ પ્રશ્ન ન હતો | ૩૦ | ૨૦.૪૦ |
| ૩ | બીજા કોઇ સ્થળે જવા માટે તક ન હતી. | ૧૩ | ૮.૬૭ |
| ૪ | છાત્રાલયમાં નથી રહેતા | ૧૬ | ૧૦.૬૬ |
| | | ૧૫૦ | ૧૦૦.૦૦ |

<u>પોતે પસંદ કરી હોય તો કયા કારણોસર પસંદ કરી</u>

| ક્રમ | કારણો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ફરજિયાત હોવાને કારણે | ૨ | ૧.૪૬ |
| ૨ | છાત્રાલયમાં રહેવું ગમે છે. | ૨ | ૧.૪૬ |
| ૩ | અભ્યાસ સારી રીતે થઇ શકે | ૪૩ | ૩૧.૧૬ |
| ૪ | શિક્ષણ વ્યવસ્થા સારી | ૨૯ | ૨૧.૦૧ |
| ૫ | નવું જાણવા મળે સમૂહજીવન જીવાય | ૩૧ | ૨૨.૪૬ |
| ૬ | સ્વાવલંબીજીવન જીવાય અને અન્ય સમાજનું જીવન ધોરણ જોવા મળે | ૧૬ | ૧૧.૫૯ |
| ૭ | કોઇ સંબંધી ન હતા જેથી તેમને ત્યાં રહી શકાય | ૫ | ૩.૬૨ |
| ૮ | આર્થિક મુશ્કેલી નથી | ૯ | ૬.૫૨ |
| ૯ | મારા સમાજની અન્ય બહેનો પણ હોસ્ટેલમાં રહેવા પ્રેરાય અને આગળ વધે. | ૧ | ૦.૭૨ |
| | કુલ | ૧૩૮ | ૧૦૦.૦૦ |

નમૂનામાં લીધેલ ૧૫૦ ઉચ્ચશિક્ષણ મેળવતી બહેનોમાંથી ૧૩૪ બહેનો હોસ્ટેલમાં રહેતી હતી જ્યારે સોળ બહેનો એવી હતી કે ઘરેથી અપડાઉન કરી ઉચ્ચશિક્ષણ મેળવતી હતી જુદા જુદા વિસ્તારની બહેનોની મુલાકાત દરમ્યાન પૂછવામાં આવ્યું હતું કે કોની પસંદગીથી આ છાત્રાલયમાં રહ્યા છો તેનો જવાબો દર્શાવતો કોઠો જોઇએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

તપાસેલ બહેનોમાં ૯૧ બહેનો એવી હતી કે જે પોતાની પસંદગીથી છાત્રાલયમાં રહેતી હતી જે કુલ બહેનોના ૬૦.૬૭ ટકા થાય છે એટલે કે બહેનોની પોતાની પસંદગીને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેઓ કોઇ દબાણને વશ થઇ કે અન્ય કારણોસર જે તે હોસ્ટેલમાં રહેતા હોય તેવો કંઇ માનવા મળ્યું નથી. બીજો જવાબ એવો હતો કે પસંદગીનો કોઇ પ્રશ્ન ન હતો તેવા જવાબો ત્રીસ બહેનોએ આપ્યા હતા જે કુલ બહેનોના ૨૦.૦૦ ટકા થાય છે. આ જવાબ ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે હોસ્ટેલ પસંદગીનો સવાલ ન હતો સવાલ ઉચ્ચશિક્ષણનો હતો ઉચ્ચશિક્ષણ મેળવવું હોય તો હોસ્ટેલમાં રહેવું જોઇએ તેમાં પસંદગી એ મહત્ત્વ ન હતી. ત્રીજો જવાબ એવો હતો કે બીજા કોઇ સ્થળે જવા માટે તક ન હતી તેવા જવાબો તેર બહેનોએ આપ્યા હતા જે કુલ બહેનોના જવાબ ૮.૬૭ ટકા થાય છે આ જવાબમાં પસંદગી મહત્ત્વ આપવામાં આવી હોય તેમ લાગે છે. પોતે ઇચ્છતા હોય તેવી હોસ્ટેલમાં ગમે તે કારણોસર તક ન મળી હોય અને તેઓ ત્યાં જઇ શક્યા ન હોય તેવું લાગે છે. ઘણીવાર મોટા શહેરમાં અભ્યાસ કરવાની ઇચ્છા હોય પણ ત્યાં જગ્યા ન મળી હોય, ટકાવારી ઓછી હોય વગેરે કારણોસર તક ન મળી હોય જ્યારે સોળ બહેનો એવી હતી જે હોસ્ટેલમાં રહેતી ન હતી જે કુલ બહેનોના ૧૦.૬૬ ટકા થતી હતી મોટાભાગે પોસ્ટ ગ્રેજ્યુએટ અથવા હોસ્ટેલની સગવડ ન મળી હોય તેવી બહેનો ઘરેથી અપડાઉન કરતી હતી. હોસ્ટેલ પોતે પસંદ કરી તો કયા કારણોસર પસંદ કરી તેના કારણો જોઇએ. અગાઉના કોઠામાં જોયું કે ઉચ્ચશિક્ષણ માટે હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે તેના જુદા જુદા ઘણા કારણો બહેનોએ બતાવ્યા હતા તેવી જ રીતે પોતે હોસ્ટેલ કેમ પસંદ કરી તેના કારણો પણ નાના બધા તેને મળતા આવે છે. એમ છતાં નવ કારણો જાણવા મળ્યાં હતા જેનાં મુખ્ય કારણો જોઇએ તો અભ્યાસ સારી રીતે થઇ શકે તેવા ૪૩ કારણો હતા જે કુલ જવાબના ૩૧.૧૬ ટકા થાય છે. શિક્ષણ વ્યવસ્થા તેવા કારણો ૨૯ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબના ૨૧.૦૧ ટકા થાય છે, નવું જાણવા મળે સમૂહજીવન જીવવા

મળે તે માટે પસંદ કરી હોય તેવા ૩૧ જવાબો હતા જે કુલ જવાબોના ૨૨.૪૬ ટકા થાય છે. સ્વાવલંબી જીવન જીવવા અને અન્ય સમાજનું જીવન ધોરણ જોવા મળે તેવા ૧૬ જવાબો હતા જે કુલ જવાબોના ૧૧.૫૯ ટકા થાય છે. કોઇ સંબંધી ન હતા જેથી તેમને ત્યાં રહી શકાય તેવા જવાબો પાંચ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબના ૩.૬૨ ટકા થાય છે. આર્થિક મુશ્કેલી નથી તેવા જવાબો નવ બહેનોએ આપ્યા હતા. આ જવાબ હોસ્ટેલમાં રહેવાથી ખર્ચ વધારે આવે છે અથવા આર્થિક સ્થિતિ સારી હોય તેનાજ બાળકો હોસ્ટેલમાં રહી શકે તે સ્પષ્ટ દેખાય છે. ફરજિયાત હોવાને કારણે બે અને છાત્રાલયમાં રહેવું ગમે છે તેવા બે જવાબો મળ્યા હતા જે કુલ જવાબોમાં ૧.૪૬ ટકા થાય છે. જ્યારે એક બહેને એવો જવાબ આપ્યો હતો કે " મારા સમાજની અન્ય બહેનો પણ હોસ્ટેલમાં રહેવા પ્રેરાય અને આગળ વધે તે માટે આ જવાબો પણ ઘણાજ મહત્ત્વના અને યોગ્ય છે. પસંદગી માટે પણ કોઇને કોઇ કારણો ચોક્કસ જોવા મળે છે. હોસ્ટેલમાં અભ્યાસ કરતી બહેનો હોસ્ટેલમાં આવી એ પહેલાં કેવા પ્રકારની મુશ્કેલીઓ અનુભવતા હતા તે પૂછતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પોતાના વતનને છોડી જ્યારે બહાર જવાનું થાય છે ત્યારે મનમાં કેવા વિચારો આવે છે આદિવાસી બહેનો જે ઘણા અંતરિયાળના વિસ્તારોમાંથી આવતી હોય છે વળી અન્ય સમાજ સાથેનો સંપર્ક પણ ઘણો ઓછો હોય છે અભ્યાસ સિવાયનો કોઇ નાતો બીજા સાથે હોતો નથી કારણકે તેમને શહેર કે બીજા સમાજોના લોકો સાથેનો સંપર્ક ઘણો ઓછો હોય છે સંપર્ક હોય તો પણ ઓછા બોલાપણાનો ગુણ અથવા જરૂરથી વધારે કંઇ સંપર્ક નહી હોવાથી ઘણી મુંઝવણો અનુભવતા હોય છે તે ધ્યાનમાં રાખી હોસ્ટેલમાં આવ્યા પહેલાં કેવી મુશ્કેલીઓ અનુભવતા હતા તે જાણવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

હોસ્ટેલમાં આવ્યા પહેલાં કેવા પ્રકારની મુશ્કેલીઓ અનુભવતા હતા

| ક્રમ | મુશ્કેલીઓ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | નવી વ્યક્તિઓ સાથે ફાવશે કે નહીં | ૪૨ | ૧૫.૫૦ |
| ૨ | અભ્યાસ બરાબર ફાવશે કે નહીં | ૯ | ૩.૩૨ |
| ૩ | ડિપોઝીટ, ભોજન, કપડાંનું ખર્ચ ક્યાંથી મેળવીશ | ૬ | ૨.૨૧ |
| ૪ | છાત્રાલયમાં અમને સારો ન્યાય મળશે કે નહીં. | ૧ | ૦.૩૭ |
| ૫ | રહેવા જમવાની સગવડ કેવી હશે | ૨૨ | ૮.૧૨ |
| ૬ | માતા-પિતા વતન ખૂબ યાદ આવશે | ૧૧ | ૪.૦૬ |
| ૭ | હોસ્ટેલ કેવી હશે, ગામ કેવું હશે | ૨૪ | ૮.૮૬ |
| ૮ | હોસ્ટેલના નિયમો કેવા હશે કામ કરવું પડશે કે નહીં. | ૧૬ | ૫.૯૦ |
| ૯ | સમૂહજીવનની ભાવના કેવી હશે | ૩ | ૧.૧૧ |
| ૧૦ | હોસ્ટેલમાં પ્રવેશ મળશે કે નહીં | ૨૨ | ૮.૧૨ |
| ૧૧ | બહેનો સાથ સહકાર આપશે કે નહીં. | ૧૦ | ૩.૬૯ |
| ૧૨ | પ્રવેશ નહીં મળે તો શું કરીશ | ૧૨ | ૪.૪૩ |
| ૧૩ | ત્યાંની પરિસ્થિતી અનુકૂળ આવશે કે નહીં | ૧ | ૦.૩૭ |
| ૧૪ | કોઈ મુઝવણ અનુભવતા ન હતા હોસ્ટેલમાં રહેવું ગમે છે. | ૨ | ૦.૭૪ |
| ૧૫ | હોસ્ટેલમાં ગમશે કે નહીં, વાતાવરણ અનુકૂળ આવશે કે નહીં | ૬ | ૨.૨૧ |
| ૧૬ | હોસ્ટેલથી મહાશાળા કેટલી દૂર હશે | ૨ | ૦.૭૪ |

ચાલુ..

ચાલુ..

| ક્રમ | મુશ્કેલીઓ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧૭ | હોસ્ટેલમાં રહેતી અન્ય વિદ્યાર્થીનીઓ સાથે સ્વભાવ મેચ કરી સંપથી રહી શકીશ કેમ ? | ૨૭ | ૯.૯૬ |
| ૧૮ | હોસ્ટેલમા નિયમોનું પાલન થઇ શકશે કે કેમ | ૫ | ૧.૮૫ |
| ૧૯ | હું પોતે શહેરના વાતાવરણને અનુકૂળ થઇ શકીશ કે કેમ ? | ૨ | ૦.૭૪ |
| ૨૦ | હું આદિવાસી હોવાથી કોઇ હડધૂત તો નહિ કરેને ? | ૨ | ૦.૭૪ |
| ૨૧ | બહેનો સાથે કેવી રીતે વર્તન કરવું | ૪ | ૧.૪૮ |
| ૨૨ | ગૃહમાતાનો સ્વભાવ કેવો હશે, સુપ્રિટેન્ડેટ કેવા હશે ? | ૧ | ૦.૩૭ |
| ૨૩ | હોસ્ટેલમાં ગયા પછી બહાર જવા આવવાની રજા મળશે કે નહીં ? | ૧ | ૦.૩૭ |
| ૨૪ | સાંજે વાંચવા માટે લાઇટની સગવડ હશે કે કેમ. કયાં સુધી વાંચવાની છુટ હશે ? | ૧૮ | ૬.૬૪ |
| ૨૫ | પોતાના વિષયવાળી બીજી બહેનો હશે કે નહીં ? | ૨ | ૦.૭૪ |
| ૨૬ | હોસ્ટેલમાં એકલું તો નહી પડી જવાયને? | ૧ | ૦.૩૭ |
| ૨૭ | કોરવડ બહેનો જેવી શુધ્ધ ભાષા આવડશે કે નહી | ૧ | ૦.૩૭ |
| ૨૮ | પૈસાની તકલીફના કારણે માતાપિતા મળવા આવશે કે નહીં. | ૧ | ૦.૩૭ |
| ૨૯ | રૂમ પાર્ટનર કેવા હશે ? | ૧ | ૦.૩૭ |
| ૩૦ | મમ્મી- પપ્પા વગર એકલી રહી શકીશ ? | ૧ | ૦.૩૭ |

ચાલુ..

ચાલુ..

| ક્રમ | મુશ્કેલીઓ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૩૧ | શહેરી જીવનથી અજાણ હોવાની મુંઝવણ | ૭ | ૨.૫૮ |
| ૩૨ | ઓળખાણવાળી કોઈ બહેનો હશે ખરી | ૧ | ૦.૩૭ |
| ૩૩ | હોસ્ટેલમાં પૂરતી સગવડ મળશે કે કેમ | ૧ | ૦.૩૭ |
| ૩૪ | બધી છોકરીઓ પૈસાદાર હશે ? મારાં કરતાં વધારે હોંશિયાર હશે? | ૧ | ૦.૩૭ |
| ૩૫ | નવા વાતાવરણમાં જવાનો ઉમંગ | ૪ | ૧.૪૮ |
| ૩૬ | હોસ્ટેલ પ્રવેશ ફોર્મ ટપાલ દ્વારા રવાના કર્યું હોવાથી તે મળ્યું હશે કે કેમ ? | ૧ | ૦.૩૭ |
| | | ૨૭૧ | |

ઉપરોક્ત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે હોસ્ટેલમાં આવ્યા પહેલાં જુદા જુદા પ્રકારની છત્રીસ મુંઝવણો અનુભવતા હતા જેના કુલ જવાબો ૨૭૧ જેટલા થાય છે એટલે કે ઘણીબધી મુશ્કેલીઓ અનુભવતા હતા તે સ્પષ્ટ દેખાય છે ઘણીબધી મુશ્કેલીઓ એક પ્રકારની હોવા છતાં તેમનાજ શબ્દોમાં થોડા ફેરફારો સાથે કરેલી હોવાથી અહીં રજૂ કરવામાં આવી છે કારણકે તેમનામાં રહેલો ભાવ છે તે જુદા જુદા પ્રકારનો જોવા મળે છે આખા કોઠાનું વિશ્લેષણ કરતાં મુખ્ય મુખ્ય મુશ્કેલીઓનું વિશ્લેષણ જોઈએ તો પણ તેમની મુશ્કેલીઓનો ખ્યાલ આવી શકે છે. તેમની મુખ્ય મુશ્કેલીએ હતી કે નવી વ્યક્તિઓ સાથે ફાવશે કે નહી આ મુશ્કેલી ૪૨ બહેનોએ જણાવી હતી જે કુલ મુશ્કેલીઓના .૫-૫૦ ટકા જે થાય છે. પોતાના આગવા વાતાવરણમાંથી પોતાની પરિચિત વ્યક્તિઓમાંથી અપરિચિત

જ્યાએ આવતા હોવાથી આ પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. પ્રવેશને લગતી મુશ્કેલી પણ ઘણી બહેનોએ વ્યકત કરી હતી જેમાં હોસ્ટેલમાં પ્રવેશ મળશે કે નહી તેવું બાવીસ બહેનોને મુંઝવણ હતી. પ્રવેશ નહી મળે તો શું કરીશ તેવી મુશ્કેલી બાર બહેનોને હતી ઉપરોકત બન્ને કારણો એક હોવા છતાં જુદા છે એટલે અલગ અલગ કહ્યા છે. હોસ્ટેલમાં પ્રવેશ નહી મળે તો બીજા વિકલ્પવાળા બહેનો ૨૨ હતી જ્યારે પ્રવેશ નહી મળે તો શું કરીશ તેવા પ્રશ્નવાળી જે બાર બહેનો હતી તેમને ફરજીયાત પ્રવેશ મળે તો જ આગળ અભ્યાસ થઇ શકે તેમ છે. બીજા પ્રશ્ન રહેવા જવાની સગવડ કેવી હશે ગામ કેવું હશે. વગેરે ત્યાંની પરિસ્થિતિ અનુકૂળ આવશે કે નહી, હોસ્ટેલમાં ગમશે કે નહી, વાતાવરણ અનુકૂળ આવશે કે નહી, વગેરે એક સરખા સવાલો ઘણીબધી બહેનોને હતા. કેટલીક બહેનોને નિયમો અંગેના પ્રશ્નો હતા હોસ્ટેલના નિયમો કેવા હશે, કામ કરવું પડશે, રેકટર બેન કેવા હશે, કયાં સુધી વાંચવા લખવાની છૂટ હશે. અધિકારી વર્ગ કેવો હશે વગેરે મુશ્કેલીઓ હતી. જ્યારે કેટલીક બહેનોએ આર્થિક મુશ્કેલીની પણ વાત કરી છે જેમાં ડિપોઝીટ , કપડાં, પુસ્તકોનું ખર્ચ કયાંથી મેળવીશ બીજી છોકરીઓ પૈસાદાર હશે ? માતાપિતા પૈસાના અભાવે મળવા આવશે કે કેમ વગેરે મુંઝવણો અનુભવતા હતા. જ્યારે બીજી કેટલીક બહેનો પોતાના રૂમ પાર્ટનર કેવા હશે, નવી બહેનો સાથ સહકાર આપશે, સ્વભાવ કેવો હશે, પોતે શહેરના વાતાવરણને અનુકૂળ થઇ શકશે, ઓળખાણવાળી કોઇ બહેનો હશે, જુદી ભાષા આવડશે કે નહી, પોતાના વિષયવાળી બીજી બહેનો હશે, હોસ્ટેલથી શાળા મહાશાળા કેટલી દૂર હશે. વગેરે ઘણા પ્રકારની મુશ્કેલીઓ અનુભવતી હતી આમ આ વાતાવરણમાં જવાનો ઉમંગ, તેવા ચાર બહેનોએ જવાબો આપ્યા હતા અને હોસ્ટેલમાં રહેવું ગમે છે તેવા પણ બે બહેનોએ જવાબો, આપ્યા હતા આમ એકંદરે હોસ્ટેલ જીવન પહેલાની મુશ્કેલીઓ ઘણીજ અનુભવતા હતા તે સ્પષ્ટ દેખાય છે કારણકે અગાઉ તેમને હોસ્ટેલ વિશેના કે નિયમોના ખ્યાલ પૂરતા પ્રમાણમાં હોતા નથી તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

હોસ્ટેલમાં રહેવામાં કોનો આગ્રહ હતો અને કોનો ન હતો

| કુલ સંખ્યા | પિતા | | માતા | | પોતે | | મોટીબહેન | | નાનીબહેન | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | હતો | નહતો | હતો | નહતો | હતો | નહતો | હતો | નહતો | હતો | નહતો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ |
| ૧૫૦ | ૧૩૦ | ૩ | ૧૧૩ | ૧૫ | ૧૧૨ | ૮ | ૭૦ | ૩ | ૭૩ | ૩ |
| | ૨૦.૮૭ | ૬.૯૮ | ૧૮.૧૪ | ૩૪.૮૭ | ૧૭.૯૮ | ૧૮.૬૦ | ૧૧.૨૪ | ૧૮.૬૦ | ૧૧.૭૧ | ૧૮.૬૦ |

ચાલુ..

ચાલુ..

| કુલ સંખ્યા | મોટાભાઇ | | નાનાભાઇ | | અન્ય મિત્રો,સગા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | હતાં | નહતાં | હતાં | નહતાં | હતાં | નહતાં | હતાં | નહતાં |
| | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ |
| [illegible]૫૦ | ૭૫ | ૬ | ૪૭ | ૩ | ૩ | ૨ | ૬૨૩ | ૪૩ |
| | ૧૨.૦૪ | ૧૩.૯૫ | ૭.૫૪ | ૧૮.૬૦ | ૦.૪૮ | ૪.૬૫ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

કુટુંબના સભ્યો પોતાની બેન, દિકરીને બહાર હોસ્ટેલમાં રહી અભ્યાસ કરવાનો આગ્રહ રાખતા હોય અથવા કોનો આગ્રહ હતો અને ન હતો તે જાણ ઉપરોક્ત કોઠાને જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કારણે મોટાભાગે મા-બાપ, કુટુંબીજનો છોકરીઓને બહાર મોકલવામાં સંકોચ અનુભવતા હોય છે ઉપરોક્ત કોઠો જોતાં ન હતો કરતાં હતો તેવા આગ્રહવાળા ૬૨૩ જવાબો હતા જ્યારે ન હતો તેમાં ફક્ત ૪૩ જવાબો હતા. એટલે કે મોટાભાગના કુટુંબીજનોનો આગ્રહ ઉચ્ચશિક્ષણ લેવા માટે હોસ્ટેલમાં રહેવાનો હતો. સૌથી વધારે સંખ્યામાં પિતા, માતા, અને પોતાનો હતો તેવા જવાબો હતા જે કુલ જવાબોના અનુક્રમે ૨૦.૮૭, ૧૮.૧૪ અને ૧૭.૯૮ ટકા હતો જે સૌથી વધારે છે. ત્યારબાદ મોટીબહેન, નાનીબહેન, મોટાભાઈ, નાનાભાઈ વગેરેનો આગ્રહ પણ અનુક્રમે ૧૧.૨૪, ૧૧.૭૧ ૧૨.૦૪ અને ૭.૫૪ ટકા જેટલો હતો એટલે કે કુટુંબના મુખ્ય વ્યક્તિઓના આગ્રહ કરતાં તેમનો આગ્રહ ૫૦ % જેટલો ઓછો હતો તેવું સ્પષ્ટ દેખાય છે. અથવા સાથે સાથે ન હતો તેવું પણ નથી એટલેકે કુટુંબના વડીલો કે જવાબદાર વ્યક્તિઓ જે નિર્ણય કરે તેમાં સંમત અસંમત દર્શાવવાનો કોઈ પ્રશ્ન ન હતો તેવું સ્પષ્ટ દેખાય છે. આમ એમાં ભાગ લેનાર વ્યક્તિ અને ભણાવનાર વ્યક્તિના આગ્રહે મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

## ચાલુ અભ્યાસ દરમ્યાન વતનમાં જાય છે તે દર્શાવતો કોઠો

| હા | ના | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કોડ નંબર | | | | | | | | | |
| ૧૦૧ | ૩૬ | ૫૮ | ૧૫ | ૨૭ | ૧૫ | ૧૩ | ૧ | ૩ | ૨ | ૧ | ૧૫ |
| | | ૩૮.૬૭ | ૧૦.૦૦ | ૧૮.૦૦ | ૧૦.૦૦ | ૮.૬૬ | ૦.૬૭ | ૨.૦૦ | ૧.૩૩ | ૦.૬૭ | ૧૦.૦૦ |

### કોડ નંબરની વિગત

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | કુટુંબીજનોને મળવા | ૫૮ | ૬ | વારતહેવાર, સાંસ્કૃતિક કાર્યક્રમ હોય ત્યારે | ૧ |
| ૨ | વડીલોની રજાઓમાં | ૧૫ | ૭ | કોલેજ કોઈ કારણસર બંધ હોય તો ( હડતાલ, તોફાન વગેરે ) | ૩ |
| ૩ | જરૂરી માહિતી માટે | ૨૭ | ૮ | હોસ્ટેલમાં લાંબો સમય ન ફાવવાથી | ૨ |
| ૪ | જાહેર રજાના દિવસોમાં | ૧૫ | ૯ | નાસ્તો લેવા | ૧ |
| ૫ | બિમારી કે કોઈ કામ આવી પડે તો | ૧૩ | ૧૦ | પૈસા લેવા | ૧૫ |

કુલ - ૧૫૦

ઉપરોક્ત ચાલુ અભ્યાસ દરમ્યાન વતનમાં જાણ્યો તે કોઠો જોતાં જણાય છે કે હોસ્ટેલમાં આવ્યા પછીની જે સ્થિતિ છે કે વતન કેવું યાદ આવે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. ૧૦૧ બહેનોએ હા માં જવાબ આપ્યા હતા જ્યારે ફક્ત ૩૬ બહેનોએ નામાં અને ૧૩ બહેનોએ કોઈ જવાબ આપ્યા ન હતા. આ કોઠામાં દર્શાવ્યા પ્રમાણેના કારણો જોઈએ તો કોડ નંબર એકનું કારણ ૫૮ બહેનોએ જણાવ્યું હતું કે કુલ કારણોના ૩૮.૬૭ ટકા થાય છે એટલે કે કુટુંબીજનોને મળવા માટે જાય છે. ત્યાર પછીના કારણો જોઈએ તો વચ્ચેની રજાઓમાં જરૂરી માહિતી માટે, જાહેર રજાના દિવસોમાં, બિમારી કે કોઈ કામ આવી પડે એ તો કોલેજ કોઈ કારણ વગર બંધ હોય તો આ બધાજ કારણો જોતાં એમ લાગે છે કે ઘરે જવા માટે રજા હોવી એ કારણ મુખ્ય છે. ચાલુ અભ્યાસ કે ચાલુ કોલેજે ઘેર જતા નથી પણ વચ્ચે કોઈ જાહેર રજા કે કોઈ જરૂરી માહિતી માટે જવું પડે તો જ ઘરે જાય છે આમ ચાલુ અભ્યાસ દરમ્યાન રજા પાડી ઘરે જતા નથી પણ સત્ર દરમ્યાન વચ્ચેની રજાઓમાં પોતાના અંગત કામો, કુટુંબીજનોને મળવા, પૈસા, લેવા, નાસ્તો લેવા વગેરે માટે જાય છે. હોસ્ટેલમાં બે ટાઈમ જમવાનું મળતું હોય છે વચ્ચેના સમય ભૂખ લાગે કે કંઈ ખાવાની ઈચ્છા થાય ત્યારે ઘરેથી આવે ત્યારે સુકો નાસ્તો લઈ આવે તો થોડા દિવસ ખાઈ શકાય તેવું પણ એક બહેને કારણ બતાવ્યું હતું આમ સમગ્ર કોઠાનું તારણ જોતાં અનિવાર્ય સંજોગો સિવાય ચાલુ કોલેજે ઘરે જતા હોય તેવું જોવામાં આવ્યું નથી.

## છાત્રાલયનો પ્રકાર દર્શાવતો કોઠો

| કુલ છાત્ર સંખ્યા | સરકારી છાત્રાલય | કૉલેજ યુનિવર્સિટી હોસ્ટેલ | સંસ્થા દ્વારા સંચાલિત | ઘરેથી અપડાઉન | | સંસ્થાનું નામ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૮૯ | ૩૪ | ૧૧ | ૧૬ | ૧. | વાડીયા વિમેન્સ હોસ્ટેલ,સુરત | ૧ |
| | | | | | ૨ | ગાંધી વિદ્યાપીઠ, વેડછી | ૧૦ |
| ૧૦૦.૦૦ | ૫૯.૩૩ | ૨૨.૬૭ | ૭.૩૩ | ૧૦.૬૭ | ૩ | ગુજરાત વિદ્યાપીઠ, યુનિવર્સિટી | ૧૬ |

અભ્યાસમાં સમાવેશ કરવામાં આવેલ એકસો પચાસ બહેનો કેવા પ્રકારની છાત્રાલયમાં રહી અભ્યાસ કરે છે તે ઉપરોક્ત કોઠામાં જોતાંએ તો સ્પષ્ટ ખ્યાલ આવે છે સરકારી છાત્રાલય જે સમાજ કલ્યાણ ખાતા દ્વારા સીધા ચાલે છે તેમાં ૮૯ બહેનો ભણતી હતી જે કુલ બહેનોના ૫૯.૩૩ ટકા થાય છે જેની સંખ્યા સૌથી વધારે છે. કોલેજ યુનિવર્સિટી હોસ્ટેલમાં અભ્યાસ કરતી ૩૪ બહેનો હતી જે કુલ બહેનોના ૨૨.૬૭ ટકા થાય છે. આ સંખ્યા જોતાં સ્પષ્ટ લાગે છે કે યુનિવર્સિટી હોસ્ટેલોમાં સંખ્યા વધારે છે વળી ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરતી ૧૬ બહેનોને યુનિવર્સિટી હોસ્ટેલમાં ગણવામાં આવી છે. જેથી આ સંખ્યા વધારે જોવા મળે આમ યુનિવર્સિટીની હોસ્ટેલોમાં હજુ આ બહેનોનું પ્રમાણ ઘણું ઓછું છે તે સ્પષ્ટ દેખાય છે. સંસ્થા દ્વારા સંચાલિત હોસ્ટેલમાં અગિયાર બહેનો હતી જે કુલ સંખ્યાના ૭.૩૩ ટકા થાય છે. ગાંધી વિદ્યાપીઠ વેડછી અને વાડીયા વિમેન્સ હોસ્ટેલની એક બહેન સંસ્થા દ્વારા સંચાલિત હોસ્ટેલમાં અભ્યાસ કરતી રહી જ્યારે સોળ બહેનો એવી હતી જે ઘરેથી અપડાઉન કરી ઉચ્ચ શિક્ષણ મેળવતી હતી. હોસ્ટેલની બાબત મુખ્ય ધ્યાન ખેંચે તેવી બાબત એ છે કે સરકારી ફરજીયાત છાત્રાલય સિવાયની જે છાત્રાલયો છે તેમાં આદિવાસી બહેનોની સંખ્યા નહીંવત છે વળી આવી યુનિવર્સિટીની હોસ્ટેલોમાં આદિવાસી બહેનો ઘણી ઓછી રહી શકે છે વળી તેમની સાથે જલ્દી ભળી પણ જતી નથી આર્થિક દ્રષ્ટિએ પણ તેમને આ હોસ્ટેલો મોંઘી પડે છે વડોદરા યુનિ.ની હોસ્ટેલમાંથી બહેનો એકાદ માસ પછી હોસ્ટેલ છોડી ગઇ હોય તેવા દાખલા જાણવા મળ્યાં હતાં આ જોતાં એમ લાગે છે કે દરેક હોસ્ટેલમાં ફરજીયાત જગ્યાઓ હોવી જોઇએ અથવા સરકારી હોસ્ટેલમાં વધારે જગ્યાઓ ઊભી કરવી જોઇએ.

## હરિજન વિદ્યાર્થીનીઓ જોડે રહેવાનું પસંદ કરશો

| કુલ સંખ્યા | હા | ના | જવાબ નહીં | કારણો |
|---|---|---|---|---|
| ૧૫૦ | ૧૪૩ | - | ૭ | ૧૨૫ |

જવાબ માટે કારણો :

૧. અસ્પૃશ્યતાનો કુરિવાજ દૂર કરી શકાય
૨. ભેદભાવમાં માનતા નથી
૩. એક માટીના માનવી
૪. હરિજન કન્યાઓ સાથે સારું ફાવે છે.

હોસ્ટેલમાં અભ્યાસ કરતી બહેનોને હરિજન વિદ્યાર્થીનીઓ જોડે રહેવાનું પસંદ કરશો તેવો સવાલ પૂછતાં ૧૩૩ બહેનોએ હા માં જવાબ આપ્યા હતા તેના જુદા જુદા ૪ જવાબો એકસો પચીસ બહેનોએ આપ્યા હતા. જેમાં મુખ્યત્વે અસ્પૃશ્યતાનો કુરિવાજ દૂર કરી શકાય, ભેદભાવમાં માનતા નથી; એક માટીના માનવી, હરિજન કન્યાઓ સાથે સારુ ફાવે છે વગેરે કારણો જવાબ રૂપે મળ્યાં હતાં ઉપરોક્ત જવાબો ઉપરથી સ્પષ્ટ તારણ નિકળે છે કે આદિવાસી બહેનો અસ્પૃશ્યતા કે કોઇ જાતિભેદ ભાવમાં માનતી નથી તેમને તો ઉલટું તેમની સાથે સારું ફાવે છે. આમ ઉચ્ચશિક્ષણ લેતી આદિવાસી બહેનોમાં હરિજન બહેનો પ્રત્યે કોઇ જાતિભેદભાવ નથી.

## પ્રકરણ - ૩

## આર્થિક પશ્ચાદ ભૂમિકા અને આર્થિક સમસ્યાઓ

તપાસ હેઠળની વિદ્યાર્થીનીઓની કૌટુંબિક, શૈક્ષણિક પશ્ચાદ ભૂમિકા સાથે સંકળાયેલી કેટલીક મહત્ત્વની વિગતો જાણ્યા પછી, પ્રાથમિક, માધ્યમિક અભ્યાસ દરમ્યાન પડેલી આર્થિક, અભ્યાસ વિષયક, તેમજ હાલમાં પડતી આર્થિક, શિષ્યવૃત્તિ વિષયક અને અભ્યાસ વિષયક મુશ્કેલીઓની વિગતે વિચાર કરીએ મુશ્કેલીઓના વિભાગો પાડી સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ દરમ્યાન પડેલી મુશ્કેલી દર્શાવતો કોઠો

| કુલ વિદ્યાર્થીનીઓ | મુશ્કેલી પડેલી | પુસ્તક, નોટબુક ખરીદવાની ટ્યુશન ફી | કપડાં | ભણવાના પૈસાની | રહેવાની |
|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૪૦ | ૨૯ | ૬ | ૨ | ૩ |
| | | ૭૨.૫ | ૧૫.૦૦ | ૫.૦૦ | ૭.૫ |

| | અભ્યાસમાં કઇ રીતે બાધક હતી | | ટકા | | હલ કઇ રીતે થઇ શકી | | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફી ન ભરવાથી | ૮ | ૨૦.૫૨ | ૧ | માશી, બેન (સગાસંબંધીની મદદ ફીના મેળવી ) | ૮ | ૨૬.૬૭ |
| ૨ | બજાર બેસવું પડતું | ૧ | ૨.૫૬ | ૨ | રજાના દિવસોમાં ખેતી ઉપરાંત અન્ય મજૂરી કરી | ૮ | ૨૬.૬૭ |
| ૩ | જરૂરી ચીજવસ્તુ ખરીદવાની સગવડ | ૨૭ | ૬૯.૨૪ | ૩ | માતા પિતા કામ કરી લાવી દે | ૪ | ૧૩.૩૩ |
| ૪ | અપંગ હોવાથી કામ થઇ શકે તેમ ન હતું | ૧ | ૨.૫૬ | ૪ | ભાઇને નોકરી મળવાથી | ૧ | ૩.૩૩ |
| ૫ | વધારે શિષ્યવૃત્તિ મળે ત્યાં સુધી મુશ્કેલી | ૧ | ૨.૫૬ | ૫ | શિષ્યવૃત્તિ દ્વારા | ૫ | ૧૬.૬૭ |
| | | | | ૬ | હોસ્ટેલમાં મૂકી | ૧ | ૩.૩૩ |
| ૬ | ભણવાનું અટકી જતું | ૧ | ૨.૫૬ | ૭ | ચલાવી લીધું | ૩ | ૧૦.૦૦ |

ઉપરોક્ત કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે કુલ વિદ્યાર્થીનીઓના ૨૬.૮૭ ટકા વિદ્યાર્થીનીઓને પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસમાં મુશ્કેલીઓ પડી હતી. મોટાભાગની વિદ્યાર્થીનીઓને પુસ્તકો, નોટબુકો ખરીદવા તેમજ ટ્યુશન ફી ભરવાની મુશ્કેલી દર્શાવી હતી. માધ્યમિક શાળાના અભ્યાસ સમયે અઘરા વિષયમાં ટ્યુશન મેળવવાની મુશ્કેલી દર્શાવી હતી. જે મુશ્કેલી પડેલ કુલ વિદ્યાર્થીનીઓના ૭૨.૫ ટકા થાય છે. ૭ વિદ્યાર્થીનીઓએ કપડાં ખરીદવાની મુશ્કેલી દર્શાવી હતી. ભાડાના પૈસાની મુશ્કેલી પડી હોય તેવી બે વિદ્યાર્થીનીઓ હતી. રહેવાની મુશ્કેલી પડી હોય તેવી ત્રણ વિદ્યાર્થીનીઓ હતી.

ઉપરોક્ત મુશ્કેલીઓ અભ્યાસમાં કઇ રીતે બાધક હતી તે સવાલના જવાબમાં જુદા જુદા છ કારણો જાણવા મળ્યા હતા જેમાં ફી ન ભરવાથી બાધક હતી તેવા આઠ બહેનોના જવાબો હતા. જે કુલ જવાબના ૨૦.૫૨ ટકા થાય છે. શિક્ષણ ફી માફી હોય છે. પણ દાખલ ફી, પરીક્ષા ફી, વાલી ફાળો વગેરે પ્રથમ ભરવા પડતા હોય છે. અભ્યાસને લગતી જરૂરી ચીજવસ્તુઓ ખરીદવાની મુશ્કેલી પડી હોય તેવા ૨૭ બહેનોના જવાબો હતા જે કુલ જવાબોના ૬૯.૨૪ ટકા થાય છે જે સૌથી વધારે છે. ત્યારપછી બહાર લેવું પડતું, જ્યારે શિષ્યવૃત્તિ મળે ત્યાં સુધી મુશ્કેલી, ભણવાનું અટકી જતું વગેરે કારણો એક એક બહેનોએ આપ્યા હતા. એક બહેને અપંગ હોવાથી આર્થિક મુશ્કેલી પડતી તેવું જણાવ્યું હતું.

ઉપરોક્ત મુશ્કેલીઓ હલ કઇ રીતે કરતા તે જાણવાનો પ્રશ્ન કરવામાં આવ્યો હતો તેના જુદા જુદા સાત જવાબો ત્રીસ બહેનોએ આપ્યા હતા જેમાં સૌથી વધારે જવાબો સગાસંબંધી પાસેથી ઉછીના મેળવી, રજાના દિવસોમાં ખેતી ઉપરાંત અન્ય મજુરી કરી હલ કરતી હોય તેવી આઠ, આઠ બહેનોના જવાબો હતા જે કુલ જવાબોના ૨૬.૬૭ ટકા થાય છે. માતા પિતા કામ કરી લાવી દેતા તેવા ચાર બહેનોના જવાબો હતા. કુટુંબના સભ્યને નોકરી મળવાથી તેવો જવાબ એક બહેનનો હતો. શિષ્યવૃત્તિ દ્વારા હલ થતી તેવી પાંચ

બહેનોના જવાબો હતા જે કુલ જવાબોના ૧૬.૬૭ ટકા થાય છે જ્યારે એક બહેનનો જવાબ હતો કે હોસ્ટેલમાં મૂકી એટલે કે ઘરે અભ્યાસનો ખર્ચ પહોંચી વળ્યું ન હોવાથી માતાપિતાએ છોકરીને આશ્રમ શાળામાં કે જ્યાં રહેવા જમવાની મફત સગવડ મળે ત્યાં દાખલ કરાવી કેટલીક બહેનોએ આવિ મુશ્કેલીઓ ચલાવી લઇ આગળ અભ્યાસ ચાલુ રાખ્યો હોય તેવી ત્રણ બહેનોના જવાબ હતા જે કુલ જવાબના ૧૦.૦૦ ટકા થાય છે. આમ મુશ્કેલીઓ અને તેને હલ કરવા માટે પણ કેટલી મુશ્કેલીઓ પડે છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

કોલેજમાં પ્રથમ પ્રવેશ મેળવ્યો ત્યારે પડેલી મુશ્કેલીઓ દર્શાવતો કોઠો

| કુલ વિદ્યાર્થીનીઓ | જેમને મુશ્કેલી પડી હતી તે |
|---|---|
| ૧૫૦ | ૪૦ |

કેવા પ્રકારની મુશ્કેલીઓ નડી હતી

| | | | ટકા |
|---|---|---|---|
| ૧ | ફી તથા ડીપોઝીટની રકમ ભરવાની ભોજન ખર્ચની | ૨૭ | ૫૧.૯૩ |
| ૨ | પ્રવેશ મેળવવામાં ફી ભરવા | ૧૪ | ૨૬.૯૨ |
| ૩ | શહેરને અનુકૂળ કપડાં ખરીદવાની | ૧ | ૧.૯૨ |
| ૪ | પુસ્તકો ખરીદવાની | ૮ | ૧૫.૩૯ |
| ૫ | સમયસર હોસ્ટેલ ન ખુલવાથી | ૧ | ૧.૯૨ |
| ૬ | રૂા.૨૫૦૦૦ ના જામીન મેળવવાની | ૧ | ૧.૯૨ |
| | | ૫૨ | ૧૦૦.૦૦ |

નોંધ : ગ્રામવિદ્યાપીઠમાં અભ્યાસ કરતી બહેનોને શરૂમાં બે જોડ ખાદીનાં કપડાં થતા દાતરડી ખરીદવાની જે ખરીદવા માટે પૈસા ન હતા.

ચાલુ..

આ મુશ્કેલીઓ કઇ રીતે હલ કરી

| | | |
|---|---|---|
| ૧ | હપ્તે હપ્તે પૈસા ભરી | ૨ |
| ૨ | દેવું કરી | ૫ |
| ૩ | ઉછીના પૈસા મેળવી | ૧૯ |
| ૪ | રૂમ ભાડે રાખી | ૭ |

માધ્યમિક અભ્યાસ પુરો કરી કોલેજમાં સૌ પ્રથમ પ્રવેશ મેળવ્યો ત્યારે કોઇ આર્થિક મુશ્કેલી પડેલી કે નહી તે સવાલ પૂછવામાં આવ્યો હતો પ્રથમ પ્રવેશ વખતે ચાલીસ બહેનોને મુશ્કેલી પડેલી જે તપાસેલ કુલ બહેનોના ૨૬.૬૭ ટકા થાય છે તેમને જુદા જુદા છ પ્રકારની મુશ્કેલી દર્શાવી હતી. ફી ડીપોઝીટની રકમ ભરવાની મુશ્કેલી સત્તાવીસ બહેનોને પડી હતી જે કુલ મુશ્કેલીઓના ૫૧.૯૩ ટકા થાય છે. પ્રવેશ મેળવવામાં તથા ફી ભરવાની મુશ્કેલી ૧૪ બહેનોએ દર્શાવી હતી જે કુલ મુશ્કેલીઓના ૨૬.૯૨ ટકા થાય છે. પુસ્તકો ખરીદવાની આઠ બહેનોને મુશ્કેલી પડી હતી જે કુલ મુશ્કેલીના ૧૫.૩૯ ટકા થાય છે. શહેરને અનુકૂળ કપડાં ખરીદવાની, સમયસર હોસ્ટેલ ન ખુલવાથી વધારાનો ખર્ચ કરવો પડે તે અને રૂા. ૨૫૦૦૦ ના જામીન મેળવવાની મુશ્કેલી એક એક બહેનને પડી હતી જે કુલ મુશ્કેલીના ૧.૯૨ ટકા થાય છે.

પ્રથમ પ્રવેશમાં પડેલી મુશ્કેલીઓ આદિવાસી વિધાર્થીનીઓને પડે તે સ્વાભાવિક છે કારણકે તેમના વતન નજીકની સ્કૂલોમાં અભ્યાસ કરતા હોય ત્યારે શકય હોય તેટલી ઓછી સાધન સામગ્રીથી અભ્યાસ કરતા હોય છે. વાલીઓની આર્થિક સ્થિતિ એટલી સારી હોતી નથી કે રોકડ રકમ કાઢી ખર્ચ કરી શકે. મેડીકલમાં અભ્યાસ કરતછ બહેનોને પચીસ હજાર રૂપિયાના જામીન આપવાના હોય છે જે જામીન થવા કોઇ તૈયાર થતું નથી આવા સમયે ઘણા મુશ્કેલીમાં મૂકાય છે. આદિવાસી વિધાર્થીઓ માટે ~~xxxx~~ આવા કડક નિયમો ન હોવા જોઇએ. ગ્રામવિધાપીઠોમાં અભ્યાસ કરતી બહેનોને

[illegible] વિધાપીઠોના નિયમો પ્રમાણે પ્રવેશ મેળવવાનો હોય છે જેના કારણે તેમને શરૂમાં આર્થિક બોજ વધે છે પ્રથમ પ્રવેશ વખતે બેજોડ ખાદીના કપડાં, અન્ય સાધન સામગ્રી ખરીદવાની હોય છે જે બીજા ખર્ચાઓ સાથે ભારે પડે છે. તે સ્પષ્ટ જોઇ શકાય છે.

## શિક્ષણXX માટે ઉછીના પૈસા મેળવનારની વિગત દર્શાવતો કોઠો

| કુલ | ઉછીના પૈસા મેળવનાર | કુલ રકમ | શાહુકાર વેપારી | કાકા કુટુંબી | મામા | માસી | બેન | બનેવી | બેનપણી | શિક્ષક | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૩૫ | ૪૬૨૭૦ | ૮૩૯૦ | ૭૫૩૦ | ૧૪૬૫૦ | ૬૪૩૦ | ૮૦૨૦ | ૨૦૦ | ૨૦૦ | ૩૫૦ | ૫૦૦ |
| | | ૧૦૦.૦૦ | ૧૮.૧૩ | ૧૬.૨૭ | ૩૧.૬૬ | ૧૩.૯૦ | ૧૭.૩૩ | ૦.૪૩ | ૦.૪૩ | ૦.૭૬ | ૧.૦૯ |

વ્યાજ :

શાહુકાર વેપારી એટલે વ્યાજ આપવું પડે છે. વ્યાજનો દર ૫૦ થી ૬૦ ટકા સુધીનો વાર્ષિક હોય છે સંબંધીઓને વ્યાજ આપવું પડતું નથી પણ ક્યારેક કુટુંબીઓ પાસે જમીન ગીરો મૂકી પૈસા મેળવવામાં આવે છે.

### ઉછીના મેળવવાના હેતુઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | અભ્યાસ માટે | ૩૦ | ૫૫.૫૬ |
| ૨ | સ્કૂલ યુનિ. ફોર્મ અન્ય કપડાં | ૬ | ૧૧.૧૧ |
| ૩ | છાત્રાલય ફી | ૬ | ૧૧.૧૧ |
| ૪ | પુસ્તક ખરીદી તેમજ અન્ય પરચુરણ | ૧૨ | ૨૨.૨૨ |
| | | ૫૪ | ૧૦૦.૦૦ |

આર્થિક મુશ્કેલીને લીધે કોલેજ અભ્યાસ દરમ્યાન તપાસ હેઠળની બહેનોને કયાં કયાંથી સહાય લીધેલી તે અંગેની વિગતો શિક્ષણ માટે ઉછીના પૈસા મેળવનારની વિગતો દર્શાવતા કોઠામાં એકત્રિત કરવામાં આવેલી વિગતો પરથી જણાય છે કે ૩૫ બહેનોએ પોતાના અભ્યાસ માટે ૪૬૨૭૦ રૂપિયા જેટલી મોટી રકમ ઉછીની મેળવી છે. તેમને આ રકમ મેળવી તેનું વિગતે વિશ્લેષણ જોઇએ તો સગાસંબંધીઓ અને શાહુકાર વેપારી પાસેથી સૌથી વધારે રકમ મેળવી છે. શાહુકાર વેપારી પાસેથી કુલ રકમના ૧૮.૧૩ ટકા રકમ, કાકા પાસેથી કુલ રકમના ૧૬.૨૭ ટકા રકમ મામા પાસેથી કુલ રકમના ૩૧.૬૬ ટકા રકમ મેળવી છે. આ સૌથી વધારે રકમ છે. મામા પોતાની ભાણીના શિક્ષણ માટે કેવો રસ દાખવે છે અથવા સામાજીક બંધનોમાં મામા આર્થિક મદદ તોમાં કેવા ઉપયોગી છે. તે સ્પષ્ટ થાય છે. માસી પાસેથી કુલ રકમના ૧૩.૯૦ ટકા આ રકમ પણ સારી એવી કહી શકાય. બેન, બનેવી પાસેથી ૧૭.૭૬ ટકા જેટલી રકમ મેળવી છે. આ ઉપરાંત બેનપણી, શિક્ષક અને મિત્રો પાસેથી ઉછીના પૈસા મેળવી પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો છે. આ કોઠા ઉપરથી સ્પષ્ટ તારવી શકાય છે કે જેમની આર્થિક સ્થિતિ નબળી છે તેમને ઉછીના કે વ્યાજે પૈસા મેળવવાજ પડે છે. શાહુકાર વેપારીઓને વ્યાજ આપવું પડે છે વ્યાજનો દર ઘણો ઊંચો હોય છે. કયારેક તો ૫૦થી ૬૦ ટકા સુધીના વ્યાજે પૈસા મેળવે છે. સંબંધીઓને વ્યાજ આપવું પડતું નથી પણ જ્યારે કુટુંબના કે ગામના કોઇ સભ્ય પાસેથી પૈસા લેવામાં આવે તો કયારેક જમીન ગીરવે મૂકવી પડે છે. કાકાને ત્યાં જમીન ગીરવે મૂકી પૈસા મેળવનાર પણ એક બહેન હતાં. આ રકમ કયા હેતુ માટે ઉછીની લેવી પડી તે જાણવા પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો જેના જવાબો જોઇ એનો અભ્યાસમાં ૩૦ સ્કૂલયુનિફોર્મ અન્ય કપડાં માટે-૬ , છાત્રાલય ફી - ૬ અને પુસ્તક ખરીદી અન્ય પરચુરણ ખર્ચ માટે-૧૯ બહેનોના જવાબો મળ્યાં હતા એટલે કે અભ્યાસના હેતુ માટેજ આ રકમ મેળવવામાં આવી હતી.

## અધવચ્ચે અભ્યાસ છોડવો પડયો હોય તે વિગત દર્શાવતો કોઠો

| કુલ | અભ્યાસ છોડનાર | ધોરણ-૯ | એસ.એસ.સી. | ધોરણ-૧૨ | ટી.વાય.બી.એ. | કેટલો સમય ૧ વર્ષ |
|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૯ | ૧ | ૪ | ૩ | ૧ | ૯ |

### અભ્યાસ છોડવાના કારણો

| | | |
|---|---|---|
| ૧ | એડમિશન ન મળવાથી | ૧ |
| ૨ | પરિણામ મોડું મળ્યું હોવાથી | ૧ |
| ~~૩~~ | ~~XXXXXXXXXX~~ | ~~X~~ |
| ૩ | આર્થિક સ્થિતિ | ૪ |
| ૪ | નાપાસ થવાથી | ૧ |
| ૫ | નાના ભાઇને ભણાવવા (બંનેનો ખર્ચ ન પહોંચી વળવાને કારણે ) | ૧ |
| ૬ | બીમાર પડવાને કારણે | ૧ |

ઉચ્ચ અભ્યાસ કરતી એકસો પચાસ બહેનોમાંથી કેટલી બહેનોએ પોતાના અભ્યાસકાળ દરમ્યાન અભ્યાસ છોડવો પડયો હતો તે દર્શાવતો કોઠો જોઈએ તો કુલ નવ બહેનોએ એક એક વર્ષ માટે જુદા જુદા ધોરણોમાં અભ્યાસ છોડેલો માલુમ પડે છે. સૌથી વધારે ચાર બહેનોએ એસ.એસ.સી.માં અભ્યાસ છોડયો હતો. ધોરણ-૧૨માં ત્રણ બહેનોએ ધોરણ-૯માં એક અને ટી.વાય.બી.એ.માં એક બહેને અભ્યાસ છોડવો પડયો હતો. આમ અધવચ્ચે અભ્યાસ છોડવાના જુદા જુદા છ કારણો જાણવા મળ્યાં હતા જેમાં ચાર બહેનોએ આર્થિક કારણ સર અભ્યાસ છોડયો હતો, એડમીશન ન મળવાથી એક બહેને, એક બહેનનું પરિણામ મોડું મળ્યું હોવાથી, એક બહેન નાપાસ થવાથી, એક બહેનને નાનાભાઈને આગળ ભણાવવા માટે અને એક બહેને બીમાર પડવાના કારણે એક એક વર્ષ માટે અભ્યાસ છોડવો પડયો હતો આમ આ કોઠા દ્વારા સૌથી વધારે મહત્ત્વનું કારણ એ હતું કે આર્થિક કારણસર ચાર બહેનોને અભ્યાસ છોડવો પડયો હતો તે ધ્યાન ખેંચે તેવી બાબત છે. વળી સમાજમાં બહેનો કરતાં ભાઈઓને પ્રથમ સ્થાન આપવામાં આવે છે તેવો પણ એક કિસ્સો જોવા મળે છે. પ્રાથમિક માધ્યમિકમાં બહેનોનું પ્રમાણ વધુ હોય છે પણ જેમ જેમ આગળ વધતા જાય તેમાં બહેનોનું પ્રમાણ ઘટતું જાય છે વળી ઉચ્ચશિક્ષણ મેળવવામાં તો ઘણું જ નહીંવત થઈ જાય છે. સામાજીક, આર્થિક, અને અન્ય કારણોસર બહેનો અમુક ધોરણ સુધીજ ભણી શકે તેવા ખ્યાલો આજે પણ જોવા મળે છે. બહેનોને વધુ ભણી શું કરવું છે લખતાં વાંચતાં આવડે એટલે બહુ વગેરે માનવામાં આવે છે. મોટાભાગની બહેનો એસ.એસ.સી. પછી પી.ટી.સી.નો આગ્રહ રાખે છે. એડમિશન ન મળે કે ટકા ઓછા હોય તો આગળ ભણવાને બદલે અટકી જાય છે. આમ ઉચ્ચશિક્ષણ સુધી ઘણી ઓછી બહેનો પહોંચતી હોય છે. શૈક્ષણિક પ્રશ્ચાદ ભૂમિકામાં પડેલી આર્થિક મુશ્કેલીઓનો વિગતે વિચાર કરયો ચાલુ અભ્યાસ દરમ્યાન કોઈ આર્થિક મુશ્કેલી પડે છે કે નહી તે જાણવા પ્રશ્ન પૂછવામાં આવ્યા હતા. ઉપરાંત તે મુશ્કેલી ઊભી થવાના કારણો અને નિવારવા માટેના પ્રયત્નો વગેરેની વિગતો કોઠામાં એકત્ર કરવામાં આવી છે.

હાલ આર્થિક મુશ્કેલી દર્શાવતો કોઠો

| કુલ વિદ્યાર્થી | મુશ્કેલી અનુભવતા | ભોજનખર્ચ કપડાં અંગત ખર્ચ | મેડીકલ સાધન ખરીદવા | ટયુશન ફી | પ્રવાસખર્ચ શિબિર અપડાઉન | કુલ | આ મુશ્કેલી ઊભી થવાના કારણો: આર્થિક સ્થિતિ નબળી | આ મુશ્કેલી ઊભી થવાના કારણો: નોકરીની આવક ઓછી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૪૦ | ૨૩ | ૮ | ૩ | ૬ | ૪૦ | ૨૯ | ૧ |
| ટકા | ૨૬.૬૭ | ૫૭.૫૦ | ૨૦.૦૦ | ૭.૫૦ | ૧૫.૦૦ | ૧૦૦.૦૦ | ૯૬.૬૭ | ૩.૩૩ |

આ મુશ્કેલી નિવારવાના પ્રયત્નો

| નેશનલ લોન કોલરશીપ મેળવવાનો | મહેનત મજૂરી કરી (વેકેશનમાં) | વ્યાપારી પાસેથી વ્યાજે મેળવી | કુટુંબીઓ પાસેથી ઉછીના | માતા-પિતાએ લાવી આપ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૫ | ૮ | ૨ | ૨ | ૧૮ |
| ૫.૫૬ | ૨૭.૭૮ | ૪૪.૪૪ | ૧૧.૧૧ | ૧૧.૧૧ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત મુશ્કેલી દર્શાવતો કોઠો જોઇએ તો તપાસેલ એકંદરે પચાસ બહેનોમાંથી ચાલીસ બહેનો મુશ્કેલી હાલ અનુભવતા હતા. જે કુલ બહેનોના ૨૬.૬૭ ટકા થાય છે. ૨૩ બહેનો ભોજનખર્ચ કપડાંનો ખર્ચ, અંગત ખર્ચ માટે મુશ્કેલી અનુભવતી હતી જે કુલ મુશ્કેલી અનુભવતી બહેનોમાં ૫૭.૫૦ ટકા થાય છે. હોસ્ટેલમાં રહેવા આવનાર બહેનોને દર માસે અમુક ચોક્કસ ખર્ચ થતો હોય છે. કોલેજ હોસ્ટેલને અનુકૂળ પોષાક તૈયાર કરવા પડે છે જેનો આર્થિક બોજો વધી પડતો હોય છે. આઠ બહેનોએ પ્રેકટીકલના સાધન ખરીદવાની મુશ્કેલી દર્શાવી છે જે કુલ મુશ્કેલી વાળી બહેનોના ૨૦.૦૦ ટકા થાય છે. હોમસાયન્સ, વિજ્ઞાનપ્રવાહ, મેડીકલમાં અભ્યાસ કરતી બહેનોને અમુક પ્રકારના સાધનો પોતાના વસાવવા હોય છે જે સાધનો આદિવાસી બહેનો વસાવી શકતી નથી. સિવણ, હોમસાયન્સના નમુના બનાવવાના હોય છે તે માટે પણ મુશ્કેલી અનુભવવા હોય છે. ટયુશન ફી, આજકાલ ટ્યુશન ન રાખનાર વિદ્યાર્થીને કેટલું સહન કરવું પડે છે તે અમારા ક્ષેત્રકાર્યના સમય દરમ્યાન મીરાં કન્યા છાત્રાલયની એક આદિવાસી બહેને ઝેર ખાઇ આપઘાત કરવાનો પ્રયત્ન કર્યો હતો જેની પાછળ ટ્યુશનની બદી કામ કરતી હતી. આમ ટ્યુશન ન રાખનાર વિદ્યાર્થી પ્રત્યે દ્વેષભાવ રાખવામાં આવે છે. શૈક્ષણિક પ્રવાસો ફરજીયાત હોય છે. સરકારી મદદ ઉપરાંત વધારાના પૈસાની જરૂર પડતી હોય છે. વિદ્યાપીઠોમાં શિબિરોનું આયોજન કરવામાં આવે છે ત્યાં પણ પૈસાની વધુ જરૂર પડતી હોય છે. તેવી મુશ્કેલી છ બહેનોએ જણાવી હતી ખરેખર આ મુશ્કેલીઓ આદિવાસી ભાઇઓ અને બહેનો માટે ઘણી મોટી અને મહત્ત્વની કહી શકાય તેવી છે. તે માટે યોગ્ય વિચારવું જોઇએ. આ મુશ્કેલી ઊભી થવાના કારણો ત્રીસ બહેનોએ આપ્યા હતા જેમાં તેમને જણાવ્યું હતું કે આર્થિક સ્થિતિ નબળી હોવાનું અને ખેતીની આવક ઓછી હોવાના કારણો બતાવ્યા હતા. આ મુશ્કેલીઓ નિવારવાના કયા પ્રયત્નો કર્યા તેમાં વ્યાપારી પાસેથી

વ્યાજે મેળવ્યા તેવી આઠ બહેનો હતી, વેકેશનમાં મહેનત મજૂરી મેળવતી હોય તેવી પાંચ બહેનોના જવાબો હતા. કુટુંબીઓ પાસેથી ઉછીના મેળવનાર બે માતા-પિતા લાવી દે તેવા બે બહેનોના જવાબો હતા, નેશનલ લોન સ્કોલરશીપ મેળવવાનો પ્રયત્ન કરનાર પણ એક બહેન હતા. આમ અભ્યાસ દરમ્યાન પણ આર્થિક મુશ્કેલી તેમને સતત તનાવમાં રાખતી હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

શિષ્યવૃત્તિની જાણકારી દર્શાવતો કોઠો

| કુલ | જાણતા હતા | ના | જવાબ ન આપ્યા |
|---|---|---|---|
| ૧૫૦ | ૧૪૧ | ૫ | ૪ |
| ૧૦૦.૦૦ | ૯૮.૦૦ | ૩.૩૩ | ૨.૬૭ |

કોની પાસેથી જાણકારી મેળવી

| | | જવાબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | શાળાના સત્તાવાળાઓ પાસેથી | ૮૭ | ૩૮.૩૩ |
| ૨ | કોલેજના સત્તાવાળાઓ પાસેથી | ૬૯ | ૩૦.૪૦ |
| ૩ | કોલેજમાં ભણતા અમારી જાતિના એક વિદ્યાર્થી પાસેથી | ૨૧ | ૯.૨૫ |
| ૪ | કોલેજમાં ભણતી મિત્રો પાસેથી | ૧૮ | ૭.૯૩ |
| ૫ | સામાજિક કાર્યકર પાસેથી | ૧૫ | ૬.૬૧ |
| ૬ | સરકારી અધિકારીઓ તરફથી | ૧૦ | ૪.૪૦ |
| ૭ | સંચાલીકાબેન, પિતા | ૭ | ૩.૦૮ |
| | | ૨૨૭ | ૧૦૦.૦૦ |

કૉલેજમાં જોડાયા પછી શિષ્યવૃત્તિ માટે અરજી ક્યારે કરી

| | | જવાબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | દાખલ થયા પછી એક માસમાં | ૮૨ | ૫૬.૧૭ |
| ૨ | બે માસમાં | ૫૧ | ૩૪.૯૩ |
| ૩ | ત્રણ માસમાં | ૯ | ૬.૧૬ |
| ૪ | એ પછી | ૪ | ૨.૭૪ |
| | | ૧૪૬ | ૧૦૦.૦૦ |

આદિવાસી વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિની જાણકારી હતી કોની પાસેથી તે જાણકારી મેળવી તથા કૉલેજમાં જોડાયા પછી શિષ્યવૃત્તિ માટે અરજી ક્યારે કરી તે જાણકારી વિદ્યાર્થીનીઓ પાસેથી માગી હતી જેના જવાબો કોઠામાં જોઇ શકાય છે.૯૪.૦૦ ટકા વિદ્યાર્થીનીઓ પોતાને શિષ્યવૃત્તિ મળે છે તેની જાણકાર હતી ફક્ત પાંચ બહેનોને શિષ્યવૃત્તિ અંગે જાણકારી ન હતી. જ્યારે ચાર બહેનોએ કોઇ જવાબ આપ્યો ન હતો. મોટાભાગની બહેનો શિષ્યવૃત્તિ અંગે જાણકાર હતી. આ અંગેની જાણકારી કોની પાસેથી મેળવી તેના જવાબો એક કરતાં વધારે સંખ્યામાં મળ્યા હતા, શાળાના સત્તાવાળાઓ પાસેથી ૮૭ બહેનોના જવાબ હતા જે કુલ જવાબોના ૩૮.૩૩ હતા અને સૌથી વધારે હતી. કૉલેજના સત્તાવાળાઓ પાસેથી ૬૯ બહેનોના જવાબો હતા જે કુલ જવાબોની ૩૦.૪૭ ટકા થાય છે. પોતાની જાતિના વિદ્યાર્થીઓ પાસેથી જાણકારી મેળવનાર ૨૧ વિદ્યાર્થીનીઓ હતી જે કુલ જવાબના ૯.૨૫ ટકા હતા. આ ઉપરાંત મિત્રો પાસેથી સામાજિક કાર્યકર પાસેથી સરકારી અધિકારીઓ પાસેથી સંચાલકબેન, પિતા વગેરે પાસેથી માહિતી મેળવી હતી.

કૉલેજમાં જોડાયા પછી શિષ્યવૃત્તિ માટે એક માસમાં અરજી કરી હોય તેવી ૮૨ બહેનોના જવાબો હતા જે જવાબ આપનાર

કુલ બહેનોના ૫૬.૧૭ ટકા થાય છે. બે માસમાં કરનાર ૫૧ હતી જે ૩૪.૯૨ ટકા હતા. ત્રણ માસમાં કરનાર ૯ જવાબો હતા જે કુલ જવાબના ૬.૧૬ ટકા થાય છે એ પછી કરી હોય તેવા ૪ જવાબો હતા જે ૨.૭૪ ટકા થાય છે આમ મોટાભાગની બહેનોએ એક માસમાં અરજી કરી હતી પણ કેટલીક બહેનોએ ત્રણ માસ કે તેથી વધુ સમય પછી અરજી કરી હતી તે તેમની જાણકારીનો અભાવ કે કોલેજ કાર્યવાહીને નિષ્ક્રિયતા બતાવે છે. ઓછામાં ઓછા બે માસ સુધીમાં અરજી કરવી જોઇએ જો અરજી મોડી જાય તો કાર્યવાહી મોડી થાય અને વિદ્યાર્થીને સ્કોલરશીપ મોડી મળે જેથી આર્થિક મુશ્કેલી અનુભવવી પડે. આ માટે ખૂબ ઝડપી કાર્યવાહી થવી જોઇએ.

અરજી કરતી વખતે કોઇ મુશ્કેલી પડે છે

| કુલ | હા | ના | જવાબ નહી |
|---|---|---|---|
| ૧૫૦ | ૫૦ | ૯૦ | ૧૦ |
| ૧૦૦.૦૦ | ૩૩.૩૩ | ૬૦.૦૦ | ૬.૬૭ |

કેવા પ્રકારની મુશ્કેલી પડે છે.

| | | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | અધિકારીઓના સહી સિક્કા કરાવવામાં | ૩૧ | ૪૩.૬૬ |
| ૨ | દાખલા મેળવવામાં આવકનો દાખલો બી.સી. કાર્ડ વગેરે | ૩૨ | ૪૫.૦૭ |
| ૩ | ફોર્મ ભરવાની વિગતમાં | ૫ | ૭.૦૪ |
| ૪ | દર વર્ષે એકજ પ્રકારની માહિતી ભરવાની હોય છે. | ૩ | ૪.૨૩ |
| | | ૭૧ | ૧૦૦.૦૦ |

આ મુશ્કેલીઓ હલ થઇ શકે છે

| હા | ના |
| --- | --- |
| ૪૬ | - |

હલ કઇ રીતે થઇ શકે છે

| | | | |
| --- | --- | --- | --- |
| ૧ | અનેક ધક્કા ખાધા પછી | ૩૨ | ૬૯.૫૭ |
| ૨ | સત્તાવાળા, કલાર્ક, સરપંચ તલાટી મંત્રીની મદદથી | ૧૧ | ૨૩.૯૧ |
| ૩ | વતનમાં જઇને | ૨ | ૪.૩૫ |
| ૪ | કયારેક પૈસા પણ આપવા પડે છે | ૧ | ૨.૧૭ |
| | | ૪૬ | ૧૦૦.૦૦ |

શિષ્યવૃત્તિ માટે અરજી કરતી વખતે મુશ્કેલી પડે છે તેવી ૫૦ વિદ્યાર્થીનીઓ હતી જેમને જુદી જુદી ચાર પ્રકારની ફરિયાદ કરી હતી. ૩૧ ફરિયાદ અધિકારીઓના સહી સિક્કા કરાવવામાં મુશ્કેલી પડે છે જે કુલ ફરીયાદના ૪૩.૬૬ ટકા થાય છે. ફોર્મમાં યોગ્ય અધિકારીના સહી સિક્કાં ન થાય તો ફાર્મ પાસ થાય નહી તે માટે તેમને ધક્કા ખાવા પડે છે. ૩૨ વિદ્યાર્થીનીઓએ દાખલા મેળવવામાં જેમાં આવકનો દાખલો, જાતિનો દાખલો વગેરે મેળવવામાં જે કુલ ફરીયાદોના ૪૫.૦૭ ટકા થાય છે. ૫ વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવાની વિગતોમાં મુશ્કેલી દર્શાવી હતી જ્યારે ૩ વિદ્યાર્થીનીઓએ દર વર્ષે એકજ પ્રકારની માહિતી મેળવવામાં મુશ્કેલી દર્શાવી હતી. આમ અધિકારીઓના સહી સિક્કા અને જાતિના આવકના દાખલાઓની ફરીયાદ મુખ્ય કરી હતી.

ઉપરોકત મુશ્કેલીઓ હલ થઇ શકે છે તેવા પ્રશ્નમાં ૪૬ બહેનોએ હા માં જવાબ આપ્યા હતા. ૩૨ બહેનોએ અનેક ધક્કા ખાધાં પછી

૧૧ બહેનોએ સત્તાવાળા, કલાર્ક, સરપંચ, તલાટી મંત્રીની મદદથી બે બહેનોએ વતનમાં જઇ અને એક બહેને તો કયારેક ચાલતો કરી હલ કરવી પડે છે. તેવું પણ જણાવ્યું હતું હલ થઇ શકે છે પણ અનેક ધક્કા ખાધા બાદ હલ થઇ શકે છે આની પાછળ વિદ્યાર્થીનીઓનો સમય અને પૈસા બન્નેનો બગાડ થાય છે તેવું સ્પષ્ટ દેખાય છે.

અરજી કર્યા પછી તમને શિષ્યવૃત્તિની સૌથી પહેલી ઉચ્ચક રકમ કયારે મળી

| | | | |
|---|---|---|---|
| ૧ | એક માસ પછી | ૨ | ૨.૪૪ |
| ૨ | બે માસ પછી | ૨ | ૨.૪૪ |
| ૩ | ત્રણ માસ પછી | ૭ | ૮.૫૪ |
| ૪ | ચાર માસ પછી | ૭ | ૮.૫૪ |
| ૫ | પાંચ માસ પછી | ૫૮ | ૭૦.૭૨ |
| ૬ | વર્ષાન્તે | ૬ | ૭.૩૨ |
| | | ૮૨ | ૧૦૦.૦૦ |

અરજી કર્યા પછી ઉચ્ચક રકમ કયારે મળી એવા સવાલના જવાબો ૮૨ બહેનોએ આપ્યા હતા બાકીની બહેનોએ કોઇ જવાબો આપ્યા ન હતા. અરજી કર્યા પછીના સમયમાં ઉચ્ચક રકમની થયેલી ચૂકવણી અંગેની વિગતોના વિશ્લેષણ પરથી જણાય છે કે અરજી કર્યા પછી પ્રથમ માસમાં કુલ સંખ્યાના માત્ર ૨.૪૪ અને બીજા માસમાં ૨.૪૪ ટકા ચૂકવણી થઇ હતી. ત્રણ માસ પછી ૮.૫૪ ટકા અને ચાર માસ પછી પણ ૮.૫૪ ટકા ચૂકવણી થઇ હતી જયારે પાંચ માસ પછી ઉચ્ચક રકમ મળી હોય તેવી સૌથી વધારે બહેનો હતી જે ૭૦.૭૨ ટકા થાય છે જયારે વર્ષાન્તે શિષ્યવૃત્તિ મળી હોય તેવી ૭.૩૨ ટકા બહેનો હતી. આમ મોટાભાગની બહેનોને કોલેજ ઉઘડયા પછીના સત્રના અંત સુધીમાં ઉચ્ચક રકમ આપવાનું નોંધાયું હતું જયારે કેટલીક બહેનોને વર્ષાન્તે રકમ મળી હોય તેવું નોંધાયું

હતું. આમ કૉલેજ ઉઘડયા પછીના ચારપાંચ માસ સુધી શિષ્યવૃત્તિની કોઇ રકમ વિના ચલાવવું પડયું હતું. કેટલાકને વર્ષાન્તે સ્કોલરશીપ મળી હતી તેમને લગભગ આખું વર્ષ અન્ય સ્થળેથી સહાય મેળવીને ચલાવવાની આવશ્યકતા ઊભી થઇ હતી.

ઉચ્ચક રકમ ન હતી મળી ત્યાં સુધીમાં ખર્ચની રકમ કયાંથી મેળવતા

| | | | |
|---|---|---|---|
| ૧ | માતા-પિતા પાસેથી | ૧૪૦ | ૭૯.૧૦ |
| ૨ | મિત્રો પાસેથી | ૪ | ૨.૨૬ |
| ૩ | સંબંધીઓ પાસેથી | ૩૨ | ૧૮.૦૮ |
| ૪ | અન્ય સ્થળેથી | ૧ | ૦.૫૬ |
| | | ૧૭૭ | ૧૦૦.૦૦ |

ઉચ્ચક રકમ મળ્યાં પહેલાં કઇ કઇ ફી ભરવી પડી હતી

| | | | |
|---|---|---|---|
| ૧ | દાખલ ફી | ૯૦ | ૩૪.૭૫ |
| ૨ | ભોજન ખર્ચ | ૪૦ | ૧૫.૪૪ |
| ૩ | છાત્રાલય ફી | ૬૬ | ૨૫.૪૯ |
| ૪ | ખિસ્સા ખર્ચ | ૬૩ | ૨૪.૩૨ |
| | | ૨૫૯ | ૧૦૦.૦૦ |

ઉચ્ચક રકમ ન હતી મળી ત્યાં સુધીમાં ખર્ચની રકમ કયાંથી મેળવતા તેવા પ્રશ્નના જવાબમાં ૧૪૦ જવાબ માતાપિતા પાસેથી મેળવતા હતા તેવા હતા જે કુલ જવાબના ૭૯.૧૦ ટકા થાય છે. ત્યારપછી સંબંધીઓ પાસેથી મેળવતા જવાબ ૩૨ હતા જે કુલ જવાબના ૧૮.૦૮ ટકા હતા મિત્રો પાસેથી ૪ અને અન્ય સ્થળેથી એક જવાબ મળી ૧૦૦ જવાબો મળ્યાં હતા. ઉચ્ચક રકમ મળ્યા પહેલાં કઇ કઇ ફી ભરવી પડી હતી તેવા એક સવાલના જવાબમાં જણાવ્યા પ્રમાણે એક કે તેથી વધુ પ્રકારની ફી ભરનારી બહેનોમાં દાખલ ફી

૯૦, ભોજન ખર્ચ ૪૦, છાત્રાલય ફી ૬૬ અને ખિસ્સા ખર્ચ ૬૩ વિદ્યાર્થીનીઓએ જણાવ્યું હતું. વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીનીઓ જ્યારે કોલેજમાં દાખલ થાય ત્યારે પ્રવેશ ફી, રમતગમતફી, પુસ્તકાલય ફી, પ્રયોગશાળા ફી વગેરે ભરવાની હોય છે. છાત્રાલયમાં રહે તો અનામત પણ ભરવાની હોય છે.

હાલ સ્કોલરશીપની રકમ જે મળે છે તે ખર્ચને પહોંચી વળવા પૂરતી છે કે અપૂરતી તે દર્શાવતો કોઠો જોઈએ તો ફક્ત ૧૯ બહેનોએ પૂરતી છે તેવો જવાબ આપ્યો હતો જે કુલ બહેનોના જવાબના ૧૨.૬૭ ટકા થાય છે. જ્યારે ૧૨૭ બહેનોએ અપૂરતી છે તેવું જણાવ્યું હતું એટલેકે ૮૪.૬૭ ટકા બહેનોએ આ રકમ ઓછી જણાવી છે. જ્યારે ચાર બહેનોએ કોઈ જવાબ આપી શકી નથી આમ આમાં મોટાભાગની બહેનોએ આ રકમ અપૂરતી છે તેવું સ્પષ્ટ જણાવ્યું છે. આ રકમ ઓછી છે તેના કારણો બહેનોએ જુદા જુદા ૧૮૩ કારણો જણાવ્યા હતા જેમાં ભોજનબીલ વધુ તેવું કારણ, ૧૫ બહેનોએ આપ્યું હતું જે કુલ કારણના ૮.૨૦ ટકા થાય છે. ભાડા ખર્ચનો વધારો ૩૨ બહેનોએ બતાવ્યો હતા ભાડા ખર્ચમાં અપડાઉન કરતી બહેનો તથા હોસ્ટેલથી કોલેજ દૂર હોય તો સીટી બસનું ભાડું, બી.એડ. કરતી બહેનોએ પણ આપવા જવું પડે છે. વગેરે ઘણી લીધા છે. જ્યારે ૭૨ બહેનોના જવાબો પુસ્તક પુરતા ખરીદી શકાતા નથી જે કુલ જવાબના ૩૯.૩૪ ટકા થાય છે. કપડાં અન્ય પરચુરણ ખર્ચ વધારે આવે છે તેવું ૩૫ બહેનોના જવાબો હતા જે કુલ જવાબોના ૧૯.૧૩ ટકા થાય છે. અભ્યાસ માટે ખર્ચ કરી શકે તેવી આર્થિક સ્થિતિ નથી તેવા ૧૬ બહેનોના જવાબો હતા જે કુલ જવાબોના ૮.૭૪ ટકા થાય છે. ટ્યુશન ફી વધારે લે છે તેવા ૮ બહેનોના જવાબો હતા જે કુલ જવાબોના ૪.૩૭ ટકા થાય છે. ટ્યુશનએ અભ્યાસ માટે અનિવાર્ય બાબત થઈ ગઈ છે. ટ્યુશન ન કરે તો સારા ટકા મેળવી ન શકાય તેવી એક ખોટી માન્યતા એ આદિવાસી બહેનોને પણ આર્થિક બોજામાં ધકેલી દીધી છે.

સ્કોલરશીપની રકમ વાર્ષિક ખર્ચને પહોંચી વળવા પૂરતી છે કે અપૂર્તી દર્શાવતો કોઠો

| કુલ વિદ્યાર્થીનીઓ | હા | ના | જવાબ નથી આપ્યા |
|---|---|---|---|
| ૧૫૦ | ૧૯ | ૧૨૭ | ૪ |
| ૧૦૦.૦૦ | ૧૨.૬૭ | ૮૪.૬૭ | ૨.૬૬ |

' ના ' જવાબ માટેના કારણો

| | | | |
|---|---|---|---|
| ૧ | ભોજન બીલ વધુ | ૧૫ | ૮.૨૦ |
| ૨ | ભાડાના ખર્ચ વધારે ( પાઠ આપવા જવામાં ) | ૩૨ | ૧૭.૪૯ |
| ૩ | પુસ્તક પુરતા ખરીદી શકાતા નથી | ૭૨ | ૩૯.૩૪ |
| ૪ | કપડાં તથા અન્ય પરચુરણ ખર્ચ | ૩૫ | ૧૯.૧૩ |
| ૫ | અભ્યાસ માટે ખર્ચ કરી શકે તેવી આર્થિક સ્થિતિ ન હોવાથી | ૧૬ | ૮.૭૪ |
| ૬ | ટયુશન ફી વધારે લે છે. | ૮ | ૪.૩૭ |
| ૭ | પ્રવાસ, પરીયટન જઇ શકાતું નથી | ૧ | ૦.૫૫ |
| ૮ | મનોરંજન લાભ મળતો નથી | ૨ | ૧.૦૯ |
| ૯ | હોસ્ટેલમાં સ્કોલરશીપ ન કાપવી જોઇએ | ૧ | ૦.૫૫ |
| ૧૦ | બાહયજ્ઞાનના પુસ્તકો, બાહય ફાળાઓ આપવા પડે છે. | ૧ | ૦.૫૫ |
| | | ૧૮૩ | ૧૦૦.૦૦ |

પ્રવાસ, પરીયટન જઇ શકાતું નથી એવું એક બહેને જણાવ્યું હતું. મનોરંજનનો લાભ મળતો નથી તેવું બે બહેનોના જવાબો હતા જ્યારે હોસ્ટેલમાં જે સ્કોલરશીપ કાપવામાં આવે છે તે ન કાપવી જોઇએ તેવો એક બહેનનો જવાબ છે. આ ઉપરાંત બાહ્યજ્ઞાનના પુસ્તકો, વર્ષ દરમ્યાન ફંડ ફાળાઓ વગેરેમાં મુશ્કેલી પડે છે તેવો એક એક બહેને જવાબ આપ્યો છે. આ સ્કોલરશીપ અપૂર્તી હોવાના કારણો ઉપરથી જોઇ શકાય છે કે શિક્ષણ કેટલું મોંઘું છે. જ્યારે તેની સરખામણી માંજે સ્કોલરશીપની રકમ મળે છે તે તો ઘણી અપૂરતી કહી શકાય.

સ્કોલરશીપની રકમમાં વધારો કરવો જોઇએ તે દર્શાવતો કોઠો ( હા ના ટકા )

| કુલ વિદ્યાર્થીઓ | કરવો જોઇએ | ના | કોઇ જવાબ નહી |
|---|---|---|---|
| ૧૫૦ | ૧૨૦ | ૧૭ | ૧૩ |
| ૧૦૦.૦૦ | ૮૦.૦૦ | ૧૧.૩૩ | ૮.૬૭ |

હાલમાં મળતી સ્કોલરશીપની રકમ અપૂર્તી છે તે અગાઉના કોઠા દ્વારા જોયું. સ્કોલરશીપની રકમમાં વધારો કરવો જોઇએ તેવા સવાલના જવાબમાં ૧૨૦ બહેનોએ હા માં જવાબ આપ્યા હતા જે કુલ બહેનોના ૮૦.૦૦ ટકા થાય છે. જવાબ નહી આપનાર બહેનોની સંખ્યા ૧૩ હતી જે કુલ બહેનોના ૮.૬૭ ટકા થાય છે. ના કહેનાર ૧૭ બહેનો હતી જે તપાસેલ કુલ બહેનોના ૧૧.૩૩ ટકા થાય છે. સ્કોલરશીપની રકમ ઓછી પડે છે અને તેમાં વધારો કરવો જોઇએ એ જેથી ગરીબ મા-બાપની છોકરીઓ ઉચ્ચ અભ્યાસ મેળવી શકે. તપાસમાં લીધેલ એકસો પચાસ બહેનોમાંથી ૧૭ બહેનો

એવી હતી કે જેમને સ્કોલરશીપની રકમમાં વધારો કરવાનું સૂચવ્યું નથી ઘણા ઓછા કુટુંબો છે કે સ્કોલરશીપ ઉપરાંત વધારે ખર્ચ કરી શકવા શકિતમાન છે. વળી તપાસમાં લીધેલ ઉચ્ચ અભ્યાસ કરતી બહેનોના કુટુંબીઓની આવક અન્ય આદિવાસી કુટુંબો કરતાં વધારે છે તે વ્યવસાય દર્શાવતા કોઠા ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવે છે કે કુટુંબની એકાદ વ્યકિત નોકરી, ધંધો કરી આવક મેળવે છે. તેવા કુટુંબોમાં પણ આ રકમ ઓછી પડતી હોય તો હજુ ગામડામાં રહી ખેતી અને ખેત મજૂરી ઉપર આધારીત કુટુંબોના બાળકો તો સ્કોલરશીપ વિના ભણી શકે કે કેમ તે તપાસનો વિષય થઇ પડે. કેટલો વધારો કરવો જોઇએ તેના જવાબમાં અત્યારે જે મળે છે તેના ઉપરાંત માસિક ૨૦થી ૫૦ રૂપિયા સુધીના વધારોની માગણી કરવામાં આવી હતી.

સ્કોલરશીપની રકમ અપૂર્તિ હોવાને કારણે બીજેથી
આર્થિક સહાય મેળવી તે દર્શાવતો કોઠો

| કુલ | મદદ મેળવનાર | ન મેળવનાર |
|---|---|---|
| ૧૫૦ | ૮૫ | ૬૫ |
| ૧૦૦.૦૦ | ૫૬.૬૭ | ૪૩.૩૩ |

કયાંથી મદદ મેળવી

| | | | |
|---|---|---|---|
| ૧ | શિક્ષિકાબેન પાસેથી | ૨ | ૨.૭૮ |
| ૨ | માતા-પિતા | ૧૯ | ૨૬.૩૯ |
| ૩ | શાહુકાર વેપારી | ૩ | ૪.૧૭ |
| ૪ | સગાસંબંધી | ૧૨ | ૧૬.૬૭ |
| ૫ | પડોશી, કુટુંબીજનો તથા જાતિભાઇ | ૫ | ૫.૫૬ |
| ૬ | બેન | ૩ | ૪.૧૭ |

ચાલુ..

| | | | |
|---|---|---|---|
| ૭ | કાકા | ૩ | ૪.૧૭ |
| ૮ | ભાઇ | ૯ | ૧૨.૫૦ |
| ૯ | મામા માસી | ૭ | ૯.૭૨ |
| ૧૦ | લોન સ્કોલરશીપ | ૨ | ૨.૭૮ |
| ૧૧ | બહેનપણી પાસેથી | ૨ | ૨.૭૮ |
| ૧૨ | ફોઇના છોકરા પાસેથી | ૧ | ૧.૩૯ |
| ૧૩ | સામાજીક કાર્યકર | ૧ | ૧.૩૯ |
| ૧૪ | બનેવી પાસેથી | ૧ | ૧.૩૯ |
| ૧૫ | કામવાળી બેન પાસેથી | ૧ | ૧.૩૯ |
| ૧૬ | જંગલ સરકારી મંડળીમાંથી | ૧ | ૧.૩૯ |
| | | ૭૨ | ૧૦૦.૦૦ |

શા માટે આર્થિક સહાય મેળવી પડી

| | | | |
|---|---|---|---|
| ૧ | પુસ્તકો ખરીદવા | ૩૧ | ૩૦.૬૯ |
| ૨ | ભોજન ખર્ચ, કપડાં ખરીદવા | ૪૩ | ૪૨.૫૭ |
| ૩ | પેકટીકલ સાધનો, શિવણ | ૫ | ૪.૯૫ |
| ૪ | ભાડાખર્ચ માટે | ૧૨ | ૧૧.૮૮ |
| ૫ | કલાસ ફી | ૬ | ૫.૯૪ |
| ૬ | ખીસ્સા ખર્ચ | ૨ | ૧.૯૯ |
| ૭ | એડમિશન માટે | ૨ | ૧.૯૯ |
| | | ૧૦૧ | ૧૦૦.૦૦ |

આ મદદ ન મળી હોય તો શું કરયું હોત

| | | | |
|---|---|---|---|
| ૧ | અભ્યાસ છોડી દીધો હોત | ૩૦ | ૪૩.૪૮ |
| ૨ | મજૂરી કરવી પડી હોત | ૭ | ૧૦.૧૪ |
| ૩ | એડમિશન ન મળ્યું હોત | ૧ | ૧.૪૫ |
| ૪ | વ્યાજે લેવા પડયા હોત | ૧૧ | ૧૫.૯૪ |
| ૫ | પુસ્તકો વિના ચલાવું પડત કલાસ ન કરત | ૪ | ૫.૮૦ |
| ૬ | ઉચ્ચ અભ્યાસ થઇ ન શકયો હોત | ૧૧ | ૧૫.૯૪ |
| ૭ | અન્ય ખર્ચમાં કાપ મૂકવો પડત | ૧ | ૧.૪૫ |
| ૮ | ભણવા માટે આ વ્યાજ ન હોત | ૪ | ૫.૮૦ |
| | | ૬૯ | ૧૦૦.૦૦ |

સ્કોલરશીપની રકમ અપૂર્તી હોવાને કારણે બીજેથી આર્થિક સહાય મેળવનાર ૮૫ બહેનો હતી જે કુલ બહેનોના ૫૬.૬૭ ટકા થાય છે તેમને જુદી જુદી સોળ વ્યકિતઓ પાસેથી આ મદદ મેળવી છે તે કોઠામાં જોઇ શકાય છે જેમાં સૌથી વધારે માતા-પિતા અને સગાસંબંધી પાસેથી મેળવનાર છે. જે કુલ ૭૨ જવાબોના ૨૬.૩૯ ટકા અને ૧૬.૬૭ ટકા થાય છે.આ સિવાય પડોશી, કુટુંબીજનો, સગા સંબંધીમાં આવતા હોવા છતાં વધુ જાણકારી માટે વિગતે દર્શાવ્યું છે. લોન સ્કોલરશીપ દ્વારા બે અને જંગલ સહકારી મંડળીમાંથી એક બેને સહાય મેળવી અભ્યાસ ચાલુ રાખેલો જોઇ શકાય છે.

આ સહાય શા માટે મેળવી તેના જુદા જુદા ૧૦૧ જવાબો મળ્યાં હતા જેના જવાબો અગાઉના કારણોને મળ્યા જ હતા જેમાં સૌથી વધારે પુસ્તકો ખરીદવા અને ભોજનખર્ચ તથા કપડાં ખરીદવા માટે મેળવ્યા હતા જે અનુક્રમે કુલ જવાબના ૩૦.૬૯ અને ૪૨.૫૭ ટકા થાય છે. આ સિવાય પ્રેકટીકલના સાધનો ખરીદવા, ભાડાખર્ચ માટે ૧૨, કલાસી ફી ૬, ખીસ્સા ખર્ચ-૨ અને એડમિશન માટે ૨ બહેનોએ આર્થિક સહાય મેળવવી પડી હતી.

આ મદદ ન મળી હોત તો તેવા સવાલના જવાબમાં જુદા જુદા આઠ કારણો ૬૯ બહેનોએ આપ્યા હતા. ૩૦ બહેનોએ અભ્યાસ છોડી દીધો હોત, ૭ બહેનોએ મજૂરી કરવી પડી હોત, ૧ બહેને એડમિશન ન મળ્યું હોત, ૧૧ બહેનોએ ઉછીના લેવા પડયા હોત, ૪ બહેનોએ પુસ્તકો વિના ચલાવ્યું હોત, કલાસ ન કરત, ૧૧ બહેનોએ ઉચ્ચ અભ્યાસ થઇ ન શકયો હોત, ૪ બહેનોએ ભણવા આવ્યા જ ન હોત અને ૧ બહેને અન્ય ખર્ચમાં કાપ મૂકયો હોત તેવા જવાબો આપ્યા હતા. જો આ મદદ ન મળે તો એકલી સ્કોલરશીપના આધારે બહેનો ઉચ્ચશિક્ષણ મેળવી શકે નહી તેવું સ્પષ્ટ ઉપરોકત કોઠામાંથી જાણી શકાય છે.

આદિવાસી વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ન અપાય તો ખૂબ મુશ્કેલીમાં મૂકાય છે તેના પ્રત્યાઘાત દર્શાવતો કોઠો

| | | | |
|---|---|---|---|
| ૧ | સંપૂર્ણપણે સાચું | ૧૦૫ | ૬૬.૦૪ |
| ૨ | સાચુ | ૪૯ | ૩૦.૮૨ |
| ૩ | બહુ સાચું નહીં | ૪ | ૨.૫૨ |
| ૪ | ખોટું | ૧ | ૦.૬૨ |
| | | ૧૫૯ | ૧૦૦.૦૦ |

સ્કોલરશીપ સમયસર મળે તે માટેના ઉપાયો

| | | | |
|---|---|---|---|
| ૧ | ઝડપી કાર્યવાહી કરવી જોઇએ | ૬૫ | ૫૪.૧૭ |
| ૨ | સંસ્થાઓએ એડવાન્સ મદદ કરવી જોઇએ | ૫ | ૪.૧૭ |
| ૩ | ફોર્મ સમયસર ભરવા અને જલદી મંજૂર કરવા જોઇએ | ૧૧ | ૯.૧૬ |
| ૪ | દાખલ થતા પહેલાં રકમ મળવી જોઇએ | ૧૬ | ૧૩.૩૩ |
| ૫ | કોલેજ શરૂ થયાને એક બે માસમાં અચૂક મળવા જોઇએ. | ૮ | ૬.૬૭ |

ચાલુ..

| | | | |
|---|---|---|---|
| ૬ | હપ્તે હપ્તે સ્કોલરશીપ આપવી જોઈએ ( દર માસનો હપ્તો ) | ૯ | ૭.૫૦ |
| ૭ | ધક્કા ન ખવડાવવા અને અરજી કેન્સલ ન કરવી જોઈએ. | ૨ | ૧.૬૭ |
| ૮ | ફોર્મ મંજૂર થાય તેની જાણકારી વિદ્યાર્થીને તાત્કાલીક થવી જોઈએ | ૪ | ૩.૩૩ |
| | | ૧૨૦ | ૧૦૦.૦૦ |

અગાઉ જોયું કે સ્કોલરશીપના ફોર્મ ભર્યા પછી એકહોક રકમ કયારે મળે છે તો મોટાભાગની વિદ્યાર્થીનીઓના જવાબ પાંચ માસ પછી જ મળે છે તેવા હતા તે અગાઉ જોયું આ રકમ સમયસર ન મળે તો ખૂબ મુશ્કેલીમાં મૂકાય છે તેના પ્રત્યાઘાત દર્શાવતો કોઠો જોઈએ તો સંપૂર્ણપણે સાચું એવું ૧૦૫ બહેનોએ જણાવ્યુ હતું જયારે સાચું એવું ૪૯ બહેનોએ જણાવ્યું હતું. જે કુલ બહેનોના અનુક્રમે ૬૬.૦૪ અને ૩૦.૮૨ ટકા થાય છે. જયારે બહુ સાચુ નહી તેવા-૪, ખોટું તેવો ફકત ૧ બહેનો પ્રત્યાઘાત હતો આ. ઉપરથી એમ લાગે છે કે સમયસર શિષ્યવૃત્તિ ન મળવાથી ઘણી મુશ્કેલી વધી જાય છે.

આ સ્કોલરશીપ સમયસર મળે તે માટેના ઉપાયો માટેના સૂચનો માગ્યા હતા. વિદ્યાર્થીનીઓ તરફથી જુદા જુદા આઠ સૂચનો એકસો વીસ બહેનોએ આપ્યા હતા. ૬૫ બહેનોએ ઝડપી કાર્યવાહી કરવી જોઈએ, ૫ બહેનોએ સંસ્થાઓએ એડવાન્સ મદદ કરવી જોઈએ, ૧૧ ફોર્મ સમયસર ભરવા અને જલદી મંજૂર કરવા જોઈએ. ૧૬ દાખલ થતાં પહેલાં રકમ મળવી જોઈએ. ૮ બહેનોએ કોલેજ શરૂ થયાને એક બે માસમાં અચૂક મળવા જોઈએ. ૯ બહેનોએ હપ્તે હપ્તે સ્કોલરશીપ આપવી જોઈએ ( દર માસનો હપ્તો ) ૨ બહેનોએ ધક્કા ન ખવડાવવા અને અરજી કેન્સલ ન કરવી જોઈએ. જયારે ૪, બહેનોએ ફોર્મ મંજૂર થાય તેની જાણકારી વિદ્યાર્થીનીઓને તાત્કાલીક

થવી જોઇએ આમ ઉપરોક્ત ઘણા બધા કારણો જાણવા મળ્યાં હતા. મોટાભાગના કારણો વહીવટી હતા જો તે કાર્યવાહી ઝડપી બનાવી દેવામાં આવે તો પણ વિદ્યાર્થીઓને રાહત થઇ શકે તેમ છે. વળી અરજી કેન્સલ થાય કે સ્કોલરશીપ અડધી મંજૂર થાય ત્યારે વિદ્યાર્થીઓ ઘણા મુશ્કેલીમાં મૂકાઇ જાય છે.

**શિષ્યવૃત્તિ અંગેની મુશ્કેલીઓ માટે કોને મળો છો ?**

| | | | |
|---|---|---|---|
| ૧ | કોલેજના સત્તાવાળાઓને | ૧૧૪ | ૫૭.૦૦ |
| ૨ | મિત્રોને | ૧૩ | ૬.૫૦ |
| ૩ | જાણકાર સંબંધીઓને | ૭ | ૩.૫૦ |
| ૪ | સામાજિક કાર્યકરને | ૧૮ | ૯.૦૦ |
| ૫ | સરકારી અધિકારીઓને | ૪૫ | ૨૨.૫૦ |
| ૬ | કોઇને નહીં | ૧ | ૦.૫૦ |
| ૭ | અન્ય | ૨ | ૧.૦૦ |
| | | ૨૦૦ | ૧૦૦.૦૦ |

**આદિવાસીઓને આ સ્કોલરશીપ આપવા પાછળનો ભારત સરકારનો શો આશય છે.**

| | | | |
|---|---|---|---|
| ૧ | આદિવાસી ઉચ્ચશિક્ષણ મેળવે આગળ વધી શકે | ૧૦૧ | ૪૮.૩૨ |
| ૨ | જીવન ધોરણ સુધરે ઝડપી પરિવર્તન આવે | ૨૦ | ૯.૫૭ |
| ૩ | અન્ય સમાજની સાથે આગળ વધી શકે | ૯ | ૪.૩૧ |
| ૪ | આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે | ૧૨ | ૫.૭૪ |
| ૫ | આર્થિક સ્થિતિ સુધરે પગભર થઇ શકે | ૩૯ | ૧૮.૬૬ |
| ૬ | દેશમાં નિરક્ષારતાનું પ્રમાણ ઘટે | ૨ | ૦.૯૬ |
| ૭ | આદિવાસીઓ ઉચ્ચશિક્ષણ મેળવી શકે પુસ્તક ખરીદી શકે, આર્થિક મદદ | ૨૬ | ૧૨.૪૪ |
| | | ૨૦૯ | ૧૦૦.૦૦ |

<u>ભારત સરકારની આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના ન હોય તો આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ ન મેળવી શકયા હોત ?</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | સંપૂર્ણ સાચું | ૭૩ | ૪૯.૩૨ |
| ૨ | મહદ્અંશે સાચું | ૬૩ | ૪૨.૫૭ |
| ૩ | અંશત સાચું | ૧૧ | ૭.૪૩ |
| ૪ | ખોટું | ૧ | ૦.૬૮ |
| | | --- | ----- |
| | | ૧૪૮ | ૧૦૦.૦૦ |

- જો ભારત સરકાર શિષ્યવૃત્તિની યોજના પાછી ખેંચી લે તો આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ પ્રશ્નિ પર શી અસર પડશે ?

| | | | |
|---|---|---|---|
| ૧ | આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ નહી લઇ શકે | ૫૦ | ૨૯.૨૪ |
| ૨ | આદિવાસી વિદ્યાર્થીઓ માટે કોલેજ ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ હોવાથી કોલેજ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓનું પ્રમાણ ખૂબ ઘટી જશે. | ૧૨૦ | ૭૦.૧૮ |
| ૩ | સ્કોલરશીપ વિના પણ આદિવાસી વિદ્યાર્થીઓ આજની જેમ ભણી શકશે. | ૧ | ૦.૫૮ |
| | | ---- | ----- |
| | | ૧૭૧ | ૧૦૦.૦૦ |

' ભારત સરકારની આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના ન હોત તો આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ ન મેળવી શકયા હોત ' એવા એક વિધાન અંગે બહેનોનું મંતવ્ય પૂછવામાં આવ્યું હતું. ૧ બહેને ખોટું, ૧૧ બહેનોએ અંશત સાચું, ૬૩ બહેનોએ મહદ્અંશે સાચું ૭૩, બહેનોએ સંપૂર્ણ સાચું હોવાનું જણાવ્યું હતું, જે કુલ જવાબોના ૪૯.૩૨ ટકા સૌથી વધારે હતું. જયારે મહદઅંશે સાચું કહેનાર ૪૨.૫૭ ટકા બહેનો હતી. ફકત ૭.૪૩ ટકા બહેનોએ અંશતઃ સાચું કહયું હતું. જયારે ૦.૬૮ ટકા બહેને ખોટું કહયું હતું.

જો ભારત સરકાર શિષ્યવૃત્તિની યોજના પાછી ખેંચી લેતો ઉચ્ચશિક્ષણ પર શી અસર પડશે તે સવાલના જવાબો જોઇએ તો ૫૦ બહેનોએ આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ નહી લઇ શકે તેવું જણાવ્યુXસ્રુ હતું, જયારે ૧૨૦ વિદ્યાર્થીનીઓને આદિવાસી વિદ્યાર્થીઓ માટે કોલેજ ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ હોવાથી કોલેજ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓનું પ્રમાણ ખૂબ ઘટી જશે. જયારે એક બહેનો જવાબ હતો કે સ્કોલરશીપ વિના પણ જાણી શકશે સમગ્ર કોઠાનું તારણ જોઇએ તો આદિવાસી વિદ્યાર્થીઓ માટે આજે પણ સ્વખર્ચે ઉચ્ચ અભ્યાસ થઇ શકે તેમ નથી તે સ્પષ્ટ દેખાય છે.

આ યોજના ભારત સરકારે બંધ કરવી જોઇએ ? તેના જવાબ અને કારણો

| કુલ વિદ્યાર્થીનીઓ | હા | ના | જવાબ ન મળ્યો |
|---|---|---|---|
| ૧૫૦ | - | ૧૪૫ | ૫ |
| ૧૦૦.૦૦ | | ૯૬.૬૭ | ૩.૩૩ |

| | 'ના' નો તેના કારણો | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | હજુ આર્થિક સ્થિતિ સુધરી નથી | ૬૯ | ૫૧.૮૮ |
| ૨ | આ મદદથી આગળ અભ્યાસ કરવાનું પ્રોત્સાહન મળે છે. | ૨૪ | ૧૮.૦૫ |
| ૩ | આદિવાસી શિક્ષણમાં સુધારો થઇ શકશે. | ૧૧ | ૮.૨૭ |
| ૪ | આદિવાસીઓને આગળ લાવવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે કેટલાકને તો ખ્યાલ પણ નથી, જેથી આગળ ભણતા નથી. | ૧૧ | ૮.૨૭ |
| ૫ | આ મદદ મળવાથી ઓછી મુશ્કેલી પડે છે. | ૧૮ | ૧૩.૫૩ |
| | કુલ | ૧૩૩ | ૧૦૦.૦૦ |

૬ આ ઉપરાંત કેટલાક કારણો જણાવ્યા હતા જેવાકે હજુ કેટલાક ભણી શકે તેમ નથી, પ્રમાણ ઘટી જશે, ડૉકટરી ઇજનેરી લાઇનમાં જઇ શકશે નહીં, અભ્યાસ છોડી મજૂરી કરવી પડે, વગેરે કારણો વિદ્યાર્થીનીઓએ જણાવ્યા હતા.

આ યોજના બંધ કરવી જોઇએ એવા સવાલને પાંચ અપવાદ બાદ કરતાં બધાએ નકારમાં જવાબ આપ્યા હતા. એ ઉપરના કોઠામાં જોઇ શકાય છે.

તેમના આપેલા કારણો પરથી જોઇ શકાય છે કે હજુ આર્થિક સ્થિતિ સ્વતંત્ર કોઇપણની મદદ સિવાય અભ્યાસ કરી શકે તેમ નથી તેવા ૬૯ બહેનોના જવાબો હતા જે કુલ જવાબના ૫૧.૮૮ ટકા થયા છે. આ મદદથી આગળ અભ્યાસ કરવાનું પ્રોત્સાહન મળે છે. તેવા ૨૪ જવાબો હતા જે કુલ જવાબના ૧૮.૦૫ ટકા થાય છે. ત્રીજો જવાબ આદિવાસી શિક્ષણમાં સુધારો થઇ શકશે. તેવા ૧૧ જવાબો હતા જે કુલ જવાબના ૮.૨૭ ટકા થાય છે. આદિવાસીઓને આગળ લાવવાનો આ શ્રેષ્ઠ ઉપાય છે. કેટલાકને તો ખ્યાલ પણ નથી જેથી આગળ ભણતા નથી તેવા જવાબો અગિયાર બહેનોએ આપ્યા હતા જયારે ૧૮ બહેનોએ જણાવ્યું હતું કે આ મદદ મળવાથી ઓછી મુશ્કેલી પડે છે જે કુલ જવાબના ૧૩.૫૩ ટકા થાય છે. ઉપરોક્ત કારણો ઉપરથી જોઇ શકાય છે કે આ મદદ બંધ થાય તો શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઘટી જશે.

<u>વિદ્યાશાખા પસંદ કરવાના કારણો</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | મારી શાળામાં હું આ વિષયો ભણી છું. | ૫૮ | ૩૨.૯૫ |
| ૨ | અત્યારના અભ્યાસના વિષયમાં નિપૂણ થવાની મારી મહેચ્છા છે. | ૮૫ | ૪૮.૩૦ |
| ૩ | નોકરી બહુ જલદી મળે છે. | ૨૨ | ૧૨.૫૦ |
| ૪ | અન્યના સલાહ સૂચનથી | ૯ | ૫.૧૧ |
| ૫ | અન્ય | ૨ | ૧.૧૪ |
| | | ૧૭૬ | ૧૦૦.૦૦ |

વર્ગમાંના વ્યાખ્યાનો સમજવામાં મુશ્કેલી પડે છે ખરી ?

| | | | |
|---|---|---|---|
| ૧ | હા, બધા વિષયોમાં | ૩ | ૨.૧૬ |
| ૨ | હા, કેટલા વિષયોમાં | ૬૮ | ૪૮.૯૨ |
| ૩ | ના, એક પણ વિષયમાં નહી | ૬૮ | ૪૮.૯૨ |
| | | ૧૩૯ | ૧૦૦.૦૦ |

જો હા, તો કયા કારણોસર તે દર્શાવો

| | | | |
|---|---|---|---|
| ૧ | અધ્યાપકો સારી રીતે શિખવતા નથી | ૧૪ | ૨૦.૯૦ |
| ૨ | ભાષા સમજવામાં મુશ્કેલી પડે છે | ૪૨ | ૬૨.૬૯ |
| ૩ | રસ પડતો નથી | ૯ | ૧૩.૪૩ |
| ૪ | લેકચરર ઝડપી આપે છે. | ૨ | ૨.૯૮ |
| | | ૬૭ | ૧૦૦.૦૦ |

અભ્યાસ વિષયક :

તમે તમારી અત્યારની વિદ્યાશાખા શા માટે પસંદ કરી છે એવા સવાલના કારણો કોઠામાં જોઈએ તો ૫૮ બહેનોએ મારી શાળામાં હું આ વિષયો ભણી છું તેવો, ૮૫ બહેનોએ અત્યારના અભ્યાસના વિષયમાં નિપૂર્ણ થવાની મારી મહેચ્છા છે. જયારે ૨૨ બહેનોએ નોકરી જલદી મળે છે. ૯ બહેનોએ અન્યના સલાહ સૂચનથી અને બે બહેનોએ અન્ય કારણોસર આ વિષયો પસંદ કર્યાનું જણાવ્યું હતું.

વર્ગમાં વ્યાખ્યાન સમજવામાં મુશ્કેલી પડે છે. તેવા સવાલના જવાબમાં ફકત ૩ બહેનોએ બધા વિષયમાં પડે છે તેવા જવાબ આપ્યા હતા જયારે કેટલાકમાં પડે છે અને એકપણ વિષયમા નથી પડતી

તેવા જવાબો ૬૮ બહેનોએ આપ્યા હતા. જ્યારે ૧૧ બહેનોએ કોઇ જવાબ આપ્યા ન હતા. અભ્યાસમાં મુશ્કેલી કયા કારણોસર પડે છે તેવા સવાલના જવાબો ૬૭ બહેનોએ જુદા જુદા ૪ કારણો આપ્યા હતા જેમાં ભાષા સમજવામાં મુશ્કેલી પડે છે તેવા જવાબો ૪૨ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબના ૬૨.૬૯ ટકા થાય છે. જ્યારે અધ્યાપક સારી રીતે શિખવતા નથી તેવા જવાબ ૧૪ બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબના ૨૦.૯૦ ટકા થાય છે. રસ પડતો નથી તેવા ૯ જવાબો હતા જે કુલ જવાબના ૧૩.૪૩ ટકા અને લેકચર ઝડપી આપે છે તેવા બે જવાબો હતા. આમ ઉપરોક્ત જવાબો ઉપરથી જોઇ શકાય છે કે આદિવાસી વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓને હજુપણ ભાષા સમજવામાં મુશ્કેલી પડે છે. વર્ગમાં વ્યાખ્યાન ઝડપી આપવામાં આવે તો સમજવામાં મુશ્કેલી પડે છે.

**તમારા અધ્યાપકોનો તમારી સાથેનો વર્તાવ કેવો હોય છે**

| | | | |
|---|---|---|---|
| ૧ | બધાનો જ મમતા ભર્યો | ૮૫ | ૪૯.૧૩ |
| ૨ | બધાનો જ ઉપેક્ષા ભર્યો | ૪ | ૨.૩૧ |
| ૩ | કેટલાકનો બેદરકારી ભર્યો | ૨૬ | ૧૫.૦૩ |
| ૪ | કેટલાકનો સહાનુભૂતિ ભર્યો | ૫૮ | ૩૩.૫૩ |
| | | ૧૭૩ | ૧૦૦.૦૦ |

અધ્યાપકો સામાન્ય રીતે અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં તમારી કાળજી ઓછી રાખે એવું તમને લાગે છે ખરું ?

| રાખે છે | નથી રાખતા | જવાબ ન આપ્યા |
|---|---|---|
| ૩૬ | ૧૦૨ | ૧૨ |
| ૨૪.૦૦ | ૬૮.૦૦ | ૮.૦૦ |

આદિવાસી વિદ્યાર્થીઓ કરતાં બિન આદિવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપવાનું અલગતાવાદી વલણ તમને જોવા મળે છે ખરું ?

| | | | |
|---|---|---|---|
| ૧ | હા, બધામાં મળે છે. | ૩ | ૨.૧૧ |
| ૨ | એક યા બે અપવાદ બાદ કરતાં બધામાં મળે છે. | ૧૦ | ૬.૯૯ |
| ૩ | હા કેટલાકમાં જોવા મળે છે. | ૬૫ | ૪૫.૪૫ |
| ૪ | નથી મળતું | ૬૫ | ૪૫.૪૫ |
| | | ૧૪૩ | ૧૦૦.૦૦ |

તમારા અધ્યાપકો તમારી સાથેનો વર્તાવ કેવો રાખે છે તે સવાલના જવાબો જોઈએ તો મિશ્ર પ્રત્યાઘાતો જોવા મળે છે. તેમ છતાં મળેલા જુદા જુદા ૧૭૩ પ્રત્યાઘાતો જોઈએ તો ૮૫ બહેનોએ મમતા ભર્યાં, ૫૮ જવાબો કેટલાકનો સહાનુભૂતિ ભર્યાં, ૨૬ જવાબો કેટલાકનો બેદરકારીભર્યાં અને ૪ જવાબો બધાનો જ ઉપેક્ષા ભર્યો તેવા જવાબો મળ્યાં હતા.

અધ્યાપકો સામાન્ય રીતે અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં તમારી કાળજી ઓછી રાખે છે. એવું તમને લાગે છે ખરું ? આવા સવાલના જવાબો જોઈએ તો રાખે છે તેવા ૩૬ બહેનોના જવાબો હતા જે કુલ બહેનોના ૨૪.૦૦ ટકા જ્યારે નથી રાખતા તેવા ૧૦૨ બહેનોના જવાબો હતા જે કુલ બહેનોના ૬૮.૦૦ ટકા થાય છે. જ્યારે ૧૨ બહેનોએ જવાબ આપ્યા ન હતા આમ મોટાભાગની બહેનોનું કહેવું હતું કે ઓછી કાળજી રાખવામાં આવતી નથી. આદિવાસી વિદ્યાર્થીઓ કરતાં બિન આદિવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપવાનું અલગતાવાદી વલણ તમને જોવા મળે છે ખરું ? આવા સવાલના જવાબો બધામાં મળે છે તેવા ત્રણ જવાબો હતા, એક યા બે અપવાદ બાદ કરતાં બધામાં મળે છે તેવા જવાબો ૧૦ બહેનોએ આપ્યા હતા જ્યારે હા કેટલાકમાં જોવા મળે છે તેવા જવાબો

૬૫ બહેનોએ આપ્યા હતા જ્યારે નથી મળતું તેવા જવાબો ૬૫ બહેનોએ આપ્યા હતા એટલે કે ૪૫.૪૫ ટકાએ નથી મળતું એવું જણાવ્યું હતું જ્યારે બાકીનાએ અપવાદો બાદ કરતાં બાકીનામાં જોવા મળે તેવું દર્શાવ્યું હતું. ઉપરોક્ત ત્રણે વિભાગના કોઠા જોતાં લગભગ મિશ્ર પ્રત્યાઘાત જોવામાં આવે છે.

અભ્યાસની બાબત માટે તમારા અધ્યાપકોને મળયા છો ખરા ?

| કુલ વિદ્યાર્થીનીઓ | મળયા છે | નથી મળયા | જવાબ નથી મળયા |
|---|---|---|---|
| ૧૫૦ | ૧૧૫ | ૨૦ | ૧૫ |
| ૧૦૦.૦૦ | ૭૬.૬૭ | ૧૩.૩૩ | ૧૦.૦૦ |

મળયા છે તો તમારી પ્રત્યેનું વલણ

| | | | |
|---|---|---|---|
| ૧ | ખૂબ સહાનુભૂતિ ભર્યું | ૪૧ | ૩૧.૦૬ |
| ૨ | સહાનુભૂતિવાળું | ૬૬ | ૫૦.૦૦ |
| ૩ | સાધારણ | ૨૪ | ૧૮.૧૮ |
| ૪ | સહાનુભૂતિ વિનાનું | ૧ | ૦.૭૬ |
| | | ૧૩૨ | ૧૦૦.૦૦ |

અભ્યાસની બાબત માટે તમારા અધ્યાપકોને મળયા છો તેવા સવાલના જવાબમાં ૭૬.૬૭ ટકા બહેનો મળયા છે જ્યારે ૧૩.૩૩ ટકા બહેનો નથી મળયા જ્યારે ૧૪ ટકા બહેનોએ જવાબ આપ્યા ન હતા. મળયા છે, તો તમારા પ્રત્યેનું વલણ કેવું હતું જોવા સવાલમાં ૨૪ બહેનો જવાબો સાધારણ ૧ બહેનનો જવાબ સહાનુભૂતિ વિનાનું જ્યારે સહાનુભૂતિવાળું તેવા જવાબો ૬૬ બહેનોના હતા. જ્યારે ૪૧ બહેનો જવાબો ખૂબ સહાનુ ભર્યું વલણ હતું. તેવા હતા. આ કોઠાનું તારણ એ નીકળી શકે કે અભ્યાસને લગતા પ્રશ્નો લઇ અધ્યાપકને મળતો તેના પ્રત્યેનું વલણ સહાનુભૂતિવાળું જોવા મળે છે.

<u>જ્યાં રહો છો ત્યાં અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ છે.</u>

| કુલ વિદ્યાર્થીઓ | હા | ના | જવાબ ન મળ્યાં |
|---|---|---|---|
| ૧૫૦ | ૧૩૩ | ૧૩ | ૪ |
| ૧૦૦.૦૦ | ૮૮.૬૭ | ૮.૬૭ | ૨.૬૬ |

| | ના નાં કારણો | જવાબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | શહેરનું ઘોંઘાટિયું વાતાવરણ | ૬ | ૪૦.૦૦ |
| ૨ | રેકટર સારા નથી | ૨ | ૧૩.૩૨ |
| ૩ | હોસ્ટેલમાં પ્રોબ્લેમ ઊભા થાય છે. | ૨ | ૧૩.૩૩ |
| ૪ | માનસિક થાકને કારણે શારીરિક થાક | ૧ | ૬.૬૭ |
| ૫ | કૌટુંબિક વાતાવરણ કલેશવાળું | ૧ | ૬.૬૭ |
| ૬ | ટી.વી.ના કારણે મોડી રાત સુધી ઘોંઘાટ અવાજ આવ્યા કરે છે. | ૧ | ૬.૬૭ |
| ૭ | લાઇટનો અભાવ, ખેતી કામ કરવું પડે છે. | ૧ | ૬.૬૭ |
| ૮ | ચોરીનો ભય | ૧ | ૬.૬૭ |
| | | ૧૫ | ૧૦૦.૦૦ |

અભ્યાસને લગતી અન્ય મુશ્કેલીઓમાં મુખ્ય ધ્યાન ખેંચે તેવી મુશ્કેલીઓ નીચે પ્રમાણે હતી, ૧૦ બહેનોએ પુસ્તકો મેળવવાની મુશ્કેલી દર્શાવી હતી. કોલેજ લાયબ્રેરીમાં પણ અપૂરતાં જ પુસ્તકો હોવાનું કે નથી મળતા તેવું દર્શાવ્યું હતું. જ્યારે ૮ બહેનોએ વિદ્યાર્થી

કાવતા નથી તેવી મુશ્કેલી દર્શાવી હતી. જ્યારે વારંવાર હડતાલ તોફાન વગેરેને કારણે અભ્યાસમાં વિક્ષેપ પડે છે. તેવી પાંચ બહેનોએ જણાવી હતી. અંગ્રેજીમાં વ્યાખ્યાન, ભણાવવાની પધ્ધતિમાં મુશ્કેલી પડતી હોય તેવી છ બહેનો હતી. ગામ વિદ્યાપીઠોમાં અભ્યાસ કરતી બહેનોને છેલ્લા વર્ષમાં કેન્દ્રનિવાસ હોય છે તેમાં મુશ્કેલી પડતી હોય તેવી પાંચ બહેનો હતી. જ્યારે ટ્યુશનની બદીની મુશ્કેલી એક બહેને દર્શાવી હતી. સમાજ કલ્યાણ ખાતા દ્વારા સંચાલિત એક હોસ્ટેલની બહેનો ભાડાના મકાનમાં રહે છે. જ્યાંથી કોલેજ અને લોજ ઘણા દૂર હોવાથી ઘણો સમય બગાડે છે તેવી ફરિયાદ ૧૫ બહેનોએ કરી હતી. આ મુશ્કેલીઓ જોઇએ તો અપૂર્તિ સગવડ અને વ્યવસ્થાની અપૂર્તિ ગોઠવણને કારણે ઊભી થતી હોય તેવું જોઇ શકાય છે. જ્યાં રહો છો ત્યાં અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ છે તેવા સવાલના જવાબમાં ૮૮.૬૭ ટકા બહેનોને અભ્યાસનું યોગ્ય વાતાવરણ મળી રહ્યું હતું. ૧૩ બહેનો એટલે કે ૮.૬૭ ટકા બહેનો જ્યાં રહેતા હતા ત્યાં અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ ન હોવાનું જણાવ્યું હતું. જ્યારે ચાર બહેનોએ જવાબ આપ્યા ન હતા. અનુકૂળ વાતાવરણ ન હોવાના કારણોમાં શહેરનું ઘોંઘાટિયું વાતાવરણનું કારણ છ બહેનોએ આપ્યું હતું, રેકટર સારા નથી તેવું બે બહેનોએ જણાવ્યું હતું, હોસ્ટેલમાં પ્રોબ્લેમ ઊભા થાય છે તેવું બે બહેનોએ જણાવ્યું છે, માનસિક થાકને કારણે શારીરિક થાક, એક બહેને કૌટુંબીક વાતાવરણ કલેશવાળું તેવું કારણ જણાવ્યું હતું. ટી.વી.ના કારણે મોડી રાત સુધી ઘોંઘાટનું કારણ એક બહેને આપ્યું હતું. જ્યારે લાઇટના અભાવનું કારણ એક બહેને આપ્યું હતું જ્યારે એક બહેને ચોરીના ભયનું કારણ આપ્યું હતું.

અભ્યાસને અનુકૂળ વાતાવરણ ન હોવાના કારણો ઉપરથી જોઇ શકાય છે કે અપડાઉન કરતી બહેનોને કૌટુંબિક મુશ્કેલીઓ સાથે વ્યવસ્થાનો અભાવ જોવા મળે છે. હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી બહેનોને શહેરનું ઘોંઘાટીયું વાતાવરણ અનુકૂળ આવતું નથી,

બીજુ સરકારી હોસ્ટેલોમાં અભ્યાસ કરતી બહેનોમાં પણ ભયનું વાતાવરણ હોય તેવું લાગે છે કારણકે હોસ્ટેલમાં અમુક પ્રકારના પ્રોબ્લેમ બને જેનાથી અભ્યાસમાં વિક્ષેપ પડયા કરે તેમની સંપૂર્ણ સલામતી જળવાઇ રહે તેવી વ્યવસ્થા થવી જોઇએ હોસ્ટેલમાં કામ કરતો સ્ટાફ ખૂબ વિશ્વાસુ અને સહાનુભૂતિવાળો હોવો જોઇએ. આદિવાસી વિસ્તારમાંથી આવતી આ બહેનો કેટલીક જુ ફરિયાદો કરતી નથી હોતી પણ XXX સહન કરી લેતી હોય છે. દા.ત. વ્યારા અને વલસાડની લેડીઝ હોસ્ટેલો અમારા ક્ષેત્રકાર્ય દરમ્યાન ભાડાના મકાનોમાં ચાલતી હતી ત્યાંની વ્યવસ્થા જોઇએ તો આજુબાજુ વેપારીઓની દુકાનો હોય એકજ હોલમાં બધી બહેનોને સાથે રહેવાનું હોય, બારી ખુલ્લી રાખી શકાય નહી. બાથરૂમ નાવા ધોવાના પાણીની ઘણી મુશ્કેલી, શિક્ષણને પ્રતિકૂળ વિસ્તાર, કોલેજ હોસ્ટેલનું ઘણું અંતર, જમવા જવાનું પ્રાઇવેટ લોજમાં જ્યાં બીજા ગ્રાહકો સાથે બહેનોને રોજ જમવાનું આ બધું કન્યાઓના અભ્યાસમાં અનુકૂળ ન હતું તે સ્પષ્ટ જોઇ શકાતું હતું. ક્યારેક એકલા બહાર નીકળવામાં પણ ભય લાગે તેવા વાતાવરણમાં અભ્યાસ કરતી આ બહેનોએ પોતાને પડતી મુશ્કેલીઓમાં કોઇ ફરક પણ ઉચ્ચાર્યા સિવાય સહન કરતી હતી. વ્યારા હોસ્ટેલમાં સવારે સ્નાન કરવા માટે દરેકના પલંગ નીચે એક એક બાલટી પાણી મૂકી રાખવી પડે એક બાલટી પાણી ન મળે તો બહેનોએ સ્નાન કરવા પણ પાણી મેળવી શકે નહી આવી મુશ્કેલીવાળા જગ્યાએ હોસ્ટેલ ચાલુ ન કરવી જોઇએ અથવા તાત્કાલીક યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ. જેથી બહેનોને ભણવા માટે યોગ્ય વાતાવરણ મળી રહે સાથે સાથે તેમનું સંપૂર્ણ રક્ષણ થઇ શકે.

## પ્રકરણ - ૪

## સામાજિક મેળ

આદિવાસી વિદ્યાર્થીનીઓ ઉચ્ચશિક્ષણ લેવા માટે પોતાના મૂળ વતન ગામ, સમાજ અને તેની કેટલીક પ્રણાલિકાઓ છોડીને, કેટલેક અંશે ભિન્ન સામાજિક, સાંસ્કૃતિક પ્રણાલિકાઓ ધરાવતા સમાજની વચ્ચે આવે છે ત્યારે સામાજિક અનુકૂલન સાધવામાં તેમને કોઇ મુશ્કેલીઓ પડે છે. તેમના વતનમાંના જીવનને રસપ્રદ બનાવતી વિવિધ બાબતો, શહેરી જીવનના પાસાંઓ વગેરે કેટલાક પ્રશ્નો પૂછીને ખ્યાલ મેળવવાનો પ્રયત્ન તપાસ દરમ્યાન કરવામાં આવ્યો હતો. પોતાના વતનમાંના જીવનને રસપ્રદ અને મૂલ્યવાન બનાવતી બાબતોના જુદા જુદા છ કારણો એકસો પિસ્તાલીસ બહેનોએ જણાવ્યા હતાં. ખુશનુમા વાતાવરણ ૪૯ બહેનોના જવાબો હતા જે કુલ જવાબોના ૩૩.૭૯ ટકા થાય છે. જયારે ઉત્સવો, મેળા, નૃત્ય, આકર્ષક પરિબળ તરીકે ત્રીસ બહેનોએ જણાવ્યું હતું જે કુલ જવાબોની ૨૦.૬૯ ટકા થાય છે. નદી કિનારાનું રમણીય વાતાવરણ પાણી પૂરવઠો વગેરે ૨૮ બહેનોએ જવાબ આપ્યા હતા જે કુલ જવાબના ૧૯.૩૧ ટકા થાય છે. જયારે સ્નેહાળ જીવન, નિખાલસ સ્વભાવ રસપદ સત્તર બહેનોએ જણાવ્યું હતું જે કુલ જવાબના ૧૧.૭૨ ટકા થાય છે. લગ્ન ગીતો ગરબા, વતનના રીતરિવાજો વગેરે ૨૧ બહેનોના જવાબો હતા જે કુલ જવાબના ૧૪.૪૯ ટકા થાય છે. આમ સમગ્ર કોઠામાં વતનમાં ઉજવવામાં આવતા તહેવારો, કુદરતને ખોળે જીંદગી, ખુશનુમા વાતાવરણને વધારે મહત્ત્વ આપ્યું હતું.

મોટા ભાગની બહેનો ઉચ્ચશિક્ષણ માટે મોટા શહેરોમાં આવી ભણતી હોવાથી શહેરી જીવનમાં કયાં નોંધપાત્ર પાસાંથી કેટલે અંશે પરિચિત છે એવા સવાલના જવાબમાં ૧૪૫ બહેનોએ જુદા જુદા ચૌદ કારણો આપ્યા હતા.

તમારા પોતાના વતનમાંના જીવનને રસપ્રદ અને મૂલ્યવાન બનાવતી બાબતો :

| | | | |
|---|---|---|---|
| ૧ | લગ્નગીતો, ગરબા | ૧૨ | ૮.૨૮ |
| ૨ | સામાજિક રીતરિવાજો | ૯ | ૬.૨૧ |
| ૩ | ઉત્સવ હોળી નૃત્ય, મેળા | ૩૦ | ૨૦.૬૯ |
| ૪ | નદી કિનારાનું રમણિય વાતાવરણ પાણી પૂરવઠો, જંગલ | ૨૮ | ૧૯.૩૧ |
| ૫ | ખુશનુમા વાતાવરણ | ૪૯ | ૩૩.૭૯ |
| ૬ | સ્નેહાળ જીવન / નિખાલસ સ્વભાવ | ૧૭ | ૧૧.૭૨ |
| | | ૧૪૫ | ૧૦૦.૦૦ |

શહેરી જીવનના પાસાઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | ખરીદી મોજશોખ પ્રમાણ વધારે | ૧૫ | ૧૦.૩૪ |
| ૨ | અનેક પ્રકારની સુવિધાઓ | ૨૦ | ૧૩.૭૯ |
| ૩ | મમતાની લાગણી ઓછી અતિથી સત્કારમાં આડંબર | ૪ | ૨.૭૬ |
| ૪ | ધમાલીયું જીવન, હોટલ, સિનેમા નાટક, માર્કેટિંગમાં વધારે રસ | ૧૪ | ૯.૬૬ |
| ૫ | શિક્ષણની સગવડ સારી મળે છે. | ૨૪ | ૧૬.૫૫ |
| ૬ | બોલચાલવાની ઢબ | ૪ | ૨.૭૬ |
| ૭ | શહકાર ભળ્યું જીવન | ૫ | ૩.૪૫ |
| ૮ | ગંદકી દૂષિત હવા પાણી | ૧૪ | ૯.૬૬ |
| ૯ | મોંઘવારી વધારે | ૨૨ | ૧૫.૧૬ |
| ૧૦ | અપૂરતાં મનમેળ | ૧૦ | ૬.૯૦ |
| ૧૧ | અસામાજીક તત્વોનું પ્રમાણ વધારે જેથી ચોરી, લૂટફાટ, ખૂન વગેરેના બનાવો | ૪ | ૨.૭૬ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | રવિવાર રજાનો દિવસ બહાર જવાનો રિવાજ | ૨ | ૧.૩૮ |
| ૧૩ | વાહનવ્યવહારની સગવડો વધારે. | ૫ | ૩.૪૫ |
| ૧૪ | જીવન ધોરણ ઊંચું | ૨ | ૧.૩૮ |
| | કુલ | ૧૪૫ | ૧૦૦.૦૦ |

નાટક, સિનેમા, ધાંધલિયું જીવન, ખરીદી-મોજશોખ, ગંદકી દુષિત હવાપાણી, અસહ્ય મોંઘવારી, મમતાની લાગણી ઓછી, અસામાજીક તત્ત્વોનું પ્રમાણ વધારે, રવિવારે બહાર ફરવા જવાનો રિવાજ વગેરે પાસાઓને તેમણે શહેરી જીવનમાં અનિષ્ટો તરીકે ગણાવ્યાં હતાં. જ્યારે અનેક પ્રકારની સુવિધાઓ, સહકાર ભર્યું જીવન જીવન ધોરણ ઊંચું વગેરેને તેમણે આકર્ષક તત્ત્વો તરીકે ઓળખાવ્યાં હતાં.

## વિશેષ ખરાબ પાસાઓ

| | | | |
|---|---|---|---|
| ૧ | અશ્લીલ ચલચિત્રો | ૧૪ | ૧૭.૭૨ |
| ૨ | ખાવાપીવાનું આર્થિક નુકશાન | ૨ | ૨.૫૩ |
| ૩ | ખોટાખર્ચાઓ મોજશોખ વધારે | ૪ | ૫.૦૬ |
| ૪ | ગંદા વસવાટો, ગીચતા ઘોંઘાટ | ૪૪ | ૫૫.૭૦ |
| ૫ | જાતિભેદભાવ | ૧૩ | ૧૬.૪૬ |
| ૬ | ટયુશનની બદી પક્ષપાતી વલણ | ૨ | ૨.૫૩ |
| | કુલ | ૭૯ | ૧૦૦.૦૦ |

## તમારા જીવન ઉપર અસરો.

| | | | |
|---|---|---|---|
| ૧ | આરોગ્ય બગડે ખર્ચ વધે | ૨૨ | ૫૨.૩૮ |
| ૨ | વારંવાર જોવાની ઇચ્છા થયા કરે જેથી ખર્ચ વધે | ૪ | ૯.૫૨ |
| ૩ | માનસિક અસર રહયા કરે છે. તેથી ભણવામાં ઉત્સાહ રહેતો નથી | ૧૧ | ૨૬.૧૯ |
| ૪ | અભ્યાસમાં વિક્ષેપ | ૫ | ૧૧.૯૧ |
| | | ૪૨ | ૧૦૦.૦૦ |

શહેરી જીવનમાં કયાં એવા પાસાઓ છે જેણે તમારા જીવન પર વિપરીત અસર કરી હોય તેવા સવાલના જવાબો ૭૯ બહેનોએ જુદા જુદા ૭ કારણો દર્શાવ્યા હતા જેમાં ગંદા વસવાટો, ગીચતા, ઘોંઘાટ ૪૪ બહેનોના જવાબો હતા જે કુલ જવાબના ૫૫.૭૦ ટકા થાય છે. અશ્લીલ ચલચિત્રોના જવાબ ૧૪ બહેનોના હતા જે કુલ જવાબના ૧૭.૭૨ ટકા થાય છે. તોફાન જાતિભેદભાવ ૧૩ બહેનોના જવાબ હતા જે કુલ જવાબના ૧૬.૪૬ ટકા થાય છે. ખોટા ખર્ચાઓ મોજશોખ વધારે તેવા ચાર બહેનોના જવાબ હતા જે કુલ જવાબના ૫.૦૬ ટકા થાય છે. જયારે ખાવાપીવાનું આર્થિક નુકશાન, ટયુશનની બદી પક્ષપાતી વલણ વગેરે બે બે બહેનોના જવાબ હતા. સમગ્ર કોઠાનું તારણ જોઇ શકાય છે જે શહેરના વસવાટોની જે રીતરસમ છે તે ગામડામાંથી આવતી બહેનોને અનુકૂળ નથી. કારણકે તેઓ આવા વાતાવરણથી ટેવાયેલ હોતા નથી આ ખરાબ પાસાઓએ તેમના જીવન ઉપર શું અસર પડી તેવા સવાલના જવાબો ૪૨ બહેનોએ જુદા જુદા પાંચ જવાબો આપ્યા હતા. જેમાં આરોગ્ય બગડે ખર્ચ વધે તેવા જવાબો ૨૨ બહેનોના હતા જે કુલ જવાબના ૫૨.૩૮ ટકા થાય છે. માનસિક અસર રહયા કરે છે તેથી ભણવામાં ઉત્સાહ રહેતો નથી તેવા જવાબો અગિયાર બહેનોએ આપ્યા હતા જે કુલ જવાબના ૨૬.૧૯ ટકા થાય છે, અભ્યાસમાં વિક્ષેપ પડે છે તેવું પાંચ બહેનોએ જણાવ્યું હતું. જયારે વારંવાર જોવાની ઇચ્છા થયા કરે છે તેવુ ચાર બહેનોએ જણાવ્યું હતું. આમ સમગ્ર કોઠાનું તારણ જોતાં સ્પષ્ટ થાય છે કે આરોગ્ય અને શિક્ષણ ઉપર ખરાબ અસર થાય છે સાથે સાથે આર્થિક મુશ્કેલી અનુભવતા હોવા છતાં ખર્ચમાં વધારો થતો જાય છે.

## નિકટના મિત્રોની માહિતી દર્શાવતો કોઠો

### ઉંમર દર્શાવતો કોઠો

| કુલ વિદ્યાર્થીનીઓ | ૧૬થી૨૦ વર્ષ | ૨૧થી૨૫ વર્ષ | ૨૫થી ઉપર | કુલ | લિંગ પુરુષ | લિંગ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | ૩૭૫ | ૨૪૬ | ૭ | ૬૨૮ | ૮ | ૬૨૦ |
| | ૫૯.૭૧ | ૩૯.૧૭ | ૧.૧૨ | ૧૦૦.૦૦ | | |

### જાતિ દર્શાવતો કોઠો

| કુલ વિદ્યાર્થીનીઓ | સવર્ણ બકી | અ.જાતિ | અ.જન જાતિ | કુલ |
|---|---|---|---|---|
| ૧૫૦ | ૯૮ | ૨૮ | ૫૦૨ | ૬૨૮ |
| | ૧૫.૬૧ | ૪.૪૬ | ૭૯.૯૩ | ૧૦૦.૦૦ |

### વિસ્તાર દર્શાવતો કોઠો

| પોતાના વિસ્તારના | અન્ય વિસ્તારના | કુલ |
|---|---|---|
| ૩૩૬ | ૨૯૨ | ૬૨૮ |
| ૫૩.૫૦ | ૪૬.૫૦ | ૧૦૦.૦૦ |

સઘન તપાસ હેઠળની વિદ્યાર્થીનીઓને પોતાની મિત્રતાની ઘનિષ્ઠતાના ક્રમમાં પાંચ મિત્રોના નામ, વય, જાતિ, વિસ્તાર વગેરે વિગતો જણાવવાનું કહેવામાં આવ્યું હતું. નિકટના મિત્રોની માહિતી દર્શાવતો કોઠો જોતાં સ્પષ્ટ ખ્યાલ આવે છે કે તપાસ હેઠળની વિદ્યાર્થીનીઓમાંથી ૫૯.૩૧ ટકા વિદ્યાર્થીનીઓ ૧૬થી૨૦ વર્ષની હતી જે લગભગ સમાન ઉંમરની કહી શકાય. ૨૧થી૨૫ વર્ષની ૨૪૬ હતી જે કુલ મિત્ર બહેનોના ૩૯.૧૭ ટકા થાય છે. જ્યારે ૨૫થી ઉપરની ફક્ત ૭ બહેનો હતી જે કુલ મિત્રોના ૧.૧૨ ટકા થાય છે. આમ ઉંમર વર્ગીકરણ કરતાં બધા મિત્રો લગભગ સમાન વયના હતા. જાતિવાર વર્ગીકરણ જોઈએ તો ૬૨૦ સજાતિય મિત્રો હતા જ્યારે ફક્ત ૮ મિત્રો વિજાતિય હતા આમ અભ્યાસ કાળ દરમ્યાન સજાતિય મિત્રોનું પ્રમાણ સવિશેષ જોવા મળ્યું હતું.

અભ્યાસમાં સમાવેશ કરવામાં આવેલ ૧૫૦ બહેનોના મિત્રો કઈ જાતિના હતા તે દર્શાવતો કોઠો જોઈએ તો સૌથી વધારે પોતાની જાતિના મિત્રો હતા જેની સંખ્યા ૫૦૨ હતી જે કુલ મિત્રોના ૭૯.૯૩ ટકા થાય છે. એટલે કે પોતાની જાતિના મિત્રો સાથે મિત્રતા વધારે હતી. સવર્ણ બક્ષી જાતિના ૯૮ મિત્રો હતા જે કુલ મિત્રોમાં ૧૫.૬૧ ટકા થાય છે જ્યારે અ.જાતિના ૨૮ મિત્રો હતા જે કુલ મિત્રોના ૪.૪૬ ટકા થાય છે. જાતિ દર્શાવતા કોઠા ઉપરથી પણ સ્પષ્ટ ખ્યાલ આવે છે કે પોતાના નિકટના મિત્રો પોતાની જ જાતિના સવિશેષ હતા. એટલે કે હજુ અન્ય સમાજની બહેનો સાથેનો સંપર્ક વધ્યો હોવા છતાં મિત્રતાનું પ્રમાણ ઓછું જોવામાં આવે છે. આમ છતાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા હોવાથી અન્ય સમાજની બહેનો સાથે પણ મિત્રતા જોવા મળે છે. એક બહેને એવું પણ જણાવ્યું હતું કે અનુ.જાતિની બહેનો સાથે વધારે સારુ ગમે છે.

આ મિત્રો કયા વિસ્તારમાંથી આવતા હતા તે જોઈએ તો ૫૩.૫૦ ટકા બહેનો પોતાના વિસ્તારની હતી જ્યારે ૪૬.૫૦ ટકા બહેનો અન્ય વિસ્તારમાંથી આવતી હતી.

નિકટના મિત્રો સાથે રહેતા હતા કે અન્ય જગ્યાએ તેવા સવાલના જવાબમાં મોટાભાગના સાથે હોસ્ટેલમાં જ રહેતા હતા કેટલાક પોતાના ગામડે કે અન્ય જગ્યાએ જ્યાં સર્વિસ કરતા હતા ત્યાં રહેતા હતા. વળી પોતાની સાથે કોલેજમાં ભણતા હતા તેવાની સંખ્યા પણ સવિશેષ જોવામાં આવી હતી. આમ સમાન જાતિ સમાન વય, સાથે અભ્યાસ કરતા હોય તેવા મિત્રોની સંખ્યા સવિશેષ જોવામાં આવી હતી. કેટલીક બહેનોના મિત્રવર્તુળમાં હિન્દુ ધર્મની ઊંચી ગણાતી અને અસ્પૃશ્ય બંને પ્રકારની જ્ઞાતિઓની બહેન-પણીઓનો સમાવેશ થતો હતો થોડા અપવાદ બાદ કરતાં લગભગ બધાને જ કોઈપણ એકાદ આદિવાસી જાતિનાની બહેનોની મિત્રતા તો હતીજ.

<u>તમારો તમારી સાથે ભણતા બિન આદિવાસી વિદ્યાર્થીઓ સાથે સામાન્ય રીતે કેવો સંબંધ રહે છે ?</u>

| | | | |
|---|---|---|---|
| ૧ | ખૂબ સારો | ૪૯ | ૩૦.૮૨ |
| ૨ | સારો | ૭૭ | ૪૮.૪૩ |
| ૩ | ઠીક | ૨૮ | ૧૭.૬૧ |
| ૪ | બેદરકારી ભર્યો | ૫ | ૩.૧૪ |
| | | ૧૫૯ | ૧૦૦.૦૦ |

<u>બિન આદિવાસીઓ અલગતા ભર્યું વલણ રાખે છે.</u>

| રાખે છે | નથી રાખતા | જવાબ ન આપ્યો | કુલ |
|---|---|---|---|
| ૫૦ | ૮૯ | ૧૧ | ૧૫૦ |
| 33.33 | ૫૯.૩૪ | ૭.33 | ૧૦૦.૦૦ |

જો હા તો કયા પ્રકારનો જુદાઇનો ભાવ રાખે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | આદિવાસી હોવાનો જાતિ ભેદભાવ | ૨૫ | ૫૩.૧૯ |
| ૨ | વાતચીતમાં | ૬ | ૧૨.૭૭ |
| ૩ | પોતાની જાતને ઊંચી માની બેદરકારયું ભર્યું વર્તન | ૪ | ૮.૫૧ |
| ૪ | અમારી જોડે ભરતા નથી વાત કરતા નથી | ૧૦ | ૨૧.૨૮ |
| ૫ | પેકટીકલ વખતે બિન આદિવાસી ઓની ટુકડી અલગ પડી જાય છે. | ૨ | ૪.૨૫ |
| | | ૪૭ | ૧૦૦.૦૦ |

આ ઉપરાંત અમારાથી નીચા છે, હલકી કોમના છે, અનામત બાબતોમાં, ગામડાની ગોરી કહી અપમાન, આર્થિક સ્થિતિનું અભિમાન વારંવાર વર્તાઇ આવે છે.

તમારો તમારી સાથે ભણતા બિન આદિવાસી વિદ્યાર્થીઓ સાથે સામાન્ય રીતે કેવો સંબંધ રહે છે તેવા સવાલના જવાબમાં ૪૯ બહેનોએ ખૂબ સારો તેવો પ્રતિભાવ આપ્યો હતો સારો સંબંધ છે તેવા ૭૭ જવાબો હતા જ્યારે ૨૮ બહેનોએ ઠીક તેવો જવાબ આપ્યો હતો ફક્ત પાંચ બહેનોએ બેદરકારી ભર્યો સંબંધ જણાવ્યો હતો મોટાભાગના જવાબો સારો અને ખૂબ સારો તેવા મળ્યો હતા, જે કુલ જવાબના ૭૯.૨૫ ટકા થાય છે.

બિન આદિવાસીઓ અલગતા ભર્યું વલણ રાખે છે તેવા સવાલના જવાબમાં નથી રાખતા તેવા ૮૯ બહેનોના જવાબો હતા જે કુલ બહેનોના ૫૯.૩૪ ટકા જવાબો હતા જ્યારે રાખે છે તેવા ૫૦ બહેનોના જવાબો હતા જે ૩૩.૩૩ ટકા થાય છે. અગિયાર બહેનોએ કોઇ

જવાબ આપ્યો ન હતો. આ જુદાઈ રાખે છે. તેવા પ્રતિભાવ સામે કેવા પ્રકારની જુદાઈ રાખવામાં આવે છે તેવા સવાલમાં જુદા જુદા પાંચ કારણો ૪૭ બહેનોએ આપ્યા હતા. એમાં આદિવાસી હોવાનો જાતિભેદભાવ રાખે છે તેવું ૨૫ બહેનોએ જણાવ્યું હતું જે જવાબના ૫૩.૧૯ ટકા થાય છે જે સૌથી વધારે છે. ત્યારપછી વાતચીતમાં એટલે કે ગામડામાંથી આવેલ બહેનો શરુઆતમાં ગામડાની બોલીનો સવિશેષ ઉપયોગ કરે છે ત્યારે તે જુદી પડી જાય છે તેવા છ બહેનોના કારણ હતા. પોતાની જાતને ઊંચી માની બેદરકાર ભર્યું વર્તન કરતા હોય છે તેવા ચાર બહેનોના જવાબો હતા. ૧૦ બહેનોએ જણાવ્યું હતું કે અમારી સાથે બળતા નથી વાત કરતા નથી જે કુલ જવાબના ૨૧.૨૮ ટકા થાય છે. જ્યારે પ્રેકટીકલ જેવા સામૂહિક કાર્યમાં જૂથમાં અથવા ટોળીમાં કામ કરવાનું હોય ત્યારે ભિન્ન આદિવાસીઓની ટુકડી અલગ પડી જાય છે તેવું બે બહેનોએ જણાવ્યું હતું. આમ જુદાઈ ઘણા પ્રકારે જોવા મળતી હતી તેવું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત ' અમારી નીચો છે ' હલકી કોમના છે, અનામત બાબતોમાં, ક્યારેક છોકરાઓ ગામડાની ગોરી કહી અપમાન, આર્થિક સ્થિતિનું અભિમાન વારંવાર વર્તાઈ આવે છે આમ ઉપરોક્ત જુદાઈનો ભાવ જોતાં સ્પષ્ટ લાગે છે કે પછાત જાતિમાંથી આવી અભ્યાસ કરતી બહેનોને અભ્યાસ દરમ્યાન ઘણીબધી બાબતોનો સામનો કરવો પડતો હોય છે. જોકે આવી બાબતોનું પ્રમાણ નહીંવત જોવામાં આવતું હોય છે ક્યારેક નીતિ વિષયક પ્રશ્નો ચગાવી તેના હક્ક વિશે આંદોલન કે માગણીઓ રજૂ થાય ત્યારે આવી બાબતો વધુ પડતી દેખાઈ આવતી હોય છે.

આદિવાસી હોવાને લીધે બિન આદિવાસી વિદ્યાર્થીઓ સાથે હળવું - મળવું મુશ્કેલ છે ખરું ?

| | | | |
|---|---|---|---|
| હા | | ૪૨ | ૨૮.૦૦ |
| ના | | ૧૦૬ | ૭૦.૬૭ |
| જવાબ નહીં આપ્યા | | ૨ | ૧.૩૩ |
| | કુલ | ૧૫૦ | ૧૦૦.૦૦ |

તમે તમારા બિન આદિવાસી મિત્રોને ત્યાં જાવ છો ખરા.

| | | | |
|---|---|---|---|
| હા | | ૧૩૧ | ૮૭.૩૩ |
| ના | | ૧૫ | ૧૦.૦૦ |
| જવાબ નહીં | | ૪ | ૨.૬૭ |
| (૧) અવારનવાર | | ૩૫ | ૨૬.૫૨ |
| (૨) પ્રસંગોપાત | | ૩૧ | ૨૩.૪૮ |
| (૩) કોઈકવાર | | ૬૬ | ૫૦.૦૦ |
| | કુલ | ૧૩૨ | ૧૦૦.૦૦ |

આદિવાસી હોવાને લીધે બિન આદિવાસી વિદ્યાર્થીઓ સાથે હળવું - મળવું મુશ્કેલ છે ખરું તેવા સવાલના જવાબ ૪૨ બહેનોએ 'હા' માં આપ્યા હતા જ્યારે ૧૦૬ બહેનોએ 'ના' માં જવાબ આપ્યા હતા. જ્યારે બે બહેનોએ કોઈ જવાબ આપ્યો ન હતો આમ એવી કોઈ મુશ્કેલી પડતી નથી તેવા જવાબનું પ્રમાણ સવિશેષ હતું.

તેજ રીતે બિન આદિવાસી મિત્રોને ત્યાં જાવ છો તેવા સવાલના જવાબમાં પણ ૧૩૧ બહેનોએ 'હા' માં જવાબ આપ્યા

હતા જે સૌથી વધારે છે જ્યારે ફક્ત ૧૫ બહેનોએ ' ના ' માં જવાબ આપ્યાં હતાં ચાર બહેનોએ કોઇ જવાબ આપ્યો ન હતો. ક્યારે જાય છે તેવા સવાલમાં અવારનવાર જતા હોય તેવા ૩૫ જવાબો પ્રસંગોપાત જતા હોય તેવા ૩૧ અને કોઇકવાર જતા હોય તેવા ૬૬ જવાબો મળ્યાં હતા આમ બિન આદિવાસી મિત્રોના ઘેર જવાના સંબંધો પણ પ્રસંગોપાત બનતા તે જાણવા મળે છે. બિન આદિવાસીઓની સાથેની મિત્રતા પણ વધારો થતો જોવા મળે છે.

તમારો અભ્યાસ પૂરો કર્યા પછી કયો વ્યવસાય કરવાની ગણત્રી છે.

| | | સંખ્યા | |
|---|---|---|---|
| ૧ | શિક્ષિકા/ અધ્યાપક/ મુખ્ય સેવિકા ગવરમેન્ટ સર્વિસ , ક્લાર્ક | ૧૩૦ | ૭૩.૪૬ |
| ૨ | સીવણ, ભરત ગુંથણ | ૧૩ | ૭.૩૫ |
| ૩ | સંસ્થાના સંચાલકબેન બહેનોના વિકાસની પ્રવૃત્તિ | ૪ | ૨.૨૮ |
| ૪ | વકીલ | ૩ | ૧.૬૯ |
| ૫ | પ્રાઇવેટ કંપનીમાં | ૧ | ૦.૫૬ |
| ૬ | બેંકમાં | ૧૧ | ૬.૨૨ |
| ૭ | એલ.આઇ.સી.અધિકારી | ૧ | ૦.૫૬ |
| ૮ | વિકાસ અધિકારી | ૧ | ૦.૫૬ |
| ૯ | પ્રાઇવેટ પ્રેક્ટીસ ( દવાખાનું ) | ૯ | ૫.૦૮ |
| ૧૦ | સંશોધન અધિકારી | ૧ | ૦.૫૬ |
| ૧૧ | પોલીસ અધિકારી | ૧ | ૦.૫૬ |
| ૧૨ | લેખક | ૧ | ૦.૫૬ |
| ૧૩ | કલેકટર | ૧ | ૦.૫૬ |
| | | ૧૭૭ | ૧૦૦.૦૦ |

વ્યવસાય પસંદગી :

તમારો અભ્યાસ પૂરો કર્યા પછી કયો વ્યવસાય પસંદ કરવાની ગણત્રી છે તેવા, અને તેમને પસંદ હોય પણ તમારા અત્યારના અભ્યાસ-ક્ષેત્રની બહારના હોય એવા ત્રણેક વ્યવસાયોનાં નામ દરેક વિદ્યાર્થીએ દર્શાવવાના હતા. આ પ્રશ્નોના જવાબથી તેમની વ્યવસાય પસંદગીમાં રહેલા વૈવિધ્યનો સામાન્ય ખ્યાલ આવે છે. અધ્યાપક, શિક્ષિકા, મુખ્ય સેવિકા, સરકારી નોકરી કરવા ઇચ્છતી હોય તેવી ૧૩૦ બહેનોના જવાબો હતા જે કુલ જવાબ સંખ્યાના ૭૩.૪૬ ટકા હતા જે સૌથી વધારે છે. ૧૩ જેટલી બહેનોએ સીવણ, ભરતગુંથણનો વ્યવસાય કે નોકરી કરવાની ઇચ્છા દર્શાવી હતી જે કુલ જવાબના ૭.૩૫ ટકા થાય છે. કોઇ સંસ્થાના સંચાલક બહેન થવાની અથવા સ્ત્રી વિકાસ પ્રવૃત્તિ કરવાની ઇચ્છા ચાર બહેનોએ દર્શાવી હતી, જ્યારે ત્રણ બહેનોએ વકીલાતનો વ્યવસાય કરવાનું જણાવ્યું હતું. એક બેને પ્રાઇવેટ કંપનીમાં સર્વિસ કરવાનું દર્શાવ્યું હતું. આ બહેન કોમર્સ લાઇનમાં અભ્યાસ કરતા હતા જ્યારે બેંકમાં સર્વિસ કરવાની અગિયાર બહેનોએ ઇચ્છા દર્શાવી હતી જે કુલ જવાબના ૬.૨૨ ટકા થાય છે. મેડીકલમાં અભ્યાસ કરતી નવ બહેનોએ પ્રાઇવેટ પ્રેકટીસ ( દવાખાનું ) ખોલવાનો વ્યવસાય દર્શાવ્યો હતો. આ સિવાય એક એક બહેને એલ.આઇ.સી. અધિકારી, વિકાસ અધિકારી, સંશોધન અધિકારી, પોલીસ અધિકારી, લેખક તથા કલેકટર થવાની ઇચ્છા દર્શાવી હતી.

બહેનોના અભ્યાસ ક્ષેત્રની બહારના પણ તેમની પોતાની પસંદગીના વ્યવસાય દર્શાવવાનું જણાવતા પ્રશ્નના જવાબમાં સૌથી વધુ વિદ્યાર્થીનીઓની પસંદગી ડાકતરના વ્યવસાયમાં ૨૯ બહેનોએ ઇચ્છા દર્શાવી હતી જે કુલ વ્યવસાય દર્શાવનારની સંખ્યાના ૩૬.૭૧ ટકા થાય છે. ત્યારપછી ઇજનેરી વ્યવસાય કરવાની ૨૫ બહેનોના જવાબ હતા જે કુલ જવાબના ૩૧.૬૫ ટકા થાય છે. જ્યારે બેંકમાં વ્યવસાય કરવાના ૧૪ બહેનોના જવાબો હતા, જે કુલ જવાબોના ૧૭.૭૧ ટકા થાય છે.

પસંદ હોય પણ અભ્યાસના ક્ષેત્રની બહારના હોય, એવા

ત્રણેક વ્યવસાયોના તમારી પસંદગીના નામો

| | | | |
|---|---|---|---|
| ૧ | ડૉક્ટર | ૨૯ | ૩૬.૭૧ |
| ૨ | નર્સ | ૪ | ૫.૦૫ |
| ૩ | એન્જીનિયરિંગ | ૨૫ | ૩૧.૬૫ |
| ૪ | બેંકમાં | ૧૪ | ૧૭.૭૧ |
| ૫ | નૃત્યકલા | ૧ | ૧.૨૭ |
| ૬ | ટી.વી.પ્રોગ્રામ ઓફીસર | ૧ | ૧.૨૭ |
| ૭ | પ્રાથમિક ધોરણમાં શિક્ષિકા | ૩ | ૩.૮૦ |
| ૮ | એર હોસ્ટેસ | ૧ | ૧.૨૭ |
| ૯ | હીરોઈન | ૧ | ૧.૨૭ |

આ ઉપરાંત ચાર બહેનોએ નર્સનો વ્યવસાય કરવાની ઈચ્છા દર્શાવી હતી. જ્યારે ત્રણ બહેનોએ પ્રાથમિક ધોરણમાં શિક્ષિકા બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જ્યારે એક એક વ્યવસાયની પસંદગીમાં નૃત્યકલા, ટી.વી.પ્રોગ્રામ ઓફીસર, એર હોસ્ટેસ, હીરોઈન વગેરે બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

પૂરતી માર્ગદર્શનના અભાવે દાક્તરી, ઈજનેરી વિદ્યાશાખાઓમાં આવતા સવિશેષ ખર્ચને લીધે અને તેની સાથે બીજું કંઈ પણ નિયત સમયનું કામ કરવાની પ્રતિકૂળતાને લીધે યા એસ.એસ.સી. માં પૂરતા ગુણ ન હોવાને લીધે યા આ વિદ્યાશાખાના ખર્ચાઓ અવારી અને ન પહોંચી વળે એવા લાગવાને લીધે આ વિદ્યાશાખાઓમાં જવાનું માંડી વાળવું પડયાનું કેટલીક વિદ્યાર્થીનીઓએ જણાવ્યું હતું.

કયા વિસ્તારમાં કામ કરવાની ઈચ્છા રાખો છો તેવા સવાલના જવાબોમાં મોટાભાગની બહેનોએ ગામડાઓમાં અને વતનમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ફક્ત ૧૯ બહેનોએ શહેરમાં

કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ૨૧ બહેનોએ કોઈ જવાબ આપ્યા ન હતા. ગામડામાં વતનમાં કે શહેરમાં કામ કરવાની ઈચ્છા રાખવા પાછળના કારણો જાણવાનો પ્રશ્ન કરવામાં આવ્યો હતો. જુદા જુદા કારણો જાણવા મળ્યાં હતા. ૬ બહેનોએ નિરક્ષરોનું પ્રમાણ વધુ હોય છે તેમને શિક્ષિત બનાવી શકાય, ૧૧ બહેનોએ પરિચિત વિસ્તારમાં કામ કરવું ગમે છે, સંબંધીઓ નજીક રહી શકાય, ૧૪ બહેનોએ પોતાના સમાજને આગળ લાવવાનો પ્રશ્ન થઈ શકે. ૨૧ બહેનોએ આરોગ્યપ્રદ વાતાવરણ શાન્તિ મળે. ૧૫ બહેનોએ ગામડાના લોકો સાથે એકરૂપ થઈ શકાય. આ ઉપરાંત અપરિણિત હોવાથીX, ઘરકામમાં પણ ધ્યાન આપી શકાય. સગવડ મળી રહે, લોકોની સેવા કરી શકાય, અપડાઉન કરી શકાય, વતનનો લાભ મળે સારી પ્રેક્ટીસ થઈ શકે. લોકોમાં રહેલ વહેમ, અંધશ્રદ્ધા દૂર કરી શકાય વગેરે કારણો વત્તાઓછા પ્રમાણમાં જાણવા મળ્યા હતા. જ્યારે શહેરમાં નોકરી કરવાની ઈચ્છા રાખતી ૧૧ બહેનોના જવાબ માટેના કારણો જોઈએ તો શહેરમાં બધા પ્રકારની સુવિધા ઉપલબ્ધ છે. અધિકારી વર્ગ શહેરમાં રહેવાનું પસંદ કરે છે. આમ નમૂનામાં સમાવેશ કરવામાં આવેલ ૧૫૦ બહેનોમાંથી ૭૫ ટકા બહેનો ગામડામાં કે વતનમાં કામ કરવાની ઈચ્છા રાખતી હતી કારણકે તેમને ગામડામાં કામ કરવાથી સમાજ મદદરૂપ થવાની તીવ્ર ઈચ્છા હતી વળી પોતે ગામડામાંથી આવતા હોવાથી ગામડાના વાતાવરણ સાથે એકરૂપ હોવાથી શહેરી વાતાવરણ કરતાં ગામડાનું વાતાવરણ વધારે પસંદ કરતા માલુમ પડે છે.

ફુરસદના સમયનો શો ઉપયોગ કરતા :

તમારો ફુરસદનો સમય શેમાં ગાળો છો એવા સવાલના જવાબમાં અપાયેલા વિકલ્પોમાંથી એક કરતાં વધુ બાબતમાં પોતાનો ફુરસદનો સમય ગાળે છે એવો ઘણીખરી બહેનોએ જવાબ આપ્યો હતો.

ફુરસદના સમયના ઉપયોગની તારવણી :

| | | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | મેદાની રમતોમાં | ૧૩ | ૪.૨૫ |
| ૨ | ઘરમાં રમવાની રમતોમાં | ૨૪ | ૭.૮૪ |
| ૩ | મિત્રોની મુલાકાતોમાં | ૩૩ | ૧૦.૭૮ |
| ૪ | શોખની કોઇ પ્રવૃત્તિ કરીને | ૩૪ | ૧૧.૧૧ |
| ૫ | ગપ્પા મારીને | ૯ | ૨.૯૪ |
| ૬ | વાંચન | ૧૦૮ | ૩૫.૨૯ |
| ૭ | ઇતર પ્રવૃત્તિ | ૫૪ | ૧૭.૬૫ |
| ૮ | સાંસ્કૃતિક પ્રવૃત્તિ | ૩૧ | ૧૦.૧૪ |
| | કુલ | ૩૦૬ | ૧૦૦.૦૦ |

ઉપરોકત કોઠો જોતાં સૌથી વધારે વાંચનમાં સમય પસાર કરતા હતા જે કુલ જવાબના ૩૫.૨૯ ટકા થાય છે ત્યારબાદ ઇતર પ્રવૃત્તિના જવાબો હતા. બાકી જવાબો મિત્રોની મુલાકાતો, શોખની કોઇ પ્રવૃત્તિ વગેરે કરવામાં પસાર કરતી હતી. બાકી થોડી બહેનોના જવાબો હતા કે પોતાનો સમય ગપ્પા મારીને પસાર કરતી હતી આમ કોઇને કોઇ શૈક્ષણિક પ્રવૃત્તિ કે જરૂરી પ્રવૃત્તિ સાથે પોતે સંકળાયેલા હતા તેનો ખ્યાલ આવે છે.

આ તપાસમાંથી બીજી નોંધપાત્ર હકીકત એ જાણવા મળી હતી કે ઉચ્ચશિક્ષણ લેતી સઘન તપાસ હેઠળની બહેનોમાં ૯૫ બહેનો કોઇ પુસ્તકાલયના સભાસદ નહોતા. જ્યારે ૧૨ બહેનોએ કોઇ જવાબ આપ્યો ન હતો. ફકત ૪૩ બહેનો કોલેજ કે યુનિવર્સિટી પુસ્તકાલયના સભાસદ હતા. ફકત એક બહેન કલબના સભ્ય હતા. બાકી કોઇ બહેન કલબના સભ્ય ન હતા. મંડળના સભ્ય હોય તેવા ફકત આઠ બહેનો હતા. આમ ઉચ્ચશિક્ષણ લેતી બહેનો પણ આવી યુવા પ્રવૃત્તિઓથી બાકાત હતી તે ધ્યાન ખેંચે તેવી વસ્તુ છે.

કેટલીકવાર ફિલ્મ જુવો છો તેવા સવાલના જવાબ જોઈએ તો અઠવાડિયામાં એકવાર જોતા હોય તેવા ૧૮ જવાબો હતા જ્યારે મહિનામાં એકવાર જોતા હોય તેવા ૫૮ જવાબો હતા. બેવાર જોતા હોય તેવા સાત , ત્રણ વાર જોતો હોય તેવા ૧ અને ત્રણથી વધુ વાર જોતા હોય તેવા ૬ જવાબો હતા. આમ શહેરમાં રહેતા હોવાથી ફિલ્મ જોવાનું પ્રમાણ વધ્યું હોય તેવું સ્પષ્ટ જોઈ શકાય છે. સત્રમાં એકવાર જોતી હોય તેવી ૨૯ બહેનો, સત્રમાં બેવાર અને ત્રણવાર જોતા હોય તેવી તેર તેર બહેનો અને સત્રમાં ત્રણથી વધુવાર જોતી હોય તેવી ૧૬ બહેનોના જવાબો હતા, જ્યારે ૧૦ બહેનોના જવાબ એવા હતા કે ફિલ્મ જોતાજ નથી. ફિલ્મ જોવાનું પ્રમાણ વધુ જોવા મળે છે જોકે ટી.વી.ના કારણે દર અઠવાડીયે. ફીલ્મ જોવા મળે છે પણ તેની ગણત્રી આમાં કરવામાં આવી નથી. કયા પ્રકારની ફિલ્મો વિશેષ ગમે છે તેમાં ધાર્મિક અને સામાજિક ફિલ્મોની પસંદગી સવિશેષ હતી ત્યાર પછી ઐતિહાસિક રહસ્ય ચિત્રો, પ્રણયપ્રદાન અને બધાજ પ્રકારની ફિલ્મો ગમતી હોય તેવા પણ ૨૫ બહેનોના જવાબો હતા. આમ સામાજીક, ધાર્મિક અને ઐતિહાસિક ફિલ્મો ઉપર વધારે પસંદગી જોવા મળે છે. કોલેજમાં થતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેતી હોય તેવી ૫૯ બહેનો હતી જે કુલ બહેનોના ૩૯.૩૩ ટકા થાય છે. જ્યારે ૫૬.૬૭ ટકા બહેનોએ ભાગ લેતા નથી તેવા જવાબો આપ્યા હતા. ૪.૦૦ ટકા બહેનોએ કોઈ જવાબ આપ્યા ન હતા. કોલેજના જુદા જુદા કાર્યક્રમો જેવા કે રસ, ગરબા, નૃત્ય, સંગીત, નાટક વગેરેમાં ભાગ લેતા માલુમ પડયા હતા. નાચવું, ગાઉ એતો આદિવાસી જીવનમાં એક સહજ સ્વભાવ છે કે વાજિંત્રના સુર રેલાય અને આદિવાસી બેસી રહે તે બહુ ઓછું બને તેને ધ્યાનમાં રાખી ઉચ્ચશિક્ષણ લેતી બહેનોને નૃત્ય એ આદિવાસી જીવનનો સ્વભાવ છે તેવા સવાલના જવાબમાં ૧૨૮ બહેનોએ 'હા' માં જવાબ આપ્યો હતો એટલે કે ૮૫.૩૩ ટકા બહેનોએ હા માં જવાબ આપ્યા હતા જ્યારે ૧૮ બહેનોએ ' ના ' માં જવાબ આપ્યો

હતો. જ્યારે ચાર બહેનોએ કોઇ જવાબ આપ્યો ન હતો.

પરંપરાગત નૃત્યોમાં ભાગ લેવાનું પસંદ કરશો તેવા પ્રતિભાવ જાણવા પ્રશ્ન કરવામાં આવ્યો હતો જેમાં ઉત્સાહથી ભાગ લે છે તેવા ૯૯ બહેનોના જવાબો હતા જે કુલ જવાબના ૬૬.૦૦ ટકા થાય છે. હવે શરમ આવે છે તેવા જવાબ છ બહેનોના હતા જે ૪ ટકા થાય છે. બેહુદુ લાગે છે તેવા ૧૯ બહેનોના જવાબ હતા જ્યારે જૂનવાણી છે તેવા ૧૦ બહેનોના જવાબ હતા જે કુલ જવાબના અનુક્રમે ૧૨.૬૭ ટકા અને ૬.૬૭ ટકા થાય છે જ્યારે ૧૬ બહેનોએ કોઇ જવાબ આપ્યો ન હતો જે ૧૦.૬૬ ટકા થાય છે. આજે પણ પરંપરાગત નાચ, ગાન, માં ભાગ લેવાનો ઉત્સાહ ટકી રહેલો માલુમ પડે છે. કેટલીક બહેનો જે ગામડામાં ન રહેતાં તાલુકા મથકે કે શહેરમાં રહેવાના કારણે તેમને આવા નૃત્યો પ્રત્યે અણગમો હોય તેવું જોવા મળે છે. સઘન તપાસ હેઠળની બધીજ બહેનો આદિવાસી જાતિની હતી આદિવાસી જાતિઓમાં અલગ બોલી હોય છે. તેમની આ બોલીનો ઉપયોગ ક્યાં કરે તેવા સવાલના જવાબમાં ૧૦૮ બહેનોએ ઘરમાં ઉપયોગ કરે છે તેવું જણાવ્યું હતું જે કુલ જવાબના ૬૮.૭૯ ટકા થાય છે. મિત્રો સખીઓ સાથે ૪૦ બહેનો પોતાની જાતિની બોલીનો ઉપયોગ કરતી હતી જે કુલ જવાબના ૨૫.૪૮ ટકા થાય છે. જ્યારે નવ બહેનોએ બોલતા નથી આવડતું કે ફક્ત અમુક વ્યક્તિઓ સાથે બોલે છે. તેવા જવાબો આપ્યા હતા જે કુલ જવાબના ૫.૭૩ ટકા થાય છે. આમ ઉપરોક્ત વર્ગીકરણ જોઇએ તો પોતાની બોલી ઘરમાં અને મિત્રો સાથે કરે છે. જેઓ શહેરમાં રહ્યા છે કે માતાપિતા પણ પોતાની જાતિની બોલી બોલતા નથી તેમના બાળકોને બોલી બોલતાં આવડતું નથી.

તમારી જાતિ વિશે કશું છપાયેલું હોય તો જણાવતી માહિતી માગી હતી જેમાં ઘણી ઓછી બહેનોને ખબર હતી કે પોતાની જાતિ વિશે કંઇ છપાયું હોય. નીચે દર્શાવેલ કોઠો જોતાં તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે.

| | પુસ્તક | જાણાવનારની સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ચૌધરી જાતિ સુધારક પુસ્તક વેડછી | ૧ | ૭.૧૪ |
| ૨ | વાંઠીયા જાતિના ગીતો વાંઠીયા સંદેશ | ૯ | ૬૪.૩૦ |
| ૩ | કુંકણા સમાજ જ્ઞાતિ મંડળ | ૧ | ૭.૧૪ |
| ૪ | પંચમહાલના ભીલો સામાજિક વ્યવસ્થા | ૧ | ૭.૧૪ |
| ૫ | ડાંગી નૃત્ય | ૧ | ૭.૧૪ |
| ૬ | ડુંગરી ગરાસિયા | ૧ | ૭.૧૪ |
| | | ૧૪ | ૧૦૦.૦૦ |

ઉચ્ચ અભ્યાસ કરતી બહેનો જુદા જુદા વિસ્તારોમાંથી આવી હોસ્ટેલમાં રહેતી હતી વળી દરેક વિસ્તારમાં ખોરાકમાં જુદી જુદી વાનગીઓનો ઉપયોગ થાય છે તે ધ્યાનમાં રાખી સઘન અભ્યાસમાં સમાવિષ્ટ કરવામાં આવેલ બહેનોને પોતપોતાના વિસ્તારમાં બનતી ચારપાંચ પ્રિયવાનગીઓના નામ જાણવા માગ્યા હતા જેના જવાબરૂપે સત્તર જેટલી જુદી જુદી વાનગીઓના નામ જાણવા મળ્યો હતા કેટલીક બહેનોએ શહેરમાં બનતી વાનગીઓના નામ આપ્યા હતા જેનો સમાવેશ અહીં કરવામાં આવ્યો નથી.

<u>વાનગીઓના નામો</u>

૧ ઢેકળા, ઢોકળી, ઢીકળાં, મહુડાના ઢોકળા
૨ મકાઇનો ચેવડો, મકાઇના રોટલા
૩ કોળાના લાડવા, કોળાના પનેલા
૪ મીઠા પુડા
૫ ઉબાળ્યું
૬ ગેપા
૭ ભડકું

૮ કાકડીના પુડલા

૯ દાળબાટી

૧૦ મગના ઠોકળા

૧૧ ચોખાની સેવ, ચોખાના રોટલા

૧૨ જુદી જુદી ભાજી

૧૩ કાંજી

૧૪ જુવારના રોટલા

૧૫ અડદની દાળ, વાલની દાળ

૧૬ આમલીયો

૧૭ આમળાનો મુરબ્બો

તેમને તે વાનગી બનાવતાં આવડે છે તેવા સવાલના જવાબમાં ૧૧૮ બહેનોએ બનાવતાં આવડે છે તેવો જવાબ આપ્યો હતો જે કુલ જવાબના ૭૮.૬૬ ટકા થાય છે. જ્યારે ૧૬ બહેનોએ બનાવતાં નથી આવડતી તેવો જવાબ આપ્યો હતો, જ્યારે ૧૬ બહેનોએ કોઇ જવાબ આપ્યો X ન હતો, તેઓ ખોરાક આજે પણ ઘરે જાય, ત્યારે લેવાનું પસંદ કરશો તેવા સવાલના વિકલ્પો જોઇએ તો ૧૨૦ બહેનોએ બહુ પસંદ, ૧૨ બહેનોએ થોડો પસંદ જ્યારે ૧૮ બહેનોએ કોઇ જવાબ આપ્યો ન હતો આમ મોટાભાગની બહેનોએ તે વાનગી બનાવતાં આવડતી હતી અને ઘર જ્યારે ત્યારે તે લેવાનું બહુ પસંદ પણ કરતી હતી.

લગ્ન સ્થિતિ :

સઘન તપાસ હેઠળની બહેનો ઉચ્ચ અભ્યાસ કરતી હતી, ગામડામાં બાળલગ્નનું પ્રમાણ વધારે હોવાથી કેટલી બહેનોના લગ્ન થયેલા છે કે નથી થયેલા તે જાણવા માટે સવાલ પૂછવામાં આવ્યો હતો તપાસ હેઠળની ૧૩૪ બહેનોના લગ્ન થયેલા ન હતા જ્યારેએ કોઇ જવાબ આપ્યો ન હતો. દસ બહેનોના લગ્ન થયેલા હતા લગ્ન થયેલ બહેનોએ તેમની જાતિમાંજ લગ્ન કરેલા હતા સાત

બહેનોએ પરંપરાગત જાતિના રિવાજ પ્રમાણે લગ્ન કરેલા હતા જ્યારે ત્રણ બહેનોના લગ્ન હિન્દુ વિધિ પ્રમાણે થયેલા હતા. ઉચ્ચ અભ્યાસ લેવાથી લગ્નમાં મુશ્કેલી પડે છે તે સવાલના જવાબમાં ૮૯ બહેનોએ ' ના ' જવાબ આપ્યો હતો જે કુલ જવાબના ૫૯.૩૩ ટકા થાય છે. ફક્ત ૩૦ બહેનોએ મુશ્કેલી પડે તેવું જણાવ્યું હતું જ્યારે ૩૧ બહેનોએ કોઇ જવાબ આપ્યો ન હતો. મુશ્કેલી પડે છે તો કેવા પ્રકારની મુશ્કેલી પડે છે તેના જુદા જુદા સાત કારણો ૨૮ બહેનોએ આપ્યા હતા જે નીચે પ્રમાણે છે.

| | | જવાબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | ભણેલો છોકરો મળતો નથી | ૧૫ | ૫૩.૫૭ |
| ૨ | પસંદગીનું પાત્ર મળતું નથી | ૭ | ૨૫.૦૦ |
| ૩ | સામાજીક રીતરિવાજ નડતરરૂપ | ૧ | ૩.૫૭ |
| ૪ | ડોક્ટરી લાઇનના હીસાબે | ૨ | ૭.૧૫ |
| ૫ | માનસિક ટેન્સન | ૧ | ૩.૫૭ |
| ૬ | પોતાના જેટલા પગારવાળી પત્ની છોકરાઓ ઇચ્છતા નથી | ૧ | ૩.૫૭ |
| ૭ | ઉંમર મોટી થઇ ગઇ હશે તેમ માને છે ચારિત્ર ઉપર શંકાકુશંકાઓ કરે છે. | ૧ | ૩.૫૭ |
| | | ૨૮ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કારણો જોતાં લાગે છે કે કેટલીક જાતિઓમાં હજુ આજે પણ છોકરાઓ અને છોકરીઓ બન્નેમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાનું પ્રમાણ ઓછું છે. કોઇ એકાદ વ્યક્તિ ઉચ્ચ શિક્ષણ લેતો બન્નેને સમત્વ અભ્યાસવાળા પાત્રો મળતાં નથી. મળે તો પસંદગીનું પાત્ર મળે નહી કારણકે ઉચ્ચ શિક્ષણ લેવાથી તેની જોવાની સમજવાની દ્રષ્ટિ અમુક રીતે કેળાય છે. અમુક પ્રકારના રીતરિવાજ કે શિસ્ત ના આગ્રહી હોય છે જે સમાજમાં બનતું નથી આથી પણ મુશ્કેલી

પડે તેમ માને છે. ડૉક્ટર લાઇનનું ભણેલી છોકરી પોતાનો પતિ ડૉક્ટર ઇચ્છે સ્વાભાવિક છે કે ડૉક્ટર ન મળે તો તેને અન્ય સાથે લગ્ન કરવું પડે પોતાનો આગ્રહ પકડી રાખે તો કુંવારા રહેવું પડે અથવા ઉંમર મોટી થઇ જાય વગેરે કારણો બહેનોને ઘણીવાર સતાવતા હોય છે તેવું જાણવા મળે છે.

ઉચ્ચઅભ્યાસ લેવાથી લગ્નમાં મુશ્કેલી નથી પડતી તેવું કહેવાવાળા બહેનોની સંખ્યા સવિશેષ હતી એટલે કે ૫૯.૩૩ ટકા બહેનોએ ' ના ' જવાબ આપ્યો હતો. તેના જુદા જુદા ૪ કારણો ૫૦ બહેનોએ આપ્યા છે. તે નીચે પ્રમાણે છે.

| | કારણ | સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | પોતાની પસંદગી પ્રમાણે લગ્ન કરી શકાય | ૧૭ | ૩૪.૦૦ |
| ૨ | હવે તો બધા ઉચ્ચ અભ્યાસ મેળવે છે | ૧૭ | ૩૪.૦૦ |
| ૩ | છોકરાઓ મળી રહે છે. | ૧૧ | ૨૨.૦૦ |
| ૪ | નોકરી કરતી છોકરીઓને મુશ્કેલી પડતી નથી. | ૫ | ૧૦.૦૦ |
| | | ૫૦ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત કારણો જોઇએ તો ઉચ્ચશિક્ષણનો વ્યાપ છોકરા છોકરીઓમાં વધ્યો છે. તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. વળી નોકરી કરતી છોકરી માટે લગ્નમાં કોઇ મુશ્કેલી ઉભી થતી તેવું સ્પષ્ટ થાય છે. ઘાંચી અને ચૌધરી જાતિમાં તો છોકરા છોકરીઓ ઉચ્ચશિક્ષણ મેળવે છે આ ઉપરાંત, ગામીત, ડુંગળી ભરાડિયા, પંચમહાલની ભીલ, કુકણા વગેરે જાતિઓમાં પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. તે બીજાના નંબરના કારણ ઉપરથી સ્પષ્ટ થાય છે કે હવે તો બધા ઉચ્ચ અભ્યાસ મેળવે છે. આમ આવી પણ જાતિઓ

છે કે જેમના બાળકો આજે પણ શિક્ષણ મેળવવામાં ઘણા પાછળ છે. ઉચ્ચશિક્ષણ મેળવતી બહેનોને તેઓ ઉચ્ચશિક્ષણ મેળવે છે. તેથી સમાજ ગૌરવ અનુભવે છે તેવા સવાલના જવાબમાં ૧૩૯ બહેનોએ ' હા ' જવાબ આપ્યો હતો એટલે કે ૯૨.૬૭ ટકા બહેનોએ ગૌરવ અનુભવે છે તેવું જણાવ્યું હતું. જ્યારે સાત બહેનોએ ' ના ' જવાબ આપ્યો હતો. ચાર બહેનોએ કોઇ જવાબ આપ્યો ન હતો. તમે ઉચ્ચઅભ્યાસ કરો છો તેના ખ્યાલો સમાજ કેવા ધરાવે છે તેના સારા અને ખરાબ એમ બન્ને પ્રકારના ખ્યાલો જાણવા મળ્યાં હતા. જુદા જુદા પ્રતિભાવો એક કરતાં વધારે વધારે જવાબોમાં મળ્યાં હતા. જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | ખ્યાલો | જવાબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | આગળ વધવાનું પ્રોત્સાહન આપે છે. | ૪૭ | ૨૦.૪૩ |
| ૨ | બધે તો પગભર થઇ શકે | ૨૫ | ૧૦.૮૯ |
| ૩ | બાળકોને સારું શિક્ષણ આપે | ૧૩ | ૫.૬૫ |
| ૪ | સમાજમાં માન વધુ હોય છે. | ૫૧ | ૨૨.૧૭ |
| ૫ | સમાજ અને કુટુંબને સુધારશે | ૨૬ | ૧૧.૩૦ |
| ૬ | છોકરી પારકી થાપણ કહેવાય તેમ માની કેટલાક ભણાવવા માગતા નથી | ૧૫ | ૬.૫૨ |
| ૭ | નોકરી નહીં મળે, ડોનેશન આપવું પડશે વગેરે કહી નિરુત્સાહી પણ કરતા હોય છે. | ૪ | ૧.૭૫ |
| ૮ | ઉચ્ચશિક્ષણ લેનાર સામે બોલાય નહી મોટી શાહેબ બનશે આપણાથી મોટી કહેવાય | ૩ | ૧.૩૦ |
| ૯ | છોકરીને વધારે ન ભણાવવી જોઇએ | ૧૫ | ૬.૫૨ |

ચાલુ..

| | | | |
|---|---|---|---|
| ૧૦ | કેટલાક સારા અને ખરાબ બન્ને અભિપ્રાયો આપે છે. | ૧૫ | ૬.૫૨ |
| ૧૧ | બગડી જાય, વંઠી જાય આખરે તો ચૂલોજ ફૂકવાનોને | ૧૨ | ૫.૨૨ |
| ૧૨ | ઘરકામમાં ખાળશું હશે, આરોગ્ય અંગે શંકાઓ કરે | ૪ | ૧.૭૪ |
| | કુલ | ૨૩૦ | ૧૦૦.૦૦ |

આ ઉપરાંત એક એક બહેનોએ સમાજ કેવા ખ્યાલો ધરાવે છે તેના ઘણાબધા જવાબો રજુ કર્યા હતા જે નીચે પ્રમાણે છે.

૧ ઉચ્ચ અભ્યાસ કરતી બહેનો શારીરિક કામ કરી શકે નહીં
૨ ઉચ્ચ અભ્યાસ કરતી બહેનો વડીલોને તુચ્છ કરે છે.
૩ પરંપરાગત રીતરિવાજોને માન આપતી નથી.
૪ આંતર જ્ઞાતિય લગ્ન કરી લેશે તેવો ડર લાગે છે.
૫ કેટલાક સમાજમાં લોકો માને છે કે આનો કોલેજ કરવા નથી જતી પણ રખડપટ્ટી કરવા જાય છે.
૬ ઉચ્ચ અભ્યાસ કરી ક્યાં જવું છે આખરે તો " પારકા " ઘરના ચૂલાજ ફૂકવાના છે ને.
૭ આજના બેકારીના યુગમાં વધુ ભણવાથી નોકરી ક્યાં મળે છે ? કેટલી બહેનો બેકાર છે એમ માની સમાજ આગળ ભણતી બહેનોની ટીકા કરે છે.
૮ ઉચ્ચ અભ્યાસ કરતી બહેનોને લગ્ન કરવામાં તેમજ લગ્નબાદ ગૃહજીવનમાં મુશ્કેલીઓ ઊભી થાય છે.
૯ વધારે ભણવાથી ધાર્મિક પ્રસંગો પ્રત્યે બેદરકારી તથા કુટુંબીજનો પ્રત્યે બેજવાબદારી દાખવશે.
૧૦ સમાજના ઘણા લોકો ઉચ્ચ અભ્યાસવાળા છોકરીઓને ' ધકેલી ' અને અભિમાની માને છે.
૧૧ છોકરીઓ માટે ખર્ચેલા પૈસા નકામા જવાના

૧૨ સમાજનો અમુક વર્ગ દાક્તરી લાઇનમાં ભણતી બહેનોને દાક્તરને બદલે નર્સ જ સમજે છે. બહેનો ડૉક્ટરના હોઇ શકે તેમ માને છે.

ઉન્નતી સમાજમાંથી આવતી બહેનોના સમાજના ખ્યાલો જોઇએ તો

૧૩ ભણીને શું કરવાની જોઇ મોટી..

૧૪ ખોટો ખર્ચ કરે છે.

૧૫ પરણીને સાસરે પૈસા આપશે

૧૬ આવડી મોટી થઇ તોય હજુ લગ્ન નથી કરતી

ગ્રામીન સમાજમાંથી આવતી બહેનોના સમાજના ખ્યાલો જોઇએ.

૧૭ ભણેતોય મરવાના ન ભણેતોય મરવાના

૧૮ ભણેતોય કામ કરવાનું ન ભણે તોય કામ કરવાનું

૧૯ ભણે તોય ખાય અને ન ભણેતોય ખાય

૨૦ ભણવા પાછળ ખર્ચ કરે તેના કરતાં કોઇ વસ્તુ લેતો કેવું સારું.

૨૧ આટલી મોટી થઇ તોય હજુ લગ્ન નથી કરતી

ઉપરોક્ત ખ્યાલો જોતાં આદિવાસી જુદી જુદી જાતિઓમાંથી ઉચ્ચ અભ્યાસ માટે બહારગામ આવી બહેનો માટે સમાજ કેટલા બધા ખ્યાલો ધરાવે છે. સારા ખ્યાલો કરતાં ખરાબ ખ્યાલો વધારે જોવા મળે છે. ઉપરોક્ત ખ્યાલોને જો ધ્યાનમાં રાખવામાં આવે તો એક પણ સ્ત્રી ઉચ્ચશિક્ષણ મેળવી શકે નહી તેમાંય જે જાતિઓમાં શિક્ષણનુ પ્રમાણ ઓછું તેવી જાતિઓમાં આવા ખ્યાલો સવિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. સમાજ સ્ત્રી શિક્ષણને સમાજ ઉપયોગી શિક્ષણ છે સમાજમાં સ્ત્રીનું મહત્ત્વ મુખ્ય છે તે સમજવા તૈયાર ન હોય તેમ તેનો પારકી થાપણ, સાસરે પૈસા આપશે, ભણેતોય ખાય ન ભણે તોય ખાય. તે કરતાં વસ્તુ ખરીદવી, આવડી મોટી થઇ તોય લગ્ન નથી કરતી આ બધી બાબતો સ્ત્રી શિક્ષણને અવરોધક

ઉપરોક્ત કારણો જોતાં સ્પષ્ટ થાય છે કે આદિવાસીઓમાં અંધશ્રદ્ધા જેવી વિધિઓમાં ઓછી રહેનો માને છે પણ ધાર્મિક વિધિઓમાં અને પરંપરાગત વિધિઓમાં માને છે પણ સાથે સાથે ડૉક્ટર કે પ્રવર્તમાન સુધરેલ પદ્ધતિનો ઉપયોગ કરવામાં માને છે. દિવસે દિવસે તેમાં સુધારાઓ આવી રહ્યા છે તેવું પણ ૧૧.૫૬ ટકા જવાબો મળ્યાં હતા.

## પ્રકરણ - ૫

## તારણો અને ભલામણો

ભારત સરકાર, રાજ્ય સરકાર અને અન્ય સ્વૈચ્છિક આદિવાસી સેવા સંસ્થાઓ દ્વારા આદિવાસીઓના શૈક્ષણિક વિકાસ માટે પ્રયાસો થયા હોવા છતાં પણ અન્ય સમાજોની તુલનામાં આદિવાસીઓ શૈક્ષણિક દ્રષ્ટિએ ઠીક ઠીક પાછળ રહ્યા છે. ગુજરાતમાં વસતા આદિવાસીઓમાં પણ શિક્ષણનું પ્રમાણ સામાન્ય વસતિ તેમજ અનુસૂચિત જાતિની સરખામણીમાં ઘણું પાછળ છે. એમાંય આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળે છે. ૧૯૮૧ની વસતી ગણતરી પ્રમાણે સ્ત્રીઓમાં ૧૧.૬૪ ટકા શિક્ષણ જોવા મળ્યું હતું. જો શિક્ષણનું પ્રમાણ જ આટલું ઓછું હોય તો ઉચ્ચશિક્ષણની તો વાતજ સ્ત્રી કરવી ૧૯૮૫-૮૬ના આંકડા પ્રમાણે ઉચ્ચશિક્ષણ લેતા કુલ આદિવાસી વિદ્યાર્થીઓમાં ૩૧.૧૬ બહેનો હતી જે જ્યારે કુલ આદિવાસી વસતીની સરખામણીએ તો નહીંવત પ્રમાણ કહી શકાય. આમ ઉચ્ચશિક્ષણ નહી મેળવી શકવામાં કયા પરિબળો બાધારૂપ છે તે જાણવા માટે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો તેમાં ગુજરાતમાં આવેલી યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરતી ૧૫૦ વિદ્યાર્થીનીઓની વ્યક્તિગત મુલાકાત અને અનુસૂચિ દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીનીઓના પ્રાથમિક અભ્યાસથી લઈ ઉચ્ચ અભ્યાસ સુધીમાં પડેલી વિવિધ પ્રકારની મુશ્કેલીઓ તેમજ અભ્યાસમાં બાધારૂપ અવરોધોનો ઊંડાણથી અભ્યાસ કરવામાં આવ્યો હતો આ તપાસ આધારીત અહેવાલનાં કેટલાક મહત્ત્વનાં તારણો અને ભલામણો ટૂંકમાં નિર્દેશ કરીએ છીએ જે સરકાર અને શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણને મદદરૂપ થાય તો અમારો આ પરિશ્રમ લેખે લાગે એમ માનીશું.

સામાજીક :

૧ સંયુકત કુટુંબમાંથી ઉચ્ચશિક્ષણ લેવા આવનાર બહેનોનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું.

૨ કુટુંબની સભ્ય સંખ્યામાં નાના બાળકો અને વડીલ પુરુષ સ્ત્રીઓનું પ્રમાણ ઓછું જોવામાં આવ્યું હતું. એટલે કે શિક્ષણના કારણે કુટુંબ નિયોજનનું પ્રમાણ વધ્યું હોય તેવું કહી શકાય. અપરણિત સ્ત્રીઓની સંખ્યા વધારે હતી એટલે કે લગ્નની ઉંમરમાં વધારો થયેલો જોવા મળ્યો હતો.

૩. તપાસ હેઠળની ૧૪૦ બહેનો કુવારી હતી. ફકત દસ બહેનોના લગ્ન પોતાની જાતિમાં પરંપરાગત વિધિવત થયા હતા.

૪ ઉચ્ચ અભ્યાસથી લગ્નમાં મુશ્કેલી પડતી નથી તેવું ૮૯ બહેનોએ જણાવ્યું હતું જ્યારે પડે છે તેવું ૩૦ બહેનોએ જણાવ્યું હતું. મુશ્કેલી પડે છે તેનું મુખ્ય કારણ હતું. ભણેલો છોકરો મળતો નથી તે હતું, જ્યારે નથી પડતી તેનાં મુખ્ય કારણ પોતાની પસંદગી પ્રમાણેના લગ્ન થાય, હવે તો બધા ઉચ્ચ અભ્યાસ કરે છે તે મુખ્ય હતા.

૫ બહેનો ઉચ્ચ અભ્યાસ કરે છે તેથી સમાજ ગૌરવ અનુભવે છે. તેવું ૯૨.૬૭ ટકા બહેનોએ જણાવ્યું હતું.

૬ સમાજ ઉચ્ચ અભ્યાસ કરતી બહેનો માટે કેવા ખ્યાલો ધરાવે છે તેમાં સારા અને ખરાબ એમ બંને પ્રકારના ખ્યાલો ધરાવતા જવાબો જાણવા મળ્યા હતા. શિક્ષિત વર્ગ સારા ખ્યાલો ધરાવે છે.

૭ ઉચ્ચશિક્ષણ લેતી બહેનો પરંપરાગત ધાર્મિક વિધિઓમાં માને છે પણ અંધશ્રધ્ધાથી ચાલી આવતી વિધિઓમાં માનતા નથી. સાથે સાથે ડોકટર કે પ્રવર્તમાન સુધારેલ પધ્ધતિનો ઉપયોગ કરવામાં માને છે.

૮ વતનની રસપદ બાબતોમાં કુદરતી સૌંદર્ય, ખુશનુમા વાતાવરણ અને નિખાલસ સ્વભાવના માનવીઓના પ્રેમને મોટાભાગની બહેનોએ મહત્ત્વ આપ્યું હતું.

૯ નાટક, સિનેમા, XXXX ધાંધલિયું જીવન, ખરીદી-મોજશોખ ગંદકી દૂષિત હવા પાણી, અસહ્ય મોંઘવારી વગેરે પાસાઓને શહેરી જીવનનાં અનિષ્ટો તરીકે ગણાવ્યાં હતાં. જ્યારે અનેક પ્રકારની સુવિધાઓ, ઉચ્ચ જીવન ધોરણને આકર્ષક તત્ત્વો તરીકે ઓળખાવ્યાં હતાં.

૧૦ વતનના સામાજિક જીવન અને શહેરનું સામાજીક જીવનમાં મિશ્ર પ્રત્યાઘાતો જોવા મળ્યાં હતા. જોકે કહેવું મુશ્કેલ છે તેવા ૩૪ ટકા જવાબો મળ્યાં હતા.

<u>મિત્રતા અંગે :</u>

૧૧ સજાતિય સમાનવય અને સાથે અભ્યાસ કરતા હોય તેવા મિત્રોની સંખ્યા સવિશેષ જોવામાં આવી હતી.

૧૨ બિન આદિવાસી વિદ્યાર્થીઓ સાથેના સંબંધો સારા હતા તેમની સાથે કોઈ અલગતાવાદી વલણ રાખવામાં આવતું નથી તેવા ૫૯.૩૪ ટકા જવાબો હતા. પ્રસંગોપાત ક્યારેક જુદાઈનો ભાવ રાખવામાં આવે છે તેવા ૩૩.૩૩ ટકા જવાબો હતા.

૧૩ બિનઆદિવાસી વિદ્યાર્થીઓ સાથે હળવા-મળવાનું મુશ્કેલ નથી પડતું તેવા જવાબો સવિશેષ હતા. બિન આદિવાસી મિત્રોના ઘેર જવાના સંબંધો પણ હતા.

XX

<u>સાંસ્કૃતિક પ્રવૃત્તિઅંગે :</u>

૧૪ ફુરસદનો સમય વાંચન અને શોખની પ્રવૃત્તિ કરી પસાર કરતા હોય તેમ જાણવા મળ્યું છે.

૧૫ ફિલ્મ જોવાનું પ્રમાણ વધુ જોવા મળે છે. સામાજીક, ધાર્મિક અને ઐતિહાસિક ફિલ્મની પસંદગી સૌથી વધારે દર્શાવી હતી.

૧૬ કોલેજમાં થતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર કરતાં ન લેનારની સંખ્યા સવિશેષ જોવા મળી હતી, જ્યારે પરંપરાગત XXXXX નૃત્યમાં ભાગ લે છે તેવા જવાબ સવિશેષ જાણવા મળ્યાં હતા.

<u>પોતાની જાતિ અંગે :</u>

૧૭ પોતાની જાતિની બોલીનો ઉપયોગ ઘરમાં, મિત્રો સાથે વધારે કરતા માલુમ પડયા હતા.

૧૮ પોતાની જાતિ વિશે કંઇ છપાયું હોય તેવું જાણનાર બહેનોની સંખ્યા ઘણી ઓછી જોવા મળી હતી.

૧૯ પોતાના વિસ્તારમાં બનતી પ્રિય વાનગીઓ દરેક બહેનને બનાવતાં આવડતી હતી.

<u>આર્થિક :</u>

૨૦ કુટુંબના સભ્યોમાં કમાણી કરનારમાં પુરુષોનું પ્રમાણ મોટારે જોવા મળ્યું હતું.

૨૧ ખેતી અને નોકરી મુખ્ય વ્યવસાય જોવા મળ્યો હતો.

૨૨ કુટુંબની સરેરાશ આવક ૧૩,૧૩૯ જોવા મળી હતી.

૨૩ પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ દરમ્યાન ૨૬.૮૭ ટકા બહેનોને પુસ્તકો, નોટબુકો, ટ્યુશન ફી, કપડાં ખરીદવાની બાબતમાં પૈસાની મુશ્કેલી પડી હતી.

૨૪ સગાસંબંધી પાસેથી ઉછીના મેળવી, મજૂરી કરી, કુટુંબના સભ્યને નોકરી મળવાથી આ મુશ્કેલી દૂર થઇ હતી.

૨૫ કોલેજમાં પ્રથમ પ્રવેશ વખતે ૪૦ બહેનોને મુશ્કેલી પડી હતી [illegible] ડીપોઝીટની રકમ ભરવાની અને

પુસ્તકો ખરીદવાની હતી.

૨૬ શિક્ષણ માટે ૩૫ બહેનોએ ઉછીના પૈસા મેળવ્યા હતા. ઉછીના પૈસા મામા, કાકા અને શાહુકાર વેપારીઓ પાસેથી સૌથી વધારે મેળવ્યા હતા. શાહુકાર વેપારીને ૫૦ થી ૬૦ ટકાના દરે વ્યાજ આપવું પડે છે. જ્યારે કુટુંબીઓ પાસેથી મેળવે તો જમીન ગીરો મૂકી પણ લેવામાં આવે છે.

૨૭ અધવચ્ચે અભ્યાસ છોડનારની સંખ્યા કુલ ૯ હતી જેમાં એસ.એસ.સી.માં ચાર અને ધોરણ-૧૨માં ૩ સૌથી વધારે હતી. અભ્યાસ છોડવાનું મુખ્ય કારણ આર્થિક સ્થિતિ નબળી હતી.

૨૮ તપાસેલ એકસો પચાસ બહેનોમાંથી ચાલીસ બહેનો હાલ આર્થિક મુશ્કેલી અનુભવતા હતા જે કુલ બહેનોના ૨૬.૬૭ ટકા થાય છે. જેમાં મુખ્ય મુશ્કેલીઓ શૈક્ષણિક ભોજનખર્ચ, કપડાંનો ખર્ચ, અંગતખર્ચની હતી.

<u>શિષ્યવૃત્તિ અંગે</u> :

૨૯ તપાસમાં સમાવિષ્ટ કરેલ ૧૫૦ બહેનોમાંથી ૧૪૧ બહેનો શિષ્યવૃત્તિની જાણકારી દર્શાવી હતી એમને શાળાના સત્તાવાળા અને કોલેજના સત્તાવાળાઓ પાસેથી જાણકારી મેળવી હતી તેવી સંખ્યા સવિશેષ હતી.

૩૦ કોલેજમાં દાખલ થયા પછી એક અને બે માસમાં શિષ્યવૃત્તિ માટે અરજી કરનારની સંખ્યા સવિશેષ હતી જે અનુક્રમે ૮૨ અને ૫૭ ની હતી. ત્રણ માસ પછી પણ ચાર બહેનોએ અરજી કરી હતી.

૩૧ શિષ્યવૃત્તિ માટે અરજી કરતી વખતે ૫૦ બહેનોએ મુશ્કેલી પડે છે તેમ દર્શાવ્યું હતું. જેમાં અધિકારીઓના સહી સિક્કા કરાવવામાં અને આવક, જાતિનો દાખલો મેળવવાની મુશ્કેલી મુખ્ય હતી.

૩૨ શિષ્યવૃત્તિની સૌથી પહેલી ઉચ્ચક રકમ પાંચ માસ પછી મળે છે તેવું દર્શાવનારની સંખ્યા ૭૦.૭૨ ટકા બહેનો હતી જે સૌથી વધારે છે.

૩૩ ઉચ્ચક રકમ નહોતી મળી ત્યાં સુધીમાં માં ખર્ચની રકમ માતા પિતા પાસેથી અને સંબંધીઓ પાસેથી મેળવનારની સંખ્યા સૌથી વધારે હતી.

૩૪ ઉચ્ચક રકમ મળ્યા પહેલાં દાખલ ફી, છાત્રાલય ફી તથા ખિસ્સા ખર્ચ કરવો પડતો હતો.

૩૫ સ્કોલરશીપની રકમ વાર્ષિક ખર્ચને પહોંચી વળવા અપૂરતી છે તેવું ૧૨૭ બહેનોએ જણાવ્યુ હતું જે કુલ જવાબના ૮૭.૬૭ ટકા થાય છે.

૩૬ સ્કોલરશીપ અપૂર્તિ હોવાના ઘણા કારણો જણાવ્યા હતા જેમાં પુસ્તક પુરતા ખરીદી શકાતા નથી. ભાડાના ખર્ચમાં વધારો કપડાં તથા અન્ય પરચુરણ ખર્ચ મુખ્ય હતા.

૩૭ ૮૦ ટકા બહેનોએ સ્કોલરશીપની રકમમાં વધારો કરવો જોઈએ તેમ જણાવ્યું હતું. ૨૦ થી ૫૦ રૂપિયા સુધીનો વધારો સૂચવવામાં આવ્યો હતો.

૩૮ સ્કોલરશીપની રકમ અપૂર્તિ હોવાને કારણે બીજેથી મદદ મેળવનાર ૮૫ બહેનો હતી જે કુલ બહેનોના ૫૬.૬૭ ટકા થાય છે. જુદી જુદી ૧૬ જગ્યાએથી પૈસા મેળવતા હતા જેમાં માતા-પિતા-સગાસંબંધી, શાહુકાર વેપારી, મિત્રો મુખ્ય હતા.

૩૯ મદદ ન મળી હોત તો અભ્યાસ છોડી દેવો પડ્યો હોત તેવું ગંભીર કારણ ત્રીસ બહેનોએ જણાવ્યું હતું.

૪૦ આદિવાસી વિદ્યાર્થીનીઓને સમયસર શિષ્યવૃત્તિ ન અપાય તો ખૂબ મુશ્કેલીમાં મુકાય છે તે સંપૂર્ણ સાચું દર્શાવનાર ૧૦૫ બહેનો હતી.

૪૧ સ્કોલરશીપ સમયસર મળે તે માટે આઠ સૂચનો હતા જેમાં ઝડપી કાર્યવાહી કરવી જોઈએ તે મુખ્ય હતું, દાખલ થતા પહેલાં રકમ મળવી જોઈએ ને તેમજ સંસ્થાએ મદદ કરવી જોઈએ તે મુખ્ય હતી.

૪૨ આદિવાસીઓને આ સ્કોલરશીપ આપવા પાછળનો ભારત સરકારનો આર્થિક, સામાજીક વિકાસ ઝડપી થાય તે રહેલો છે. તેવા જવાબો સવિશેષ હતા.

૪૩ ભારત સરકારની આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના ન હોય તો આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચશિક્ષણ ન મેળવી શક્યા હોત તેમ મોટાભાગની બહેનોએ દર્શાવ્યું હતું.

૪૪ ભારત સરકાર શિષ્યવૃત્તિની યોજના પાછી ખેંચી લે તો [illegible] ઉચ્ચશિક્ષણ નહી લઈ શકે અને પ્રમાણ ઘટી જશે તેવા જવાબો મુખ્ય હતા.

૪૫ આ યોજના બંધ કરવી જોઈએ એવા સવાલનો ૫ અપવાદ બાદ કરતાં બધાએ નકારમાં જવાબ આપ્યો હતો. જેના મુખ્ય કારણ હજુ આર્થિક સ્થિતિ સુધરી નથી. અને આગળ અભ્યાસનું પ્રોત્સાહન મળે છે તે મુખ્ય હતા.

## શૈક્ષણિક :

૪૬ જેમનું શિક્ષણ પુરુ થયું છે તેવા સભ્યોમાં ૧૫.૧૭ ટકા પુરુષોને ઉચ્ચશિક્ષણ મેળવ્યું હતું જ્યારે સ્ત્રીઓએ ફક્ત ૪.૩૮ ટકા એ ઉચ્ચશિક્ષણ મેળવેલું હતું. ઉચ્ચશિક્ષણનું પ્રમાણ નહીંવત હતું.

૪૭ ચાલુ અભ્યાસ કરતા કુટુંબના સભ્યોમાં ૪૩.૭૫ ટકા સભ્યો હતા જેમાં ૨૨.૬૯ ટકા પુરુષો અને ૫૬.૧૬ ટકા બહેનો હતી. ઉચ્ચશિક્ષણમાં બહેનોનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું.

૪૮ તપાસ હેઠળની બહેનોના વડીલોમાં શિક્ષણનું પ્રમાણ ગુજરાતના આદિવાસી પ્રજાના શિક્ષણના પ્રમાણમાં કરતાં વિશેષ છે.

૪૯ પ્રાથમિક શાળાના નીચેના ધોરણોથી માંડીને જેમ જેમ ઉપર જઇએ તેમ તેમ છાત્રાલય આશ્રમશાળાઓમાં રહીને ભણતી બહેનનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું.

૫૦ એકથી બાર ધોરણ સુધી ચાલીને જવું પડયું હોય તેવી ઘણી ઓછી બહેનોની સંખ્યા હતી જોકે કેટલીક બહેનોને ૧૦ કિ.મી.થી પણ વધારે દૂર અભ્યાસ માટે જવું પડતું હતું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું હતું.

૫૧ હોસ્ટેલમાં ન રહેતી બહેનો ૩૫થી ૪૦ કિ.મી. સુધીની પણ અપડાઉન કરતી માલુમ પડી હતી.

૫૨ એકથી દશ ધોરણ સુધીના અભ્યાસકાળ દરમ્યાન જાહેર કાર્યક્રમોમાં ઇનામ મેળવનારની સંખ્યા વધતી ગઇ છે. જ્યારે અગિયાર બાર ધોરણ પછી સંખ્યા ઘટતી ગઇ છે.

૫૩ આઠ અને દશ ધોરણમાં સૌથી વધારે બહેનો નાપાસ થયેલી જોવા મળી હતી.

૫૪ સઘન તપાસ હેઠળની બધી બહેનોએ આદિવાસી બહેનોને ઉચ્ચશિક્ષણ લેવું જોઇએ તેવું જણાવ્યું હતું

૫૫ બધી બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે તેવા સવાલના જવાબમાં ફક્ત સાત બહેનોએ 'હા' માં જવાબ હતો મોટાભાગની બહેનોએ નામાં જવાબ આપ્યો હતો નથી મેળવી શકિત તેના પચીસ જેટલા કારણો જણાવ્યા હતા.

૫૬ ઉચ્ચશિક્ષણ મેળવવામાં બહેનોને પડતી મુશ્કેલીઓમાં જુદા જુદા ૩૦ કારણો બહેનોએ જણાવ્યા હતા. અપૂર્તિ આવક મુખ્ય હતું.

૫૭ માતા-પિતા અને શિક્ષકો દ્વારા ઉચ્ચશિક્ષણ લેવાની પ્રેરણા મળી હોય તેના જવાબો સૌથી વધારે હતા.

<u>હૉસ્ટેલ અંગે</u> :

૫૮ મહાશાળા હૉસ્ટેલમાં પ્રવેશ મેળવવામાં તપાસેલ બહેનોના ૨૫.૩૩ ટકા ( ૩૮ ) બહેનોને મુશ્કેલી પડી હતી તેના જુદા જુદા ૧૦ કારણોમાં જવાબ મળ્યા હતા.

૫૯ ઉચ્ચશિક્ષણ લેતી બહેનોએ હૉસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે તેવું ૯૦.૬૭ ટકા બહેનોને જણાવ્યું હતું.

૬૦ પોતાની પસંદગીથી હૉસ્ટેલમાં રહી હોય તેવી ૬૦.૬૭ ટકા બહેનો હતી.

૬૧ હૉસ્ટેલમાં આવ્યા પહેલાં જુદા જુદા પ્રકારની છત્રીસ પ્રકારની મુંઝવણો અનુભવતા હતા જેમાં '' નવી વ્યક્તિઓ સાથે ફાવશે કે નહી તે મુખ્ય હતી જ્યારે પ્રવેશ મળશે કે નહી તે ગંભીર હતી.

૬૨ હૉસ્ટેલમાં રહેવાનો આગ્રહ પોતાનો અને માતા-પિતાનો સવિશેષ હતો.

૬૩ ચાલુ સત્ર દરમ્યાન વચ્ચેની રજાઓમાં ઘરે કુટુંબીજનોને મળવા જતા હોય તેવાની સંખ્યા સવિશેષ હતી.

૬૪ સરકારી છાત્રાલયમાં અભ્યાસ કરતી ૫૯.૩૩ ટકા કૉલેજ યુનિવર્સિટીની હૉસ્ટેલમાં ૨૨.૬૭ સંસ્થા દ્વારા સંચાલિત ૭.૩૩ ટકા અને ઘરે રહી ૧૦.૬૭ ટકા બહેનો અભ્યાસ કરતી હતી.

૬૫ હરિજન વિદ્યાર્થીનીઓ સાથે રહેવાનું પસંદ છે તેવું ૧૪૩ બહેનોએ કહ્યુ હતું જ્યારે સાત બહેનોએ કોઈ જવાબ આપ્યા ન હતા.

વિદ્યાશાખા અંગે :

૬૬ પોતાની વિદ્યાશાખા પસંદ કરવાના કારણોમાં તે વિષય પોતાની શાળામાં શીખેલા હતા અને તેમાં આગળ વધવાની ઈચ્છા મુખ્ય જોવા મળી હતી.

૬૭ કેટલાક વિષયમાં વ્યાખ્યાન સમજવામાં મુશ્કેલી પડતી હતી તેવી ૬૮ બહેનો હતી જ્યારે ના નથી પડતી તેવા જવાબો આપનાર પણ ૬૮ બહેનો હતી.

૬૮ ભાષા સમજવામાં મુશ્કેલી પડતી હોય તેવી ૪૨ બહેનોના જવાબો હતા જ્યારે અધ્યાપક સારી રીતે શીખવતા નથી તેવા ૧૪ બહેનોની જવાબ હતા. જે કુલ જવાબના અનુક્રમે ૬૨.૬૯ ટકા અને ૨૦.૯૦ ટકા થતા હતા.

૬૯ વર્તાવ અને સુધાર અંગે અધ્યાપકનો તેમની સાથેનો વર્તાવ મળતા ભર્યો અને સહાનુભૂતિ ભર્યો છે તે જવાબો મુખ્ય હતા.

૭૦ આદિવાસી વિદ્યાર્થીઓ કરતાં ભિન્ન આદિવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપવાનું અલગતાવાદી વલણ 'હા' કેટલાકમાં જોવા મળે છે અને નથી મળતું તેના સરખા જવાબો મળ્યાં હતા.

૭૧ અભ્યાસ ને લગતા પ્રશ્નો સહ અધ્યાપકને મળે તો તેના પ્રત્યેનું વલણ સહાનુભૂતિવાળું જોવા મળે છે.

૭૨ જ્યાં રહેતા હતા ત્યાં અભ્યાસ માટેનું યોગ્ય વાતાવરણ છે તેવું ૧૩૩ બહેનોએ જણાવ્યું હતું. જ્યારે ૧૩ બહેનોએ નથી તેવું જણાવ્યું હતું. જેના કારણોમાં શહેરનું ઘોંઘાટિયું વાતાવરણ મુખ્ય કારણ હતું.

<u>વ્યવસાય પસંદગી અંગે :</u>

૭૩ વ્યવસાય પસંદગીમાં નોકરી કરવાની ઇચ્છા મોટાભાગની બહેનોએ દર્શાવી હતી જેમાં શિક્ષિકા, અધ્યાપિકા, મુખ્ય સેવિકા સરકારી નોકરીની પસંદગી સવિશેષ હતી. આ સિવાય પોતાની ભણવાની લાઇન પ્રમાણે નોકરીની અપેક્ષા રાખનાર બહેનો પણ હતી.

૭૪ ગામડા અને વનમાં કામ કરવાની ઇચ્છા સવિશેષ બહેનોએ દર્શાવી હતી.

<u>સૂચનો અને ભલામણો :</u>

૧ આદિવાસી બહેનોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. શિક્ષણ વધે તે માટે પ્રાથમિક શિક્ષણથીજ તેમને યોગ્ય સગવડો આપી શિક્ષણ વધારવું જોઇએ.

૨ બહેનોમાં શિક્ષણ વધારવા માટે પ્રિમિટીવ ગ્રુપના બાળકોને જેમ અનાજ સહાય આપવામાં આવે છે તેમ દરેક બહેનને અનાજ સહાય આપવી જોઇએ કારણકે કુટુંબના નાના સભ્યોમાં બહેનોને ઘરનું કામ વધારે કરવાનું હોય છે.

૩ હાઇસ્કૂલમાં સાયન્સ, કોમર્સ, ઇંગ્લીશ, ગણિત જેવા વિષયો આદિવાસી બહેનોને અઘરા પડતા વિષયોમાં વિશેષ ધ્યાન આપી શીખવવા જોઇએ.

૪ છાત્રાલયોમાં દાખલ થવામાં ટકાવારીનું ધોરણ અપનાવવામાં આવે છે તેના કરતા અંતરને ધ્યાનમાં લઇ પ્રવેશ આપવો જોઇએ. કારણકે આદિવાસી વિસ્તાર છૂટોછવાયો અને ઊંડાણના કારણે મુખ્ય માર્ગોથી અંદર હોય છે. જેથી ~~xxxxxx~~ આવજાવમાં ઘણી તકલીફ પડે છે. આના કારણે મા-બાપ છોકરીને દૂર મોકલવા ઇચ્છતા નથી અથવા મુશ્કેલીના કારણે છોડી દે છે.

૫ છોકરીઓને અભ્યાસ ઉપરાંત ઘરના કામો કરવાના હોય છે. હોસ્ટેલમાં રહેતી છોકરીઓ પણ રોપણી કે કાપણી સમયે ઘેર ખેતીમાં મદદ કરતા લાગે છે. આવજાવ કરતી છોકરીઓ ઘરે હોય ત્યારે ઘરનું ઉપરાંત ખેતીનું કામ કરવું પડે છે ક્યારેક તો મજૂરી કરવા પણ જાય છે. આવી સ્થિતિમાં અભ્યાસ કરતી છોકરીઓના ટકાને પ્રાધ્યાન આપવા કરતાં તેની સ્થિતિ અને અંતરને વધારે મહત્ત્વ આપવું જોઇએ.

૬ પોતાના વિસ્તાર નજીકની કોલેજમાં ઇચ્છિત લાઇનમાં પ્રવેશ ન મળે તો પણ તે દૂરની યુનિવર્સિટી કે કોલેજમાં આર્થિક કારણોસર જઇ શકતી હોતીનથી સરકાર ફી માફી કે હોસ્ટેલ ખર્ચ આપે પણ અન્ય વિદ્યાર્થીઓ સાથેની સરખામણીમાં રહેવામાં પણ નાણાકીય જરૂર પડતી હોય છે. આવા કારણોને ક્યારેક સાયન્સમાં જવા ઇચ્છતી છોકરીઓ આર્ટસ કે કોમર્સમાં પ્રવેશ મેળવી સ્થાનિક કોલેજમાં અભ્યાસ કરતી હોય છે.

૭ સરકારી પછાતવર્ગ હોસ્ટેલ સિવાય આદિવાસી બહેનો અભ્યાસ કરી શકતે નહી હજુ પણ મેડીકલ સાયન્સ , ઇજનેરી જેવી લાઇનોમાં આદિવાસી બહેનો જઇ શકતી નથી તેનું કારણ આર્થિક અને સામાજીક બન્ને હોય તેમ લાગે છે. પ્રથમતો એડમિશન મેળવવામાં મુશ્કેલી પડે છે. એડમિશન મળે તો ~~xxxx~~ વિષયો અઘરા પડવાથી કે અન્ય બીજી બહેનો સાથે નહી ભળવાથી કેટલાક બહેનો એકાદ બે માસમાં હોસ્ટેલ છોડી ભાગી જવાના દાખલા પણ એમ.એસ.યુનિ. હોસ્ટેલમાં બનેલા છે.

૮ યુનિવર્સિટી હોસ્ટેલ કે જાહેર ~~x~~ ટ્રસ્ટ દ્વારા ચાલતી હોસ્ટેલોના નીતિનિયમો એવા પ્રકારના હોય છે કે જ્યાં આદિવાસી છોકરીઓ અભ્યાસ કરી શકે નહી. દા.ત. ડાયમંડ જ્યુબીલી મહોત્સવ કન્યા છાત્રાલય, મેરીટ પ્રમાણે

૧૧ શિષ્યવૃત્તિની રકમ શક્ય એટલી વહેલી અને સમયસર મળે તે માટે જે કંઇ ઝડપી અને વ્યવહાર, પગમાં રાજ્ય સરકાર અને કૉલેજ સત્તાવાળાઓ દ્વારા લઇ શકાય તે લેવાં જોઇએ.

૧૨ છાત્રાલયોમાં રહેતી બહેનોને સત્રની શરુઆતમાં જ રૂમભાડું, વીજળી-પાણી ખર્ચ, તેમજ છાત્રાલય અનામત-ભોજનખર્ચ વગેરે ભરવાનાં હોય છે. શિષ્યવૃત્તિની રકમ મળે ત્યાં સુધીના ગાળામાં થતા ખર્ચની સગવડ ઓછી આવક ધરાવનાર વાલીઓએ દેવું કરવાની ફરજ પડે છે. એટલે જે બહેનો કૉલેજ છાત્રાલયમાં રહેતા હોય તેમની પાસેથી રકમ પણ તેમને શિષ્યવૃત્તિ ન અપાય ત્યાં સુધી ન લેવાય અને શિષ્યવૃત્તિ આવતાં તેમાંથી સીધેસીધા કાપી લેવાની વ્યવસ્થા રાજ્ય સરકાર કાંઈ દ્વારા બાંહેધરી આપી કરી શકે.

૧૩ નવા દાખલ થનાર બહેનોની યાદી તૈયાર કરી પછાતવર્ગ કલ્યાણ ખાતાને મોકલી આપવામા આવે અને તેને આધારે નવા વિદ્યાર્થીઓને જુલાઇની શરુઆતમાં જ ઉચ્ચક રકમ મળી જાય એવી વ્યવસ્થા કરવી જોઇએ. જૂના વિદ્યાર્થીઓને તો જૂનમાંજ ઉચ્ચક રકમ આપવાની વ્યવસ્થા કરવી જોઇએ. ઉચ્ચક રકમ જે ૨૦૦ રૂા. આપવામાં આવે છે પણ ડીસેમ્બર કે જાન્યુઆરી માસ સુધી આપવામાં આવતી હોતી નથી તેથી વિદ્યાર્થીનીઓને ઘણું સહન કરવું પડે છે જેથી આ રકમ પણ વધારવી જોઇએ અને જલદી આપવી જોઇએ.

૧૪ શિષ્યવૃત્તિ તરીકે મળેલી રકમ કોલેજના સત્તાવાળાઓ પોતાની પાસે રાખી ન મૂકે અને વહેલામાં વહેલી તકે વિદ્યાર્થીને મળી જાય તે માટે સમય મર્યાદા નક્કી કરવી જોઇએ.

૧૫ મોંઘવારી વધવાને લીધે ભોજનખર્ચ, રૂમભાડુંX, જરૂરી ચીજ વસ્તુઓના ભાવોમાં નોંધપાત્ર વધારો થયો હોવાથી આજની મોંઘવારીને ધ્યાનમાં રાખી શિષ્યવૃત્તિની રકમના દરમાં વધારો કરવો જોઈએ.

૧૬ એ.ટી.ડી.ટી. કે નાપાસ થનાર વિદ્યાર્થીનીને સામાન્ય રીતે શિષ્યવૃત્તિ મળતી નથી ઘરે રહી ભણવાની અનુકૂળતા પણ હોતી નથી. હોસ્ટેલમાં પણ પ્રવેશ મળતો નથી આ સંજોગોમાં પ્રથમ વર્ષથી ગ્રેજ્યુએટ કક્ષા સુધીમાં વિદ્યાર્થીની ઓને ખાસ કારણોસર એકવાર નાપાસ થાય ત્યાં સુધી એને શિષ્યવૃત્તિ અપાય એ પ્રકારનો નિયમ કરવો જોઈએ.

૧૭ સરકારી કન્યા છાત્રાલયોની સંખ્યા વધારવી જોઈએ શક્ય હોય તો દરેક તાલુકા X મથકે આવી એક છાત્રાલય હોવી જોઈએ જેથી બહેનોને દૂરની હોસ્ટેલોમાં જે ધસારો થાય તે ન XXX થાય.

૧૮ નવી કન્યા છાત્રાલયો શરુ કરતા પહેલાં કોલેજનું અંતર, શૈક્ષણિક વાતાવરણ તથા રહેવા જમવાની યોગ્ય સુવિધા પુરતી અને યોગ્ય છે કે નહી તેનું ખાસ ધ્યાન રખાવું જોઈએ.

૧૯ ઓછા બોલી આદિવાસી છોકરીઓ પોતાને મુઝવતા પ્રશ્નોની રજુઆત કરતી નથી જેના કારણે તેમને ઘણું સહન કરવાનું આવતું હોય છે. તો યોગ્ય લાયકાત ધરાવતા ધીર ગંભીર અધિકારીઓની નિમણુંક થવી જોઈએ. સરકારી કર્મચારીઓને ફરજીયાત ચોવીસ કલાક હોસ્ટેલમાં રહેવાનું હોય છે તેમ છતાં ઘણી જ ગ્રાએ ગૃહમાતા કે અધિકારીઓ રાત્રિ રોકાણ કરતા નથી ઘણીવાર લાંબી રજાઓમાં ઉતરી જાય છે. ચાર્જમાં આવનાર જવાબદાર અધિકારી અનિયમિ આવતા માલુમ પડે છે જે માટે યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ.

૨૦ યુનિવર્સિટી હોસ્ટેલ તથા અન્ય સંસ્થા દ્વારા ચાલતી હોસ્ટેલોમાં સીટો વધારવી જોઈએ અને તે ભરાય છે કે કેમ તેની તકેદારી રાખવી જોઈએ.

૨૧ સમગ્ર અભ્યાસને આધારે કહી શકાય કે કેટલાક એવા અભ્યાસ ક્રમો છે જેમાં આદિવાસી બહેનોની સંખ્યા નહીંવત જાય છે આવતા જતા પણ નથી તો આવી શાખાઓ કે ટેકનિકલ કોર્સમાં કેમ તે જતા નથી તેના વિગતે અભ્યાસ થવો જોઈએ. તેમને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે યોગ્ય વ્યવસ્થા થવી જોઈએ.

૨૨ આદિવાસી વિદ્યાર્થીનીઓને પ્રવેશ સમયે ઘણીજ આર્થિક મુશ્કેલી સહન કરવી પડે છે તેથી તેમને ઉછીના અથવા મોટા વ્યાજે પૈસા ઉછીના લેવાXX પડે છે કયારેક નાણાંના અભાવે અભ્યાસ પણ છોડવો પડે છે તો તે માટે કોલેજના પ્રિન્સીપાલોને એડહોક રકમ આપવી જોઈએ જેથી દાખલ થનાર વિદ્યાર્થીને મદદ કરી શકાય.

૨૩ અપડાઉન કરતી બહેનોને વાહનવ્યવહારની ઘણી મુશ્કેલી પડે છે તે અગાઉ જણાવ્યું છે તો માટે સંખ્યાને ધ્યાનમાં લઈ બસ વ્યવસ્થા સુધારવી જોઈએ.

## સંદર્ભસૂચિ


| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પ્રકાશન |
|---|---|---|---|
| ૧ | ઉચ્ચ શિક્ષણ લેતા આદિવાસી વિદ્યાર્થીઓની સમસ્યાઓની એક તપાસ | ડૉ. સિધ્ધરાજ સોલંકી | ૧૯૭૬ |
| ૨ | પછાતવર્ગ કલ્યાણ, પછાતવર્ગ કલ્યાણ ખાતું | ગુજરાત રાજ્ય | |
| ૩ | ગુજરાતની આશ્રમશાળાઓ એક મૂલ્યાંકન અભ્યાસ | શ્રી ભારતીબેન દેસાઇ<br>શ્રી અનિલ પટેલ | ૧૯૮૧ |
| ૪ | ગુજરાતના આદિવાસીઓમાં શિક્ષણ એક અભ્યાસ | શ્રી અરુણભાઇ | ૧૯૮૩ |
| ૫ | ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ અને રોજગારી એક અભ્યાસ | શ્રી ભારતીબેન દેસાઇ<br>શ્રી અનીલ પટેલ | ૧૯૮૬ |
| ૬ | ભારતીય સમાજમાં સ્ત્રીજીવન | ડૉ. નીરા દેસાઇ | ૧૯૭૪ |
| ૭ | ભારતમાં સ્ત્રીઓનો દરજ્જો | ડૉ. નીરા દેસાઇ | ૧૯૭૮ |
| ૮ | ઉચ્ચશિક્ષણની આદિવાસી વિદ્યાર્થીનીઓ પર શિક્ષણની અસર (અનુસ્નાતકમાં રજુ થયેલ સંશોધન નિબંધ) | શ્રી ઇલાબેન ત્રિવેદી | ૧૯૭૬ |
| ૯ | ઉચ્ચ શિક્ષણ લેતી સવર્ણ વિદ્યાર્થીનીઓ પર શિક્ષણની અસર (અનુસ્નાતકમાં રજુ થયેલ સંશોધન નિબંધ) | શ્રી નિરંજના પટેલ | ૧૯૮૬ |

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

" ઉચ્ચ શિક્ષણ લેતી આદિવાસી વિદ્યાર્થીનીઓની સમસ્યાઓ એક અભ્યાસ "

ક્રમ :

પત્રક ભરનારનું નામ :

તારીખ :

છાત્રાલયનું નામ :

તાલુકો :

જિલ્લો :

---

૧. સામાન્ય માહિતી :

૧.૧ માહિતીદાતાનું પુરું નામ :

૧.૨ વય :

૧.૩ કયા વર્ષમાં ભણો છો ? :

૧.૪ વિદ્યાશાખા :

૧.૫ કોલેજનું નામ :

૧.૬ યુનિવર્સિટીનું નામ :

૧.૭ કેટલા વર્ષથી ભારત સરકારની આદિવાસીઓને અપાતી શિષ્યવૃત્તિ મેળવો છો :

૧.૮ હાલનું સરનામું :

૧.૯ કાયમી સરનામું :

૧.૧૦ માતૃભાષા :

૧.૧૧ અત્યારે ઘરે વાતચીતમાં વપરાતી ભાષા :

૧.૧૨ જાતિ :

૧.૧૩ પેટાજાતિ :

| | | | |
|---|---|---|---|
| (10) | Who goes to college ? | Shah V.P.<br>Dr. Tara Patel | 1977 |
| (11) | Education Among Tribal women in Gujarat. | Dr. Tara Patel | 1983 |

**કૌટુંબિક પશ્ચાદ ભૂમિકા** ( કુટુંબના સભ્યોની વિગત )

| ક્રમ | નામ | જાતિ | વય | તમારી સાથે સંબંધ | લગ્ન સ્થિતિ | વ્યવસાય | માસિક આવક | શિક્ષણ | અન્ય નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |

## શૈક્ષણિક પશ્ચાદ ભૂમિકા

| કન્યા | શૈક્ષણિક સંસ્થાનું નામ | સંસ્થાનું સરનામું | અભ્યાસ સમયે ક્યાં રહેતા હતા | જો ઘરે રહીને ભણતા હો તો શૈક્ષણિક સંસ્થા ત્યાંથી કેટલી દૂર હતી અને વાહનવ્યવહારની સગવડ હતી. | છેલ્લી પસાર કરેલી પરીક્ષા (વર્ષ સાથે) | જો નાપાસ થયા હોય તો કેટલીવાર | કોઈ ઇનામ મેળવ્યા હોય તો તે | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ થી ૪ ધોરણ સુધી | | | | | | | | |
| ૫ થી ૭ ધોરણ સુધી | | | | | | | | |
| ૮ થી ૧૦ ધોરણ સુધી | | | | | | | | |
| ૧૧ થી ૧૨ ધોરણ સુધી | | | | | | | | |
| કોલેજ | | | | | | | | |

(૩) આદિવાસી બહેનોએ ઉચ્ચશિક્ષણ મેળવવું જોઇએ તેમ તમે માનો છો ? હા / ના

| જો 'હા'નો કારણો આપો. | જો 'ના' હો કારણો આપો. |
|---|---|
| ૧ | ૧ |
| ૨ | ૨ |
| ૩ | ૩ |
| ૪ | ૪ |
| ૫ | ૫ |

(૪) બધી આદિવાસી બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવી શકે છે ? હા/ના
જો 'ના' તો કારણો આપો.

૧

૨

૩

૪

૫

(૫) ઉચ્ચ શિક્ષણ લેવામાં બહેનોને કેવા પ્રકારની મુશ્કેલી પડે છે ?

૧

૨

૩

૪

(૬) તમને ઉચ્ચ શિક્ષણ મેળવવાની પ્રેરણા કોને આપી ?

૧

૨

૩

(૭) તમને મહાશાળા / હોસ્ટેલમાં પ્રવેશ મેળવવાની મુશ્કેલી પડી હતી ? હા / ના

'હા' તો કેવા પ્રકારની | 'ના' તો કેવા પ્રકારની

(૮) ઉચ્ચશિક્ષણ મેળવવા હોસ્ટેલમાં રહેવું અનિવાર્ય છે તેમ તમે માનો છો ? હા / ના

| 'હા' તો કારણો | 'ના' તો કારણો |
|---|---|
| ૧ | ૧ |
| ૨ | ૨ |
| ૩ | ૩ |
| ૪ | ૪ |

(૯) તમે હોસ્ટેલમાં આવ્યા પહેલાં કેવી મુંઝવણો અનુભવતા હતા ?

૧

૨

૩

૪

(૧૦) ઉચ્ચશિક્ષણ મેળવવા માટે હૉસ્ટેલમાં રહેવા માટે તમારા કુટુંબમાંથી કોનો આગ્રહ હતો ? અને કોનો ન હતો ?

| | હતો | ન હતો |
| --- | --- | --- |
| માતા | | |
| પિતા | | |
| પોતે | | |
| મોટીબહેન | | |
| નાનીબહેન | | |
| મોટાભાઇ | | |
| નાનાભાઇ | | |
| અન્ય | | |

(૧૧) ચાલુ અભ્યાસ દરમ્યાન વતનમાં જાઓ છો ? હા / ના
જો 'હા' તો શા માટે ?

(૧૨) તમે જ્યાં રહો છો તે છાત્રાલય કયા પ્રકારની છે તે જણાવો.

(૧) સરકારી છાત્રાલય

(૨) કૉલેજ યુનિવર્સિટી હૉસ્ટેલ

(૩) બીજી કોઇ સંસ્થા દ્વારા સંચાલિત
( સંસ્થાનું નામ અને સરનામું જણાવો )

(૧૩) તમે કોની પસંદગીથી આ છાત્રાલયમાં રહયા છો ?

(૧) મારી પોતાની પસંદગીથી

(૨) પસંદગીનો કોઇ પ્રશ્ન ન હતો.

(૩) બીજી કોઇ સ્થળે જવા માટે કોઇ તક ન હતી.

(૪) જો તમે છાત્રાલય પોતે પસંદ હોય તો કયા કારણોસર કરી તે જણાવો.

૧.

૨.

૩.

(૧૪) હરિજન વિધાર્થીઓની સાથે રહેવાનું પસંદ કરશો ? હા / ના
જવાબ માટે કારણ આપો.

૪. <u>આર્થિક પશ્ચાદ ભૂમિકા અને આર્થિક સમસ્યાઓ</u> :

૪.૧ તમારા પ્રાથમિક અને માઘ્યમિક શિક્ષણ દરમ્યાન તમને કોઇ આર્થિક મુશ્કેલી પડી હતી ખરી ? હા / ના
જો પડી હોય તો નીચેની વિગતો આપો.

| ક્રમ | વર્ષ | કયા પ્રકારની આર્થિક મુશ્કેલી હતી . | તમારા અભ્યાસમાં તે કઇ રીતે બાધક હતી | જો હલ થઇ વિશે હોય તો નોંધ કઇ રીતે થઇ |
|---|---|---|---|---|
| | | | | |

૪.૨ તમે કોલેજમાં સૌથી પહેલા પ્રવેશ મેળવ્યો ત્યારે તમને કોઇ આર્થિક મુશ્કેલી નડી હતી ? હા / ના

જો હા તો આર્થિક તંગીને કારણે તમને શી મુશ્કેલી પડી હતી તેને કઇ રીતે હલ કરી હતી ?

| ક્રમ | મુશ્કેલી | કઇ રીતે હલ કરી |
| --- | --- | --- |
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |

૪.૩ તમારે કે તમારાં કુટુંબના સભ્યોને તમારા શિક્ષણ માટે કોઇની પાસેથી ઉછીના પૈસા લેવા પડયાં હતા ? હા / ના

જો ' હા ' તો નીચેની વિગત આપો.

| ક્રમ | કયારે | કેટલી રકમ | કોની પાસેથી | જો કંઇ વ્યાજ આપવું પડતું હોય તો | હેતુ | પાછા આપ્યા કે બાકી છે ? |
| --- | --- | --- | --- | --- | --- | --- |
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |

૪.૪ કોઇ આર્થિક મુશ્કેલીને લીધે તમારે તમારો અભ્યાસ છોડવો પડયો હતો ખરો ? હા / ના

જો ' હા ' તો નીચેની વિગત આપો.

| કયારે | કેટલો સમય | કારણ |
| --- | --- | --- |
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |

૪.૫ તમને હાલ કોઇ આર્થિક મુશ્કેલી પડે છે ? હા / ના

જો ' હા ' જવાબ હોય તો,

| ક્રમ | તમને જે મુશ્કેલી પડી હોય તે | આ મુશ્કેલી કેમ ઉભી થઇ | એ નિવારવા માટે શા પ્રયત્નો કર્યા | વિશેષ નોંધ |
| --- | --- | --- | --- | --- |
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |

૪.૬ હોસ્ટેલ ફી, રૂમ ભાડું, ભોજન ખર્ચ વગેરે ભરવામાં તમને કોઇ મુશ્કેલી પડે છે ?

| | |
| --- | --- |
| હોસ્ટેલ ફી | હા / ના |
| રૂમ ભાડું | હા / ના |
| ભોજન ખર્ચ | હા / ના |

જો હા તો તમારી મુશ્કેલીઓ દર્શાવો. અને તમે એને
કઇ રીતે હલ કરો છો તે વિગતે દર્શાવો.

| તમારી મુશ્કેલીઓ | કઇ રીતે હલ કરો છો ? |
| --- | --- |

૫. <u>સ્કોલરશીપ અંગે :</u>

૫.૧ તમે કોલેજમાં દાખલ થયા ત્યારે ભારત સરકાર તરફથી આદિવાસીઓને મળતી શિષ્યવૃત્તિ અંગે જાણતા હતા ?

હા / ના

જો ન જાણતા હોય તો આ શિષ્યવૃત્તિ અંગે તમને કયારે જાણ થઇ વિગતો આપો.

૫.૨ આ સ્કોલરશીપ અંગે તમને કોની પાસેથી જાણ થઇ ?

૧ શાળાના સત્તાવાળાઓ પાસેથી
૨ કોલેજના સત્તાવાળાઓ પાસેથી
૩ કોલેજમાં ભણતા અમારી જાતિના એક વિદ્યાર્થી પાસેથી
૪ કોલેજમાં ભણતા મિત્રો પાસેથી
૫ સામાજિક કાર્યકર પાસેથી
૬ સરકારી અધિકારીઓ તરફથી
૭ અન્ય ( કોણ તે દર્શાવો )

પ્ર.૩ કૉલેજમાં જોડાયા પછી શિષ્યવૃત્તિ માટે અરજી ક્યારે કરી?

૧ દાખલ થયા પછી એક માસમાં

૨ બે માસમાં

૩ ત્રણ માસમાં

૪ એ પછી

પ્ર.૪ અરજી કરતી વખતે કોઈ મુશ્કેલી પડે છે? હા / ના

જો હા તો નીચેની વિગતો આપો.

| ક્રમ | મુશ્કેલીઓ | હલ થઈ શકે છે? | જો થઈ શકતી હોય તો કઈ રીતે |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |

પ્ર.૫ અરજી કર્યા પછી તમને શિષ્યવૃત્તિની સૌથી પહેલી ઉચ્ચક રકમ ક્યારે મળી?

એક માસ પછી — બે માસ પછી

ત્રણ માસ પછી — ચાર માસ પછી

પાંચ માસ પછી

ઉચ્ચક રકમ તરીકે તમને મળેલી રકમ લખો. રૂા.......

પ.૬ તમને ઉચ્ચક રકમ ન હતી મળી ત્યાં સુધીમા તમે તમારા ખર્ચની રકમ કયાંથી મેળવતા હતા?

૧ માતા-પિતા પાસેથી

૨ મિત્રો પાસેથી

૩ સંબંધીઓ પાસેથી

૪ અન્ય સ્થળેથી ( કયાંથી તે દર્શાવો )

પ.૭ તમને ઉચ્ચક રકમ મળ્યા પહેલાં તમારે કઇ કઇ ફી ભરવી પડી હતી?

| | |
|---|---|
| કોલેજ ફી ( શિક્ષણ ફી ) | હા / ના |
| દાખલ ફી | હા / ના |
| ભોજન ખર્ચ | હા / ના |
| છાત્રાલય ફી | હા / ના |
| ખિસ્સા ખર્ચ | હા / ના |

પ.૮ એક વર્ષમાં તમને સ્કોલરશીપની કુલ રકમ કેટલી મળી ? કયારે મળી ? ( આગલા વર્ષની માહિતી આપવી )

| | રકમ | કેટલી મળી | કયારે મળી |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

પ.૯ તમને મળતી સ્કોલરશીપની રકમ તમારા વાર્ષિક ખર્ચને પહોંચી વળવા માટે પૂરતી લાગે છે ? હા / ના

જો સ્કોલરશીપની રકમ અપૂરતી છે. એમ લાગતું હોય તો તે કયા કારણોસર અપૂરતી લાગે છે તે જણાવો.

૧

૨

૩

૪

૫

પ.૧૦ જો તમને સ્કોલરશીપની રકમ અપૂરતી લાગતી હોય તો તેમાં વધારો કરવો જોઇએ એમ તમને લાગે છે ? હા / ના

જો હા તો દર માસે કેટલો ?

પ.૧૧ તમારા વર્ષના સઘળા ખર્ચને પહોંચી વળવા માટે સ્કોલરશીપની રકમ અપૂરતી હોવાને કારણે તમારે બીજેથી આર્થિક સહાય મેળવવી પડી હતી. હા / ના

જો હા તો નીચેની વિગતો દર્શાવો.

| | ક્યાંથી મદદ મેળવી તે | કયા પ્રકારના ખર્ચને પહોંચી વળવા માટે મદદ મેળવી પડી | જો આ સહાય મળી હોય તો તમે શું કર્યું હોત | અન્ય કો વિગત જણાવવ જેવી હ તો તે |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |

૬.૨ નીચેના વિધાન માટે તમારુ શું મંતવ્ય છે ?

' ભારત સરકારની આદિવાસી વિધાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના ન હોય તો આદિવાસી વિધાર્થીઓ ઉચ્ચશિક્ષણ ન મેળવી શકયા હોત '

સંપૂર્ણ સાચું

મહદ્અંશે સાચુ

અંશત સાચુ

ખોટું

૬.૩ જો ભારત સરકાર શિષ્યવૃત્તિની યોજના પાછી ખેંચી લે તો, આદિવાસી વિધાર્થીઓ ઉચ્ચ શિક્ષણ પર શી અસર પડશે ?

૧ આદિવાસી વિધાર્થીઓ ઉચ્ચશિક્ષણ નહીં લઇ શકે.

૨ આદિવાસી વિધાર્થીઓ માટે કોલેજ ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ હોવાથી કોલેજ શિક્ષણ લેતા આદિવાસી વિધાર્થીઓનું પ્રમાણ ખૂબ ઘટી જશે.

૩ સ્કોલરશીપ વિના પણ આદિવાસી વિધાર્થીઓ આજની જેમ ભણી શકશે.

૬.૪ આ યોજના ભારત સરકારે બંધ કરવી જોઇએ ? હા / ના

તમારા જવાબ માટે કારણો આપો.

## ૭ અભ્યાસ વિષયક સમસ્યાઓ :

૭.૧ તમે તમારી અત્યારની વિદ્યાશાખા શા માટે પસંદ કરી છે ?

૧. મારી શાળામાં હું આ વિષયો ભણી છું.

૨. અત્યારના અભ્યાસના વિષયમાં નિપૂર્ણ થવાની મારી મહેચ્છા છે.

૩. નોકરી બહુ જલદી મળે છે.

૪. અન્યના સલાહ સૂચનથી

૫. અન્ય

૭.૨ તમો કયા કયા વિષયો અત્યારે ભણો છો ?

| | |
|---|---|
| ૧ | ૫ |
| ૨ | ૬ |
| ૩ | ૭ |
| ૪ | ૮ |

૭.૩ ઉપરના વિષયોમાંથી કયા તમને સૌથી વિશેષ ગમે છે ?

| | બધા | કેટલાક | એક પણ નહિ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

જો એકેય વિષયમાં રસ ન પડતો હોય અથવા એમાંના કેટલાક વિષયો રસના ન હોય તો તે વિષયો તમે શા માટે પસંદ કર્યા ?

૧ મને અગાઉથી ખ્યાલ ન હતો

૨ બીજાઓએ તે લેવા સલાહ આપેલ

૩ વિશેષ ગુણ મેળવી શકાય તેવો વિષય છે.

૪ મારી પાસે બીજો કોઇ વિકલ્પ ન હતો.

૫ આ વિષયો ફરજિયાત હતા
૬ અન્ય ( વિગતો દર્શાવો )

૭.૪ વર્ગમાંના વ્યાખ્યાનો સમજવામાં મુશ્કેલી પડે છે ખરી ?
હા, બધા વિષયોમાં
હા, કેટલા વિષયોમાં
ના, એકપણ વિષયમાં નહીં.
જો હા તો કયા કારણોસર તે દર્શાવો.
૧ અધ્યાપક સારી રીતે શિખવતા નથી.
૨ ભાષા સમજવામાં મુશ્કેલી પડે છે.

૭.૫ તમારા અધ્યાપકોનો તમારી સાથેનો વર્તાવ કેવો હોય છે ?
૧ બધાનો જ મમતા ભર્યો
૨ બધાનો જ ઉપેક્ષા ભર્યો
૩ કેટલાકનો બેદરકારી ભર્યો
૪ કેટલાકનો સહાનુભૂતિ ભર્યો

૭.૬ અધ્યાપકો સામાન્ય રીતે અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં તમારી કાળજી ઓછી રાખે છે. એવું તમને લાગે છે ખરું ?
હા / ના

૭.૭ આદિવાસી વિદ્યાર્થીઓ કરતાં બિન આદિવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપવાનું અલગતા વાદી વલણ તમને જોવા મળે છે ખરું ?
હા, બધામાં મળે છે.
એક યા બે અપવાદ બાદ કરતા બધામાં મળે છે.
હા કેટલાકમાં જોવા મળે છે.
નથી મળતું

૭.૮ તમે તમારી કોઇ અભ્યાસની બાબત માટે તમારા અધ્યાપકોને મળ્યા છો ખરા ? હા / ના

જો હા તો તેમનું તમારા પ્રત્યેનું વલણ કેવું હતું ?

૧ ખૂબ સહાનુભૂતિ ભર્યું

૨ સહાનુભૂતિવાળુ

૩ સાધારણ

૪ સહાનુભૂતિ વિનાનું

૭.૯ તમારા અભ્યાસમાં અન્ય કોઇ મુશ્કેલીઓ ઊભી થઇ હોય તો તે જણાવો.

૧

૨

૩

૪

૭.૧૦ તમે જ્યાં રહો છો ત્યાં અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ છે ? હા / ના

જો ના તો કયાં કારણો તેને માટે જવાબદાર છે તે લખો.

૧

૨

૩

૪

## ૮. સામાજિક મેળ :

૮.૧ તમારા પોતાના વતનમાંના જીવનને રસપદ અને મૂલ્યવાન બનાવતી બાબતોની તમારી પસંદગીના ક્રમમાં ઉલ્લેખ કરો.

૧

૨

૩

૪

૮.૨ તમે હવે શહેરથી પરિચિત છો એટલે તમારા મંતવ્ય પ્રમાણે શહેરી જીવનના બે ત્રણ પાસા જણાવી શકશો ?

| પાસાઓ | કેટલે અંશે પરિચિત |
|---|---|
| ૧ | હા / ના / અંશત : |
| ૨ | હા / ના / અંશત : |
| ૩ | હા / ના / અંશત : |
| ૪ | હા / ના / અંશત : |

૮.૩ એ જ રીતે શહેરી જીવનમાં ક્યાં એવા પાસાઓ છે જેણે તમારા જીવન પર વિપરીત અસર કરી છે ?

| વિશેષ ખરાબ પાસાઓ | તમારા જીવનપર થયેલી અસર |
|---|---|
| ૧ | |
| ૨ | |
| ૩ | |

૮.૪ તમારા વતનના સામાજિક જીવનની સાથે તુલના કરતાં અહીનું સામાજિક જીવન તમને કેવું લાગે છે ?

સરખું / વધારે સારું / ખરાબ / કહેવું મુશ્કેલ

૮.૫ તમારા પાંચ નિકટના મિત્રોનાં નામ આપો.

| ક્રમ | નામ | વય | લિંગ | તમારી સાથે ભણે છે કે | જ્ઞાતિ જાતિ | કયાં રહે છે | તમારા વિસ્તારમાંથી આવે છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| ૪ | | | | | | | |
| ૫ | | | | | | | |

૮.૬ તમારો તમારી સાથે ભણતા બિન આદિવાસી વિદ્યાર્થીઓ સાથે સામાન્ય રીતે કેવો સંબંધ રહે છે ?

ખૂબ સારો

સારો

ઠીક

બેદરકારી ભર્યો

૮.૭ તમારી સાથે બિન આદિવાસી વિદ્યાર્થીઓ અલગતા ભર્યું વલણ રાખે છે, એમ તમને લાગે છે ખરું ? હા / ના

જો હા તો કયા પ્રકારનો જુદાઇનો ભાવ તેઓ દર્શાવે તે દર્શાવો.

૮.૮ તમે આદિવાસી હોવાને લીધે બિન આદિવાસી વિદ્યાર્થીઓ સાથે હળવું - મળવું મુશ્કેલ છે ખરું ? હા / ના

૮.૯ તમે તમારે બિન આદિવાસી મિત્રોને ત્યાં જાવ છો ખરા ? હા / ના

જો હા, તો કેટલીવાર

અવારનવાર / પ્રસંગોપાત / કોઈકવાર

૯. <u>વ્યવસાય, છાત્રાલય જીવન અને મનોરંજન વિષાયક બાબતો અંગે વલણ</u>

૯.૧ તમારો અભ્યાસ પૂરો કર્યા પછી કયો વ્યવસાય કરવાની ગણતી છે.

તમારી પસંદગીના ક્રમમાં ત્રણેક વ્યવસાયનાં નામ આપો.

૧

૨

૩

૨. તમને પસંદ હોય પણ તમારા અત્યારના અભ્યાસના ક્ષેત્રની બહારની હોય એવા ત્રણેક વ્યવસાયોનાં તમારી પસંદગીના નામો આપો.

૧ ૨ ૩

૩. કયા વિસ્તારમાં કામ કરવાની ઇચ્છા રાખો છો.

| | સ્થળ | કારણ |
|---|---|---|
| ૧ | વતનમાં | |
| ૨ | શહેરમાં | |
| ૩ | ગામડામાં | |

મનોરંજન :

૧. તમે તમારો ફુરસદનો સમય કેવી રીતે ગાળો છો ?
મેદાની રમતોમાં / ઘરમાં રમવાની રમતોમાં /
મિત્રોની મુલાકાતોમાં/ શોખની કોઇ પ્રવૃત્તિ કરીને /
ગપ્પા મારીને / વાંચન/ ઇતર પ્રવૃત્તિ / સાંસ્કૃતિક પ્રવૃત્તિ

૨ તમારી કોલેજમાં ઘરમાં રમવાની અને મેદાની રમતો માટે
સગવડ છે ?

મેદાની રમતો હા / ના

ઘરમાં રમવાની રમતો હા / ના

૩ તમે કોઇ પુસ્તકાલયના સભ્ય છો ? હા / ના
પુસ્તકાલયનું નામ આપો.

૪. તમે કોઇ કલબ કે મંડળના સભ્ય છો ?

કલબ હા / ના

મંડળ હા / ના

૫. તમે કેટલીવાર ~~ફિલ્મ~~ ફિલ્મ જુવો છો.

| | એક વાર | બે વાર | ત્રણ વાર | ત્રણથી વધુ વખત |
|---|---|---|---|---|
| અઠવાડિયે | | | | |
| મહિનામાં | | | | |
| સત્રમાં | | | | |
| જોતા નથી | | | | |

૬. કયા પ્રકારની ફિલ્મો તમને વિશેષ ગમે છે ?
ત્રણ પસંદગીના ક્રમમાં ગોઠવો.

| | છેલ્લા છમાસમાં કઇ કઇ ફિલ્મો જોઇ નામ આપો. |
|---|---|
| ૧ સામાજિક | ૧ |
| ૨ ઐતિહાસિક | ૨ |
| ૩ ધાર્મિક | ૩ |
| ૪ પ્રણય પ્રધાન | ૪ |
| ૫ રહસ્યચિત્રો | ૫ |
| ૬ બધાજ પ્રકારના | ૬ |

૭. તમે તમારી કોલેજમાં થતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લો છો ? હા / ના
જો હા તો કયા, કાર્યક્રમના નામ આપો.

૮. ૧. નૃત્ય એ આદિવાસી જીવનના સ્વભાવ છે હા / ના
૨. તમારી જાતિનાં આવાં નૃત્યોમાં ભાગ લેવાનું પસંદ કરશો ? હા / ના
૧ જૂનવાણી છે
૨ બેહુદુ લાગે છે
૩ હવે શરમ આવે છે
૪ ઉત્સાહથી ભાગ લે છે.

૯. તમારી જાતિની બોલીનો ઉપયોગ કયાં કરો છો ?
૧ ઘરમાં
૨ મિત્રોને સખીઓ સાથે
૩ અન્ય

૧૦ તમારી જાતિ વિશે કશું છપાયેલું હોય તો તમે જણાવો ?

૧

૨

૧૧ તમારા વિસ્તારમાં બનતી ચાર-પાંચ પ્રિય વાનગીના નામ આપો.

૧

૨

૩

૪

૫

- તમને તે વાનગી બનાવતાં આવડે છે ? હા / ના
- તેઓ ખોરાક આજે પણ ઘેર જાવ ત્યારે લેવાનું પસંદ કરશો ?

૧ બહુ પસંદ

૨ થોડો પસંદ

૩ ધૃણાસ્પદ

સામાજીક :

૧. તમારું લગ્ન થયેલું છે. હા / ના

૨. જો હા તો તમારી જાતિમાં કે અન્ય જાતિમાં

૩ કઈ પદ્ધતિએ લગ્ન કર્યું.

૪

૪ ઉચ્ચ અભ્યાસ લેવાથી લગ્નમાં મુશ્કેલીઓ પડે તેમ માનો છો ?

હા / ના

હા, તો કારણ ---------- ના, તો કારણ ----------

૫ તમારા ઉચ્ચ અભ્યાસથી તમારો સમાજ ગૌરવ અનુભવે છે.

હા / ના

ના, તો કારણ .

૬. ઉચ્ચ અભ્યાસ કરતી બહેનો વિશે સમાજ કેવા ખ્યાલો ધરાવે છે.

૧

૨

૩

૪

૭. તમારી સમાજની પરંપરાગત પદ્ધતિઓ વિશે તમારા અભિપ્રાયો આપો.
( મંત્ર, તંત્ર, ભગતભૂવા, ડાકણ, રીતરિવાજ, ધાર્મિક વિધિઓ વગેરેને ધ્યાનમાં લઇ )